Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[illegible]

श्रीविष्णुसहस्र-नामार्थनिदर्शन

લેખક:

[illegible]

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયને માટે
પ્રકાશક: ભિક્ષુ-અખંડાનંદ
અમદાવાદ અને મુંબઈ

११ग
१६

[illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

amaj Foundation Che
nain. Gurukul Kangri C

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म ❀

पुस्तक की संख्या ११ग/१६

पुस्तकालय-पंजिका-संख्या १८८५८

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकता। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण

१८८५६
१८.२.४५

पुस्तकालय
गुरुकुल कांगड़ी

ग ११ / १६

ॐ

श्रीविष्णुसहस्र-नामावलि-दर्शन

યોજક:

સ્વર્ગસ્થ ગોપાળરાય પરભુરામ મહેતા

મુકામ-અમદાવાદ, સારંગપુર, ફાફડાની પોળ.

ભક્તમાળ પ્રસંગ, ધર્મવિચાર, ગીતામૃત,
શમનભવાટવી આદિના કર્તા; તેમજ
નિર્વાણસ્થ શ્રીગુરૂ સંગતિદાસના શિષ્ય.

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલયને માટે

પ્રકાશક: ભિક્ષુ—અખંડાનંદ

અમદાવાદ અને મુંબાઈ-૨

આવૃત્તિ બીજી, સં. ૧૯૯૪, પ્રત ૮૦૦૦,

મૂલ્ય ૦।= પોસ્ટેજ જુદું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારાં પુસ્તકો વાંચવાં, વાંચવા પ્રેરવાં,
એ સજ્જનોનું ભૂષણ છે.

અમદાવાદ–" સસ્તુ સાહિત્ય મુદ્રણાલય " માં
ભિક્ષુ–અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

સ્વર્ગસ્થ ગોપાળરાય પ્રભુરામ મહેતાએ પ્રભુપ્રીત્યર્થે આ પુસ્તક યોજ્યું હતું. તેની પ્રથમાવૃત્તિ હાલ મુંબઈનિવાસી શ્રી. વિનાયકરાવ માણેકલાલ પંડિતે તેમનાં ધર્મપત્નીના સ્મરણાર્થે પ્રગટ કરી હતી. આ બીજી આવૃત્તિ થોડા સુધારાવધારા સહિત "વિવિધ ગ્રંથમાળા"ના ગ્રંથાંક ૩૦૫ રૂપે પ્રગટ થાય છે.

યોજક મહાશયે આ અનુવાદમાં શ્રીવિષ્ણુ ભગવાનના નામોના વિવિધ અર્થો આપ્યા છે. તે ઉપરાંત દરેક નામને એવી આધ્યાત્મિક રીતે ઘટાવ્યું છે કે વાચકને પ્રત્યેક નામના રહસ્યનું ખરેખરૂં ભાન થાય છે અને શ્રી વિષ્ણુસહસ્રનામનો યથાર્થ મહિમા સમજવો સુગમ થઈ પડે છે. આમાં આવું રહસ્યદર્શન કરાવેલું હોવાથી તેને 'શ્રી વિષ્ણુસહસ્રનામાવલિ–દર્શન' એવું યથાર્થ નામ આપેલું છે.

આ પુસ્તકની પ્રથમાવૃત્તિની પ્રસ્તાવનામાં યોજક મહાશયે પોતે કરેલા આ નિષ્કામ પ્રયત્નને શ્રીકૃષ્ણાર્પણ કરતાં જણાવ્યું છે કેઃ–

"મારી સર્વ ક્રિયાઓ (કાયિક, વાચિક અને માનસિક) હું શ્રીવિષ્ણુ ભગવાનને અર્પણ કરીને તેમનું જ શરણ લઉં છું અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિષ્કામ થવા સારૂ મારો આ પ્રયાસ શ્રીકૃષ્ણાર્પણ કરૂં છું." આ ઉપરાંત વિશેષમાં તેમણે જણાવ્યું છે કે–" × × × મારી વાતનો શ્રોતા અને વક્તા હુંજ થાઉં છું અને તેથી હુંજ તેનો અધિકારી છું. તદ્વત્ આ લખાણનો અધિકારી હુંજ છું અને વળી મારા જેવા અન્ય મનુષ્યો જેઓને જિજ્ઞાસા પ્રદીપ્ત થઈ હશે તેઓ પણ થશે." સાચેજ, તેમની આ નિષ્કામ કાર્યતત્પરતા માટે તેમને અનેકશઃ ધન્યવાદ ઘટે છે. અસ્તુ.

આ બીજી આવૃત્તિ બને તેટલા ઓછા મૂલ્યે બહાર પાડવામાં આવી છે. આમ છતાં પ્રચાર અર્થે વધુ સંખ્યામાં વહેંચવા સારૂ ખરીદનારને અર્ધા મૂલ્યે અપાશે.

અંતે પ્રત્યેક પાઠક પોતાનાં સર્વ કર્મો શ્રીકૃષ્ણાર્પણ બુદ્ધિથી કરે એવી ભાવનાપૂર્વક ॐ तत्सत्

માગશર વદી–૫ સં. ૧૯૯૪ ભિક્ષુ–અખંડાનંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अभिप्राय

સાક્ષર શ્રી ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરી તરફથી મળેલો અભિપ્રાય—

ઘોબીની પોળ,
અમદાવાદ, તા. ૧૫-૧૦-૨૭.

ભાઈશ્રી **ગોપાળરાય,**

તમારા તરફથી આવેલું પુસ્તક "શ્રી વિષ્ણુસહસ્ર નામાવલિ-દર્શન" હું વાંચી ગયો. તમે શ્રીવિષ્ણુ ભગવાનના નામના અર્થ ભક્તિપૂર્વક દર્શાવ્યા છે. અર્થ સમજ્યા વગર કેવળ પાઠ કરનારને જેનું રહસ્ય ન સમજાય તેને તમારૂં પુસ્તક વાંચવાથી અર્થનો સાક્ષાત્કાર થશે. શ્રી વિષ્ણુસહસ્રનો પાઠ કરનાર હજારો લોકો છે. એવાઓને કેવળ પાઠના કરતાં તમારા પુસ્તકથી ઘણોજ લાભ થશે. જિજ્ઞાસુઓને તો આધ્યાત્મિક વિચારો કરવાની ભૂમિકા થશે.

તમે આવા ધર્મકાર્યમાં વખત વ્યતીત કરો છો એ જોઇને મને આનંદ થાય છે. હું તમારૂં પુસ્તક બહોળો ફેલાવો પામે એમ ઇચ્છું છું. એજ—

લિ. શુભચિંતક
ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરીના
પ્રણામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ तत्सत ॥

योजकनी प्रस्तावना

આ પુસ્તકનું નામ "શ્રીવિષ્ણુસહસ્ર નામાવલિ [1]દર્શન" રાખ્યું છે.

પરમાત્માની પ્રાપ્તિના બે માર્ગ છે: એક વિધિ અને બીજો નિષેધ. શાસ્ત્રોમાં વિધાન કરેલો યજ્ઞ–યાગાદિ કર્મવાળો માર્ગ વિધિરૂપ છે; તેમજ ભક્તિ, જ્ઞાન અને ઉપાસના પણ વિધિરૂપ છે. સર્વ જગત વાસુદેવરૂપ છે, એવો અનુભવ થવો એ વિધિની પરાકાષ્ટા છે.

નિષેધ માર્ગમાં દશ્યપ્રપંચનો 'નેતિ નેતિ' વાક્યોથી બાધ કરતાં જે અવશેષ રહે તે નેતિ અવશેષ અસ્તિત્વ (અવચ્છેદવાદ) વસ્તુ પરમાત્મા છે.

ઉભય માર્ગો જો કે જુદા જણાય છે, તો પણ તે ઉભયમાંથી એકનું વિધિવત્ અનુષ્ઠાન જિજ્ઞાસુજનને સ્વરૂપસાધન અથવા મોક્ષ-સાધક થાય છે.

શ્રીવિષ્ણુસહસ્રનામ સ્તોત્ર વિશ્વસ્વરૂપમાં પરમાત્માનું [2]દર્શન કરાવે છે તેથી તે વિધિમાર્ગરૂપ છે; અને તેથી જગતમાં જે જે કંઇ દૃષ્ટિગોચર થાય છે, તેમજ જે જે કંઈ જ્ઞાનગોચર થાય છે તે સર્વ પરમાત્માજ છે. અથવા બીજા શબ્દોમાં કહીએ તો પરમાત્માજ [3]વિવર્તરૂપે જગદાકાર દેખાય છે.

---

૧ દર્શન એટલે તત્ત્વ–અવલોકન. તત્ત્વદર્શન એજ વાસ્તવિક દર્શન છે. અને તત્ત્વજ્ઞાન એજ પરમાત્માની વાસ્તવિક પ્રાપ્તિ છે. શ્રી વિષ્ણુ સહસ્રનામાવલિનું પ્રત્યેક નામ એજ (सर्वं खल्विदं ब्रह्म એ શ્રુતિન્યાયે) તત્ત્વ છે, તેથી દર્શન નામ રાખ્યું છે.

૨ જ્ઞાનનો સાક્ષાત્કાર

૩ વિવર્ત=સ્વપ્નના જેવો ભ્રાંતિમય દેખાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પુસ્તક લખવામાં મને **રા. રા. પંડ્યા કેશવલાલ નથુરામે** મદદ કરી છે અને **રા. રા. મહેતા પરભુલાલ રાયજીભાઇએ** આ પુસ્તક પ્રગટ કરવામાં **રા. વિનાયકરાય માણેકલાલ પંડિતની** પૈસાની સહાયતા મેળવવા માટે જે પરિશ્રમ ઉઠાવ્યો છે અને પોતાની નેમ પાર પાડી છે તેથી તે ઉભય—ગૃહસ્થોનો હું આભાર માનું છું. તેમજ નડિયાદના **શાસ્ત્રી શ્રી અમથારામ નથુરામે** મારા લેખનું સંશોધન કરવામાં મને મદદ કરી છે તેથી હું તેમનો ઉપકાર માનું છું; તેમજ નડિયાદના **દેસાઇ રામભાઇ તલસીભાઇએ** લખાણને ફેર કરી આપ્યું છે તેથી હું તેમને ધન્યવાદ આપું છું, તેમજ **દેસાઇ ભાઇલાલભાઇ નરસીભાઇએ** નડિયાદમાં દેશાઇવગામાં પોતાના મકાનમાં અમને રાખીને અમારી ખાતર બરદાસ કરી છે તેથી હું વિશ્વંભર પ્રભુ પાસે યાચના કરીને તેમને આશીર્વાદ આપું છું.

શ્લોકાકારમાં ગોઠવેલાં શ્રી વિષ્ણુનાં સહસ્ર નામોના પાઠ કરનારને જે ફળ થાય છે તેજ ફળ સહસ્રનામાવલિનાં છૂટક નામોના પાઠ કરનારને પણ થાય છે, માટે જેને જે રીતે પાઠ કરવો સુગમ પડે તેણે તે રીતે પાઠ કરવો.

મોક્ષની ઇચ્છા રાખનારા એવા મુમુક્ષુજનોને પોતાના મનની ચંચળતા નિરંતર વિક્ષેપ કરાવતી રહે છે. મનના વેગોને રોકવા દુષ્કર છે, ક્ષણે ક્ષણે અને પળે પળે ચંચળ મન આકાશ અને પાતાળની ખબર કાઢવાને જતું રહે છે, એવા મનનો નિગ્રહ જો કે યોગની પ્રત્યાહાર ક્રિયાથી કરવામાં આવે છે, તો પણ તે નિગ્રહ ક્ષણિક છે. તો હવે તેના નિગ્રહની જિજ્ઞાસા પૂરી પાડવાને શ્રી ભગવાન નિત્ય વૈરાગ્ય અને આધ્યાત્મિક વિચારોના સેવનનો બોધ કરે છે. (વૈરાગ્ય એટલે જગતની નશ્વરતા અને અહંમમ પ્રવૃત્તિમાં દોષદર્શન; અને આધ્યાત્મિક એટલે સ્વઆત્મજ્ઞાનપ્રાપ્તિના વિચારો.) શ્રી ભગવાન કહે છે કે **"अभ्यासेन तु कौंतेय वैराग्येण च गृह्यते"** વળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહે છેઃ "अध्यात्मज्ञान नित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् इति" તદનુસાર જિજ્ઞાસુ જનોએ શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરીને પોતાના મનનો નિગ્રહ કરવાનો ઉપાય—શ્રી ભગવાન કહે છે કે—

मन्मना भव मद्भक्तो मद्याजि मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥

હે અર્જુન ! તું મને અતિપ્રિય છે તેથી હું તને મારૂં ગુપ્ત રહસ્ય કહું છું તે એ કે, તું મારામાંજ મન રાખનારો થા, મારો એકનોજ ભક્ત થા, મારા એકનુંજ યજન–પૂજન કરનારો થા, અને મને એકનેજ નમસ્કાર કરનારો થા; તો તું મનેજ પામીશ એ મારી સત્ય પ્રતિજ્ઞા છે. આ પ્રમાણે જીવતાં જીવે આ જીંદગીમાંજ તેને (જિજ્ઞાસુને) નિત્ય નિરંતરનો અભ્યાસ જીવનમુક્ત કરે છે, અને તેથી કેટલેક અંશે તેવો નિગ્રહ કરવાના હેતુથી મેં આ લેખ લખવાની યોજના કરી છે. ચંચળ મનને પારલૌકિક વિષય તરફ વાળતા રહેવું એજ આ લેખ લખવાનું પ્રયોજન છે અને તેથી તે સ–અર્થ છે. આ લેખ લખવામાં મેં ટીકાની પણ મદદ લીધી છે.

આ પુસ્તકમાં જે જે દોષ માલમ પડે તે તે વિદ્વજ્જનોએ સુધારીને વાંચવા.

મારી સર્વ ક્રિયાઓ (કાયિક વાચિક અને માનસિક) હું શ્રી વિષ્ણુ ભગવાનને અર્પણ કરીને તેમનુંજ શરણ લઉં છું અને નિષ્કામ થવા સારૂ મારો આ પ્રયાસ શ્રીકૃષ્ણાર્પણ કરૂં છું. હે દેવાધિદેવ "**त्वमेव सर्वं मम देवदेव**"

પુનઃ આ લખાણમાં પુનરુક્તિ ઘણી થઇ ગઇ છે; પણ આ વિષયજ એવો બોધક છે કે જેમાં તેમ કરવાની જરૂર પડી છે.

बोद्धारो मत्सरग्रस्ताः प्रभवः स्मयदूषिताः ।
अबोधोपहताश्चान्ये जीर्णमंगे सुभाषितम् ॥ (भर्तृहरि)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુનઃ શ્રી ભર્તૃહરિ વૈરાગ્યશતકમાં કહે છે કે, આ જગતમાં ત્રણ પ્રકારના મનુષ્યો છેઃ એક સમજુ–જ્ઞાની, બીજા અણસમજુ અને અજ્ઞાની, અને ત્રીજા ગુણવાન. તેમાં સમજુ જ્ઞાની લોકો પોતાની જ્ઞાન સમજણના ગર્વમાં (હુંપદમાં) તણાતા રહે છે, ગુણવાન લોકો પોતાના ગુણના અહંકારમાં તણાતા રહે છે અને અણસમજુ–અજ્ઞાની લોકો તો મારી વાતને સમજતા પણ નથી. વળી રાજા લોકો પણ મારી વાત માન્ય કરતા નથી. તો મારી વાત મારે કોને કહી સંભળાવવી ? માટે મારી વાતનો શ્રોતા અને વક્તા હુંજ થાઉં છું અને તેથી હુંજ તેનો અધિકારી છું. તદ્વત્ આ લખાણનો અધિકારી પણ હુંજ છું, અને વળી મારા જેવા અન્ય મનુષ્યો જેઓને જિજ્ઞાસા પ્રદીપ્ત થઇ હશે તેઓ પણ થશે.

મુકામ—**અમદાવાદ** સારંગપુર, ફાફડાની પોળ	યોજક **ગોપાળરાય પરભુરામ મહેતા** ચીફ ગુડસ કલાર્ક (રીટાયર્ડ) બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વે

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨	૨૧	महद्भूत	महद्भूतं
૨૨	૧૪	सुरशः-	सुरेषः-
૩૧	૧૧	ધમ	ધર્મ
૯૪	૨	ઉન્મુનિ	ઉન્મનિ
૧૪૯	૮	सत्यपरायण:	सत्परायण:
૧૮૩	૫	सत्यपरायण:	सत्यधर्मपरायण:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नारायणायेति समर्पयामि

नमोऽस्त्वनंताय सहस्रमूर्तये, सहस्रपादाक्षिशिरोरुबाहवे। सहस्रनाम्ने पुरुषाय शाश्वते सहस्रकोटी युगधारिणे नमः ॥

असितगिरिसमं स्यात् कज्जलं सिन्धुपात्रे, सुरतरुवरशाखा लेखिनी पत्रमुर्वी। लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं, तदपि तव गुणानामीश पारं न याति ॥

त्वमेव माता च पिता त्वमेव, त्वमेव बंधुश्च सखा त्वमेव। त्वमेव विद्या द्रविणं त्वमेव, त्वमेव सर्वं मम देवदेव ॥

कायेन वाचा मनसेन्द्रियैर्वा, बुद्ध्यात्मना वा प्रकृतेः स्वभावात्। करोमि यद्यत्सकलं परस्मै नारायणायेति समर्पयामि ॥

यं शैवाः समुपासते शिव इति ब्रह्मेति वेदान्तिनो। बौद्धा बुद्ध इति प्रमाणपटवः कर्तेति नैयायिकाः ॥ अर्हन्नित्यथ जैनशासनरताः कर्मेति मीमांसकाः। सोऽयं नो विदधातु वांछितफलं त्रैलोक्यनाथो हरिः ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીનારાયણને સમર્પણ

હજારો સ્વરૂપવાળા, હજારો ચરણવાળા, હજારો નેત્ર-વાળા, હજારો મસ્તકવાળા, હજારો સાથળવાળા, હજારો બાહુવાળા, અંતરહિત, હજારો નામવાળા તથા સહસ્ર કોટી યુગોને ધારણ કરનારા અને શાશ્વત એવા પરમ પુરુષને નમસ્કાર હો.

જો નીલપર્વત જેટલું કાજળ હોય; મહાસાગર જેવડો ખડીઓ હોય; કલ્પવૃક્ષની ડાળીની કલમ હોય; પૃથ્વી જેવડો કાગળ હોય અને તે લઇને સાક્ષાત્ સરસ્વતી પોતે સદાકાળ લખ્યા કરે; તોપણ હે નાથ ! આપના દિવ્ય ગુણોનો પાર આવે નહિ.

હે દેવોના દેવ ! મારે માતા પણ આપ છો અને પિતા પણ આપ છો; બંધુ પણ આપ છો અને મિત્ર પણ આપ છો; વિદ્યા પણ આપ છો અને દ્રવ્ય પણ આપ છો; ટુંકમાં હે દીનાનાથ ! મારૂં તો સર્વ કાંઇ માત્ર એક આપજ છો.

માટે કાયાથી, વાણીથી, મનથી, ઇંદ્રિયોથી, બુદ્ધિથી, ચિત્તથી, અહંકારથી કિંવા પ્રકૃતિના સ્વભાવથી જે જે કંઇ કરૂં છું, તે સર્વ હે પરબ્રહ્મ નારાયણ ! આપના ચરણકમળમાં સમર્પું છું.

જે પરમાત્માને શિવના ઉપાસકો 'શિવ' નામથી, વેદાન્તીઓ 'બ્રહ્મ' નામથી 'બૌદ્ધો' 'બુદ્ધ' નામથી, પ્રમાણકુશળ નૈયાયિકો 'કર્તા' નામથી, જૈનશાસનપ્રેમીઓ 'અર્હન્' (અરિહંત) નામથી અને મીમાંસકો 'કર્મ' નામથી ઉપાસે છે; એવા તે ત્રિલોકીના નાથ શ્રીહરિ અમને મનવાંચ્છિત ફળ આપજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भगवान शंकराचार्यनी भव्य प्रेरणा

गेयं गीता नामसहस्रं ध्येयं श्रीपतिरूपमजस्रम् ।
नेयं सज्जनसंगे चित्तं देयं दीनजनाय च वित्तम् ॥

ભાવાર્થઃ–(દુઃખમાત્રની આત્યંતિક નિવૃત્તિપૂર્વક સચ્ચિદાનંદપદ પામવાની સાચી ઇચ્છાવાળાને તે માર્ગમાં ભારે સહાય અને ઉત્સાહ આપ્યા કરે એવી) કોઇ વારંવાર ગાવા-સાંભળવા જેવી ઉત્તમોત્તમ વીરવાણી આ સંસારમાં હોય તો તે **ભગવદ્‌ગીતા** છે; અને (તે ગીતાગાયક દેવનું સગુણ અને નિર્ગુણ સ્વરૂપ, અપાર માહાત્મ્ય તથા અનંત સામર્થ્ય ઇત્યાદિ અસરકારક રીતે સમજાવી તેના પ્રત્યે અડગ શ્રદ્ધા-અનન્ય શરણભાવ જગાડી દે એવી કોઇ અલૌકિક જ્ઞાનવાણી ગાવી-સાંભળવી હોય તો તે ભગવાન વિષ્ણુનાં) **સહસ્રનામ** છે; અને (જે પુણ્યાત્માની આકાંક્ષા અંતરંગ સાધન માટે વિશેષ જાગી હોય તેને માટે) વારંવાર ધ્યાન ધરવા યોગ્ય (કોઇ ઉત્તમ સ્વરૂપ હોય તો તે) **ભગવાન શ્રીપતિનું સગુણ સ્વરૂપ** છે; તથા (તે સ્વરૂપના સાક્ષાત્કારમાં ઉત્તમ સહાય પામવા માટે) ચિત્ત પરોવવા જેવું ઉત્તમ કર્તવ્ય હોય તો તે અનુભવસિદ્ધ સાચા **સજ્જનોનાં સેવા-સમાગમ** છે; અને એવા પરમોત્તમ સુયોગોના અધિકારી સત્વર થવા માટે પોતાનું તુચ્છ વિત્ત (તન, મન, ધન) આપવા યોગ્ય (ખરા હક્કદાર અને ઉત્તમ પાત્રો જોઇએ તો તે) **દીન દુઃખી પ્રાણીઓ** છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ग्रंथसेवननो महिमा

यस्यास्ति सद्ग्रंथविमर्शभाग्यं, किं तस्य शुष्कैश्चपलाविनोदैः ॥

અર્થાત્ જેને સારા સારા ગ્રંથો વાંચવા વિચારવાનું સદ્‌ભાગ્ય મળેલું હોય, તેને ચપળાના (લક્ષ્મીના-સ્ત્રીના) શુષ્ક વિનોદ શી ગણતરીમાં છે ?

"પુસ્તકો પ્રત્યેનો સ્નેહ એ ઈશ્વરી રાજ્યમાં પહોંચવાનો પરવાનો છે."

"ખરાબ ચોપડીઓનું વાચન, એ તો ઝેર પીવા સમાન છે."

"મહેલોથી તથા ધનવૈભવના અખૂટ ભંડારથી જે સંતોષ તમને નહિ મળે, તે સંતોષ તમને ઉત્તમ પુસ્તકોથી પ્રાપ્ત થશે."

"લીલા વનમાં ભૂખે મરનાર પશુમાં અને આટલાં આટલાં વાંચવાનાં સાધન છતાં જ્ઞાનહીન રહેનાર મનુષ્યમાં શું તફાવત ?"

"તમે ગમે તેવી નવલકથાઓ અને બીજું જે આવ્યું તે વાંચવા મંડી પડો છો, પણ એવું તો તમે થોડું વાંચો તેમજ સારૂં. ગીતાજી વાંચો, વેદાંતનાં બીજાં પુસ્તકો વાંચો; કેમકે તેની આખા જીવન સુધી જરૂર છે."—**સ્વામી વિવેકાનંદ**

"મને પુસ્તકો વાંચવાથી જેવો આનંદ મળે છે તેવો આનંદ આ જગતમાં બીજા કોઇ પણ કામમાં નથી મળતો. × × × માતૃભાષામાં વિવિધ જ્ઞાન આપનારા ગ્રંથોનો પ્રચાર થયા વિના કોઇ પણ પ્રજા ઉન્નતિ પામી શકતી નથી અને જાતીય ભાવના (સ્વદેશ-પ્રીતિ) પણ મેળવી શકાતી નથી. × × × બધી જાતની ઉન્નતિનું મૂળ જ્ઞાનની ઉન્નતિમાં છે, પશુ આદિના જેવી ઇંદ્રિયતૃપ્તિ સિવાયનું બીજું કોઇ પણ એવું સુખ તમે નહિ બતાવી શકો કે જેનું મૂળ જ્ઞાનની ઉન્નતિમાં રહેલું ન હોય. × × × સાહિત્ય-ઉદ્યાનના ચતુર માળી થવાનું સુભાગ્ય જેને પ્રાપ્ત થયું હોય અથવા જેનું મન સદૈવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્યસરોવરનાં કમળોની મધુર સુગંધથી મસ્ત બનવા લાગ્યું હોય, તેને તો સાહિત્ય સિવાયનાં સ્વર્ગીય સુખો પણ તુચ્છજ લાગે છે."

—બંકિમચંદ્ર

"ગરીબોને દરિદ્રતામાંથી છોડાવવાની, દુઃખીઓનાં દુઃખ દૂર કરવાની, શરીર તથા મનનો થાક ઉતારવાની અને માંદાંઓનું દર્દ ભૂલાવી દેવાની ગ્રંથોમાં જેટલી શકિત છે, તેટલી શકિત ઘણું કરીને બીજી કોઇ ચીજમાં નથી."—માર્ડન

"પુસ્તકોમાં હું ગુંથાયેલો રહી શકતો તેથી મને બે માસ વધારે જેલ મળત તો પણ હું કાયર થાત નહિ; એટલુંજ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઉલટો વધારે સુખ-ચેનમાં રહેત. હું માનું છું કે, જેને સારાં સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે, તે ગમે તે જગ્યાએ એકાંતવાસ સહેલાઇથી વેઠી શકે છે. × × એક પછી બીજું, એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે અંત-ર્વિચાર પણ કરી શકશો."—મહાત્મા ગાંધીજી

"ભાગવત એવો ગ્રંથ છે કે જે વાંચીને ધર્મરસ ઉત્પન્ન કરી શકાય મેં તો ગુજરાતીમાં અતિરસથી વાંચ્યો છે; પણ મારા એક-વીસ દિવસના અપવાસમાં ભારતભૂષણ મદનમોહન માલવીયાજી પાસે કેટલાક ભાગો સાંભળ્યા ત્યારે તો એમજ થયું કે, બચપણમાં તેમના જેવા ભાગવતભકતને મુખેથી સાંભળત તો તેની ઉપર મારી પ્રીતિ બચપણમાંજ સારી જામત. તે વયમાં પડેલા શુભ અશુભ સંસ્કારો બહુ ઊંડાં મૂળ ઘાલે છે એમ હું ખૂબ અનુભવું છું અને તેથી કેટલાક ઉત્તમ ગ્રંથો સાંભળવાનું મને તે વયે ન મળ્યું એ સાલે છે."

—મહાત્મા ગાંધીજી

(શ્રી વિષ્ણુસહસ્રનામની બીજી આવૃત્તિમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



શેષશાયી ભગવાન વિષ્ણુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्री गणेशाय नमः ॥ श्रीगुरु परमात्मा देवता ॥

॥ अथ मङ्गलाचरणम् ॥

मूकं करोति वाचालं पंगुं लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वंदे परमानंदं माधवम् ॥

જેમની કૃપા મૂંગા મનુષ્યને બોલતો કરીને શ્રેષ્ઠ વક્તા કરે છે, અને પાંગળા મનુષ્યને પર્વત ઓળંગાવે છે, તેમનું ભજન, સ્મરણ અને વંદન પણ જો તેમની કૃપા થાય તોજ મનુષ્ય કરી શકે છે. તે લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણ પરમાત્મા કે જે પરમાનંદસ્વરૂપ છે તેમને હું પ્રથમ નમસ્કાર કરૂં છું.

यं ब्रह्मा वरुणेंद्र रुद्रमरुतः स्तुन्वंति दिव्यैः स्तवै-
र्वेदैः सांगपदक्रमोपनिषदैर्गायंति यं सामगाः ।
ध्यानावस्थित तद्गतेन मनसा पश्यंति यं योगिनो
यस्यां तं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥

જેમની બ્રહ્મા, વરુણ, ઈંદ્ર, રુદ્ર અને વાયુ આદિ દેવો દિવ્ય સ્તોત્રથી સ્તુતિ કરે છે, પુનઃ જેમનું ઘન, ક્રમ, ઉપનિષદ્ આદિ ષડ્ અંગ સહિત વેદો દ્વારાએ સામવેદીઓ ગાન કરે છે, તેમજ યોગીઓ સમાધિમાં મન દ્વારાએ જેમનું દર્શન કરે છે, વળી જેમનો મહિમા સુર કે અસુર કોઇ જાણી શકતા નથી એટલે જે મન–બુદ્ધિની પાર છે (અગમ અગોચર છે) તે પરમાત્માને હું પ્રથમ નમસ્કાર કરૂં છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्री विष्णुसहस्र-नामावलि-दर्शन

श्रीगणेशाय नमः ॥ श्रीगोपालकृष्णाय नमः ॥

यस्य स्मरणमात्रेण जन्मसंसारबंधनात् ।
विमुच्यते नमस्तस्मै विष्णवे प्रभविष्णवे ॥१॥

શ્રી ગણેશાય નમઃ ॥ શ્રી ગોપાલકૃષ્ણાય નમઃ ॥

જેમનું નામ સ્મરણ કરવાથી જગતના જીવો જન્મ-મરણરૂપ સંસારબંધનથી મુક્ત થાય છે, તે મહાસમર્થ વિષ્ણુ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ૧

॥ वैशंपायन उवाच ॥

श्रुत्वा धर्मानशेषेण पावनानि च सर्वशः ।
युधिष्ठिरः शांतनवं पुनरेवाभ्यभाषत ॥२॥

વૈશંપાયન કહે છે કે—હે જનમેજય! મન, વાણી અને કાયા સર્વને પવિત્ર કરનાર સર્વ ધર્મોને આપની પાસેથી સારી રીતે મેં સાંભળ્યા તોપણ હજી મને આપને કંઇક વિશેષ પૂછવાનું મન થાય છે; એવું યુધિષ્ઠિર રાજાએ શંતનુના પુત્ર ભીષ્મ પિતામહને ફરીથી પૂછયું. ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ युधिष्ठिर उवाच ॥

किमेकं दैवतं लोके किं वाप्येकं परायणम् ।
स्तुवंतः कं कमर्चंतः प्राप्नुयुर्मानवाः शुभम् ॥३॥
को धर्मः सर्वधर्माणां भवतः परमो मतः ।
किं जपन् मुच्यते जंतुर्जन्मसंसारबंधनात् ॥४॥

યુધિષ્ઠિર કહે છે કે—આ જગતમાં કયો એકજ દેવ છે? અથવા કયો દેવ પરમ શરણરૂપ છે? મનુષ્યો કોની સ્તુતિ કરતા અને કોની પૂજા કરતા કલ્યાણ પ્રાપ્ત કરી શકે? સર્વ ધર્મોમાં પરમ શ્રેષ્ઠ એવો કયો ધર્મ તમને માન્ય છે? અને કઇ વસ્તુનો જાપ કરતો મનુષ્ય જન્મમરણના બંધનથી મુક્ત થઈ શકે? ૩,૪

॥ भीष्म उवाच ॥

जगत्प्रभुं देवदेवमनंतं पुरुषोत्तमम् ।
स्तुवन्नामसहस्रेण पुरुषः सततोत्थितः ॥५॥
तमेव चार्चयन्नित्यं भक्त्या पुरुषमव्ययम् ।
ध्यायन् स्तुवन्नमस्यंश्च यजमानस्तमेव च ॥६॥
अनादिनिधनं विष्णुं सर्वलोकमहेश्वरम् ।
लोकाध्यक्षं स्तुवन्नित्यं सर्वदुःखातिगो भवेत् ॥७॥
ब्रह्मण्यं सर्वधर्मज्ञं लोकानां कीर्तिवर्धनम् ।
लोकनाथं महद्भूतं सर्वभूतभवोद्भवम् ॥८॥

ભીષ્મ કહે છે કે—હે યુધિષ્ઠિર રાજા! જગતના પ્રભુ અને દેવના પણ દેવ જેમને જગતમાં પુરુષોત્તમ કહે છે, વળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે અનંત અપાર છે, તે વિષ્ણુ ભગવાનની જે મનુષ્ય તેમના હજાર નામથી નિત્ય તત્પર રહી સ્તુતિ કરે છે, તે મનુષ્ય સર્વ પાપોથી તથા સર્વ દુઃખોથી મુક્ત થાય છે. જે મનુષ્યો તે અવિનાશી ભગવાનનું નિત્ય અર્ચન, સેવા, ભક્તિ, ધ્યાન, સ્તુતિ, નમસ્કાર, યજન-પૂજન કરે છે તે મનુષ્યો પણ સર્વ દુઃખોથી અને સર્વ પાપોથી મુક્ત થાય છે. પુનઃ જે વિષ્ણુ ભગવાન અનાદિ અનંત, સર્વવ્યાપક, સર્વનિયંતા, સર્વ દેવો-ના પણ દેવ, સર્વના અધ્યક્ષ અને સર્વને નિયમમાં રાખનારા છે તેમનું સ્તવન કરવાથી મનુષ્યો સર્વ દુઃખોથી પારંગત થાય છે. પુનઃ બ્રાહ્મણોનું રક્ષણ કરનાર, સર્વ ધર્મોને જાણનાર, લોકોની કીર્તિને વધારનાર, સર્વ લોકના નાથ, સર્વનું કલ્યાણ કરનાર, ભૂત-પ્રાણી સહિત જગતને ઉત્પન્ન કરનાર એવા મહા-ન પ્રભુનું સ્તવન કરવાથી મનુષ્યો (શારીરિક, માનસિક) સર્વ દુઃખોથી મુક્ત થાય છે. (તેથી સર્વ ધર્મોમાં વિષ્ણુ ભગવાનનું સ્તવન અને સ્મરણ કરવું એજ ધર્મને હું શ્રેષ્ઠ માનું છું.)૫-૮

एष मे सर्वधर्माणां धर्मोऽधिकतमो मतः ।
यद्भक्त्या पुंडरीकाक्षं स्तवैरर्चेन्नरः सदा ॥९॥
परमं यो महत्तेजः परमं यो महत्तपः ।
परमं यो महद्ब्रह्म परमं यः परायणम् ॥१०॥
पवित्राणां पवित्रं यो मंगलानां च मंगलम् ।
दैवतं देवतानां च भूतानां योऽव्ययः पिता ॥११॥

પુંડરીકાક્ષ ભગવાનનું ભક્તિપૂર્વક સ્મરણ કરવું, શરણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવું, તેમનીજ સ્તુતિ કરવી, તેમનુંજ અર્ચન કરવું તેજ એક ધર્મ સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ ધર્મ છે, એવું મારૂં માનવું છે. જે દેવ મહાન તેજસ્વી છે, તપરૂપ છે, અનંત-અપાર બ્રહ્મરૂપ છે અને જે સર્વ મનુષ્યોને અંતિમ પ્રાપ્તવ્ય-શ્રેષ્ઠ સ્થાન છે, પુનઃ જે પવિત્રમાં પણ પવિત્ર, મંગળમાં પણ મંગળરૂપ એટલે કે મહાન મંગળરૂપ, દેવોના પણ દેવ અને જે સર્વ ભૂતપ્રાણીઓના મહાન પિતા છે તે અવિનાશી વિષ્ણુ ભગવાન સર્વથી શ્રેષ્ઠ છે. ૯-૧૧

यतः सर्वाणि भूतानि भवंत्यादियुगागमे ।
यस्मिंश्च प्रलयं यांति पुनरेव युगक्षये ॥१२॥
तस्य लोकप्रधानस्य जगन्नाथस्य भूपते ।
विष्णोर्नामसहस्रं मे शृणु पापभयापहम् ॥१३॥
यानि नामानि गौणानि विख्यातानि महात्मनः ।
ऋषिभिः परिगीतानि तानि वक्ष्यामि भूतये ॥१४॥

પુનઃ જેનાથી સત્યયુગના આરંભમાં સર્વ ભૂતપ્રાણીઓ ઉત્પન્ન થાય છે, અને અંતમાં પ્રલયકાળે જેમાં સર્વ લય થાય છે, તે લોકપ્રધાન અને જગતના નાથ વિષ્ણુ ભગવાનનાં એક હજાર નામો જે સર્વ પાપોનો તથા ભયનો નાશ કરનાર છે તેને હે રાજા! તું મારી પાસેથી સાંભળ. વળી વિષ્ણુનાં જે જે નામો ગૌણ એટલે અપ્રસિદ્ધ છે તે નામો, અને જે જગતમાં પ્રખ્યાત છે તે ઋષિઓએ ગાયેલાં નામો પણ હું તને કહું છું તે તું સાંભળ.૧૨-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ अथ करन्यास ॥

ॐ अस्य श्रीविष्णोर्दिव्यसहस्रनामस्तोत्रमंत्रस्य भगवान् वेदव्यास ऋषिः ॥ श्री विष्णुः परमात्मा देवता ॥ अनुष्टुप् छंदः ॥ अमृतांशूद्भवो भानुरिति बीजम् ॥ देवकीनंदनः स्रष्टेति शक्तिः । त्रिसामा सामगः सामेति हृदयम् ॥ शंखभृन्नंदकी चक्रीति कीलकम् ॥ शार्ङ्गधन्वा गदाधर इत्यस्त्रम् ॥ रथांगपाणिरक्षोभ्य इति कवचम् ॥ उद्भवः क्षोभणो देव इति परमो मंत्रः ॥ श्री महाविष्णुप्रीत्यर्थं जपे विनियोगः ॥ विश्वं विष्णुर्वषट्कार इत्यंगुष्ठाभ्यां नमः ॥ अमृतांशूद्भवो भानुरिति तर्जनीभ्यां नमः ॥ ब्रह्मण्यो ब्रह्मकृद् ब्रह्मेति मध्यमाभ्यां नमः ॥ सुवर्णबिंदुरक्षोभ्य इत्यनामिकाभ्यां नमः ॥ निमिषोऽनिमिषः स्रग्वीति कनिष्ठिकाभ्यां नमः ॥ रथांगपाणिरक्षोभ्य इति करतलकरपृष्ठाभ्यां नमः ॥

॥ अथ ध्यानम् ॥

शांताकारं भुजगशयनं पद्मनाभं सुरेशं
विश्वाधारं गगनसदृशं मेघवर्णं शुभांगम् ।
लक्ष्मीकान्तं कमलनयनं योगिभिर्ध्यानगम्यं
वंदे विष्णुं भवभयहरं सर्वलोकैकनाथम् ॥१॥

શાંત આકારવાળા, શેષનાગ ઉપર શયન કરનારા, જેમની નાભિમાં કમળ છે એવા, દેવતાઓના ઈશ્વર, વિશ્વના આધાર–અધિષ્ઠાન, આકાશના જેવા સર્વવ્યાપક, મેઘના જેવા શ્યામ, શુભ અંગોવાળા, લક્ષ્મીના પતિ, કમળ જેવાં નેત્રો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળા, યોગીઓને ધ્યાનમાં જણાતા, સંસારના ભયનો નાશ કરનારા અને સર્વ લોકના એક નાથ એવા શ્રી વિષ્ણુ ભગવાનનું હું વંદન કરૂં છું.

॥ ॐ नमो भगवते वासुदेवाय ॥

ૐકાર (પ્રણવ) સ્વરૂપ ભગવાન વાસુદેવને નમસ્કાર છે.

ટિપ્પણ:-ૐકાર કે જે નિર્ગુણ અને સગુણ બ્રહ્મસૂચક એકાક્ષર મંત્ર છે, જેને સાડાત્રણ માત્રા અથવા અક્ષર છે, (અ-ઉ-મ્-ँ) અ-ઉ-મ્ રૂપે ત્રિગુણાત્મક ત્રિલોકી જગત-રૂપ છે અને બિંદુરૂપે સ્વપદ અથવા કૈવલ્યપદ છે, પુનઃ કારણપણાથી રહિત હોવા છતાં અનિવર્ચનીય[1] જગતના કારણ-રૂપ[2] છે, વળી જે સર્વ જગતના બીજરૂપ વસ્તુ છે, વળી જે ભગવાન છે (ષડ્ભગ એટલે ષડ્વિભૂતિઓ, સમગ્ર ઐશ્વર્ય, સમગ્ર ધર્મ, સમગ્ર યશ, સમગ્ર શ્રી, સમગ્ર જ્ઞાન અને સમગ્ર વૈરાગ્યવાળા છે એટલે સંપન્ન છે,) પુનઃ સર્વ જગતમાં વસેલા છે તેથી વાસુદેવ છે એવા ૐકારસ્વરૂપ ભગવાન વાસુદેવને નમસ્કાર છે.

---

૧ અનિર્વચનીય એટલે સત્-અસત્થી વિલક્ષણ.

૨ 'કારણ' એટલે નિમિત્તકારણ અને ઉપાદાનકારણ. વળી અભિન્ન એવું અભિન્ન નિમિત્તોપાદાન-કારણ. નિમિત્ત એટલે કર્તા, હેતુ વગેરે. ઉપાદાન એટલે વસ્તુ. જેમ ઘટમાં મૃત્તિકા વસ્તુ છે, અથવા ખાંડનાં રમકડાંમાં ખાંડ, અથવા સુવર્ણના દાગીનામાં 'સુવર્ણ' વસ્તુ છે તેમ. અભિન્ન એટલે સ્વસ્વરૂપમાં (સ્વરૂપ મૂકીને) બીજા કોઇ અન્ય દેશમાં નહિ. જેમ સ્વપ્નરચના જીવમાં થાય છે તેમ અભિન્ન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्री विष्णुसहस्रनामावलि-दर्शन

॥ ॐ नमो भगवते वासुदेवाय ॥

विश्वं विष्णुर्वषट्कारो भूतभव्यभवत्प्रभुः ।
भूतकृद् भूतभृद्भावो भूतात्मा भूतभावनः ॥१॥

विश्वम् (૧) નિરાકાર હોવા છતાં જે જે દૃશ્ય દેખાય છે તે સાકાર વિશ્વરૂપ આપજ છો. પુનઃ અવ્યક્ત[1] બ્રહ્મ હોવા છતાં વ્યક્તિમાન વિશ્વરૂપે જે જણાઓ છો તે પણ આપજ છો. પુનઃ સર્વાતીત પદ હોવા છતાં અનિર્વચનીય માયામાં સ્વપ્નની પેઠે સમષ્ટિગત અને વ્યષ્ટિગત વિશ્વરૂપે પણ આપજ દેખાઓ છો. પુનઃ કર્મ અને વાસનાઓને લઈને વ્યક્તિ[2] જીવોને સ્વપ્નની પેઠે પ્રતીત થતાં લોકલોકાંતરૂપ પ્રતીતિઓરૂપે પણ આપજ છો. વિશ્વ[3], તૈજસ અને પ્રાજ્ઞ, એ ત્રણેપણે પણ આપજ છો.

विष्णुः (૨) જે સર્વવ્યાપક તત્ત્વ બ્રહ્મ છે તે આપજ છો. પુનઃ જગતના પાલનકર્તા પણ આપજ છો.

वषट्कारः (૩) [4]શ્રૌતયજ્ઞમાં બોલાતા વષટ્કારરૂપ મંત્ર

---

૧ અવ્યક્ત એટલે અમર્યાદ, દૃષ્ટિમર્યાદાની પાર, અદૃશ્ય, નિરાકાર.

૨ વ્યક્તિ એટલે દૃષ્ટિમર્યાદામાં દેખાતા, સાકાર, સ્થૂળ દેહરૂપ.

૩ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહ; જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાના અભિમાની આત્મા.

૪ શ્રૌત એટલે શ્રુતિમાં એટલે વેદના કર્મકાંડ ભાગમાં વર્ણવેલા યજ્ઞ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આપજ છો. પુનઃ હૃદયની અંતર્મુખતારૂપે પણ આપજ છો.

भूतभव्यभवत्प्रभुः (૪) ભૂત, વર્તમાન અને ભવિષ્ય-કાળમાં વ્યક્તિજીવોને પ્રતીત થતી સૃષ્ટિઓ, અને તેમાં ઉત્પન્ન થતાં પ્રાણીઓના સ્વામી અને નિયંતા પણ આપજ છો.

भूतकृद् (૫) સર્વ ભૂત–પ્રાણીઓના આપજ કર્તા છો.

भूतभृद् (૬) સર્વ ભૂત–પ્રાણીઓના ધારણ કરનારા અને પોષણ કરનારા પણ આપજ છો.

भावः (૭) ભાવરૂપ અસ્તિત્વ પણ આપજ છો. પુનઃ પ્રાણીઓની ભાવનાઓરૂપ પણ આપજ છો.

भूतात्मा (૮) સર્વ જીવોમાં સ્વસંવેદ્ય,[૧] સ્વપ્રકાશ[૨] અને સ્વઆત્મા[૩] એવા નિજ આત્મા આપજ છો.

भूतभावनः (૯) ભાવન એટલે ઉત્પન્ન કરનાર; પ્રાણીઓને ઉત્પન્ન કરનાર; સર્વ પ્રાણીઓને સ્વસ્વરૂપની પ્રતીતિ વધારનારા પણ આપજ છો. સર્વ ભૂત પ્રાણીઓના પવિત્ર આત્મપદ પણ આપજ છો.૧

पूतात्मा परमात्मा च मुक्तानां परमा गतिः ।
अव्ययः पुरुषः साक्षी क्षेत्रज्ञोऽक्षर एव च ॥२॥

पूतात्मा (૧૦) નામસ્મરણમાત્રથી પતિતોને પાવન કરનારા અને અધમ જીવોનો ઉદ્ધાર કરનારા પણ આપજ છો.

परमात्मा (૧૧) જગતમાં જડ અને ચેતન, સ્થાવર અને જંગમ, ચર અને અચર, વ્યક્ત અને અવ્યક્ત, નિરાકાર અને

---

૧ સ્વસંવેદ્ય=પોતેજ પોતાના અસ્તિત્વને જાણનારા એવા.
૨ પોતેજ પોતાને જાણનારા એવા.
૩ સ્વ એટલે પોતાનાજ, અન્ય કોઇના નહિ એવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાકાર, જે જે પ્રતીતિઓ થાય છે, તે તે સર્વરૂપે આપજ છો. કેવળ (નર્યા) આપજ (પરમાત્મા) સર્વરૂપે પ્રતીત થાઓ છો. પુનઃ પરમ–આત્મા એટલે શ્રેષ્ઠ અને સમષ્ટિરૂપ આત્મા પણ આપજ છો. પુનઃ માયિક વિકારોથી રહિત અવિકારી પદ પણ આપજ છો. સર્વને અસ્તિત્વરૂપ જ્ઞાન કરાવનાર પણ આપજ છો. પુનઃ સત્ ચિત્ અને આનંદરૂપ પણ આપજ છો. પુનઃ દૃશ્ય, દ્રષ્ટા અને દર્શન, જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય, આદિ ત્રિપુટિઓરૂપે એક સર્વ જગતના અધિષ્ઠાન પણ આપજ છો.

मुक्तानां परमा गतिः–(૧૨) મુક્ત લોકોની શ્રેષ્ઠ ગતિરૂપ પણ આપજ છો. એટલે મુક્તજનોની નિર્વાણ ગતિરૂપ બ્રહ્મગતિ પણ આપજ છો. અથવા મુક્ત લોકોની છેક છેલ્લી ગતિ પણ આપજ છો.

अव्ययः–(૧૩) ષડ્વિકારથી રહિત પણ આપજ છો. એટલે કે અવિકારી અને અવિનાશી પદ પણ આપજ છો. પુનઃ અનાદિકાળથી જગતપ્રવાહનું વહન કરવા છતાં આપ સદાકાળ જેવા ને તેવા રહેલા છો.

पुरुषः–(૧૪) માયા અને અવિદ્યામાં વ્યાપ્ત થઈને વ્યક્તિમાન અને સાકાર દેખાતા પુરુષ આપજ છો. પુનઃ પિંડ અને બ્રહ્માંડરૂપ સ્થૂળ દેહોરૂપે દેખાતા પણ આપજ છો; પુનઃ પુરુષ અને પ્રકૃતિના વિવેકમાં પુરુષત્વ આપ છો; પુનઃ વ્યક્તિભાવમાં નવ દ્વારવાળા પુરમાં એટલે સ્થૂળ શરીરમાં સ્વઇચ્છાથી પુરાઇ રહેનારા પણ આપજ છો; પુનઃદર્પણના પ્રતિબિંબની પેઠે માયા અને અવિદ્યામાં નિરાકારના સાકાર પ્રતિબિંબરૂપે એટલે જીવ અને ઈશ્વરરૂપે પિંડ બ્રહ્માંડમાં આપજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતીત થાઓ છો: પુનઃ દેહમાં સ્થિતિ અથવા શયન કરનારા પણ આપજ છો.

साक्षी-(૧૫) અલગપણે રહીને સર્વને જોનારા પણ આપજ છો; આપજ સર્વના દ્રષ્ટા છો. અલિપ્ત અને અસંગ રહેનારા પણ આપજ છો.

क्षेत्रज्ञः-(૧૬) દેહરૂપી ક્ષેત્રની અંદરની સર્વ ચેષ્ટાઓના જાણનાર આપજ છો. સર્વ દેહરૂપી ક્ષેત્રોના ક્ષેત્રજ્ઞ પણ આપ એકજ છો.

अक्षरः-(૧૭) [1]અક્ષર એટલે ક્ષરભાવથી રહિત એવા અવિનાશી અને અચળ પદ પણ આપજ છો. પુનઃ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થામાં અનુસ્યૂત અચળ રહેનારા પણ આપજ છો. ૨

योगो योगविदां नेता प्रधानपुरुषेश्वरः ।
नारसिंहवपुः श्रीमान् केशवः पुरुषोत्तमः ॥३॥

योगः-(૧૮) નિત્ય નિરંતર સ્વરૂપજ્ઞાને જીવો સાથે એકભાવે રહેનારા પણ આપજ છો. પુનઃ વ્યક્તિભાવમાં જીવ-બ્રહ્મના ઐક્યરૂપ પણ આપજ છો; પુનઃ હઠયોગ અને રાજ-યોગસ્વરૂપ પણ આપજ છો; પુનઃ ભક્તજનોના મનને આપની તરફ જોડનારા પણ આપજ છો; પુનઃ સમાધિયોગ અને [2]અષ્ટાંગ યોગ પણ આપજ છો.

---

૧ અક્ષર એટલે વર્ણ થાય છે. એટલે સર્વ અક્ષર (વર્ણ) રૂપે આપજ છો.

૨ યોગનાં અષ્ટાંગો=યમ, નિયમ, આસન, પ્રત્યાહાર, પ્રાણાયામ, ધારણા, ધ્યાન અને સમાધિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

योगविदांनेता-(૧૯) યોગ જાણનારાઓના નેતા પણ આપજ છો.

प्रधानपुरुषेश्वरः-(૨૦) પ્રધાન એવી માયા; અથવા પ્રકૃતિ; અને પુરુષ એવા ઈશ્વર; તેમના ઈશ્વર પણ આપજ છો. પ્રધાન એટલે જડ, અને પુરુષ એટલે અલ્પજ્ઞ જીવ તે ઉભયના સ્વામી આપજ છો.

नारसिंहवपुः-(૨૧) નૃસિંહ અવતાર ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ ભક્તજનોની રક્ષા માટે ભયાનક રૂપ પ્રગટ કરનારા પણ આપજ છો; પુનઃ નરોમાં આપ સિંહ જેવા પરાક્રમવાળા છો; પુનઃ અર્ધું નરરૂપ અને અર્ધું સિંહરૂપ એવું અદ્ભુત અઘટના જેવું સ્વરૂપ લેનારા પણ આપજ છો.

श्रीमान्-(૨૨) લક્ષ્મીવાળા પણ આપજ છો. પુનઃ માયારૂપ વિભૂતિવાળા પણ આપજ છો.

केशवः-(૨૩) ધર્મ અને સાધુઓની રક્ષા કરવા કેશી દૈત્યને મારનાર શ્રીકૃષ્ણરૂપ પણ આપજ છો. ભક્તજનોની અને ધર્મની રક્ષા કરવા માટે જયાં જેવું રૂપ લેવાની યોગ્યતા હોય ત્યાં તેવું રૂપ ધારણ કરનારા પણ આપજ છો; પુનઃ લીલાવતારોમાં સુંદર કેશવાળા પણ આપજ છો.

पुरुषोत्तमः-(૨૪) સર્વ પુરુષોમાં ઉત્તમ પુરુષ પણ આપજ છો. પુનઃ વ્યક્તિઓના જીવપણામાં ઉત્તમ પુરુષરૂપે આપજ રહેલા છો. પુનઃ પ્રકૃતિથી પર એટલે શ્રેષ્ઠ એવા ઉત્તમ પુરુષરૂપે આપજ છો. ૩

सर्वः शर्वः शिवः स्थाणुर्भूतादिर्निधिरव्ययः ।
संभवो भावनो भर्ता प्रभवः प्रभुरीश्वरः ॥४॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सर्वः-(૨૫) વિશ્વમાં પ્રતીત થતી ચરાચર સર્વ વસ્તુરૂપે આપ છો. પુનઃ ત્રિલોકી જગતરૂપે પણ આપજ છો; પુનઃ જીવ, ઈશ્વર, માયા, તત્ત્વબ્રહ્મ અને જગતરૂપ પ્રતીતિઓરૂપે આપજ છો; પુનઃ શેષપણાથી રહિત, અખંડ, કેવળ (નર્યા) આપ પરમાત્મા વસ્તુસ્થિતિ છો. પુનઃ દૃશ્ય અને અદૃશ્ય, સાકાર અને નિરાકાર, જડ અને ચેતન, ચર અને અચર, ભાવ અને અભાવ, જ્ઞાન અને અજ્ઞાન, જન્મ અને મરણ, આ લોક અને પરલોક, અને અપવર્ગ, જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, સ્થૂળ, સૂક્ષ્મ, અને કારણદેહોરૂપ, ઇંદ્રિયોરૂપ, તેમના દેવતારૂપ અને ઇંદ્રિયોની ચેષ્ટાઓરૂપ, પુણ્ય અને પાપ, સુખ અને દુઃખ, સ્વર્ગ અને નરક, માતા અને પિતા, સ્ત્રી, પુત્ર, ઈષ્ટ, અનિષ્ટ વગેરે પ્રતીતિઓ અને અપ્રતીતિઓ, સર્વરૂપે આપ નિર્વિકાર તત્ત્વ પરમાત્મા છો.

शर्वः-(૨૬) યજ્ઞના શર્વાની પેઠે દૃશ્યરૂપ આહુતિઓનો દ્રષ્ટાપદમાં લય કરનારા અથવા હોમ કરનારા પણ આપજ છો.

शिवः-(૨૭) આપ કલ્યાણની મૂર્તિ છો. પુનઃ સર્વનું કલ્યાણ કરનારા છો. પુનઃ નિર્વિકાર શિવતત્ત્વ પણ આપજ છો.

स्थाणुः-(૨૮) સ્તંભની પેઠે અચળ રહેનારા પણ આપજ છો. પુનઃ માયાપ્રવાહના સ્તંભરૂપ પણ આપજ છો; પુનઃ એકની એક જગ્યાએ નિત્ય નિરંતર રહેનારા પણ આપજ છો.

भूतादिः-(૨૯) પંચમહાભૂત અને ભૂતપ્રાણીઓના આદિરૂપ બીજ, હેતુ અને કારણરૂપ પણ આપજ છો. પુનઃ ભૂત અને ભૂતની સાથે જે છે તે એટલે કે સ્થૂળ શરીર અને જીવ સર્વ આપજ છો. પુનઃ પંચમહાભૂતોના આદિ અસ્તિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્વ પણ આપજ છો.

निधिरव्ययः-(૩૦) (નિધિઃ + અવ્યયઃ) નિધિઃ-સર્વની ઉત્પત્તિના ભંડાર એટલે મૂળકારણ પણ આપજ છો. અવ્યયઃ-અનિર્વચનીય જગતપ્રવાહને અનાદિકાળથી વહન કરવા છતાં કિંચિત્ માત્ર પણ જેનો વ્યય થયો નથી એવા આપ સદા અવિકારી અને અવિનાશી પદ છો.

संभवः-(૩૧) પોતે પોતાની મેળે આવિર્ભાવને પામનારા પણ આપજ છો. પુનઃ સાંકેતિક અને કારણશરીરોના ધરનારા પણ આપજ છો.

भावनः-(૩૨) સ્વતઃ ઉત્પન્ન થનારા, સર્વ વ્યક્તિઓને પોતપોતાની [૧]ભાવના પ્રમાણે ફળ આપનારા પણ આપજ છો. પુનઃ અદૃશ્યમાંથી દૃશ્ય થનારા પણ આપજ છો.

भर्ता-(૩૩) સર્વ ભૂતપ્રાણીઓનું ભરણ પોષણ કરનારા પણ આપજ છો; સર્વના સ્વામી પણ આપ છો.

प्रभवः-(૩૪) આપ સર્વના ઉત્પત્તિસ્થાન છો. પુનઃ જગતની ઉત્પત્તિના અભિન્ન નિમિત્તોપાદાન કારણ પણ આપજ છો.

प्रभुः-(૩૫) સર્વ પ્રભુતાવાળા અથવા ઐશ્વર્યવાળા સર્વશક્તિમાન આપજ છો.

ईश्वरः-(૩૬) જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કર-

---

૧ ભાવના પ્રમાણે એટલે મરનારની પાછળ તેનાં સ્ત્રી-પુત્રાદિકે પુણ્યદાન કરેલાં તેનું ફળ ભાવિ લોકાંતરોમાં મરનારને પહોંચાડનારા પણ આપ છો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાને આપ સમર્થ છો. પુનઃ ઐશ્વર્યવાન, [1]ઇંદ્ર આદિ દેવતાઓના પણ આપ ઈશ્વર છો; જગત તંત્રને ચલાવનાર સર્વના ઈષ્ટ પણ આપજ છો.૪

स्वयंभूः शंभुरादित्यः पुष्कराक्षो महास्वनः ।
अनादिनिधनो धाता विधाता धातुरुत्तमः ।।५।।

स्वयंभूः-(૩૭) જ્યાં જેવું જોઈએ ત્યાં તેવું સ્વરૂપ પ્રગટ કરવાને આપજ શક્તિમાન છો. પુનઃ સ્વઇચ્છાએ (एकोऽहं बहु स्याम्) થનારા આપજ છો; પુનઃ અવ્યક્તના વ્યક્ત થનારા, અને સામાન્ય જ્ઞાનના વિશેષ જ્ઞાન થનારા આપજ છો.

शंभुः-(૩૮) ભૂત-પ્રાણીઓની યાવત્ કલ્યાણ કરનારી ભૂમિકા પણ આપજ છો.

आदित्यः-(૩૯) સૂર્યરૂપ પણ આપજ છો. અદિતિના પુત્ર વામનરૂપ પણ આપજ છો.

पुष्कराक्षः-(૪૦) [2]લીલા અવતારોમાં કમળ જેવાં શોભાવાળાં સુંદર નેત્રોવાળા પણ આપજ છો. અને સર્વની ઉપર કૃપાદૃષ્ટિ રાખનારા પણ આપજ છો.

महास्वनः-(૪૧)—મહાન્ સ્વન એટલે સ્વર (કંઠવાળા) અથવા ઘોર ગર્જના કરનારા પણ આપજ છો. અર્થાત્ વેદરૂપ ધ્વનિ પણ આપજ છો.

अनादिः-(૪૨) આપ અનાદિ છો. આદિથી રહિત છો તેમજ ઉત્પત્તિરહિત, અને નાશથી રહિત છો. પુનઃ આપનાથી બીજો કોઇ આદિ નથી તેથી અનાદિ છો.

---

૧ ઇંદ્ર એટલે ઇંદ્રિયોના સ્વામી, અને ઇંદ્રિયોના દેવતાના સ્વામી.
૨ અનિર્વચનીય આશ્ચર્યકારક નાટક જેવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

निधनः-(४२)—આપ સ્વરૂપસ્થિતિમાં સર્વ દૃશ્યનો લય કરનારા છો, તેથી સર્વના મૃત્યુરૂપ પણ આપજ છો. પુનઃ આપના સંકલ્પ–વિકલ્પમાં, દૃશ્ય જગતની ઉત્પત્તિ રહેલી છે; અને નિઃસંકલ્પપણામાં સર્વ કલ્પનો અંત થાય છે માટે આપ સર્વના સંહારરૂપ છો.

धाता-(૪૩) સર્વને ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, ગ્રહો અને તારા વગેરે સર્વને આકાશમાં અદ્ધર ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ વ્યક્તિજીવોના સ્થૂળ શરીરોને ટટાર રાખનાર પણ આપજ છો.

विधाता-(૪૪) આપ ધાતાના પણ ધાતા છો, એટલે જગત્કર્તા બ્રહ્મા આદિઓના વિશેષે કરીને ધારણ કરનાર તેથી વિધાતારૂપ પણ આપજ છો. પુનઃ જીવોને સુખદુઃખો ભોગવવાના લેખ લખનારા વિધાતા પણ આપજ છો.

धातुरुत्तमः-(૪૫) (ધાતુઃ+ઉત્તમઃ) સર્વ ધારણ કરનારાઓમાં આપ ઉત્તમ ધારણ કરનારા છો. તત્ત્વબ્રહ્મ છો, અથવા ચિદાકાશરૂપ છો.૫

अप्रमेयो हृषीकेशः पद्मनाभोऽमरप्रभुः ।
विश्वकर्मा मनुस्त्वष्टा स्थविष्ठः स्थविरो ध्रुवः ॥६॥

अप्रमेयः-(૪૬) આપ સ્વતઃસિદ્ધ છો. આપને સિદ્ધ કરવામાં અન્ય પ્રમાણોની આવશ્યકતા રહેતી નથી. આપ સ્વયં અહંજ્ઞાનરૂપ છો. આપ સર્વ ઉપમાઓથી રહિત છો. પુનઃ માપમાં ન આવો એવા અનંત અપાર આપ છો.

हृषीकेशः-(૪૭) આપ ઇંદ્રિયોના ઈશ છો; આપ ઇંદ્રિયોને વશ કરનાર છો. પુનઃ ઇંદ્રિયોના ક્ષેત્રજ્ઞ પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पद्मनाभः (૪૮)-આપનું નાભિસ્થાન પદ્માકાર છે, તેથી આપ પદ્મનાભ છો. પુનઃ પદ્મ એટલે પદ્મ સંખ્યા એટલે અ· સંખ્ય નાભિઓવાળા પણ આપજ છો. પુનઃ આપના નાભિ-સ્થાનમાંથી કમળ અને કમળમાંથી બ્રહ્મા અને બ્રહ્મામાંથી જગત ઉત્પન્ન થાય છે તેથી આપ પદ્મનાભ છો.

अमरप्रभुः (૪૯)-અમર એવા દેવતાઓના પ્રભુ એટલે ઈશ્વર પણ આપજ છો.

विश्वकर्मा (૫૦)-વિશ્વકર્મા એટલે વિશ્વની રચના કરવા-માં મુખ્ય પાત્ર સૂત્રધાર પણ આપજ છો. પુનઃ વિશ્વરચના કરવી એ આપનું સ્વભાવિક સહજ કર્મ છે; વ્યષ્ટિભાવમાં જગત-રચનાઓને સદા આપજ કરતા રહો છો; પુનઃ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ દશાઓમાં જગતરચનાની ચિત્રવિચિત્ર પ્રતીતિ-ઓને બતાવનારા પણ આપજ છો. પુનઃ વ્યક્તિજીવોમાં મન-રૂપે રહેનારા અને જગતરચનાને પ્રતીત કરાવનારા, મનરૂપ વિશ્વકર્મા એટલે બ્રહ્મા પણ આપજ છો.

मनुः (૫૧)-વ્યક્તિજીવોના મનરૂપ પણ આપજ છો. પુનઃ વ્યક્તિજીવોની મનનરૂપ ક્રિયા પણ આપજ છો; પુનઃ મનુસ્મૃતિ લખનારા મનુ ભગવાન પણ આપજ છો.

त्वष्टा (૫૨)-સ્થૂળપદાર્થોને સૂક્ષ્મ કરનારા પણ આપજ છો. પુનઃ સ્થૂળ ભૂતોને સૂક્ષ્મ ભૂતો કરનારા પણ આપજ છો; પુનઃ સ્થૂળદેહને લિંગદેહ, અને લિંગદેહને કારણદેહ, અને કારણદેહને મહાકારણદેહ કરનારા પણ આપ છો; પુનઃ સાકા-રને નિરાકાર કરનારા પણ આપજ છો; પુનઃ દૃશ્યને અદૃશ્ય કરનારા પણ આપજ છો; પુનઃ સ્થૂળ જગતને સંકલ્પમય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગત કરનારા પણ આપજ છો.

स्थविष्ठः (૫૩)-સ્થૂળતામાં આપ વિશેષરૂપ છો. પુનઃ પૃથ્વીરૂપે આપજ પૃથ્વીતત્ત્વ છો; પુનઃ આપજ સ્થૂળ દેહરૂપ છો; અને સ્થૂળજગત સમષ્ટિદેહરૂપ છો; પુનઃ સૂક્ષ્મતત્ત્વ હોવા છતાં સ્થૂળપણાની પ્રતીતિઓ કરાવનારા પણ આપજ છો.

स्थविरोध्रुवः-(૫૪) સ્થાવરપણામાં શ્રેષ્ઠ, અને ચલિત-પણામાં ધ્રુવ એવા આપજ છો. અચળ, અવિકારી ચિદાકાશ તત્ત્વ પણ આપજ છો; પુનઃ ધ્રુવ એટલે અડગ, પોતાના નિ-શ્ચયમાં અડગ રહેનારા પણ આપ છો.૬

अग्राह्यः शाश्वतः कृष्णो लोहिताक्षः प्रतर्दनः ।
प्रभूतास्त्रिककुब्धाम पवित्रं मङ्गलं परम् ॥७॥

अग्राह्यः-(૫૫) આપ મન બુદ્ધિના જ્ઞાનથી પણ ગ્રહણ કરી શકાતા નથી. પુનઃ અતિ સૂક્ષ્મ હોવાને લીધે અને સર્વત્ર વ્યાપક હોવાને લીધે અતીન્દ્રિયપદ છો; પુનઃ અગમ્ય અને અગોચર પણ આપજ છો.

शाश्वतः-(૫૬) ત્રણે કાળમાં સ્થિતિ કરી રહેનારા અને સ્વતઃસિદ્ધ જણાતા એવા આપજ પરમાત્મદેવ છો. પુનઃ જગતના આદિમાં, જગતના અંતમાં અને જગતના મધ્યમાં એકની એક સ્થિતિ એવી અવિકારી સ્થિતિમાં રહેનારા પણ આપજ છો. પુનઃ જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ, એ ત્રણે અવસ્થા-ઓમાં અનુસ્યૂત રહેનાર છો, તેથી આપ પરંપરાથી ચાલતા આવેલા પરમાત્મદેવ છો.

कृष्णः-(૫૭) ઘનશ્યામ, સુંદર મૂર્તિરૂપ એવા શ્રીકૃષ્ણ-સ્વરૂપ પણ આપ છો. પુનઃ નિર્ગુણ નિરાકાર તત્ત્વ હોવા છતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ભક્તજનોને માટે સગુણ સાકાર શ્રીકૃષ્ણસ્વરૂપ ધારણ કરનારા પણ આપ છો; પુનઃ ભક્તજનોનાં દુઃખોને મૂળ સહિત નાશ કરનારા પણ આપ છો; પુનઃ ભક્તજનોને બ્રહ્મગતિ આપનારા પણ આપ છો; પુનઃ દૃશ્યજગતને દ્રષ્ટાપદમાં આકર્ષણ કરનારા પણ આપજ છો.

लोहिताक्षः-(૫૮) ભક્તજનોની રક્ષા કરવા માટે અસુરોનો સંહાર કરતી વખતે ક્રોધથી લાલ થયેલી આંખોવાળા પણ આપજ છો.

प्रतर्दनः-(૫૯) (કોરડો) ચાબુક જેના હાથમાં છે અને જેમણે અર્જુનનું સારથિપણું કરેલું છે, એવા શ્રીકૃષ્ણ ભગવાન પણ આપજ છો. પુનઃ ચાબુકની પેઠે સર્વને વશ રાખનારા પણ આપજ છો.

प्रभूतः-(૬૦) સર્વગુણસંપન્ન પણ આપજ છો. પુનઃ સર્વ પ્રભુતાવાળા પણ આપજ છો. પુનઃ સર્વ પ્રભુતા આપમાંથી ઉત્પન્ન થાય છે, તેથી પ્રભૂત.

त्रिककुब्धाम-(૬૧) ઊંચે નીચે અને મધ્યમાં અથવા આદિ અંત અને મધ્યમાં, અથવા સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ-લોકમાં, અથવા આ લોક, પરલોક અને અપવર્ગમાં, જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણે સ્થિતિઓમાં અવિકારી, એકની એક સ્થિતિમાં રહેનાર [1]અધિષ્ઠાનરૂપ પણ આપજ છો. ત્રિ=ત્રણ, કકુભ્=સ્થાનના વિભાગ, ખંડ.

---

૧ અધિષ્ઠાન એટલે અન્યને આશ્રય આપનાર મૂળ વસ્તુ. ભૂઃ ભુવઃ સ્વઃ, એ ત્રણે ધામોને સમાઈ રહેવાને અવકાશ એટલે જગા આપનાર મહાન ધામ એવા ચૈતન્યતત્ત્વ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पवित्रम्-(૯૨) આપ સદા શુદ્ધ અને અંતર્બાહ્ય શુચિ-રૂપ છો; કારણ કે આપ સદા અવિકારી પદ છો. પુનઃ આપનું નામ ઉચ્ચારણ અને આપનું નામસ્મરણ વ્યક્તિજીવોને પવિત્ર કરનારૂં છે. પુનઃ ત્રણે કાળમાં આપ પવિત્ર ધામ છો.

मङ्गलंपरम्-(૯૩) આપ મંગળના પણ મંગળરૂપ છો. એટલે મંગળની અવધિરૂપ છો. પુનઃ આપનું નામસ્મરણ મંગળકર્તા છે.૭

ईशानः प्राणदः प्राणो ज्येष्ठः श्रेष्ठः प्रजापतिः ।
हिरण्यगर्भो भूगर्भो माधवो मधुसूदनः ॥८॥

ईशानः-(૯૪) આપ સર્વના નિયામક અને નિયંતા છો. પુનઃ ઇશાનકોણ પણ આપ છો; પુનઃ સર્વના ઈશ્વર પણ આપજ છે.

प्राणदः-(૯૫) સર્વ ભૂત-પ્રાણીને શ્વાસોચ્છ્વાસરૂપ પ્રાણ-વાયુ પહોંચાડનાર પણ આપજ છો. પુનઃ ગર્ભવાસમાં પ્રાણ-વાયુ પહોંચાડનારા પણ આપજ છો; પુનઃજન્મકાળે બાળકો-નો પ્રાણ ચાલતો કરનારા પણ આપજ છો; પુનઃ પ્રાણનો અંત લાવનારા પણ આપજ છો; પુનઃ મૃત્યુકાળે પ્રાણનું શોષણ કરનાર સુષુમ્ણા પ્રાણ પણ આપજ છો.

प्राणः-(૯૬) આપ પ્રાણના પણ પ્રાણ છો, અને ચૈતન્યના પણ ચૈતન્યછો. પુનઃ પ્રાણીમાત્રની જીંદગીરૂપ પણ આપજછો.

ज्येष्ठः-(૯૭) મોટાથી પણ મોટા અને શ્રેષ્ઠથી પણ શ્રેષ્ઠ આપજ એક છો. અનંત અપાર પણ આપજ છો.

श्रेष्ठः-(૯૮) સર્વોત્તમ પદ પણ આપજ છો, પરમાનંદ-ની પ્રાપ્તિરૂપ બ્રહ્મગતિ પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रजापतिः-(૬૯) સર્વ પ્રજાના આપ સ્વામી છો. પુનઃ તેમનું રક્ષણ કરનારા પણ આપજ છો.

हिरण्यगर्भः-(૭૦) સૂત્રાત્મા, ઈશ્વર અને હિરણ્ય[૧]-ગર્ભ, એ ત્રણેપણે આપજ છો. તત્ત્વબ્રહ્મના પ્રથમ સ્ફુરણરૂપ મહત્તત્ત્વ પણ આપજ છો, અથવા અપ્રતીત તત્ત્વની પ્રતિ-તિરૂપ अहं अस्मि પ્રતીતિ પણ આપજ છો; પુનઃ જેના ગર્ભ-માં હિરણ્ય છે તેવા શાલીગરામ વિષ્ણુ પણ આપજ છો; પુનઃ હિરણ્યગર્ભના ગર્ભરૂપ એટલે તત્ત્વબ્રહ્મ પણ આપજ છો

भूगर्भः-(૭૧) ભૂ એટલે પૃથ્વી જેના ગર્ભરૂપ છે, અને પૃથ્વીનાં કાર્યોરૂપ સ્થૂળશરીરો જેના ગર્ભરૂપ છે, એવા આપ સર્વવ્યાપક તત્ત્વ બ્રહ્મ છો. પુનઃ ગર્ભ એટલે સાર-પૃથ્વીના સારરૂપ ચેતનતત્ત્વ પણ આપજ છો.

माधवः-(૭૨) મા એટલે માયા અને મા એટલે લક્ષ્મી; તેના ધવ-સ્વામી પણ આપજ છો.

मधुसूदनः-(૭૩) મધુ દૈત્યનો સંહાર કરનારા પણ આપજ છો.૮

ईश्वरो विक्रमी धन्वी मेधावी विक्रमः क्रमः ।
अनुत्तमो दुराधर्षः कृतज्ञः कृतिरात्मवान् ॥९॥

ईश्वरः-(૭૪) સર્વ પ્રાણીઓના નિયંતા અને સ્વામી આપજ છો.

विक्रमी-(૭૫) અદ્‌ભુત પરાક્રમોના કરનારા પણ આ-

૧ હિરણ્યગર્ભ એટલે કારણ (સમષ્ટિગત) દેહના અભિમાની આત્મા; સૂક્ષ્મદેહના સૂત્રાત્મા અને સ્થૂળદેહ (સમષ્ટિગત) ના અભિ-માની આત્મા ઈશ્વર કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

१८८२८ ११ग
१६
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પજ છો. તૃણનો મેરુ અને મેરુનું તૃણ, રંકનો રાય અને રાયનો રંક, જળનું સ્થળ અને સ્થળનું જળ, જડનું ચેતન અને ચેતનનું જડ, નિરાકારનું સાકાર અને સાકારનું નિરાકાર, એકના અનેક અને અનેકના એક કરવાને આપજ સમર્થ છો.

धन्वी-(૭૬) શ્રેષ્ઠ ધનુષ્યને ધારણ કરનારા રામ અને અર્જુનરૂપે પણ આપજ છો.

मेधावी-(૭૭) સર્વમાં શ્રેષ્ઠ બુદ્ધિમાન આપજ છો.

विक्रमः-(૭૮) બીજના વૃક્ષરૂપ અને વૃક્ષના બીજરૂપ થવાનો ક્રમ, અવ્યક્તના વ્યક્તિમાન અને વ્યક્તિમાનના અવ્યક્ત થવાનો ક્રમ, એકના અનેક અને અનેકના એક થવાનો ક્રમ, નિરાકારના સાકાર અને સાકારના નિરાકાર થવાનો ક્રમ, જન્મેલાને મરણ અને મૃત્યુ પામેલાને પુનર્જન્મનો ક્રમ, વળી ઉત્પત્તિવાળા પદાર્થનો નાશ અને નાશ થયેલા પદાર્થની ફરીથી રૂપાંતરરૂપે ઉત્પત્તિ, એવો અદ્ભુત ક્રમ ચલાવનારા આપજ સર્વશક્તિમાન પ્રભુ છો. પુનઃ સર્વ જગતને એકીકાળે પહોંચી વળનારા પણ આપ છો; પુનઃ દૃશ્યને અદૃશ્ય અને અદૃશ્યને દૃશ્ય કરનારા પણ આપજ છો; પુનઃ અદ્ભુત પરાક્રમો કરનારા પણ આપજ છો.

क्रमः-(૭૯) જગતને કરતા રહેવું અને તેમાં ફેરફાર કરતા રહેવું, અથવા જગતપ્રવાહને વહન કરવો એ આપનો સહજ સ્વભાવ છે. પુનઃ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરતા રહેવું એ આપનો નિત્યક્રમ છે.

अनुत्तमः-(૮૦) ઉત્તમતાની અવધિપદ પણ આપજ છો.

दुराधर्षः-(૮૧) આપ દુઃસાધ્ય એટલે મહાન યોગ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જપ, તીર્થ, તપ વગેરે સાધન દ્વારા અતિકષ્ટથી પ્રાપ્ત થાઓ તેવા છો.

कृतज्ञः-(૮૨) મનુષ્યોનાં કરેલાં સર્વ કર્મોના આપ જાણનારા છો. આપથી કાંઇ અજાણ્યું નથી. પુનઃ જીવોએ વ્યક્તિભાવમાં કરેલા ઉપકારો-સત્કર્મોને જાણનારા પણ આપ છો.

कृतिः-(૮૩) સર્વ પ્રાણીઓમાં ક્રિયા-શક્તિરૂપ પણ આપજ છો. પુનઃ જગતમાં કાર્ય-કારણરૂપ કૃતિ પણ આપજ છો; પુનઃ જગતરૂપ કૃતિ ઉપરથી તેના કર્તા આપજ છો.

आत्मवान-(૮૪) સુખદુઃખોનો અનુભવ કરનાર આત્મા આપજ છો; આત્મજ્ઞાનીના આત્મા પણ આપજ છો.૯

सुरेशः शरणं शर्म विश्वरेताः प्रजाभवः ।
अहः संवत्सरो व्यालः प्रत्ययः सर्वदर्शनः ॥१०॥

सुरेशः-(૮૫) આપ દેવોના ઈશ્વરરૂપ ઇંદ્ર છો. પુનઃ ઇંદ્રના ઇંદ્ર પણ આપજ છો.

शरणम्-(૮૬) આપ સર્વ પ્રાણીઓના શરણરૂપ છો. સર્વની રક્ષા કરનારા પણ આપજ છો. સર્વને અભયદાન આપનારા પણ આપજ છો અને સર્વના નિવૃત્તિસ્થાન પણ આપજ છો. પુનઃ જેને કોઇ શરણ ન રાખે તેવા અશરણના પણ શરણ આપજ છો.

शर्मः-(૮૭) સુખ. આપ સર્વને સુખરૂપ છો. પરમાનંદની પ્રાપ્તિરૂપ સ્થાન છો.

विश्वरेताः-(૮૮) વિશ્વ જેનું વીર્ય છે એવા વિશ્વરચનાના કરનારા પણ આપજ છો. પુનઃ વિશ્વરચનાના આદિકારણ પણ આપજ છો. પુનઃ વિશ્વના જનક પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रजाभवः-(૮૯) સર્વ પ્રજાને ઉત્પન્ન કરનારા પણ આપજ છો. પુનઃ પ્રજારૂપે ઉત્પન્ન થનારા પણ આપજ છો.

अहः-(૯૦) દિવસરૂપ પણ આપજ છો.

संवत्सरः-(૯૧) આપજ વર્ષરૂપ છો. પુનઃ વર્ષોના વર્ષોરૂપ પણ આપજ છો.

व्यालः-(૯૨)-[૧]સર્પ એટલે શેષનાગરૂપે પણ આપજ છો. પુનઃ વ્યાલ એટલે વાંકા એટલે સર્પની ચાલ પેઠે સરકી જનારા તેથી ન પકડાઇ શકાય એવા-અર્થાત્ અગ્રાહ્ય છો. પુનઃ વ્યક્તિભાવમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર અને અહંકાર આદિ ઝેરી સર્પરૂપે પણ આપજ છો. પુનઃ સરકવું[૨] એટલે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા આલવાની સર્પશક્તિ પણ આપજ છો.

प्रत्ययः-(૯૩) વ્યાલની માફક અગ્રાહ્ય હોવા છતાં પણ ભાવિક ભક્તજનોને પ્રત્યક્ષ થનારા અને દર્શન દેનારા પણ આપજ છો. ધાતુના શબ્દોને પ્રત્યય લગાડવાથી જેમ અર્થનો સાક્ષાત્કાર થાય છે, તેવા પ્રત્યયરૂપે આપજ છો. અર્થાત્ ભક્તિદ્વારાએ ગ્રાહ્ય થાઓ એવા છો.

सर्वदर्शनः-(૯૪) સર્વ ઉપર સરખી દૃષ્ટિથી જોનાર સમદર્શી પણ આપજ છો. પુનઃ સર્વ લોક જેનું દર્શન કરે છે તેવા સર્વદર્શન પણ આપજ છો—પુનઃ સર્વને એકી કાળે

---

૧ સાપની કાંચળીની પેઠે દેહાદિ ઉપાધિઓનો ત્યાગ કરનારા આત્મા.

૨ સરકવું એટલે પ્રાણાંત મૃત્યુ પછી વર્તમાન લોક અને વર્તમાન દેહમાંથી સરકીને એકદમ ભાવી લોક અને ભાવી દેહમાં પ્રગટ થનાર, જેમ જાગ્રતદેહનો અભિમાની સ્વપ્નદેહમાં એકદમ પ્રગટ થાય છે તેમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોનારા પણ આપજ છો. પુનઃ આર્ય કે અનાર્ય સર્વ ધર્મોમાં પોતાવટનો ભાવ રાખનાર પણ આપજ છો.૧૦

अजः सर्वेश्वरः सिद्धः सिद्धिः सर्वादिरच्युतः ।
वृषाकपिरमेयात्मा सर्वयोगविनिःसृतः ॥११॥

अजः-(૯૫) આપ અજન્મા છો. પુનઃ આપ અનાદિ છો; એટલે ઉત્પત્તિ સ્થિતિ અને લયથી રહિત છો. જન્મથી રહિત અજન્મા બ્રહ્મા પણ આપ છો.

सर्वेश्वरः-(૯૬) આપ સર્વના ઈશ્વર છો.

सिद्धः-(૯૭) આપ સ્વતઃસિદ્ધ છો. આપ પ્રાણીમાત્રના નિજ આત્મા એટલે તેમના પ્રત્યેકના પોતપોતાના વ્યક્તિ આત્મા છો. પુનઃ આપ સર્વ વાતે પૂર્ણકામ છો. સિદ્ધોમાં કપિલ મુનિ પણ આપજ છો.

सिद्धिः-(૯૮) અણિમા, લઘિમા આદિ યોગસિદ્ધિઓ-રૂપે પણ આપજ છો. પુનઃ યોગીઓને સિદ્ધિઓ આપનારા પણ આપજ છો; પુનઃ સર્વ સિદ્ધિઓના સ્વામી પણ આપજ છો; પુનઃ સિદ્ધિઓ એટલે ચમત્કારિક શક્તિરૂપ પણ આપજ છો; પુનઃ કાર્યોમાં પરિપૂર્ણતારૂપ પણ આપજ છો; પુનઃ જ્ઞાનપ્રાપ્તિ કે ફળપ્રાપ્તિરૂપ પણ આપજ છો.

सर्वादिः-(૯૯) સર્વ એટલે દૃશ્યજગત જેમાંથી ઉત્પન્ન થાય છે એવા મૂળકારણરૂપ પણ આપજ છો; આદિના આદિ પણ આપ છો.

अच्युतः-(૧૦૦) સર્વાદિ અવિચળ પદ પણ આપજ છો એટલે સ્વસ્વરૂપે રહેનારા છો; નિર્વિકાર છો; જ્યાં છો ત્યાંજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો; અને ત્રણે કાળમાં જેવા ને તેવાજ છો. પુનઃ ધ્રુવપદ પણ આપજ છો.

वृषाकपिः-(૧૦૧) ધર્મના રક્ષક પણ આપજ છો. પુનઃ કપિ એટલે હનુમાનનું ચિહ્ન જેની ધ્વજામાં છે એવા નર એટલે અર્જુનરૂપ પણ આપજ છો. તેમજ વૃષ એટલે ધર્મરૂપ પણ આપજ છો.

अमेयात्मा-(૧૦૨) આપ અનંત અપાર છો એટલે કે આપનું સ્વરૂપ માપ અને હદની પાર છે.

सर्वयोगविनिःसृतः-(૧૦૩) જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય આદિ કર્મો કરવા છતાં તે તે કર્મોનાં બંધનોથી આપ નિત્યમુક્ત છો. કારણ કે આપ [1]અસંગ આત્મપદ છો.

वसुर्वसुमनाः सत्यः समात्मा संमितः समः ।
अमोघः पुंडरीकाक्षो वृषकर्मा वृषाकृतिः ॥१२॥

वसुः-(૧૦૪) આપ સર્વમાં વસેલા છો. આપજ દશ્યજગત થઇ જગતમાં વસેલા છો. પુનઃ આપજ બુદ્ધિજ્ઞાનની સૂક્ષ્મતારૂપ છો. પુનઃ વસુમાં વસુ પણ આપજ છો.

वसुमनाः-(૧૦૫) આપ ઉદાર ચિત્તરૂપ છો. પુનઃ આપના કરેલા ઉપકાર અગણિત છે; પુનઃ વસુ એટલે નામરૂપાત્મક દશ્ય જગતમાં વસવાના મનવાળા પણ આપજ છો.

सत्यः-(૧૦૬) આપ સત્યતારૂપ છો. પુનઃ સત્ય ધામ

---

૧ આત્મા દેહથી અસંગ છે તો પણ લોહ અને અગ્નિના અન્યોન્યાધ્યાસની પેઠે આત્માના ગુણોનો અધ્યાસ માયાને અને માયાના ગુણોનો અધ્યાસ આત્માને. જીવનો અધ્યાસ દેહને અને દેહનો અધ્યાસ જીવને થાય છે; તેથી જીવ, જન્મ, મરણ અને લોકાંતરો ભોગવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આપજ છો; પુનઃ સત્ય સંકલ્પ[1] અને સત્યધર્મ પણ આપજ છો; પુનઃ નિષ્કપટતારૂપ પણ આપજ છો.

समात्मा–(૧૦૭) આપ આત્મારૂપે આકાશની પેઠે એકસરખા વ્યાપી રહેલા ચિદાકાશ છો. પુનઃ ન્યૂનાધિકતા દોષથી રહિત છો; પુનઃ સર્વને સામાન્ય અને સમાન છો; પુનઃ આપને પ્રિય કે અપ્રિય નથી; પુનઃ સમતારૂપ પણ આપજ છો; હસ્તિ અને પિપીલિકા આદિ શરીરોમાં જીવપણે એકસરખા રહેનારા પણ આપજ છો.

संमितः–(૧૦૮) સર્વમાં આકાશની પેઠે ચિદાકાશપણે એકસરખા રહેનારા પણ આપજ છો. જીવ અણુમાં પણ આપ અખંડ અને અદ્વૈત છો.

समः–(૧૦૯) આપ સદા સત્તા સામાન્યપદ છો. સર્વવ્યાપક સર્વને સરખા પણ આપજ છો.

अमोघः–(૧૧૦) આપ ભક્તજનોને ફળ આપવામાં પણ ઉદાર છો. ઉપાસકોને વરદાતા અને ભક્તજનોની ભાવનાઓને પૂરી પાડનાર પણ આપજ છો. પુનઃ અમૂલ્ય વસ્તુ પણ આપજ છો.

पुंडरीकाक्षः–(૧૧૧) લીલા અવતારોમાં કમળ જેવાં અણીઆળાં નેત્રોવાળા પણ આપજ છો. પુનઃ મોહજનક પણ આપજ છો.

वृषकर्मा–(૧૧૨) ધર્મોનાં કર્મ કરનારા પણ આપજ છો. પુનઃ આપનાં સર્વ કર્મો ધર્મ માટેજ છે; પુનઃ આપની સર્વ

---

૧ મનમાં જે જે અને જેવા જેવા વિચારો કરે તે તે અને તેવા તેવા સાચા પડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રિયાઓમાં ધર્મજ સમાયેલો છે; પુનઃ આપનાં સર્વ કર્મોમાં ધર્મજ હેતુ છે; પુનઃ આપનાં સર્વ કર્મો નિષ્કામ અથવા બ્રહ્માર્પણરૂપ છે.

वृषाकृतिः-(૧૧૩) આપ ધર્મનીજ આકૃતિ છો. મૂર્તિધર્મ છો. પુનઃ ધર્મનું સંસ્થાપન કરવા માટે સગુણ સાકાર અવતારો લેનારા પણ આપજ છો.૧૨

रुद्रो बहुशिरा बभ्रुर्विश्वयोनिः शुचिश्रवाः ।
अमृतः शाश्वतः स्थाणुर्वरारोहो महातपाः ॥१३॥

रुद्रः-(૧૧૪) રુદ્ર એટલે રોવું. રુદન કરવાથી આપ રુદ્રરૂપ કહેવાઓ છો. પુનઃ પ્રાણાંત કાળે યમ આદિ ભયાનક રૂપ દેખાડીને જીવોને રોવડાવનારા પણ આપજ છો; પુનઃ કલ્પાંત કાળે કાળમૂર્તિ પણ આપજ છો. પુનઃ રુદ્ર એટલે મહાદેવજી પણ આપ છો.

बहुशिराः-(૧૧૫) બહુ મસ્તકધારી પણ આપજ છો. પુનઃ આપજ સમષ્ટિ વિશ્વમૂર્તિ છો.

बभ्रुः-(૧૧૬) આપજ સર્વના પોષક છો. પુનઃ ખાલી થઇ ગયેલા તત્ત્વોને જગતમાં ફરીને ભરનારા પણ આપજ છો.

विश्वयोनिः-(૧૧૭) વિશ્વનું ઉત્પત્તિસ્થાન આપજ છો. વિશ્વરચનાની ખાણરૂપ છો. વિશ્વરૂપ ગર્ભને ધારણ કરવામાં ગર્ભસ્થાન છો. પુનઃ વિશ્વરૂપ પ્રવાહને નિરંતર વહન કરનારા પણ આપજ છો.

शुचिश्रवाः-(૧૧૮) આપનાં યશકીર્તન મનુષ્યોના શ્રવણોને પવિત્ર કરનાર છે. પુનઃ આપના ગુણાનુવાદ તથા કથાકીર્તન, તેમજ આપની ચર્ચાનું કથન અને શ્રવણ મનુષ્યોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાવન કરનારૂં છે, તેથી પવિત્ર શ્રવણમૂર્તિ પણ આપજ છો.

अमृतः-(૧૧૯) મૃત્યુના ભયથી રહિત આપજ અમર-પદ છો. પુનઃ અમરના અમર એટલે અવિનાશીપદ છો. અવ્યક્ત અને બ્રહ્મપદ છો.

शाश्वतस्थाणुः-(૧૨૦) આપ અનાદિ કાળથી ચાલતા આવતા નિત્ય અને અચળ તથા અચ્યુતપદ છો.

वरारोहः-(૧૨૧) આપનાં સર્વે અંગો સુંદર છે.

महातपाः-(૧૨૨) મહાન તપસ્વી પણ આપજ છો. મન અને ઇંદ્રિયોનો નિગ્રહ કરનારા પણ આપજ છો.૧૩

सर्वगः सर्वविद्भानुर्विष्वक्सेनो जनार्दनः ।
वेदो वेदविदव्यङ्गो वेदाङ्गो वेदवित् कविः ॥१४॥

सर्वगः-(૧૨૩) આપ અચળ ને અચ્યુતપદ હોવા છતાં સર્વમાં ગતિ કરનારા પણ આપજ છો. પુનઃ વિજળીની પેઠે મનદ્વારા એકી કાળે સર્વમાં ગતિ કરનારા પણ આપજ છો.

सर्वविद्भानुः-(૧૨૪) સૂર્યની પેઠે સર્વને પ્રકાશ કરનારા એટલે સર્વને જાણનારા પણ આપજ છો. સર્વ પ્રાણીઓના આત્મજ્યોતિરૂપ છો, તેથી સર્વવેત્તા અને સર્વપ્રકાશક પણ આપજ છો.

विष्वक्सेनः-(૧૨૫) લીલા અવતારમાં દૈત્યો સાથેના રણસંગ્રામમાં શત્રુઓની સેનાઓને ચારે તરફ ભગાડનાર સેનાધિપતિ પણ આપજ છો. આપજ સર્વવિજયીરૂપ છો.

जनार्दनः-(૧૨૬) જન એવા ભક્તજનોનો ઉદ્ધાર કરનારા પણ આપજ છો. અને જન એવા અધર્મી પાપી જનોને નરકલોક આપનાર પણ આપજ છો. પુનઃ અંધકાર-અ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાનનો નાશ કરનારા શ્રીકૃષ્ણચંદ્ર આપજ છો.

वेदः-(૧૨૭) આપ સર્વને જાણનારા છો. સર્વમાં જ્ઞાન-તત્ત્વ છો. પુનઃ ચારે વેદોની મૂર્તિરૂપ એટલે જ્ઞાનમૂર્તિ પણ આપજ છો; પુનઃ સ્વરૂપસ્થિતિમાં રહેનારા પણ આપજ છો.

वेदविद्-(૧૨૮) વેદના વેત્તા પણ આપજ છો. સ્વસ્વ-રૂપને જાણનારા પણ આપજ છો. સ્વસંવેદ્ય પણ આપ છો; પુનઃ વેદના જ્ઞાન દ્વારાએજ આપ લક્ષ્યરૂપે જણાઈ શકાઓ છો. પુનઃ જ્ઞાનગમ્ય પણ આપજ છો.

अव्यङ्गः-(૧૨૯) આપ સર્વજ્ઞાનસંપન્ન છો. પુનઃ અધિ-ષ્ઠાનપદના સત્ય જ્ઞાન પણ આપજ છો.

वेदाङ्गः-(૧૩૦) વેદરૂપ અંગોવાળા પણ આપ છો. પુનઃ વેદ એજ આપનું અંગ અથવા શરીર છે. પુનઃ અંગો સહિત વેદમૂર્તિ પણ આપ છો. પુનઃ વેદનું જ્ઞાન એ આપના જ્ઞાન-સ્વરૂપનું સંપૂર્ણ અંગ છે.

वेदवित्-(૧૩૧) વેદોના જ્ઞાતા પણ આપજ છો. વેદ-જ્ઞાનસંપન્ન પણ આપજ છો. પુનઃ વેદોનું જ્ઞાન એજ આપ-ની પ્રત્યક્ષ જ્ઞાનમૂર્તિ છે.

कविः-(૧૩૨) કવિતા કાવ્ય કરનારા આદિ કવિ વેદ-વ્યાસરૂપ પણ આપજ છો. સર્વ જાણનારા જ્ઞાની એટલે મહા-જ્ઞાની પણ આપજ છો. પુનઃ મહાન્ કર્તા પણ આપજ છો.૧૪

लोकाध्यक्षः सुराध्यक्षो धर्माध्यक्षः कृताकृतः ।
चतुरात्मा चतुर्व्यूहश्चतुर्दंष्ट्रश्चतुर्भुजः ॥१५॥

लोकाध्यक्षः-(૧૩૩) સર્વ લોકોના અધ્યક્ષ-અગ્રણી પણ આપજ છો, સર્વ લોકોના નેતા પણ આપજ છો. પુનઃ જીવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્રના નિયામક આપજ સર્વ જગતના મુખ્ય કારણ છો.

सुराध्यक्षः-(૧૩૪) સુર એટલે દેવતા અને તેમના અધ્યક્ષ એવા ઇંદ્ર તેના પણ આપ નેતા છો. પુનઃ સર્વ દેવોના આપ ઇષ્ટદેવ છો.

धर्माध्यक्षः-(૧૩૫) ધર્મના અધ્યક્ષ એટલે અગ્રણી પણ આપજ છો. ધર્મમાત્રની પ્રસૂતિ પણ આપજ છો. પુનઃ આપનું નામસ્મરણ સર્વ ધર્મોનું બીજ છે.

कृताकृतः-(૧૩૬) કૃત એટલે કરેલા કાર્યરૂપ અને અકૃત એટલે કાર્યના કારણરૂપ એ ઉભયરૂપ આપ એકજ છો. પુનઃ નિમિત્તકારણ અને ઉપાદાનકારણ એવા અભિન્ન નિમિત્તોપાદાનકારણ પણ આપજ છો, અને જગતના કર્તારૂપે પણ આપજ છો. પુનઃ આપજ આપમાં આપરૂપે સ્વપ્નસૃષ્ટિની પેઠે જગતરચના કરનારા છો.

चतुरात्मा-(૧૩૭) [૧]સમષ્ટિગત અને [૨]વ્યષ્ટિગત, સ્થૂળ સૂક્ષ્મ, કારણ અને મહાકારણ એ ચાર દેહોમાં અનુસ્યૂત રહેલા અને ચારે સ્થિતિઓમાં ભિન્નભિન્નપણે જણાઇ રહેતા આપ એક હોવા છતાં ચાર પ્રકારે જણાઓ છો. પુનઃ બુદ્ધિ-ચાતુર્યવાળા એટલે મહાન બુદ્ધિશાળી પણ આપજ છો. પુનઃ બુદ્ધિશાળીઓની અવધિરૂપ પણ આપજ છો.

चतुर्व्यूहः-(૧૩૮) શ્રીકૃષ્ણ, બલરામ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ એ ચારેના (સમૂહ) રૂપે આપજ છો. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુર્યા એ ચારે અવસ્થાની રચનામાં ગોઠવાઇ રહે-

(૧) સમષ્ટિ એટલે સમૂહ અથવા વિરાટસ્વરૂપ. (૨) વ્યષ્ટિ એટલે વિરાટની અંદર રહેલા પ્રત્યેક પૃથક્ પૃથક્ રૂપ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારા પણ આપજ છો. આપ અખંડ અદ્વૈત એક છો. તોપણ ચાર જુદા જુદા રૂપમાં ચાર જુદા જુદા પ્રકારે ભાસી રહેનારા પણ આપજ છો. પુનઃ ચાતુર્યની મૂર્તિ પણ આપજ છો. પુનઃ ચાર પ્રકારની રચનારૂપ પણ આપજ છો.

चतुर्दंष्ट्रः-(૧૩૯) ચાર દાઢોવાળા પણ આપજ છો, એટલે કે મનુષ્ય આકૃતિરૂપે પણ આપજ છો. પુનઃ નિત્ય,[1] નૈમિત્તિક,[2] પ્રાકૃતિક[3] અને દૈન્ય[4] એવા ચાર પ્રકારના પ્રલય કરનારા પણ આપજ છો.

चतुर्भुजः-(૧૪૦) ચાર ભુજારૂપે પણ આપજ છો. પુનઃ ચાર ભુજાવાળા પણ આપજ છો. પુનઃ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચાર આપની ભુજા છે.૧૫

भ्राजिष्णुर्भोजनं भोक्ता सहिष्णुर्जगदादिजः ।
अनघो विजयो जेता विश्वयोनिः पुनर्वसुः ॥१६॥

भ्राजिष्णुः-(૧૪૧) આપનાથી સર્વ પ્રકાશે છે. યાવત્ પ્રકાશના અધિષ્ઠાનરૂપ પણ આપજ છો.

भोजनम्-(૧૪૨) મુમુક્ષુઓને આપની સ્વરૂપપ્રાપ્તિ ભોજનની પેઠે તૃપ્તિ કરાવનારી છે, માટે આપજ ભોજનરૂપ છો.

भोक्ता-(૧૪૩) વ્યક્તિજીવોમાં ભોગવનારપણે આપજ રહેલા છો.

सहिष्णुः-(૧૪૪) આપજ સર્વ સંકટો અથવા અનર્થોને સહન કરનારા છો. પુનઃ દૈત્યો સાથે લડતાં શસ્ત્રોના પ્રહા-

(૧) નિત્ય એટલે નિરંતર ચાલતો રહેતો; (૨) નૈમિત્તિક એટલે કોઇ પણ નિમિત્ત અથવા કારણને લઇને થતો, (૩) પ્રાકૃતિક એટલે પ્રકૃતિમાં લય થતો. (૪) દૈન્ય એટલે દરરોજનો નિદ્રામાંય થતો સુષુપ્તિરૂપ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોને સહન કરનારા પણ આપજ છો. પુનઃ નાસ્તિકો અને અધર્મીઓની નિંદા સહન કરનારા પણ આપજ છો.

जगदादिजः-(૧૪૫) જગતના આદિરૂપે તત્ત્વબ્રહ્મ પણ આપજ છો. પુનઃ જગતના આદિબ્રહ્મારૂપે પણ આપજ છો. પુનઃ જગતના આદિકારણરૂપે પણ આપજ છો.

अनघः-(૧૪૬) સર્વ પાપોથી રહિત, અને સર્વ દોષોથી રહિત આપ શુદ્ધ સત્વ એવા બ્રહ્મતત્ત્વ છો. [૧]અનામય અને નિત્યમુક્તપદ પણ આપજ છો.

विजयः-(૧૪૭) અસંગતારૂપ શસ્ત્ર વડે માયિક પ્રપંચોનું મૂળ કાઢનારા પણ આપજ છો. તેથી આપ વિજયરૂપ છો. પુનઃ દૈત્યો સાથે રણસંગ્રામમાં વિજય મેળવનાર પણ આપજ છો.

जेता-(૧૪૮) મન અને ઇંદ્રિયોને જિતનારા પણ આપજ છો. પુનઃ લીલાવતારોમાં દૈત્યરૂપ શત્રુઓને જિતનારા પણ આપજ છો.

विश्वयोनिः-(૧૪૯) જગત સર્વના ઉત્પત્તિસ્થાન પણ આપજ છો, પુનઃ વિશ્વ એજ જેની યોનિ છે એવા વિશ્વયોનિ પણ આપજ છો.

पुनर्वसुः-(૧૫૦) પૃથ્વીના કાર્યરૂપ સ્થૂળશરીરોમાં આપ પુનઃ પુનઃ વસનારા છો. એટલે પુનઃ પુનઃ સ્થૂળ શરીરોને ધારણ કરનારા છો.૧૬

उपेन्द्रो वामनः प्रांशुरमोघः शुचिरूर्जितः ।
अतीन्द्रः संग्रहः सर्गो धृतात्मा नियमो यमः ॥१७॥

---

૧ અનામય એટલે રોગરહિત; નિત્યસુખરૂપ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

उपेन्द्रः (૧૫૧)–ઉપ એટલે નાના, ઇંદ્રના નાના ભાઈ ઉપેન્દ્ર એટલે વામનરૂપ પણ આપજ છો; ઇંદ્ર પણ આપ છો. ઉપેન્દ્રરૂપ પણ આપ છો.

वामनः (૧૫૨)–વામન અવતાર લેનારા પણ આપજ છો.

प्रांशुः (૧૫૩)–વૈરાટ થનાર; વામનરૂપ હોવા છતાં બલિ રાજા પાસેથી ત્રણ પગલાં પૃથ્વીનું દાન લઈને વૈરાટરૂપ ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ સમષ્ટિગત અને વ્યષ્ટિગત પ્રતીતિઓરૂપે પણ આપજ છો.

अमोघः (૧૫૪)–અ=નહિ, મોઘ=મૂલ્ય[1] આપ ઉદાર ચિત્તવાળા છો; દયાળુ છો અને દાતારના પણ દાતાર આપજ છો. આપનું નામસ્મરણ ભાવે કે અભાવે, જ્ઞાન કે અજ્ઞાનપણે કરેલું કદી પણ વ્યર્થ જતું નથી. પુનઃ આપને ઉદ્દેશીને કરેલાં કર્મ કદી ફળથી રહિત થતાં નથી.

शुचिः (૧૫૫)–આપ પવિત્ર આત્મારૂપ છો અને આપનું નામસ્મરણ કરનારાઓને પણ આપ પવિત્ર કરનારા છો.

ऊर्जितः (૧૫૬)–પ્રૌઢ. આપ એકજ મહાન બળવાળા અને સર્વશક્તિમાન પરમાત્મા છો. પુનઃ શક્તિમાનોની શક્તિ પણ આપજ છો. પુનઃ બળ અને પરાક્રમના ધોધરૂપ આપજ છો.

अतीन्द्रः (૧૫૭)–આપ ઇંદ્રના પણ ઇંદ્ર અને તેમના પણ ઇંદ્ર એવા સર્વ પ્રભુતાના સ્વામી છો. પુનઃ ઇંદ્રિયોથી પર એવા કૂટસ્થ આત્મા પણ આપજ છો.

संग्रहः (૧૫૮)–પ્રલયકાળે અથવા મૃત્યુકાળે દૃશ્ય જગ-

---

૧ મૂલ્ય=આપના નામસ્મરણની કિંમત; અમૂલ્ય એટલે જેમના નામસ્મરણની કિંમત કળી ન શકાય તેવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તને સંકેલી લેનારા અને સર્વને બીજરૂપે સંગ્રહ કરી રાખનારા એવા આપ સર્વના સંગ્રહરૂપ છો.

सर्गः (૧૫૯)-જગતની ઉત્પત્તિરૂપ પણ આપજ છો. પુનઃ સુષુપ્તિમાંથી સ્વપ્નરચના, પુનઃ સુષુપ્તિમાંથી જાગ્રતરચના, પુનઃ અવ્યક્તમાંથી વ્યક્ત, નિરાકારમાંથી સાકાર, એવા પ્રવાહરૂપે પ્રતીતિઓ પણ આપજ છો. પુનઃ ઉત્પત્તિકાળે આપજ દૃશ્યજગતના સ્રષ્ટા છો.

धृतात्मा (૧૬૦)-જગત સર્વને ધારણ કરનારા પણ આપજ છો. વ્યષ્ટિગત જગતોને ધારણ કરનારા પણ આપજ છો. સર્વ જગતરૂપે આપજ પ્રતીત થાઓ છો.

नियमः (૧૬૧)-સર્વ વિશ્વને નિયમમાં રાખનારા પણ આપજ છો. નિર્માણ કરેલી વ્યવસ્થા (પ્રારબ્ધ) ભોગવાવનાર પણ આપજ છો. પુનઃ દેવતાઓને જુદાં જુદાં કામો સોંપનારા પણ આપજ છો.

यमः (૧૬૨)-આપના નિર્માણ કરેલા નિયમો તોડનારાઓને શિક્ષા કરનારા પણ આપજ છો. પુનઃ યોગશાસ્ત્રના સાધનરૂપ યમ-નિયમરૂપ આપજ છો. પુનઃ ભૂત-પ્રાણીઓને પ્રાણાંત કરનાર કાળમૂર્તિ યમરાજ પણ આપજ છો. ૧૭

वेद्यो वैद्यः सदायोगी वीरहा माधवो मधुः ।
अतीन्द्रियो महामायो महोत्साहो महाबलः ॥१८॥

वेद्यः (૧૬૩)-જગતમાં આપજ જાણવા યોગ્ય વસ્તુ છો. આપનું જ્ઞાન એજ સત્ય અધિષ્ઠાન જ્ઞાન છે અને તેજ સર્વ જિજ્ઞાસુને જાણવા યોગ્ય જ્ઞાન છે. પુનઃ વેદના જ્ઞાનદ્વારાએજ આપ જણાઇ શકાઓ એવા છો. પુનઃ સર્વ પ્રાણીઓમાં જ્ઞાન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપે આપ સ્થિતિ કરીને રહ્યા છો તેથી જ્ઞપ્તિત્વ છે.

वैद्यः (૧૬૪)–શારીરિક વિદ્યાના જાણનારા પણ આપજ છો. પુનઃ ઔષધિને જાણનારા પણ આપ છો. પુનઃ ભવરૂપી રોગને હણનારા ગુરુરૂપ વૈદ્ય પણ આપ છો. પુનઃ શારીરિક રોગોની દવા કરનારા સર્વ પ્રાણીઓમાં રહેનારા વૈદ્ય પણ આપ છો.

सदायोगी (૧૬૫)–આપ સદા સર્વદા સ્વસ્વરૂપે સ્થિતિ કરનારા છો. તુર્યા અવસ્થામાં સદા સ્થિતિ કરી રહેનારા પણ આપજ છો.

वीरहा (૧૬૬)–આપ લીલાવતારોમાં મોટમોટા વીર યોદ્ધાઓનો પણ નાશ કરનારા છો. પુનઃ કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર અને અહંકારના આવેશોરૂપી યોદ્ધાઓનો નાશ કરનાર એટલે સંહાર કરનાર પણ આપજ છો. પુનઃ ધર્મ અને સાધુઓની રક્ષામાટે દૈત્યોનો નાશ કરનારા પણ આપજ છો.

माधवः (૧૬૭)–આપ લક્ષ્મીના પતિ છો, પુનઃ માયા-વિશિષ્ટ માયાપતિ પણ આપજ છો.

मधुः (૧૬૮)–મધુદૈત્યનો નાશ કરનાર પણ આપજ છો; પુરુષ પ્રયત્ન કરવામાં ભક્ત લોકોને મીઠાશ આપનારા પણ આપજ છો. પુનઃ તેમાં વધારો કરનારા અને તેમાં ઉત્સાહ કરાવનાર પણ આપજ છો.

अतीन्द्रियः (૧૬૯)–ઇંદ્રિયજન્ય જ્ઞાનની પેલી પાર પણ આપ છો. પુનઃ અગોચર અને અગમ્ય પદ પણ આપજ છો. પુનઃ અતીન્દ્રિય પદ હોવા છતાં સર્વ ઇંદ્રિયોને ભોગવ-નારા તથા તેમને સત્તા-સ્ફૂર્તિ આપનારા પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

महामायः (૧૭૦)–મહામાયારૂપ પણ આપજ છે. અઘટઘટના અને અપટપટના એટલે [1]આવરણ અને [2]વિક્ષેપ, [3]અસંભાવના અને [4]વિપરીત ભાવના, અથવા [5]મૂલા [6]માયા પણ આપજ છે. પુનઃ જાદુના જેવી ઇંદ્રજાળ કરનાર પણ આપજ છે. પુનઃ આપ માયાવીના પણ માયાવી છે. એટલે માયાવીઓના અવધિરૂપ છે. પુનઃ મહામાયાવી હોવા છતાં પોતાના ભક્તજનોને માયાજાળથી બચાવી લેનારા પણ આપજ છે. પુનઃ 'મા' એટલે 'શું' અને 'યા' એટલે 'નહિ' માયામાં શું નથી; એટલે માયામાં નામરૂપાત્મક સર્વ છે. આપજ માયાને લઇને સર્વરૂપે જણાઓ છો. તેથી મહામાયા પણ આપજ છો. વ્યક્તિજીવોને પૂર્વપૂર્વની સ્વરૂપસ્થિતિઓની વિસ્મૃતિ કરાવીને ઉત્તરોત્તર, ચિત્રવિચિત્ર, સ્વપ્ન અને સ્વપ્નાંતરોની પેઠે લોક અને લોકાંતર પ્રતીતિઓ કરાવનાર પણ આપજ છો.

महोत्साहः (૧૭૧)–સંસારક્રમ ચાલતો રાખવામાં આપને મોટો ઉમંગ રહે છે. સંસારમાં ઉત્સાહ રાખનારા પણ

---

૧ આવરણ એટલે આત્માના સ્વસ્વરૂપને આચ્છાદન કરનાર–ઢાંકનાર.

૨ વિક્ષેપ એટલે સ્વસ્વરૂપમાં ક્ષોભ કરનાર અથવા નડતર કરનાર અથવા વિક્રિયા કરનાર.

૩ અસંભાવના એટલે સ્વસ્વરૂપનો અસંભવ અથવા નથીપણું બતાવનાર.

૪ વિપરીત ભાવના એટલે સ્વસ્વરૂપે નથી, પણ તેથી અન્ય ઉલટા સ્વરૂપે છે એવું બતાવનાર.

૫ મૂલા એટલે મૂળની; પ્રથમ થએલી.

૬ માયા એટલે મૂલા માયામાંથી ઉત્પન્ન થએલી, અવિદ્યામાયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપજ છો.

महाबलः (૧૭૨)-બળવાનોના બળરૂપ પણ આપજ છો, તેથી મહાબળવાન પણ આપજ છો.૧૮

महाबुद्धिर्महावीर्यो महाशक्तिर्महाद्युतिः ।
अनिर्देश्यवपुः श्रीमानमेयात्मा महाद्रिधृक् ॥१९॥

महाबुद्धिः (૧૭૩)-બુદ્ધિમાનની બુદ્ધિ પણ આપજ છો તેથી મહાન બુદ્ધિ પણ આપજ છો. અથવા મહાન બુદ્ધિ-વાળા પણ આપજ છો.

महावीर्यः (૧૭૪)-મહાન પરાક્રમી પણ આપજ છો.

महाशक्तिः (૧૭૫)-સર્વ શક્તિઓમાં મોટી શક્તિ એવી ચૈતન્યશક્તિ પણ આપજ છો. અથવા મોટી શક્તિવાળા પણ આપજ છો.

महाद्युतिः (૧૭૬)-મહાન સ્વરૂપવાન, તેજસ્વી અને કાંતિમાન પણ આપજ છો. અથવા મોટામાં મોટી કાંતિ પણ આપજ છો.

अनिर्देश्यवपुः (૧૭૭)-અ=નહિ, નિર્દેશ્ય=બતાવી શકાય તેવું; વપુઃ=શરીર. આપ દેશ, કાળ અને વસ્તુપરિચ્છેદ રહિત એવા સર્વત્ર અને સર્વવ્યાપક ચિદાકાશરૂપ શરીરવાળા છો. પુનઃ આપનું શરીર [1]વ્યક્તિપણાથી રહિત છે, કારણ કે આપ નિરાકાર, અનંત અને અપાર છો.

श्रीमान् (૧૭૮)-જગતમાં લક્ષ્મીવાળા પણ આપજ છો; પુનઃ સ્વરૂપજ્ઞાન બ્રહ્મવિદ્યાવાળા પણ આપજ છો.

अमेयात्मा (૧૭૯)-અમેય=અમાપ, આત્મા=બુદ્ધિ અ-

૧ વ્યક્તિ એટલે સાકાર દેહ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ બુદ્ધિવાળા; અને અનંત કળાવાળા પણ આપજ છો.

महाद्रिधृक् (૧૮૦)–મોટા મોટા પર્વતો ધારણ કરનારા પણ આપજ છો.૧૯

महेष्वासो महीभर्ता श्रीनिवासः सतांगतिः ।
अनिरुद्धः सुरानन्दो गोविन्दो गोविदांपतिः ॥२०॥

महेष्वासः (૧૮૧)–મોટમોટાં ધનુષ્યોને ધરનારા પણ આપજ છો. પુનઃ પ્રણવરૂપ ધનુષ્યને ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ મહત્તત્ત્વરૂપ ધનુષ્યને ધારણ કરનારા પણ આપજ છો. મોટાં બાણ ફેંકનારા પણ આપ છો. મહા=મોટા, ઇષુ=બાણ, આસ=ફેંકનારા.

महीभर्ता (૧૮૨)–મહી એટલે પૃથ્વી તેના સ્વામી પણ આપજ છો. પુનઃ તેને ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ પૃથ્વીનાં ભૂત–પ્રાણીઓનું ભરણ–પોષણ કરનારા પણ આપજ છો. પુનઃ પૃથ્વીમાં ભરપૂર રહેનારા પણ આપજ છો. પુનઃ પૃથ્વીનાં કાર્યોરૂપ શરીરોમાં ભરપૂર રહેનારા પણ આપજ છો.

श्रीनिवासः (૧૮૩)–આપ લક્ષ્મીના આવાસરૂપ તથા આશ્રયરૂપ અધિષ્ઠાન પદ છો. પુનઃ વિદ્યા માયા એવી બ્રહ્મવિદ્યાને ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ શ્રી એટલે શોભા યાવત્ માત્રની શોભાના નિવાસરૂપ આપ છો.

सतांगतिः (૧૮૪)–સંત, ભક્ત તેમજ પરમહંસ જનોની (સ્વસંવેદ્ય[1]) અને સ્વસ્વરૂપગતિ પણ આપજ છો. પુનઃ

---

૧ સ્વસંવેદ્ય=સર્વ જીવો મૃત્યુ પછી કર્મવાસના પ્રમાણે પરલોક એવી લોકાંતર સ્થિતિને (સ્વપ્નદશા પેઠે) પોતેજ દેખે છે, અનુભવ કરે છે અને જાણે છે, અન્ય જીવો તે દેખી શકતા કે જાણી શકતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેવટની નિશ્ચયાત્મક સદ્ગતિ શ્રેષ્ઠ ગતિ એવી બ્રહ્મગતિ પણ આપજ છે.

अनिरुद्धः (૧૮૫)–અ=નહિ, નિરુદ્ધ=રોકાએલો અથવા નિરોધ થએલો. આપ સર્વવ્યાપક તત્ત્વ ચિદાકાશ છો તેમ છતાં અનિર્વચનીય માયા અણુમાં અને પુનઃ તેના કાર્યરૂપ મહત્તત્ત્વમાં અને પુનઃ તેની વિકૃતિમાં સ્થૂળશરીરમાં નિરોધ થવાથી અઘટ ઘટનાનો વિસ્તાર કરનારા પણ આપજ છો. પુનઃ મહાકારણ દેહના આત્મા પણ આપજ છો.

सुरानन्दः (૧૮૬)–સુર એવા દેવતાઓના આનંદરૂપ પણ આપ છો. પુનઃ ઇંદ્રિયો અને તેમના દેવતાઓના જીવન-ચૈતન્ય પણ આપ છો.

गोविन्दः (૧૮૭)–આપ "ગો" એટલે ઇંદ્રિયોના જાણનારા છો. "ગો" એટલે પૃથ્વી અને પૃથ્વીના કાર્યરૂપ સ્થૂળ-શરીરને જાણનારા ક્ષેત્રજ્ઞ છો. પુનઃ "ગો" એટલે બ્રહ્મવિદ્યાના પણ જાણનારા છો. પુનઃ લીલાવતારોમાં કૃષ્ણરૂપે "ગો" એટલે ગાયોને ચારનારા ગોપરૂપ પણ આપજ છો. પુનઃ ઈંદ્ર, ઇંદ્રિયો, ગોપીઓ, ગોવાળો, ગાયો–એ સર્વના પતિ પણ આપજ છો.

गोविदांपतिः (૧૮૮)–'ગો' એટલે ઇંદ્રિયો તેમના દેવતા અને તે દેવતાઓને પણ જાણનારા આપ છો. તેથી આપ દેવતાઓના પણ દેવતા અને તેમના જાણનારા અને તેમના પતિ પણ આપજ છો. પુનઃ વેદજ્ઞાતા પણ આપજ છો. પુનઃ

નથી; કારણ કે વ્યક્તિ આત્મા અભેદ્ય છે, સર્વ જીવો પોતપોતાનો આગવો ચિત્રવિચિત્ર ... પૃથક્ પૃથક્ અનુભવ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૃષ્ણાવતારમાં ગોપજનોના પતિ એટલે અગ્રેસર પણ આપ છો. પુનઃ વ્યક્તિક્ષેત્રજ્ઞોના સ્વામી પણ આપ છો.૨૦

मरीचिर्दमनो हंसः सुपर्णो भुजगोत्तमः ।
हिरण्यनाभः सुतपाः पद्मनाभः प्रजापतिः ॥२१॥

मरीचिः (૧૮૯)–આપ તેજસ્વીઓના પણ તેજરૂપ અને સૂર્યના પણ સૂર્ય છો, એટલે સૂર્યના પ્રકાશક પણ આપજ છો.

दमनः (૧૯૦)–જગતરચનાની વ્યવસ્થા જાળવવા માટે લોકપાળ આદિ દેવતાઓને શિક્ષા કરનારા પણ આપજ છો. પુનઃ મન અને ઇંદ્રિયોનું દમન કરીને તેમને વશ કરનારા પણ આપજ છો.

हंसः (૧૯૧)–સંકોચ[1] અને વિકાસ[2] જેની શક્તિ છે એવા હંસ પક્ષીરૂપ પણ આપજ છો. અથવા જીવરૂપ હંસ પણ આપજ છો. બ્રહ્મજ્ઞાનીઓને દ્વૈતપણાના ભયથી મુક્ત કરનારા પણ આપજ છો. પુનઃ આત્મ અને અનાત્મવસ્તુપણાનો વિવેક કરનારા પણ આપ છો. પુનઃ સંન્યાસી પણ આપ છો.

सुपर्णः (૧૯૨)–મહાન વેગવાન પાંખોવાળા પણ આપજ છો. પુનઃ માયાવિશિષ્ટ અને અવિદ્યાવિશિષ્ટ થઇને ઈશ્વર અને જીવરૂપ પક્ષી પણ આપજ છો. વેદરૂપ ગરુડના સ્વામી પણ આપજ છો.

भुजगोत्तमः (૧૯૩)–પૃથ્વીમાંથી ઉત્પન્ન થનારા સર્પોમાં આપ સર્વથી શ્રેષ્ઠ સર્પ–શેષનાગરૂપ છો.

૧ સંકડાઇ નાના થઇ જવું–કીડીના શરીરમાં કીડી જેવડા થઇ જવું.
૨ પહોળા મોટા થઇ જવું. હાથીના શરીરમાં હાથી જેવડા, પિંડમાં પિંડ જેવડા અને બ્રહ્માંડમાં બ્રહ્માંડ જેવડા થઇ જવાની શક્તિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

हिरण्यनाभः (૧૯૪)-આપની નાભિમાં સુવર્ણ છે, એટલે સુવર્ણવાળા શાળીગ્રામરૂપ આપ છો. પુનઃ હિરણ્યગર્ભ એવું મહત્તત્ત્વ અથવા બ્રહ્માનું પ્રથમ સ્ફૂરણ એ પણ આપજ છો.

सुतपाः (૧૯૫)-તપ કરનારાઓમાં શ્રેષ્ઠ તપ કરનાર આપ છો. માયા અને પ્રકૃતિમાં રહેવા છતાં આપ તેમના ગુણોથી અસંગ રહેનારા છો. પુનઃ મન અને ઇંદ્રિયોનો નિગ્રહ કરનારા પણ આપ છો.

पद्मनाभः (૧૯૬)-પદ્મ જેવી સુંદર નાભિવાળા પણ આપ છો. પુનઃ પદ્મનાભ જેના નાભિકમળમાંથી બ્રહ્માની ઉત્પત્તિ થાય છે એવા પદ્મનાભિવાળા પણ આપ છો.

प्रजापतिः (૧૯૭)-પોતાની ઉત્પન્ન કરેલી પ્રજાનું રક્ષણ કરનારા પણ આપજ છો.૨૧

अमृत्युः सर्वदृक् सिंहः संधाता सन्धिमान् स्थिरः ।
अजो दुर्मर्षणः शास्ता विश्रुतात्मा सुरारिहा ॥२२॥

अमृत्युः (૧૯૮)-આપ મૃત્યુથી રહિત છો, કારણ કે આપ અજન્મા છો. સદા અવિકારી પદ છો. પુનઃ અસ્તિ, જાયતે, આદિ ષડ્વિકારથી રહિત પણ આપજ છો. અ=નહિ, મૃત્યુ=નાશ, નાશરહિત એટલે અવિનાશી[૧] છો.

---

૧ મૃત્યુ થવામાં જીવાત્માનો સમૂળગો નાશ થતો નથી તેથી તે અવિનાશી છે, પણ તેની અવસ્થા બદલાય છે; જેમ જાગ્રતમાંથી સુષુપ્તિ અને સુષુપ્તિમાંથી સ્વપ્ન અવસ્થા થાય છે તેમ. વળી સ્વપ્નમાં જેમ દેશાંતર જવાનો અનુભવ થાય છે તેમ મૃત્યુ પછી સમષ્ટિ પદમાં કૂટસ્થ રહ્યો થકો જીવાત્મા દેહાંતર અને લોકાંતર ગતિઓનો અનુભવ કરે છે. મૃત્યુસમયે પૂર્વાપરના અહંમમદેહાધ્યાસને લઇને જીવાત્માને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सर्वदृक् (૧૯૯)–દૃશ્યજગતને જોનારા પણ આપજ છો. દૃશ્ય, સર્વના દ્રષ્ટા અને ક્ષેત્રજ્ઞ પણ આપજ છો. પુનઃ યાવત્ પ્રાણીઓની ક્રિયાઓને જોનારા પણ આપજ છો.

सिंहः (૨૦૦)–સિંહ જેવા પરાક્રમવાળા પણ આપજ છો. પુનઃ નૃસિંહરૂપ ધરનારા પણ આપજ છો. અવસ્તુરૂપ માયાપ્રતીતિમાં આત્મારૂપે ગર્જી રહેનારા પણ આપજ છો.

संधाता (૨૦૧)–તૂટેલાને ફરી સાંધનારા પણ આપજ છો. વિયોગનો સંયોગ કરાવનારા પણ આપજ છો. પુનઃ જગત સર્વને ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ રાત્રિ અને દિવસ, તેમજ ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળની સંધિરૂપ આપજ છો. ભિન્ન એવા જીવ અને ઈશ્વર એ ઉભય-ની સંધિરૂપ એટલે ઐક્યતારૂપ આપ છો.

संधिमान् (૨૦૨)-ભક્તજનોને આપની સાથે જોડનારા, અથવા સારૂપ્ય કરનારા પણ આપજ છો.

स्थिरः (૨૦૩)–આકાશની પેઠે એકની એક જગ્યાએ અચળ રહેનારા પણ આપજ છો. સદા અવિકારી સ્થિતિમાં રહેનારા પણ આપજ છો. પુનઃ માયાપ્રપંચમાં આ લોક

દેહનો વિયોગ થવામાં જીર્ણ વસ્ત્ર બદલવા પેઠે ખોળિયું બદલવાનું જે થાય છે તેથી તે કાંઇ સામાન્ય નથી. જાગ્રતમાંથી સુષુપ્તિ અને સુષુ-પ્તિમાંથી સ્વપ્ન એવો અવસ્થાનો સામાન્ય ફેરફાર થવા જેવું નથી, પણ મૃત્યુકાળે તો કલ્પાંત (મહાપ્રલય) જેવું, અને મહાપ્રલય જેટલું દુઃખ જીવાત્માને થાય છે, જ્યારે તેનું વ્યક્તિ અહંપણું નાશ થાય છે ત્યારે તે છેવટનું મૃત્યુ ગણાય છે, આપ વ્યક્તિથી રહિત અવ્યક્ત પદ છો તેથી આપ અમૃત્યુ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પરલોક આદિ પ્રતીતિઓ કરાવવા છતાં કૂટસ્થપણે રહેનારા પણ આપ છો.

अजः(૨૦૪)-જન્મ તેમજ આકારથી રહિત પણ આપજ છો. પુનઃ જાયતે, અસ્તિ, વર્ધતે, વિપર્યેતિ, અપક્ષીયતે અને વિનશ્યતિ-એ ષટ્વિકારો સ્થૂળદેહની સાથે સંબંધ રાખે છે, તેથી સ્થૂળદેહનો જન્મ છે, આત્માનો નથી. આપ સદા અવિનાશી આત્મપદ છો.

दुर्मर्षणः (૨૦૫)-વ્યક્તિભાવમાં અને લીલાવતારોમાં આપનો પ્રતાપ દુર્જનોને અસહ્ય છે. જીવોએ કરેલાં કર્મોનાં ફળની વ્યવસ્થા કરનારા પણ આપજ છો.

शास्ता (૨૦૬)-જે કોઇ વ્યક્તિ આડીઅવળી ચાલે તેને શિક્ષા કરનારા પણ આપજ છો. પુનઃ વ્યક્તિજીવોને પ્રારબ્ધરૂપ શાસન કરનારા પણ આપજ છો. પુનઃ સર્વને રસ્તે પાડનારા પણ આપ છો. પુનઃ સર્વને સુધારનારા પણ આપ છો.

विश्रुतात्मा (૨૦૭)-સર્વ વ્યક્તિઓમાં વિશેષ સાંભળનારા તેમજ દૂરની વાત સાંભળનારા તથા જાણનારા પણ આપજ છો. પુનઃ કથાકીર્તન અને ગુણાનુવાદથી અનેક વ્યક્તિઓથી શ્રવણ કરાએલા એવા પણ આપજ છો. પુનઃ વ્યક્તિઓનું મનોમય એટલે માનસિક કહેવું તેને પણ આપ તત્કાળ સાંભળનારા છો. પુનઃ સર્વની વાત નિરંતર સાંભળવાને આપનાં શ્રોત્ર સદા તત્પરઃરહેનારાં છે, પુનઃ જગતમાં આપનીજ કારીગરીનાં (કુદરતનાં) વખાણ જયાં ત્યાં સંભળાઈ રહે છે, તેથી આપ પ્રૌઢ પ્રતાપી વિશ્રુત આત્મા છો, એટલે વિશેષ સંભળાઈ રહેલા છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सुरारिहा (૨૦૮)-સુર એવા દેવો તેમના શત્રુ દૈત્યો તેમનો નાશ કરનારા પણ આપ છો.૨૨

गुरुर्गुरुतमो धाम सत्यः सत्यपराक्रमः ।
निमिषोऽनिमिषः स्रग्वी वाचस्पतिरुदारधीः ॥२३॥

गुरुः (૨૦૯)-સર્વને તત્ત્વબ્રહ્મનો ઉપદેશ આપનારા પણ આપજ છો. છંદમાં ગુરુમાત્રા પણ આપજ છો. પુનઃ ભારેમાં ભારે પણ આપજ છો.

गुरुतमः (૨૧૦)-આપ ગુરુના પણ ગુરુ છો. સર્વ પ્રાણીઓને બુદ્ધિ જ્ઞાન આપનારા પણ આપજ છો અને ભવસાગરના તારનારા પણ આપજ છો.

धामः (૨૧૧)-આપજ અક્ષયધામ છો. પુનઃ જે ધામમાં એક વાર પ્રવેશ કર્યા પછી ફરી પાછું વળવું પડતું નથી એવા શ્રેષ્ઠ ધામ પણ આપજ છો. છેવટની બ્રહ્મગતિ પણ આપજ છો. સર્વને ઠરવાનું ઠેકાણું પણ આપજ છો; એટલે નિજસ્વરૂપપ્રાપ્તિ પણ આપજ છો. આપની પ્રાપ્તિ થયા બાદ તેથી વિશેષ પ્રાપ્તિ કરવાની કોઇને કામના રહેતી નથી એવા શ્રેષ્ઠ ધામ આપ છો.

सत्यः (૨૧૨)-સત્ય એટલે સાચા-સત્ય સંકલ્પવાળા પણ આપજ છો.

सत्यपराक्रमः (૨૧૩)-આપનાં સર્વ પરાક્રમો સત્ય છે.

निमिषः (૨૧૪)-કાળનું પ્રથમપણું એટલે નેત્રોના પલકારારૂપ કાળ પણ આપજ છો. પુનઃ ભજન, સ્મરણ કે સંયમ કરતાં ઉંઘનું ઝોકું-તંદ્રાકાળ પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अनिमिषः (૨૧૫)-આપ સદા ત્રણે અવસ્થામાં જ્ઞાનને લીધે જાગ્રત છો.

स्रग्वी (૨૧૬)-લીલાવતારોમાં સુગંધીદાર પુષ્પોની માળા ધારણ કરનારા પણ આપજ છો.

वाचस्पतिरुदारधीः (૨૧૭)-આપ વાણીના પતિ છો, અને આપની બુદ્ધિ અનંત અને અપાર છે. પુનઃ સર્વ પ્રાણીઓને વાચાનો ઉચ્ચાર અને બુદ્ધિજ્ઞાન આપનારા પણ આપજ છો. પુનઃ દેવતાઓના ગુરુ બૃહસ્પતિરૂપે પણ આપજ છો.૨૩

अग्रणीर्ग्रामणीः श्रीमान् न्यायो नेता समीरणः ।
सहस्रमूर्धा विश्वात्मा सहस्राक्षः सहस्रपात् ॥२४॥

अग्रणीः (૨૧૮)-સર્વના આગેવાન પણ આપ છો. સર્વમાં પ્રથમ પદ હિરણ્યગર્ભ અથવા મહત્તત્ત્વ પણ આપ છો. પુનઃ દેહોમાં પ્રથમ સ્ફુરણ એવું अहं अस्मि પદ પણ આપ છો. પુનઃ અગ્ર એટલે ટોચ અને ટોચની પણ ટોચ આપજ છો. એટલે સૂક્ષ્મતમ પણ આપજ છો.

ग्रामणीः (૨૧૯)-ગ્રામ એટલે સમૂહવાળા પણ આપ છો. સમષ્ટિપદ પણ આપ છો. પુનઃ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, શ્રોત્ર, ચક્ષુ, જિહ્વા, ઘ્રાણ, હસ્ત, પાણિ, પાદ, શિશ્ન અને ગુદા તેમજ તેમના દેવતાઓ વગેરે સર્વ સંઘાતના અગ્રણી પણ આપ છો.

श्रीमान् (૨૨૦)-લક્ષ્મીવાન પણ આપ છો. સર્વ વિભૂતિઓના વૈભવવાળા પણ આપ છો. શ્રી એટલે માયા તેને તાબે રાખનારા માયાપતિ પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

न्यायः (૨૨૧)-ન્યાયશાસ્ત્ર પણ આપ છો. અસત્યથી રહિત સત્યવાળા પણ આપ છો; સત્ય એજ આપની મૂર્તિ છે.

नेता (૨૨૨)-આપ નિરાકાર હોવા છતાં માયામાં સાકાર થઇને ઈશ્વરપણે સર્વને નિયમપૂર્વક ચલાવનારા છો. પુનઃ જ્ઞાનીઓ અને અજ્ઞાનીઓ સર્વને પોતપોતાના રસ્તા તરફ દોરનારા છો.

समीरणः (૨૨૩)-લીલાવતારોમાં રણસંગ્રામ વખતે–લડાઈમાં શત્રુઓ સાથે આપ સરખા ઉતરનારા છો. પુનઃ શ્વાસોચ્છ્વાસની સરખી ગતિમાં સુષુમ્ણા ગતિ પણ આપ છો. પુનઃ સર્વની પ્રાણચેષ્ટાઓ પણ આપ છો.

सहस्रमूर्धा (૨૨૪)-હજારો મસ્તકવાળા પણ આપ છો. પુનઃ નિરાકાર હોવા છતાં હજારો આકારો અને હજારો શરીરોવાળા પણ આપજ છો.

विश्वात्मा (૨૨૫)-સર્વ વિશ્વના આપ અંતરાત્મા છો. પુનઃ સમષ્ટિના પણ આપ અંતરાત્મા છો; કારણ કે જીવ અને ઈશ્વર (ઘટાકાશ અને મઠાકાશ)ના મહદ્ આકાશ (ચિદાકાશ) એવા સર્વવ્યાપક તત્ત્વ છો. પુનઃ વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ એમાં વિશ્વ—આત્મા પણ આપ છો એટલે વિરાટ સ્વરૂપ આપ છો.

सहस्राक्षः (૨૨૬)-હજારો નેત્રોવાળા પણ આપ છો. સર્વના દ્રષ્ટા છો. પુનઃ વ્યષ્ટિઓના પણ દ્રષ્ટા છો.

सहस्रपात् (૨૨૭)-હજારો પાદ (પગ) વાળા આપ છો. પુનઃ સમષ્ટિરૂપ હોવાથી સમષ્ટિ અંતરગત વ્યક્તિઓના સર્વ પાદ આપનાજ પાદ છે. જગતમાં જેટલા જેટલા પગ છે તે સર્વ આપનાજ છે.૨૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आवर्तनो निवृत्तात्मा संवृतः संप्रमर्दनः ।
अहस्संवर्तको वह्निरनिलो धरणीधरः ॥२५॥

आवर्तनः (૨૨૮)–લીલાવતાર ધારણ કરીને જગતમાં ધર્મનું તેમજ ભકતોનું રક્ષણ કરવા અને અસુરોનો નાશ કરવાને માટે ફરી ફરીને આવિર્ભાવે (પ્રગટ) થનારા પણ આપજ છો.

निवृत्तात्मा (૨૨૯)–નિવૃત્તિપરાયણ રહેનારા એવા શાંત મનવાળા પણ આપજ છો. પુનઃ સંકલ્પ–વિકલ્પરૂપ મનની ક્રિયાઓથી રહિત પણ આપજ છો. પુનઃ મનની સર્વ ભાંજગડો મૂકી દઈને એકાકીપણું ધારણ કરનારા પણ આપ છો.

संवृतः (૨૩૦)–નિર્ગુણ, નિરાકાર અને અનંત અપાર હોવા છતાં માયાથી આવૃત આચ્છાદન થયેલા પણ આપજ છો. માયાથી ઢંકાયેલા પણ આપજ છો. પુનઃ અવિકારી પદમાં રહેલા પણ આપજ છો.

संप्रमर्दनः (૨૩૧)–પ્રપંચ સર્વનો મૂળસહિત નાશ કરનારા પણ આપજ છો.

अहस्संवर्तकः (૨૩૨)–આખા દિવસને સારી રીતે ચલાવનારા પણ આપ છો. પુનઃ સૂર્યને ગતિમાન રાખનારા પણ આપ છો. પુનઃ મનુષ્યોને દિવસમાં સારૂં વર્તન કરાવનારા–ધર્મ પળાવનારા પણ આપ છો. પુનઃ મનુષ્યોની ચઢતી અથવા ઉદય કરનારા પણ આપ છો. પુનઃ દિવસચર્યાને નિર્વિઘ્ને પાર પાડનારા પણ આપ છો.

वन्हिः (૨૩૩)–યજ્ઞના અગ્નિરૂપ પણ આપ છો. પુનઃ આપનું નામસ્મરણ સર્વ પાપોને બાળનારૂં છે. પુનઃ દેહમાં જઠરાગ્નિ એટલે વૈશ્વાનર પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अनिलः (૨૩૪)–સર્વત્ર વ્યાપક મહાન વાયુરૂપ પણ આપજ છો.

धरणीधरः (૨૩૫)–પૃથ્વીને ધારણ કરનારા અથવા પૃથ્વીનાં કાર્યરૂપ સ્થૂળશરીરોને ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ આપજ શેષનાગરૂપ છો. પુનઃ વ્યક્તિ શરીરોમાં અહંકારરૂપ નાગને ધારણ કરનારા શેષ (નાગરૂપ) પણ આપજ છો. પુનઃ નેતિ અનવશેષ અસ્તિત્વ શેષ પણ આપજ છો.

सुप्रसादः प्रसन्नात्मा विश्वधृग्विश्वभुग्विभुः ।
सत्कर्ता सत्कृतः साधुर्जह्नुर्नारायणो नरः ॥२६॥

सुप्रसादः (૨૩૬)–સર્વના ઉપર કૃપા કરનારા પણ આપજ છો. પુનઃ વ્યક્તિઓને દોષોની ક્ષમા કરનારા પણ આપજ છો. સર્વને અનુગ્રહ કરનારા પણ આપ છો. પુનઃ આપનો અનુગ્રહ હોય તોજ મનુષ્યોથી આપનું નામ સ્મરણ કરી શકાય છે. આપના અનુગ્રહ વગર આપની ભક્તિ થવી એ પણ મુશ્કેલ છે. પુનઃ સર્વમાં સુખરૂપ પણ આપ છો.

प्रसन्नात्मा (૨૩૭)–સદા પ્રસન્ન રહેનારા પણ આપજ છો. પરમાનંદસ્વરૂપ પણ આપજ છો; પુનઃ સર્વ ઉપર સરખા કૃપાળુ પણ આપજ છો; પુનઃ માયા–પ્રપંચથી સદા રહિત પણ આપજ છો; સદા નિર્વિકાર પદ પણ આપજ છો. પુનઃ આપનું નામસ્મરણ કરનારાની ઉપર સદા પ્રસન્ન રહેનારા પણ આપજ છો.

विश्वधृक् (૨૩૮)–વિશ્વ એટલે વ્યક્તિગત અસંખ્ય પિંડો અને બ્રહ્માંડો અને સમષ્ટિગત બ્રહ્માંડો એ સર્વને ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિરૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિતિ આ લોક, પરલોક અને અપવર્ગ સ્થિતિ ધારણ કરનારા પણ આપજ છો.

विश्वभुक् (૨૩૯)–વિશ્વ સમષ્ટિના ભોક્તા એટલે સમષ્ટિ ભોક્તા પણ આપ છો. પુનઃ દૃશ્ય જગતને દ્રષ્ટાપદમાં લેઈને દ્રષ્ટારૂપ બનાવનારા, પુનઃ દ્રષ્ટાપદનો દૃશ્યરૂપ વિસ્તાર કરનારા પણ આપજ છો.

विभुः (૨૪૦)–આકાશની પેઠે આપ સર્વત્ર વ્યાપક છો, તેથી ચૈતન્ય આકાશ છો. પુનઃ વ્યક્તિજીવ એવા અનંત ચિદાકાશોને અંતર્ગત રાખનારા આપ મહાન ચિદાકાશરૂપ છો. વ્યાપકના પણ વ્યાપક અને સૂક્ષ્મના પણ સૂક્ષ્મ છો. આપ અનંત, અપાર અને અમાપ તત્ત્વ બ્રહ્મ છો.

सत्कर्ता (૨૪૧)–માયાદ્વારાએ જગતના સત્ય કર્તા[૧] પણ

---

૧ જગતના સત્યકર્તા છો તે છતાં અકર્તા અને અન્યથાકર્તા પણ આપજ છો. જગત કરવું કે ન કરવું કે કર્યા પછી તેનો નાશ કરવો, એ આપની મરજીની વાત છે. બીજે પ્રકાર પારમાર્થિક, વ્યાવહારિક અને પ્રાતિભાસિક, એ ત્રણ સત્તાભેદમાં કર્તા, અકર્તા અને અન્યથા (કથન માત્ર) કર્તા છો. ત્રીજે પ્રકાર–કર્તા હોવા છતાં કર્તાપણાના અભિમાનથી રહિત છો તેથી અકર્તા છો અને અકર્તા છો માટે અન્યથાકર્તા છો. વળી જગતપ્રપંચ રચવામાં આપને આસક્તિ નથી તેથી કર્તા છો તોપણ અકર્તા છો અને અકર્તા છો તેથી અન્યથાકર્તા છો. ચોથો પ્રકાર–કર્તા હોવા છતાં આપ સદા અવિકારી તત્ત્વબ્રહ્મ છો અને કર્તૃત્વપણું આપે આપની દૈવી માયા અઘટ ઘટના શક્તિને સોંપી દીધું છે. જો કે આપ અને આપની શક્તિ અભિન્ન એક છો તે છતાં વિકાર વખતે પ્રકૃતિને આગળ પાડો છો અને આપ સર્વ દોષોથી મુક્ત રહેવાને અવિકારી અકર્તા રહો છો. પાંચમો પ્રકાર–પૂર્વ–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપજ છો. ભક્ત જનોનો સત્કાર કરનાર અને સત્કર્મોનો સ્વીકાર કરનાર પણ આપજ છો.

सत्कृतः (૨૪૨)–સુકૃતોના કરનારા પણ આપજ છો. પુનઃ સત્ વસ્તુ પણ આપજ છો. પુનઃ તપ અને સત્ રૂપે પણ આપજ છો.

साधुः (૨૪૩)–સરળ સ્વભાવવાળા અથવા નિષ્કપટ સ્વભાવવાળા આપજ છો. પુનઃ સ્વરૂપસ્થિતિ સાધનારા પણ આપજ છો. પુનઃ સંકટ વેળાએ ભક્તજનોની સહાય કરનારા અને કાર્યસિદ્ધિ કરનારા પણ આપજ છો.

जह्नुः (૨૪૪)–સર્વનો એકીકાળે નાશ કરનારા અથવા તિરોભાવ કરનારા પણ આપજ છો.

नारायणः (૨૪૫)–મહાપ્રલયકાળે જળશય્યા કરનાર પણ આપજ છો. પુનઃ વ્યક્તિભાવમાં ગર્ભસ્થાનમાં શય્યા કરનાર પણ આપજ છો. પુનઃ નર આકૃતિને ધારણ કરનાર પણ આપજ છો. પુનઃ માયા અને અવિદ્યાનો નાશ કરનાર અને સ્વરૂપજ્ઞાનરૂપી સૂર્યપણે રહેનાર પણ આપજ છો.

नरः (૨૪૬)–જગતમાં નર અથવા પુરુષરૂપ આપજ છો. પુનઃ માયા અને અવિદ્યાનો નાશ કરનાર પરાક્રમી પુરુષરૂપ પણ આપજ છો. પુનઃ ભક્તજનોને મોક્ષ આપનાર પણ આપ છો. પુનઃ જગતમાં જડ અને ચૈતન્યરૂપ થવા છતાં

કલ્પના જીવોએ કરેલાં કર્મોને ફળ આપવા અને કૃતાભ્યાગમ અને કૃતહાન દોષોથી મુક્ત રહેવાને આપને સૃષ્ટિક્રમ પ્રવાહરૂપે ચાલતો રાખવાની જરૂર પડે છે; તેથી અકર્તા અને અન્યથાકર્તા હોવા છતાં પણ આપ જગતના સત્ય કર્તા છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવળ (નર્યા) આત્મા પણ આપજ છે.૨૬

असंख्येयोऽप्रमेयात्मा विशिष्टः शिष्टकृच्छुचिः ।
सिद्धार्थः सिद्धसंकल्पः सिद्धिदः सिद्धिसाधनः ॥२७॥

असंख्येयः (૨૪૭)-આપ સંખ્યાગણત્રીથી રહિત છે. એક હોવા છતાં માયાને લઇને આપ અસંખ્ય છે. પુનઃ દેશ, કાળ અને વસ્તુપરિચ્છેદથી રહિત આપ અખંડ એક અદ્વૈત છે. અને તે છતાં અનંત અને અપાર છે.

अप्रमेयात्मा (૨૪૮)-કયે કાળે કેવું રૂપ ધરનારા છો તે કોઇથી કળ્યું જતું નથી, તેથી આપ અકળ કળારૂપ છો. પુનઃ આપને આપના કાર્યરૂપ કોઈ વ્યક્તિજીવની સ્પૃહા નથી તેથી આપ અપ્રમત્ત અને નિઃસ્પૃહ છો. અને પોતે પોતામાં પોતાનું તંત્ર ચલાવનારા છો. પુનઃ સર્વ વાતે સ્વતંત્ર છો. પુનઃ કોઇ પણ પ્રમાણથી આપ ન જાણી શકાઓ તેવા છો. વ્યષ્ટિગત વ્યક્તિઓ આપના કાર્યરૂપ હોવાથી અને આપ તેમના કર્તા અને કારણ હોવાથી કાર્ય કર્તાને ન જાણી શકે તે નિયમ પ્રમાણે આપ વ્યક્તિજીવોને અગમ્ય છો.

विशिष्टः (૨૪૯)-આપ સર્વ જગતમાં શ્રેષ્ઠ છો. એટલે જડ અને ચેતન વસ્તુના આપ અંતરાત્મા છો. પુનઃ સર્વમાં વસેલા પણ આપજ છો. પુનઃ સર્વમાં વિશેષરૂપે રહેલા પણ આપજ છો. પુનઃ વિશેષે કરીને વ્યાપક પણ આપજ છો. પુનઃ શિષ્ટમાં શિષ્ટ અને શેષના પણ શેષ એવા વિશેષ શેષ પણ આપજ છો.

शिष्टकृत् (૨૫૦)-દુર્જનને સજ્જન બનાવનારા, દુરાચારીને સદાચારી કરનારા તથા નીચને ઉચ્ચ બનાવનારા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવિદ્વાનને વિદ્વાન બનાવનારા અને અજ્ઞાનીને જ્ઞાની બનાવનારા પણ આપજ છો.

શુચિઃ (૨૫૧)–બાહ્યાભ્યંતર પવિત્ર પણ આપજ છો. પુનઃ સર્વને પવિત્ર કરનારા પણ આપ છો. પુનઃ વ્યક્તિજીવોને પાવન કરનારા પણ આપ છો. પુનઃ રાગ દ્વેષ અને કામક્રોધાદિ વિકારોથી રહિત પણ આપજ છો. સર્વ દોષોથી રહિત સદા શુદ્ધ અને નિર્મળ પદ પણ આપજ છો.

સિદ્ધાર્થઃ (૨૫૨)–જેમણે અર્થને સિદ્ધ કરેલો છે એવા કૃતકૃત્ય એટલે કૃતાર્થરૂપ પણ આપજ છો. પુનઃ આપે સર્વ અર્થ સાધેલા છે, એટલે સ્વરૂપસ્થિતિ સાધેલી છે. પુનઃ ભક્તજનોના અર્થને સિદ્ધ કરનાર પણ આપજ છો.

સિદ્ધસંકલ્પઃ (૨૫૩)–સંકલ્પને સત્ય કરનારા પણ આપજ છો. પુનઃ આપનો સંકલ્પજ અનંતકોટી બ્રહ્માંડોની ઉત્પત્તિના કારણરૂપ છે. પુનઃ આપના વિષયમાં[૧] કરેલા સંકલ્પોજ સિદ્ધ થાય છે. પુનઃ આપ જે જે અને જેવી જેવી કલ્પનાઓ કરો છો, તે તે અને તેવી તેવી આપ સિદ્ધ કરો છો. પુનઃ આપ પૂર્ણકામ છો.

સિદ્ધિદઃ (૨૫૪)–વ્યક્તિઓને કાર્યસિદ્ધિ કરી આપનાર પણ આપજ છો. પુનઃ ભક્તજનોના યોગક્ષેમરૂપ પણ આપજ છો. પુનઃ ભક્તજનોને અણિમા આદિ અષ્ટ સિદ્ધિઓ આપનારા પણ આપજ છો. પુનઃ ભક્તજનોને વૈભવ આપનારા પણ આપજ છો.

સિદ્ધિસાધનઃ (૨૫૫)–આપના સ્વરૂપની પ્રાપ્તિ સિદ્ધિની

૧ વિષય=સંબંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધિરૂપ અને સાધનના પણ સાધનરૂપ છે.૨૭

वृषाही वृषभो विष्णुर्वृषपर्वा वृषोदरः ।
वर्धनो वर्धमानश्च विविक्तः श्रुतिसागरः ।।२८।।

वृषाही (૨૫૬)–ધર્મવાળા પણ આપજ છો. પુનઃ ધર્મ માટે અવતારો લેનાર આપજ છો. પુનઃ ધર્મ એજ આપનું મૂર્તિમાન સ્વરૂપ છે.

वृषभः (૨૫૭)–ધર્મનું ભરણ–પોષણ કરનારા પણ આપ છો. જગત સંસારનો ભાર વહન કરનારા પણ આપ છો. જગતની વ્યક્તિઓને ઉપકાર કરનારા પણ આપ છો. નંદીસ્વરૂપ પણ આપ છો. પુનઃ ભક્તજનોની ભાવનાઓ પૂરી પાડનારા પણ આપજ છો.

विष्णुः (૨૫૮)–આપ વિશેષ અણુરૂપ છો. અથવા અણુના પણ અણુ છો અને આકાશની પેઠે સર્વવ્યાપક છો. પુનઃ વિષ્ણુ એટલે સૂક્ષ્મતાની અવધિરૂપ છો. પુનઃ જગતના પાલન કરનારા પણ આપ છો. પુનઃ ભક્તજનોની ઇષણાઓ એટલે ઇચ્છાઓને પરિપૂર્ણ કરનારા પણ આપ છો.

वृषपर्वा (૨૫૯)–ધર્મરૂપી પગથીઆંવાળા પણ આપ છો. એટલે ઉત્તરોત્તર ધર્મકાર્યોને વધારતા જતાં અંતે ચિત્ શુદ્ધિ થયા પછી સ્વરૂપજ્ઞાનની પ્રાપ્તિરૂપે આપજ એક લભ્ય (પ્રાપ્ત) થનારા છો.

वृषोदरः (૨૬૦)–આપને ધર્મરૂપ ઉદર છે. પુનઃ જેમણે આપને પ્રાપ્ત કર્યા તેમણે સર્વ ધર્મો કર્યા. ધર્મ એજ આપની પ્રગટ મૂર્તિ છે. પુનઃ સર્વ ધર્મોને ઉદરમાં રાખનારા પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वर्धनः (૨૯૧)-ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય તથા ધર્મ એવી દૈવી સંપત્તિઓને વધારનારા પણ આપજ છો.

वर्धमानः (૨૯૨)-જિજ્ઞાસુઓને પ્રતિદિન વધારો કરવા યોગ્ય વસ્તુ પણ આપજ છો. પુનઃ ભક્તિ અને જ્ઞાનને વધારનારા પણ આપજ છો. પુનઃ સંસારને વધારી સૃષ્ટિનો વધારો કરનાર પણ આપજ છો.

विविक्तः (૨૯૩)-જુદી જુદી જગ્યાએ વિચરનારા પણ આપજ છો. પુનઃ સંન્યાસી અને ત્યાગી પણ આપજ છો. પુનઃ મન દ્વારાએ જુદા જુદા સ્થાનમાં વિચરનાર પણ આપ છો.

श्रुतिसागरः (૨૯૪)-આપ શ્રોત્ર ઈંદ્રિયના સાગરરૂપ છો. પુનઃ જન્મકાળથી મૃત્યુકાળ સુધી સર્વ અવાજ કે ધ્વનિના સાંભળનાર પણ આપજ છો. પુનઃ વેદોની શ્રુતિઓરૂપે પણ આપજ છો અને તેમાં સમાયેલા ગંભીર લક્ષ્યાર્થરૂપ પણ આપજ છો. પુનઃ આપના ગુણ અને માહાત્મ્યનું શ્રવણ સાગરની પેઠે અપાર છે. સર્વ જીવોની અરજ સાંભળીને સાગરની પેઠે સમાવેશ કરનારા પણ આપજ છો.૨૮

सुभुजो दुर्धरो वाग्मी महेन्द्रो वसुदो वसुः ।
नैकरूपो बृहद्रूपः शिपिविष्टः प्रकाशनः ।।२९।।

सुभुजः (૨૯૫)-લીલાવતારોમાં સારી સુંદર ભુજાઓવાળા પણ આપજ છો. પુનઃ ધર્મ અને સાધુઓનું રક્ષણ કરનારા પણ આપજ છો. પુનઃ ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું દાન કરનારા પણ આપજ છો.

दुर्धरः (૨૯૬)-આપ મહાન કષ્ટસાધ્ય છો. પુનઃ દૂરથી એટલે લક્ષ્યદૃષ્ટિ કરવાથી આપ સાધ્ય થઇ શકો છો. પુનઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપનાં દર્શન ધ્યાન, ધારણા અને સમાધિમાં પણ અતિ પરિશ્રમથી થઇ શકે છે, આપની સાચી ભક્તિ અને આપનું સાચું જ્ઞાન ધારણ કરવું દુઃસાધ્ય છે.

વાગ્મી–(૨૬૭) વેદોની વાણીરૂપ પણ આપજ છો. વેદોના મંત્રો અને વેદોની ઋચાઓ એજ આપનું સાકાર સ્વરૂપ છે. પુનઃ વક્તાઓમાં અવધિરૂપ વક્તા પણ આપજ છો. પુનઃ જગતના વ્યવહારનું સૂચન કરવાને વાણીરૂપી સાધન પણ આપજ છો. પુનઃ હૃદયાકાશમાં આકાશવાણી કરનારા પણ આપ છો. પુનઃ મંત્ર અને નામોચ્ચારરૂપ વાણી એ આપનું પ્રગટ સ્વરૂપ છે.

મહેન્દ્રઃ (૨૬૮)–આપ ઈંદ્રના ઈંદ્ર છો અને ઉપાસ્ય દેવના પણ ઉપાસ્ય દેવ છો.

વસુદઃ (૨૬૯)–લક્ષ્મી આપનારા પણ આપજ છો. સુખ, સંપત્તિ અને લક્ષ્મી આપનારા પણ આપજ છો.

વસુઃ (૨૭૦)–સર્વમાં વસનારા વાયુરૂપ પણ આપ છો. આકાશમાં વસનારા અને આકાશને ધારણ કરી રાખનારા વાયુતત્ત્વ પણ આપજ છો. પુનઃ વાયુતત્ત્વને ધારણ કરનાર આકાશતત્ત્વ અને પુનઃ તેને ધારણ કરનાર ચિદાકાશરૂપ પણ આપ છો. પુનઃ પ્રાણવાયુરૂપે સ્થૂળશરીરમાં રહેનારા પણ આપજ છો.

નૈકરૂપઃ (૨૭૧)–આપ અખંડ એક અદ્વૈત હોવા છતાં માયામાં આપ અનેકરૂપે ભાસો છો, પુનઃ અનેક રૂપોને ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ અનેક રૂપોનો સ્વાંગ[1] લેનારા પણ આપજ છો.

---

૧ વેશ લેનારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

बृहद्रूपः (२७२)-મહાન સ્વરૂપધારી પણ આપજ છો. સમષ્ટિપદ પણ આપજ છો. પુનઃ પિંડ બ્રહ્માંડ પણ આપજ છો અને અનંત અપાર પણ આપજ છો.

शिपिविष्टः (२७३)-શિપિ એટલે યજ્ઞપશુરૂપ પણ આપ-જ છો. દેવતાઓને આપત્તિ વખતમાં આપને બોલાવવાનો મંત્ર શિપિવિષ્ટ પણ આપજ છો.

प्रकाशनः (२७४)-અજ્ઞાન અથવા અંધકારનો નાશ કરી-ને સ્વયંજ્યોતિરૂપે પ્રકાશી રહેનાર પણ આપજ છો. સ્વપ્રકાશ અને પરપ્રકાશ પણ આપજ છો. અતીંદ્રિય પદનો લક્ષ્ય કરાવ-નારા પણ આપજ છો.૨૯

ओजस्तेजोद्युतिधरः प्रकाशात्मा प्रतापनः ।
ऋद्धः स्पष्टाक्षरो मन्त्रश्चन्द्रांशुर्भास्करद्युतिः ॥३०॥

ओजस्तेजोद्युतिधरः (२७५)-આપ સર્વ પ્રાણીઓના ઓજસ એટલે બળરૂપ છો. પુનઃ સર્વ પ્રાણીઓના જઠરાગ્નિરૂપ છો. પુનઃ સર્વ પ્રાણીઓમાં પરાક્રમરૂપ તેજ છો; પુનઃ સર્વમાં સૌંદર્યતારૂપ દ્યુતિ (કાંતિ) પણ આપ છો. પુનઃ ઓજસ, તેજ અને દ્યુતિ સર્વને ધારણ કરનારા પણ આપજ છો.

प्रकाशात्मा (२७६)-સર્વ વ્યક્તિ આત્માને પ્રકાશ કર-નારા પણ આપ છો. પુનઃ નિજજ્ઞાન દ્વારા, સર્વને જ્ઞાન કર-નારા અથવા જ્ઞાન જણાવનારા પણ આપ છો. પુનઃ આપજ એક સૂર્યની પેઠે સર્વ વ્યક્તિઓમાં પ્રકાશી રહેનારા છો. પુનઃ આપજ સર્વમાં જ્ઞાનરૂપે પ્રગટ મૂર્તિમાન જણાઓ છો.

प्रतापनः (२७७)-દુષ્ટ જનોને પરિતાપ આપનારા અથ-વા દૈત્ય રાક્ષસો, નાસ્તિક, અધર્મી અને અન્યાયીઓને શાસન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરનારા પણ આપજ છો, પુનઃ સર્વ વ્યક્તિઓને મૃત્યુરૂપ શાસન કરનારા પણ આપજ છો.

ऋद्धः (૨૭૮)–ઋદ્ધિ (સમૃદ્ધિ) વાળા પણ આપજ છો. પુનઃ ઋદ્ધિ–સિદ્ધિના દેનારા પણ આપજ છો. પુનઃ જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યની ખાણરૂપ પણ આપજ છો.

स्पष्टाक्षरः (૨૭૯)–સ્પષ્ટ અક્ષર અથવા વર્ણપણે પણ આપજ છો. સ્પષ્ટ અક્ષરપદ એવું નિજ આત્મપદ પણ આપજ છો. પુનઃ ॐકારરૂપે સ્પષ્ટ એકાક્ષર પણ આપજ છો. પુનઃ સર્વરૂપે જુદા જુદા હોવા છતાં બીજરૂપે સર્વમાં એકપણે રહેલા છો. પુનઃ ॐકારના જ્ઞાન દ્વારાએજ આપ સ્પષ્ટ જાણી શકાઓ છો, એટલે લક્ષમાં લાવી શકાઓ છો. અ, ઉ, મ્ અને અર્ધમાત્રા બિંદુરૂપ એવા ॐકારના વાચ્યાર્થપણે સગુણ અને લક્ષ્યાર્થપણે નિર્ગુણરૂપ જણાતા પણ આપજ છો. પરા, પશ્યન્તી, મધ્યમા, વૈખરી દ્વારાએ સ્પષ્ટ જણાતા પણ આપજ છો.

मन्त्रः (૨૮૦)–મંત્ર એટલે ગુપ્ત રહસ્યરૂપ પણ આપજ છો. પુનઃ સર્વને ગુપ્ત ફળ આપનારા પણ આપજ છો. પુનઃ સર્વના દેવરૂપ પણ આપજ છો. પુનઃ વેદોના મંત્રોરૂપ પણ આપજ છો. પુનઃ રામ રામ મંત્રથી કીટ–ભ્રમરન્યાયે રામાકાર કરનાર અથવા રામસ્વરૂપની પ્રાપ્તિ કરનાર એવા ગુપ્ત ભેદવાળા રહસ્યરૂપ પણ આપ છો. પુનઃ મંત્ર એટલે મન–વિચાર પણ આપજ છો.

चन्द्रांशुः (૨૮૧)–ચંદ્ર આપનો અણુ અંશ છે. પુનઃ ચંદ્રની પેઠે અમૃતસ્રાવ કરનારા પણ આપજ છો. પુનઃ ચંદ્ર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાં કિરણોરૂપે પણ આપજ છો.

भास्करद्युतिः (૨૮૨)-સૂર્ય જેવા તેજવાળા પણ આપ-જ છો. પુનઃ સર્વ વ્યક્તિઓમાં અહંજ્ઞાનરૂપે સર્વને હુંપણા-ના પ્રકાશ કરનારા પણ આપજ છો.૩૦

अमृतांशूद्भवो भानुः शशबिन्दुः सुरेश्वरः ।
औषधं जगतः सेतुः सत्यधर्मपराक्रमः ॥३१॥

अमृतांशूद्भवः (૨૮૩)-આપના અણુ અંશો, અમૃતરૂપ છે. પુનઃ અમૃતરૂપ અણુઅંશોને ઉત્પન્ન કરનારા પણ આપ-જ છો. પુનઃ અમૃતસ્રાવી ચંદ્રને ઉત્પન્ન કરનારા પણ આપ-જ છો. પુનઃ સ્વરૂપપ્રાપ્તિમાં વ્યક્તિઓને અમર કરનારા પણ આપજ છો.

भानुः (૨૮૪)-સૂર્યરૂપ પણ આપજ છો. પુનઃ વ્યક્તિ-ઓમાં અહંપણાથી નિજપણાનું જ્ઞાન કરનારા સૂર્યપ્રકાશ પણ આપજ છો. પુનઃ સૂર્ય જેમ પ્રાણીઓના જીવનરૂપ છે, તેમ સ્વયંજ્યોતિ સૂર્ય સ્વપ્રકાશ અને પરપ્રકાશપણે સર્વમાં જીવાત્મારૂપે પ્રકાશ કરનારા પણ આપજ છો.

शशबिन्दुः (૨૮૫)-ૐકારની માત્રારૂપ અર્ધચંદ્રાકાર બિન્દુમાત્રા પણ આપજ છો. પુનઃ માયાબિંદુ, ચંદ્રપ્રકાશ અને માયાદર્પણ પણ આપજ છે.

सुरेश्वरः (૨૮૬)-સુર એવા દેવતાઓના પણ આપ ઈ-શ્વર છો. પુનઃ આપ ઈંદ્રરૂપ છો.

औषधम् (૨૮૭)-યજ્ઞકાર્યમાં ઔષધિરૂપ પણ આપજ છો. પુનઃ શારીરિક અને માનસિક વ્યાધિઓમાં આપનું શર-ણુ એજ ઔષધ છે. પુનઃ આપનું નામસ્મરણ એ ઔષધિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ઔષધિરૂપ છે-સંસારરૂપ રોગનું ઔષધ છે અથવા જીવો-ને પુનરાવૃત્તિ મટાડનારૂં છે.

जगतःसेतुः (૨૮૮)-આપનું શરણ, પ્રણિધાન અને આપનું નામસ્મરણ, એ ભવસાગર પાર ઉતરવાને સેતુ (પૂલ) રૂપ છે. પુનઃ સંસારસાગરની પાર કરનાર પણ આપજ છો.

सत्यधर्मपराक्रमः (૨૮૯)-આપ સત્ય, ધર્મ અને પરા-ક્રમની મૂર્તિ છો. પુનઃ સત્ય એજ આપનો ધર્મ છે અને સત્ય પાળવું એજ આપનું પરાક્રમ છે. પુનઃ આપનો ધર્મ અને આપનું પરાક્રમ સત્ય છે; વૃથા નથી. પુનઃ અધમાધમ દૈત્યલોક પણ આપનું શરણ લેવાથી ભવસાગરની પાર થાય છે. પુનઃ આપનાં સર્વ પરાક્રમો ચમત્કારભરેલાં છે. પ્રેમભાવ આગળ વિધિ-નિષેધ આદિ ધર્માધર્મને આપ કોરાણે મૂકો છો અને સત્ય-અસત્યને પણ જોતા નથી. અને અનન્ય ભક્તિ આગળ આપ પોતાનું પોતાપણાનું ભાન પણ ભૂલી જાઓ છો. અને પ્રેમવશ થઇને ભક્ત લોકોનાં કાર્યો કરો છો; તેથી આપ અકળકળા છો.૩૧

भूतभव्यभवन्नाथः पवनः पावनोऽनलः ।
कामहा कामकृत्कान्तः कामः कामप्रदः प्रभुः ।।३२।।

भूतभव्यभवन्नाथः (૨૯૦)-ભૂત, ભવિષ્ય અને વર્ત-માન કાળમાં જે હતું, જે થશે અને જે છે તે સર્વના આપ નાથ છો. પુનઃ સર્વને નાથીને વશ રાખનારા છો. પુનઃ સર્વ-ને માયાસંભ્રમ ભ્રમણના તંત્રમાં લેનારા છો. લોક અને લોકાંતરરૂપ લક્ષ ચોરાશી યોનિ-જન્મોની પુનરાવૃત્તિઓ કરા-વનારા પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पवनः (૨૯૧)-પંચમહાભૂતોમાં વાયુતત્ત્વ પણ આપજ છો. પુનઃ ભૂતપ્રાણીઓની ક્રિયાશક્તિરૂપ પ્રાણ પણ આપજ છો. પુનઃ દુર્ગંધને શુદ્ધ કરનારા પવનરૂપ પણ આપજ છો. પુનઃ સર્વગત વાયુતત્ત્વ પણ આપજ છો.

पावनः (૨૯૨)-સર્વને પવિત્ર કરનારા પણ આપજ છો. આપનું નામસ્મરણ પતિતને પણ પાવન કરનારૂં છે.

अनलः (૨૯૩)-અગ્નિતત્ત્વ પણ આપજ છો. પુનઃ માયાજાળને ભસ્મ કરનાર જ્ઞાનતત્ત્વ પણ આપજ છો. પુનઃ સ્થૂળશરીરમાં ક્ષેત્રજ્ઞ પણ આપજ છો.

कामहा (૨૯૪)-વિષય-કામનાનો નાશ કરનાર પણ આપજ છો. પુનઃ સર્વ કામનાઓ-સર્વ વાંચ્છનાઓનો નાશ કરનાર પણ આપજ છો. પુનઃ ઇચ્છારહિત એટલે નિરીચ્છ, અથવા નિષ્કામપદ પણ આપજ છો. પુનઃ અકામપદ પણ આપજ છો, પુનઃ ઇચ્છાવિકારથી રહિત અવિકારીપદ પણ આપજ છો.

कामकृत् (૨૯૫)-કામનાને લઈને આપ एकोऽहं बहु स्याम् એવી જગતરચનાના કરનારા છો. પુનઃ આપજ ઇચ્છાશક્તિ અને ક્રિયાશક્તિ છો. પુનઃ આપજ કામનારૂપ છો. ભક્ત જનોની કામનાઓને સિદ્ધ કરનારા પણ આપજ છો. પુનઃ કામદેવના કર્તા પણ આપજ છો.

कान्तः (૨૯૬)-સર્વ કાંતિમાનોમાં આપ સુંદર કાંતિમાન અને સુંદર સ્વરૂપવાન છો. સર્વના મનને મોહ ઉપજાવનારા પણ આપજ છો. આપનું સ્વરૂપ આશ્ચર્યજનક છે.

कामः (૨૯૭)-કામનારૂપ પણ આપજ છો. ઈચ્છાશક્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આપજ છો. સંસારપ્રવૃત્તિરૂપ પણ આપજ છો. પ્રજાને ઉત્પન્ન કરનાર કામવિષય પણ આપજ છો. પુનઃ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચારમાં ભક્તજનોની ઇષ્ટ કામના પણ આપજ છો.

कामप्रदः (૨૯૮)–સર્વની કામનાઓને પૂરી પાડનારા પણ આપજ છો. પુનઃ ભકત લોકોને ભાવના પ્રમાણે ફળ આપનારા પણ આપજ છો. પુનઃ વાંચ્છના અને વાસના પ્રમાણે જીવોને પુનર્જન્મ આપનારા પણ આપ છો. પુનઃ ભક્તજનોના મનોરથોને પુરા પાડનારા પણ આપજ છો.

प्रभुः (૨૯૯)–સર્વ ઐશ્વર્ય, માહાત્મ્ય અને મોટાઈવાળા પણ આપ છો. પુનઃ સર્વના સ્વામી પણ આપ છો. આપ સર્વશકિતમાન છો, તેથી જે કરવું હોય તે, અને જેમ કરવું હોય તેમ કરવાને આપજ સમર્થ છો.૩૨

युगादिकृद्युगावर्तो नैकमायो महाशनः ।
अदृश्योऽव्यक्तरूपश्च सहस्रजिदनन्तजित् ॥३३॥

युगादिकृत् (૩૦૦)–નિમેષ, ઘડી, પળ, પહોર, રાત્રિ, દિવસ, સંવત્સર અને યુગ આદિ કાળને કરનારા પણ આપજ છો. પુનઃ જગત્પ્રવાહનો પ્રથમ આરંભ કરનારા પણ આપજ છો. અને તે વખતે આપ એકપણે હોવા છતાં, જેમ જેમ વખત જાય તેમ તેમ વૃદ્ધિંગત થનારા પણ આપજ છો.

युगावर्तः (૩૦૧)–યુગ યુગને આવર્ત–આચ્છાદાન કરી રહેનારા પણ આપજ છો. પુનઃ યુગયુગમાં પુનરાવૃત્તિઓ કરનારા પણ આપજ છો. પુનઃ યુગયુગમાં ફેરફાર કરનારા પણ આપ છો. પુનઃ યુગ પ્રમાણે જગત–સંસારમાં ફેરફાર કરનારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આપજ છો. પુનઃ આપનું સ્વરૂપ યુગથી આવર્ત રહે છે તેથી આપને સમય અથવા કાળ એવી સંજ્ઞા આપવામાં આવે છે.

नैकमायः (૩૦૨)–આપ અનેક માયારૂપ અને ઇંદ્રજાળરૂપ છો. પુનઃ અનેક પ્રપંચી–ખટપટી–અઘટઘટના માયારૂપ છો. પુનઃ સર્વ માયા–પ્રપંચના કરનારા છો. પુનઃ એક હોવા છતાં માયા દ્વારાએ અનેકરૂપે પ્રતીત થનારા છો. અઘટઘટના કરનારા છો; જીવ, ઈશ્વર અને જીવાભાસોરૂપે જણાનારા છો. પુનઃ અસંખ્ય જગતપ્રતીતિઓ અને અનેક સંભ્રમો તથા અનેક ઘટનાઓ કરનારા છો. પુનઃ મૃત્યુ પછી આ લોક જેવી લોકાંતર ઘટનાઓ ઘટાવનારા પણ આપ છો.

महाशनः (૩૦૩)–સમષ્ટિ ભોકતા પણ આપજ છો. પ્રલયકાળે સર્વનો સંહાર કરનારા છો તેથી આપ મહાશન છો. મહા=મોટું અશન=ખાવું જેનું છે તે.

अदृश्यः (૩૦૪)–આપ નેત્ર ઇંદ્રિયના અવિષયરૂપ છો. પુનઃ નિર્ગુણ અને નિરાકાર છો. પુનઃ અતિ સૂક્ષ્મ હોવાથી બુદ્ધિજ્ઞાનથી પણ આપ અગમ્ય છો; પુનઃ અતીંદ્રિય અને અગમ્ય પદ પણ આપજ છો.

अव्यक्तरूपः (૩૦૫)–વ્યક્તિભાવથી આપ રહિત છો–નિરાકાર, અનંત, અપાર, અખંડ, અદ્વૈત, દેશકાળ અને વસ્તુ-પરિચ્છેદ રહિત છો. પુનઃ સૂક્ષ્મથી સૂક્ષ્મ એવા તત્ત્વ બ્રહ્મપદ પણ આપજ છો. અદૃશ્યતા એજ આપનું સ્વરૂપ છે.

सहस्रजित् (૩૦૬)–હજારોની સંખ્યાઓને જીતનારા પણ આપજ છો. પુનઃ અસંખ્ય દૈત્યોને જીતનારા પણ આપ છો. પુનઃ હજારો ખટપટોમાં પણ સ્વજ્ઞાન ધારણ કરીને દૃશ્ય–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રપંચને જીતીને एकोऽहं પદ થઇ રહેનારા પણ આપજ છો, પુનઃ માયિક સંભ્રમોને જીતનારા પણ આપજ છો.

अनन्ताजित् (૩૦૭)–અનંત એટલે અસંખ્ય દૈત્યોનો પરાજય કરનારા પણ આપજ છો. ૩૩

इष्टो विशिष्टः शिष्टेष्टः शिखण्डी नहुषो वृषः ।
क्रोधहा क्रोधकृत्कर्ता विश्वबाहुर्महीधरः ॥३४॥

इष्टः (૩૦૮)–સર્વ લોકોને આપ ઇષ્ટ છો તેથી સર્વ લોકોના પ્રિયતમ દેવ પણ આપજ છો. પુનઃ યજ્ઞ–યાગાદિકમાં ઇષ્ટદેવ આપજ છો. પુનઃ સર્વ જગત આપની સંતતિરૂપ છે તેથી આપને પુત્રસમાન પ્રિય છે.

विशिष्टः (૩૦૯)–આપ અંતિમમાં શેષપદ છો. પરમાણુના પણ પરમાણુરૂપ છો. પુનઃ સર્વમાં (બાહ્યાભ્યંતર) વિશેષપણે વ્યાપી રહેલા પણ આપ છો. પુનઃ માયા અને અવિદ્યામાં બાહ્યાભ્યંતર વ્યાપી રહીને જીવ અને ઈશ્વર થનારા પણ આપ છો. પુનઃ સર્વથી પૂજાતા દેવ—સર્વોત્તમ શ્રેષ્ઠ દેવ પણ આપજ છો.

शिष्टेष्टः (૩૧૦)–શિષ્ટ લોકોના (મહાન પંડિતોના) ઇષ્ટદેવ પણ આપજ છો. પુનઃ બ્રહ્મા આદિના પૂજ્યદેવ આપજ છો.

शिखंडी (૩૧૧)–આપ વિભાગરહિત છો. પુનઃ અખંડ અવ્યક્ત અને સર્વત્ર વ્યાપક તત્ત્વ–આત્મા છો. તેમ છતાં લીલાવતારમાં મોરપીંછનો મુગટ ધારણ કરીને ગોવાળરૂપ થનારા (સ્વાંગ લેનારા) શ્રીકૃષ્ણ પણ આપજ છો.

नहुषः (૩૧૨)–મત્સ્ય પકડનાર (નિષાદ). માછી જેમ જાળમાં મત્સ્ય પકડવાની ગોઠવણ કરે, તેમ માયાજાળમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ જીવોને મચ્છની પેઠે ફસાવવામાં ગોઠવણ કરનાર નહુષ (નિષાદ) પણ આપજ છો.

वृषः (૩૧૩)–આપ સર્વની કામનાઓ પૂર્ણ કરનારા છો. તેથી સર્વના મૂર્તિમાન ધર્મ પણ આપજ છો, અથવા ધર્મ એજ આપની સ્થિતિ છે.

क्रोधहा (૩૧૪)–ક્રોધના આવેશોનો નાશ કરનારા પણ આપજ છો. આપની પ્રકૃતિ–સ્વભાવ સત્વગુણના પણ સત્વ-ગુણરૂપ છે. પુનઃ સહનશીલ પણ આપજ છો. પુનઃ દયા અને ક્ષમા કરનારા દયાસાગર અને ક્ષમાસાગર પણ આપજ છો.

क्रोधकृत्कर्ता (૩૧૫)–ક્રોધ કરનારા એવા દુર્જનો અને દૈત્યો તેમનો નાશ કરનારા અને જગતમાં ધર્મની વ્યવસ્થા–પુનઃ સ્થાપના કરનારા પણ આપ છો. ક્રોધ કરનારા એવા દૈત્યોના સ્રષ્ટા પણ આપજ છો.

विश्वबाहुः (૩૧૬)–વિશ્વરચના આપની હસ્તકારીગરી બતાવનાર છે, તેથી તેને આપના હસ્તની ઉપમા આપી છે. પુનઃ વિશ્વના સર્વ હસ્તો આપના સમષ્ટિ પદના બાહુરૂપ છે. પુનઃ વિશ્વ જેવા વિશાળ હસ્તવાળા હોવાથી વિશ્વનું પાલન કરનારા પણ આપજ છો. પુનઃ વિશ્વના સર્વ જીવોને સુખ આપનારા પણ આપજ છો.

महीधरः (૩૧૭)–પૃથ્વી અને પૃથ્વીના કાર્યરૂપ ભૌતિક શરીરોને અદ્ધર ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ મહી-ધર એટલે શેષ અવતાર પણ આપજ છો.૩૪

अच्युतः प्रथितः प्राणः प्राणदो वासवानुजः ।
अपांनिधिरधिष्ठानमप्रमत्तः प्रतिष्ठितः ॥३५॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अच्युतः (૩૧૮)–અચળ અને સ્થાયીપદ પણ આપજ છો. પુનઃ ગમન અને આગમન આદિ વિકારોથી રહિત પણ આપજ છો. પુનઃ આ લોક અને પરલોક–ગમનપ્રતીતિઓ જે સ્વપ્નપ્રપંચ જેવી ભ્રાંતિરૂપ છે, તે સર્વના આપ સત્–ચિત્ અને આનંદરૂપ અધિષ્ઠાનપદ છો. પુનઃ સ્થૂળશરીરની "जायते, अस्ति, वर्धते, विपरिणमते, अपक्षीयते અને विनश्यति" એ ષડ્-વિકારોવાળી અવસ્થાઓ થવા છતાં તેમાં આપ અવિકારી અને અચળપણે રહેનારા આત્મા છો. પુનઃ ઘટાકાશ, મઠાકાશ અને મહદાકાશની પેઠે જીવપણામાં, ઈશ્વરપણામાં અને બ્રહ્મ-પણામાં આપ અચળ એકની એક જગ્યાએ રહેનારા છો.

प्रथितः (૩૧૯)–આપ સ્વતઃસિદ્ધ છો. આપને સિદ્ધ કરવામાં સ્વાત્માનુભવ એજ સિદ્ધ કરનાર છે. પુનઃ સ્વાત્મ-ભાવે આપ જગતમાં સર્વને પ્રતીત થનારા છો, તેથી આપ જગતપ્રસિદ્ધ છો. પુનઃ જગતરૂપ કાર્ય જોવાથી તેના કર્તા કોઇક પણ છે તેવી ખાતરી આપોઆપ થવાથી આપ જગ-તના કર્તા તરીકે પ્રસિદ્ધ છો. કર્તા વગર કોઇ કાર્ય બનતું નથી, તે ન્યાયે જગત ઉપરથી જગતના કર્તા આપ છો, એ સિદ્ધ જણાઇ રહે છે; તેથી સ્વતઃસિદ્ધપદ પણ આપજ છો અને આપોઆપ પ્રગટ થનારા પણ આપજ છો.

प्राणः (૩૨૦)–આપ સર્વના જીવનરૂપ છો. પ્રાણોની સમાનતારૂપ પ્રાણ છો. પુનઃ સર્વ જીવોના આધાર અને આ-શ્રય છો. પુનઃ પ્રાણની પેઠે ગમન અને આગમનરૂપ ક્રિયા કરનારા છો. પુનઃ વ્યષ્ટિજીવોના સમષ્ટિપ્રાણ છો. પુનઃ સર્વ-ગત થઈને સર્વને શક્તિ આપનારા પણ આપ છો. પુનઃ પંચ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાભૂતોમાં વાયુતત્ત્વ પણ આપ છો. પુનઃ મૃત્યુકાળે સુષુમ્ણાપ્રાણ પણ આપ છો.

प्राणदः (૩૨૧)–સર્વ પ્રાણીઓને પ્રાણ દેનારા પણ આપજ છો. સર્વ પ્રાણીઓને શ્વાસોચ્છ્વાસની ગતિ આપનાર પણ આપ છો. સર્વ પ્રાણીઓમાં પ્રાણચેતના પણ આપ છો. પુનઃ સમષ્ટિપ્રાણ દ્વારા વ્યક્તિપ્રાણોનું પોષણ કરનારા પણ આપ છો. પુનઃ યોગની ઇંગળા, પિંગળા અને સુષુમ્ણા નાડી પણ આપજ છો.

वासवानुजः (૩૨૨)–ઇંદ્રના નાના ભાઇ વામનજી પણ આપજ છો.

अपांनिधिः (૩૨૩)–આપ જળચરોના જીવનના આધાર એવા મહાસાગર છો. પુનઃ ભૂતોમાં આપ જળતત્ત્વ છો. પુનઃ જગતનો લય કરનાર જળતત્ત્વ પણ આપજ છો. પુનઃ દૃશ્યજગતોની પ્રતીતિઓના અખૂટ ભંડાર પણ આપ છો.

अधिष्ठानम् (૩૨૪)–સર્વના આશ્રય[૧] અને આધાર પણ આપજ છો. દૃશ્યજગતના નિમિત્ત અને ઉપાદાનકારણ પણ આપ છો. જગતની વિવિધ પ્રતીતિઓમાં અંતિમ વસ્તુ પણ આપજ છો. પુનઃ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આ લોક,[૨] પરલોક અને અપવર્ગ, એ ત્રણેમાં આપ સ્વસ્વરૂપે રહેવાથી સત્ ચિત્ અને આનંદ અથવા અસ્તિ, ભાતિ અને પ્રિય એવા અધિષ્ઠાન (એટલે મૂળ વસ્તુ) છો.

अप्रमत्तः (૩૨૫)–આપને કોઇ પણ પ્રકારનો સ્વાર્થ કે સ્પૃહા નથી, તેથી ન્યાયવંતની અવધિરૂપ છો. વ્યક્તિઓને

૧ માયિક વિવિધ પ્રતીતિઓના આશ્રય (૨) લોક એટલે સ્થિતિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતપોતાનાં કર્માનુસાર ફળ આપનારા પણ આપજ છો. પુનઃ યોગ્ય પ્રારબ્ધરચના કરનાર પણ આપજ છો. પુનઃ સ્વેચ્છાચારી પણ આપજ છો-જેમ ચાહો તેમ કરવાને સમર્થ પણ આપજ છો. પુનઃ સ્વસ્વરૂપમાં નિરંતર મગ્ન રહેનારા પણ આપજ છો.

प्रतिष्ठितः (૩૨૬)-સર્વમાં પ્રતિષ્ઠા (મોટાઇ) પામેલા પણ આપજ છો. પુનઃ પોતાની પ્રતિષ્ઠામાં સ્થિતિ કરનારા પણ આપજ છો.૩૫

स्कन्दः स्कन्दधरो धुर्यो वरदो वायुवाहनः ।
वासुदेवो बृहद्भानुरादिदेवः पुरंदरः ॥३६॥

स्कन्दः (૩૨૭)-સેનાપતિઓમાં આપ કાર્તિકસ્વામી છો. પુનઃ સ્વજ્ઞાનમાં સદા તૃપ્ત રહેનારા પણ આપજ છો. પુનઃ સંસારસાગરનું શોષણ કરનારા અને જન્મમરણ મટાડીને જીવોને મોક્ષ આપી અજરામર કરનારા પણ આપજ છો.

स्कन्दधरः (૩૨૮)-ધર્મના રક્ષક અને ધર્મને ખાંધ દેનારા પણ આપજ છો. પુનઃ નંદિસ્વરૂપ પણ આપજ છો.

धुर्यः (૩૨૯)-ધર્મની ધોંસરી ધરનારા પણ આપ છો. પુનઃ સંસારની ધોંસરી ધરનારા પણ આપજ છો. પુનઃ લક્ષચોરાશીના ચક્રમાં જન્મ-મૃત્યુની ધોંસરી કરનારા પણ આપજ છો.

वरदः (૩૩૦)-આશીર્વાદ આપવામાં ઉત્તમ આશીર્વાદ આપનારા પણ આપજ છો. આપજ સર્વના ઇષ્ટદેવ અને કલ્યાણ કરનારા છો.

वायुवाहनः (૩૩૧)-વાયુરૂપ વાહનવાળા પણ આપજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો. એટલે મનરૂપી પવનવેગી છો, અથવા મનરૂપી ગરુડ-ગામી પણ આપજ છો. પુનઃ મન દ્વારાએ સ્વપ્ન અને સ્વપ્નાંતરની પેઠે લોક અને લોકાંતર ગતિ કરનારા પણ આપ છો. પુનઃ પ્રાણવાયુ દ્વારાએ સ્થૂળશરીરમાં આવ-જા કરનારા અને શરીરને ગતિમાન કરનારા પણ આપ છો. પુનઃ વાયુને સત્તા-સ્ફૂર્તિ આપનારા પણ આપજ છો અને વાયુ પાસે વહનક્રિયા કરાવનાર પણ આપજ છો.

वासुदेवः (૩૩૨)-લીલાવતારમાં વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણરૂપે આપજ છો. પુનઃ બુદ્ધિનું જ્ઞાન પણ આપજ છો. પુનઃ વસુ એટલે લક્ષ્મીના દેવ પણ આપજ છો. પુનઃ સર્વમાં વસી રહેનારા દેવ પણ આપજ છો.

बृहद्भानुः (૩૩૩)-મહાન પ્રકાશક મોટા સૂર્યરૂપ પણ આપજ છો. પુનઃ સ્વાત્માનો પ્રકાશ કરનારા, સર્વને પોતાના અહંપણાની પ્રતીતિ કરાવનારા અને સર્વને પોતપોતાના નિજાત્મરૂપે પણ આપજ છો. સૂર્ય સર્વને પ્રકાશ કરે છે તો પણ તે પ્રકાશ પરપ્રકાશ[1] છે, અને આપ સ્વપ્રકાશ અને પર-પ્રકાશ એવા સ્વયંજ્યોતિરૂપ સૂર્ય એવા નિજાત્મા છો.

आदिदेवः (૩૩૪)-સર્વમાં પ્રથમ દેવ આપજ છો. સર્વને પ્રથમ પ્રકાશ કરનારા એટલે અહંપણાનું ભાન કરાવનારા પણ આપજ છો. પુનઃ સર્વને પ્રકાશ કરનારા અથવા સ્વજ્ઞાનની જાણ પાડનારા દેવ એવા ચૈતન્યદેવ અથવા અગ્રેસર દેવ પણ આપજ છો. પુનઃ સર્વ દેવોમાં દૈવાયતનરૂપ પણ આપજ છો.

૧ પરપ્રકાશ એટલે દીવાની માફક બીજાને પ્રકાશ કરનાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुरन्दरः (૩૩૫)–શરીરરૂપી પુરમાં પુરાઈ રહેનારા, દેહાભ્યાસ અને દેહાધ્યાસ કરનારા પણ આપજ છો. પુનઃ મન, બુદ્ધિ અને અહંકારે કરીને સ્થૂળ શરીરમાં પુરાઈ રહેનારા પણ આપજ છો. પુનઃ અહં–મમ કરીને તેનું પોષણ કરનારા પણ આપ છો. પુનઃ મૃત્યુકાળે સ્થૂળ શરીરમાં સંતાઈ જનારા છો. પુનઃ મૃત્યુ પછી અન્ય શરીને ગ્રહણ કરનારા પણ આપજ છો. પુનઃ નવ દ્વારરૂપી પુરીમાં આસક્તિ કરનારા પણ આપ છો. પુનઃ અવિદ્યામાયા અને વિદ્યામાયારૂપી દરમાં પુરાઈ રહેનારા જીવ અને ઈશ્વર પણ આપજ છો.

अशोकस्तारणस्तारः शूरः शौरिर्जनेश्वरः ।
अनुकूलः शतावर्तः पद्मी पद्मनिभेक्षणः ॥३७॥

अशोकः (૩૩૬)–શોકથી રહિત પદ પણ આપજ છો. પરમાનંદ પણ આપજ છો. શોકાદિ ષડ્ ઊર્મિઓથી રહિત પણ આપજ છો.

तारणः (૩૩૭)–મનુષ્યોને ભવસાગરથી તારનાર પણ આપ છો. પુનઃ આપનું નામસ્મરણ અને આપનો જાપ ભક્તજનોને ભવસાગર તારનાર નૌકારૂપ છે. પુનઃ અધમનો ઉદ્ધાર કરનારા પણ આપજ છો. પુનઃ પ્રાણાંતકાળે આપનું નામસ્મરણ સદ્ગતિરૂપ છે. પુનઃ સર્વ દૃશ્ય જગતમાં તારણ એટલે સારરૂપ એટલે આત્મવસ્તુ પણ આપજ છો. પુનઃ તરણ અને તારણરૂપ (નૌકા) પણ આપજ છો.

तारः (૩૩૮)–આપ સળંગ એકતાર છો. અખંડ અને અવિચ્છિન્ન છો. પુનઃ સર્વત્ર સમાન વ્યાપક છો. પુનઃ ભવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાગરના તારનારા પણ આપ છો. પુનઃ તાર એટલે તારણ-તત્ત્વ આપ છો. પુનઃ અ–ઉ–મ–અર્ધમાત્રા એવા ૐકારરૂપ સર્વગત, સર્વવ્યાપકતત્ત્વ પણ આપ છો. પુનઃ માળાના મણકાના તારની પેઠે સર્વમાં પરોવાઇ રહેનારા અથવા સર્વને ધારણ કરનારા ૐકારતત્ત્વ પણ આપ છો. પુનઃ પુનરાવૃત્તિ-પાશથી મુક્ત કરનારા પણ આપ છો.

शूरः (૩૩૯)–સર્વમાં શૂરા અને બળવાન પણ આપજ છો. માયાઆવરણોને જીતનારા પણ આપ છો. પુનઃ મનના વેગોને જીતનારા પણ આપ છો. પુનઃ કામ, ક્રોધ, મોહ, લોભ, મત્સર અને અહંકાર આદિ ષડ્ રિપુને જીતનારા પણ આપજ છો. પુનઃ આપ શૌર્યવાન હોવા છતાં ભક્તજનોના પ્રેમ આગળ પ્રેમવશ થઇ જનારા છો.

शौरिः (૩૪૦)–સૂર્યવંશમાં અવતાર ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ શૌર્યવાળામાં શ્રેષ્ઠ (અજિત) પણ આપજ છો.

जनेश्वरः (૩૪૧)–સર્વ લોકોના ઈશ્વર પણ આપજ છો. પુનઃ જન એટલે જન્મેલા (ઉત્પન્ન થયેલા)ના સ્વામી પણ આપજ છો.

अनुकूलः (૩૪૨) આપ સર્વને અનુકૂળ છો. સર્વના પોતપોતાના અંતરાત્મા છો. પુનઃ સર્વના હૃદયમાં રહેલા અંતર્યામી દેવ છો, તેથી સ્વયંસાધ્ય દેવ છો. ઇતર દેવોનું આરાધન અનુકૂળ પડતું નથી. ઇતર દેવોને વિધિનું નડતર હોય છે, પણ આપના આરાધનમાં તો કોઇ વિધિ કે નિષેધ નથી. સર્વ કાળમાં, સર્વ સ્થિતિમાં આપનું સ્મરણ કરવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદી પ્રત્યવાય લાગતો નથી, પણ સ્વરૂપ[1] સાધ્ય થવાથી સર્વને અનુકૂળ છો.

शतावर्तः (૩૪૩) પુનઃ પુનઃ આવર્તન (જન્મ) કરવાથી આપ સો, કરોડો અથવા અસંખ્ય આવર્તનો કરનારા છો. પુનઃ લક્ષ ચોરાશીના ઘટીયંત્રમાં પુનઃ પુનઃ આવર્તનો કરનારા પણ આપજ છો. પુનઃ ધર્મની રક્ષા માટે પુનઃ પુનઃ લીલાવતાર ધારણ કરનારા પણ આપજ છો.

पद्मी (૩૪૪)–[2]પદ્મવાળા પણ આપ છો. પુનઃ નાભિમાં કમળ જેવી આકૃતિવાળા પણ આપજ છો. પુનઃ જળશય્યામાં કમળનાળમાંથી કમળ ઉત્પન્ન કરીને તેના ઉપર સ્થિતિ કરનાર બ્રહ્મા પણ આપજ છો. પદ્મ સંખ્યા પણ આપજ છો.

पद्मनिभेक्षणः (૩૪૫)–લીલાવતારમાં કમળ જેવાં સુંદર નેત્રોવાળા પણ આપજ છો. પુનઃ દૈત્યોને મારતી વેળા કમળ જેવાં રક્તનેત્રો કરનારા પણ આપજ છો.૩૭

पद्मनाभोऽरविन्दाक्षः पद्मगर्भः शरीरभृत् ।
महर्धिर्ऋद्धो वृद्धात्मा महाक्षो गरुडध्वजः ॥३८॥

पद्मनाभः (૩૪૬)–કમળાકૃતિ નાભિવાળા પણ આપ છો. પુનઃ આપની નાભિ (લોક) કમળને ધારણ કરનારી છે.

अरविन्दाक्षः (૩૪૭)–લીલાવતારમાં કમળ જેવાં નેત્રોવાળા પણ આપ છો. આપનાં નેત્રો સર્વને મોહ ઉપજાવનારાં

---

૧ જે સ્વરૂપનો ભકતજનોએ નિશ્ચય કરેલો હોય તે સ્વરૂપ લેનારા; બીજો અર્થઃ–આપનું નિજ સ્વરૂપ અથવા સ્વસ્વરૂપ સદાકાળ સાધ્ય હોવાથી તેના અનુસંધાનમાં આપ અનુકૂળ છો.

૨ પદ્મ એટલે લીલાવતારમાં પદ્મ નામનું આભૂષણ ધરનાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. પુનઃ આપના નેત્રકટાક્ષમાં અનંતકોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ–લય સમાઈ રહેલાં છે. આપ દ્રષ્ટા છો અને ત્રિલોકી જગત આપનું દૃશ્ય છે.

पद्मगर्भः (૩૪૮)–ગર્ભોમાં પદ્મને ધારણ કરનારા પણ આપ છો. પુનઃ નાભિરૂપી કમળમાંથી મનરૂપી બ્રહ્માને ઉત્પન્ન કરનારા પણ આપજ છો. પુનઃ હૃદયકમળમાં (ધ્યાન, ધારણા યોગને ગર્ભરૂપે) ધારણ કરવાયોગ્ય પણ આપજ છો.

शरीरभृत् (૩૪૯)–સર્વ શરીરોનું ભરણપોષણ કરનારા પણ આપ છો. શરીરોમાં ભરપૂર થઇ રહેનારા પણ આપજ છો. ગર્ભવાસમાં શરીરોનું રક્ષણ કરનારા પણ આપ છો. શરી-રમાં ભરાઇને જીવરૂપ થનારા પણ આપ છો.

महर्धिः (૩૫૦)–મહાન ઋદ્ધિવાળા પણ આપ છો. પુનઃ સમૃદ્ધિ અને વિભૂતિવાળા પણ આપજ છો.

ऋद्धः (૩૫૧)–સંસારનો ઉદ્ભવ એ આપની રિદ્ધિસિદ્ધિ છે. પુનઃ સંસારમાં સ્વાદ પડવાથી તેમાં સ્વઇચ્છાથી રૂંધાઇ રહેનારા અને વ્યકિતભાવનો સ્વીકાર કરીને તેમાં દેહાધ્યાસ જોડીને લક્ષચોરાશી યોનિમાં જીવરૂપ થઇને ભ્રમણ કરનારા પણ આપજ છો.

वृद्धात्मा (૩૫૨)–સર્વ કરતાં વૃદ્ધ આપજ છો. પિતા-મહ, પ્રપિતામહ, માતામહ, પ્રમાતામહ સર્વ આપજ છો; કારણ કે સર્વમાં આપ પ્રથમ પુરુષ છો.

महाक्षः (૩૫૩)–લીલાવતારમાં મોટાં નેત્રોવાળા પણ આપજ છો. પુનઃ દીર્ઘદૃષ્ટિ પણ આપજ છો. પુનઃ દૃશ્ય સર્વના દ્રષ્ટા પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગરુડધ્વજઃ (૩૫૪)-ધ્વજામાં ગરુડનું ચિહ્ન જેને છે તેવા આપજ છો. પુનઃ મનરૂપી ગરુડને કબજે રાખનારા પણ આપજ છો. પુનઃ શીઘ્રવેગી એવા ગરુડરૂપ વાહનવાળા પણ આપજ છો. પુનઃ ભક્તજનોને સંભારતા [1]પહેલાં સહાય કરનારા પણ આપજ છો.૩૮

अतुलः शरभो भीमः समयज्ञो हविर्हरिः ।
सर्वलक्षणलक्षण्यो लक्ष्मीवान् समितिंजयः ॥३९॥

અતુલઃ (૩૫૫)-આપની સરખામણી કરવા જેવી કોઈ અન્ય વસ્તુ ન હોવાથી તુલનારહિત (ઉપમારહિત) અદ્વિતીયરૂપ આપજ છો.

શરભઃ (૩૫૬)-આપ અદ્વૈત એક હોવા છતાં પૃથક્ પૃથક્ સર્વ વ્યક્તિઓમાં [2]વિભક્ત થઇને સર્વને પ્રકાશ કરનારા ક્ષેત્રજ્ઞ પણ આપજ છો.

ભીમઃ (૩૫૭)-લીલાવતારોમાં ભયંકર સ્વરૂપ ધારણ કરનારા પણ આપજ છો, મહાન ભયંકર કામો કરનારા પણ આપજ છો.

સમયજ્ઞઃ (૩૫૮)-સમય, કસમય, વેળા-કવેળાને જાણનારા પણ આપજ છો. પુનઃ સમયને અનુસરીને અનુકૂળ વર્તન કરનારા પણ આપજ છો. પુનઃ સમયવેળાએ વાતને યાદ કરનારા પણ આપજ છો. પુનઃ સમયસૂચક પણ આપજ છો. પુનઃ સમ-યજ્ઞ એટલે સમાન યજ્ઞ એટલે એકસરખા શ્વાસોચ્છ્વાસ એકવીસહજાર છસેં અંતર્મુખ જાપરૂપ પણ આપજ છો.

---

૧ અકસ્માત્ વખતે સંભારતા પહેલાં સહાય થનાર, અજ્ઞાત દશામાં પણ સહાય કરનાર. ૨ વિભક્ત=ખંડાકાર, જુદા જુદા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हविर्हरिः (૩૫૯)–યજ્ઞમાં હુતદ્રવ્યને ગ્રહણ કરનારા પણ આપ છો. પુનઃ જપયજ્ઞમાં પાપરૂપી હવિને હરનારા પણ આપ છો. પુનઃ ભક્ત લોકોનાં સંકટ હરનારા પણ આપ છો.

सर्वलक्षणलक्षण्यः (૩૬૦)–સર્વ લક્ષણા દ્વારાએ લક્ષમાં લેવા યોગ્ય આપ એકજ છો પુનઃ ૐકારના જ્ઞાનથી લક્ષમાં આવનારા પણ આપજ છો. પુનઃ जहद् अजहद् અને जहदा-जहद् લક્ષણાવૃત્તિઓ પૈકી [1]જહદજહદ્ લક્ષણા જેમ "તેજ દેવદત્ત છે." તેમ તત્–ત્વમ્–અસિ તત્ત્વમસિ મહાવાક્યના અર્થને (તે તુંજ છે) લક્ષ કરાવવાને ઉપયોગી છે ખરી, પણ તેમાં આપના "અસિ" પદનું સ્વરૂપ યથાવત્ જાણી શકાતું નથી કે તે પદ કેવું છે; કારણ કે ત્યાં ગુરુ અને શિષ્ય બન્ને વ્યક્તિભાવમાં રહ્યાં રહ્યાં આપનું લક્ષ કરે છે, તેથી તે લક્ષ [2]પરોક્ષભાવમાં થાય છે; અને આપ સર્વને [3]અપરોક્ષ છો. અપરોક્ષ લક્ષ તો જ્યારે બન્ને વ્યક્તિઓ વ્યક્તિભાવમાંથી નીકળીને પછી આપનું લક્ષ કરે તોજ આપના અવ્યક્ત પદનું લક્ષ થઇ શકે. અવ્યક્ત પદમાં મન, બુદ્ધિ અને ઇંદ્રિયોનો અભાવ થાય છે, તેથી તે પદમાં ઇંદ્રિયો વગર કોણ કોને કહે અને કોણ કોને સાંભળે અને કોણ કોનું લક્ષ્ય કરે ? તેથી આપનું "અસિ" પદ દુર્લક્ષ્ય (અલક્ષ્ય) છે. તેથી અગમ્ય અને અવાચ્ય છે. પુનઃ આપનું અસિપદ અનુપમ છે; કારણકે તેનું લક્ષ કરાવવાને બીજી કોઇ ઉપમા નથી. માટે ત્રણે લક્ષ-ણાઓની પાર અને ઉપમાઓની પાર જે લક્ષ્ય છે, તેને તો

૧ જહદજહદ્=ભાગ ત્યાગ લક્ષણા ૨ છેટે રહીને ભિન્નભાવમાં ૩ અભિન્ન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ એકજ જાણનારા છો. અન્ય કોઇ તે પદને જાણવાને સમર્થ નથી. કારણકે તે સ્વસંવેદ્ય અથવા સ્વ-અનુભવરૂપ છે. મહાત્મા પુરુષોનેજ સ્વાનુભવપણે લક્ષ્યરૂપે થનારા છો. અન્ય વ્યક્તિઓને "अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते" આ વાક્ય પ્રમાણે આપ વ્યક્તિવાળાઓને દુર્લક્ષ્ય છો. સર્વ લક્ષણાઓ અને સર્વ ઉપમાઓ પણ આપને પ્રત્યક્ષ સાક્ષાત્કાર કરાવી શકતી નથી. પુનઃ અચિંત્ય અને અલક્ષ્યરૂપ પણ આપજ છો.

लक्ष्मीवान् (૩૬૧)-લક્ષ્મીવાળા પણ આપજ છો અને સર્વને લક્ષ્મી દેનારા પણ આપજ છો.

सामितिंजयः (૩૬૨)-લીલાવતારોમાં રણસંગ્રામના સામંતોને જીતનારા પણ આપજ છો.૩૯

विक्षरो रोहितो मार्गोहेतुर्दामोदरः सहः ।
महीधरो महाभागो वेगवानमिताशनः ॥४०॥

विक्षरः (૩૬૩)-આપ ક્ષરથી રહિત છો, એટલે અવિનાશી પદ છો.

रोहितः (૩૬૪)-મત્સ્યાવતાર લેનારા પણ આપજ છો.

मार्गः (૩૬૫)-સદ્ગતિરૂપ પણ આપજ છો. ધર્મમાર્ગ પણ આપજ છો.

हेतुः (૩૬૬)-સદ્ગતિના કારણરૂપ હેતુ પણ આપજ છો. પુનઃ ધર્મમાર્ગને ચલાવનારા પણ આપજ છો.

दामोदरः (૩૬૭)-લીલાવતાર એવા શ્રી કૃષ્ણાવતારમાં જેમને માતાએ પેટે દામણું (દોરડી) બાંધેલું છે એવા પણ આપજ છો. પુનઃ આપ નિત્યમુક્ત હોવા છતાં માયા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવિદ્યાથી ગ્રસ્ત થનારા પણ આપજ છો.

सहः (૩૬૮)–સહન કરનાર–સામર્થ્ય હોવા છતાં ભક્તજનો માટે લીલાવતારોમાં દૈત્યોનો માર સહન કરનારા, અપમાન સહન કરનારા, સંકટો સહન કરનારા અને દુઃખોને સહન કરનારા પણ આપજ છો. માયાનો સ્વીકાર કરવાથી અનેક દશ્ય જંજાળને વહન કરનારા પણ આપજ છો.

महीधरः (૩૬૯)–પૃથ્વીને ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ પૃથ્વીના કાર્યરૂપ ભૌતિક શરીરોને ધારણ કરનારા પણ આપજ છો.

महाभागः (૩૭૦)–ભાગ–ભાગ્ય. સર્વમાં ભાગ્યવાન પણ આપજ છો. પુનઃ સર્વના ભાગ્ય (પ્રારબ્ધ) રચનાર પણ આપજ છો.

वेगवान् (૩૭૧)–શીઘ્રવેગી. એકીકાળે સર્વ જગતમાં ફરી વળનારા પણ આપજ છો. પુનઃ ભક્તજનોને સંકટવેળાએ દોડીને સહાય કરનારા પણ આપજ છો.

अमिताशनः (૩૭૨)–અશન=ભોજન કરવું. મહાપ્રલય એજ આપનું મોટામાં મોટું ભોજન છે. પુનઃ સ્વરૂપાકાર (જ્ઞાન-જાગ્રત) થતાં અનંત કોટી બ્રહ્માંડોનો ગ્રાસ કરનારા પણ આપ છો.૪૦

उद्भवः क्षोभणो देवः श्रीगर्भः परमेश्वरः ।
करणं कारणं कर्ता विकर्ता गहनो गुहः ॥४१॥

उद्भवः (૩૭૩) ઉદ્ભવ–ઉત્પન્ન. અનંત કોટિ બ્રહ્માંડોને ફરી ફરી ઉત્પન્ન કરનારા પણ આપજ છો. પુનઃ અનંત કોટી બ્રહ્માંડોની ઉત્પત્તિમાં આદિકારણ પણ આપ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

क्षोभण: (૩૭૪)–ક્ષોભણ=ક્ષોભ કરનાર. પ્રકૃતિ પુરુષનો ક્ષોભ કરીને તેમાં વિક્રિયા કરનારા પણ આપજ છો. પુનઃ ક્ષોભણ એટલે નિસ્તેજ કરનારા પણ આપજ છો. પુનઃ સર્વને શરમીંદા કરનારા પણ આપજ છો.

देव: (૩૭૫)–દેવ=પ્રકાશ કરનાર. સર્વના ઇષ્ટ, પૂજ્ય અને સર્વને પ્રકાશ કરનારા દેવ પણ આપજ છો. પુનઃ અનંત ચેષ્ટાઓ કરનારા પણ આપજ છો.

श्रीगर्भ: (૩૭૬)–ગર્ભ=ઉદરમાં ધારણ કરવું. માયા અને લક્ષ્મીને ગર્ભ પેઠે અંતર્ગત ધારણ કરનારા પણ આપજ છો.

परमेश्वर: (૩૭૭)–સ્વામી. સર્વ ઐશ્વર્ય અને સર્વ વિભૂતિસંપન્ન પણ આપજ છો. પુનઃ આપજ પરમેશ્વર છો.

करणम् (૩૭૮)–ઇંદ્રિય–અંતઃકરણ. સેવ્ય–સેવકભાવે ભક્તિ કરનારને કીટ–પતંગન્યાયે સ્વરૂપપ્રાપ્તિના સાધનરૂપ આપજ છો. પુનઃ સ્વરૂપપ્રાપ્તિમાં લક્ષ્ય–સાધન પણ આપજ છો.

कारणम् (૩૭૯) હેતુ. જગતની ઉત્પત્તિના અભિન્ન[1] નિમિત્ત[2] ઉપાદાન[3] કારણ[4] અને તેના હેતુરૂપ પણ આપજ

---

૧ અભિન્ન=જુદું નહિ, પણ જેમાં કાર્ય અને કારણભાવ એવા ઉભયભાવ સમાએલા છે એવું એક કારણ.

૨ નિમિત્ત એટલે કર્તા, હેતુ વગેરે.

૩ ઉપાદાન એટલે પદ–મૂળવસ્તુ, અધિષ્ઠાન, અહં અસ્મિ, (હું છુ) પદ. જેમ સ્વપ્નસૃષ્ટિમાં કર્તા કાર્ય જીવાત્મા છે તેમ.

૪ સ્વપ્નસૃષ્ટિમાં હેતુ, નિમિત્ત અને વસ્તુ સર્વ જીવાત્મા છે, તેમ વર્તમાન જગતરચનામાં સર્વ આપજ છો, તેથી જગતનું કારણ આપ **अहमस्मि** પદ છો. વળી બીજે પ્રકાર કારણ એટલે હેતુ, અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. પુનઃ અભિન્ન નિમિત્તોપાદાનકારણ પણ આપજ છે.

कर्ता (૩૮૦) કરનારા. જો કે આપ અકર્તા છે, અને આપની માયા જગતની ઉત્પત્તિમાં કર્તા છે, પણ માયાને જો આપનો આશ્રય હોય તોજ તે કરી શકે છે, તેથી માયાસહિત આપજ જગતના કર્તા છે. પુનઃ આપની માયા આપનાથી અભિન્ન છે.

विकर्ता (૩૮૧)–વિકૃતિ કરનાર. કર્તા, અકર્તા અને અન્યથાકર્તા પણ આપજ છે. પુનઃ નિરાકારમાંથી સાકાર અને સાકારમાંથી જગતરૂપ થનારા પણ આપજ છે.

गहनः (૩૮૨)–ન જાણી શકાય તેવા. આપ મન, બુદ્ધિ અને ઇંદ્રિયજન્ય જ્ઞાનની પાર છો એટલે આપ ન જાણી શકાઓ તેવા છો, તેથી આપ અગમ્ય અને અતીંદ્રિય–અગોચર છો.

गुहः (૩૮૩)–ઢાંકનારા. માયાવડે સ્વરૂપને ઢાંકી રાખનારા અને તેથી ગુપ્ત રહેનારા પણ આપજ છો. પુનઃ સ્વરૂપને આચ્છાદન કરીને આપની માયા આપના સ્વરૂપને ચિત્રવિચિત્ર ભાવમાં દેખાડે છે, અને તે માયા આપનાથી અભિન્ન છે તેથી માયાના પડદામાં આપજ ગુપ્તપણે રહેલા છો.૪૧

व्यवसायो व्यवस्थानः संस्थानः स्थानदो ध्रुवः ।
परर्द्धिः परमः स्पष्टस्तुष्टः पुष्टः शुभेक्षणः ॥४२॥

व्यवसायः (૩૮૪)–સદા કામમાં ને કામમાં રહેનારા.

મૂળ. જેમ જાગ્રત–જગત, સ્વપ્નજગતનું કારણ છે તે પ્રમાણે જીવનું પૂર્વનું જગત વર્તમાન જગતનું કારણ છે અને વર્તમાન જગત ભાવિ જગતનું કારણ થાય છે તેથી પૂર્વાપર આવર્તન, પરિવર્તન, પુનરાવૃત્તિપ્રવાહનું કારણ આપ અહં અસ્મિપદ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય, એ કામમાં આપ સદા ગુંચવાઇ રહો છો. તેમજ સાધુ અને ધર્મની રક્ષા કરવા માટે આપ સદા તત્પર રહો છો, તેથી આપ વ્યવસાયી છો. પુનઃ જીવપણે સંસારમાં સદા વ્યવસાયી રહેનારા પણ આપજ છો.

વ્યવસ્થાનઃ (૩૮૫)–વ્યવસ્થા કરનારા. પ્રારબ્ધની વ્યવસ્થા કરનારા પણ આપજ છો. પુણ્ય–પાપ, સુખ–દુઃખ અને ગતિ–અગતિમાં વ્યવસ્થા કરનારા પણ આપજ છો. પુનઃ પિંડ–બ્રહ્માંડમાં વ્યવસ્થા કરનારા પણ આપજ છો. પુનઃ જગત–તંત્રની વ્યવસ્થા કરનારા પણ આપજ છો.

સંસ્થાનઃ (૩૮૬)–સંસ્થાઓના સ્થાપન કરનારા પણ આપ છો, તેના નિયમ બાંધનારા પણ આપ છો. વ્યક્તમાંથી અવ્યક્ત અને અવ્યકતમાંથી વ્યકત કરવાની ગોઠવણ રાખનારા પણ આપ છો. પુનઃ અંતકાળે દૃશ્યોના નિવાસસ્થાન પણ આપ છો.

સ્થાનદઃ (૩૮૭)–સૃષ્ટિના ઉદયકાળે દૃશ્યજગતોને સ્થાન દેનારા પણ આપજ છો. તેમને રહેવાને અવકાશ આપનાર ચિદ્‌આકાશ પણ આપજ છો. પુનઃ પુણ્ય કર્મ કરનારાઓને ઉત્તમ સ્થાન આપનારા પણ આપજ છો. પુનઃ ભકતજનોને અચળ અને નિર્ભય સ્થાન આપનારા પણ આપજ છો. પુનઃ ધ્રુવાદિ ભકતોને અવિચળ સ્થાન આપનારા પણ આપજ છો.

ધ્રુવઃ (૩૮૮)–અચ્યુત અને અચળ પદ પણ આપજ છો. પુનઃ અવ્યકત પદ, નિર્ગુણ અને નિરાકાર પદ તથા અંતિમ નિદાન પદ પણ આપજ છો. પુનઃ ભકતજનોમાં ધ્રુવ ભકત પણ આપજ છો. પુનઃ અચળ અને અવિનાશી પદ પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

परर्द्धिः (૩૮૯)–પરાર્ધ સંજ્ઞાસૂચક પણ આપ છો. અગણિત અને અસંખ્ય દ્રવ્યના સ્વામી પણ આપજ છો. પુનઃ દશ્ય જગત સર્વ આપની સમૃદ્ધિરૂપ છે.

परमः (૩૯૦)–સર્વથી શ્રેષ્ઠ, સર્વથી સૂક્ષ્મ અને સર્વથી અતિવ્યાપક, અવિચળ, અવિનાશી અને અવિકારી તત્ત્વ એવા સર્વોત્તમ સ્વપદ પણ આપજ છો.

स्पष्टः (૩૯૦)–આપ સ્વઆત્મપદ હોવાથી સર્વને આપોઆપે સ્પષ્ટ જણાઈ રહેનારા છો. સર્વને અતિ પ્રગટ છો. પુનઃ ભક્તજનોને દર્શન દઇને વિશ્વાસ, ખાત્રી કરી આપનારા છો. પુનઃ લક્ષ ચોરાશીના ભ્રમણચક્રમાંથી જેને જેને બચવું હોય તેણે તેણે આપનું શરણ લેવું અને આપનું સ્મરણ કરવું એ વાત સર્વ જગતને સ્પષ્ટ જાણીતી છે.

तुष्टः (૩૯૧)–આપ પૂર્ણકામ છો, આપ્તકામ છો, તેથી સદાતૃપ્ત છો. પુનઃ થોડાને ઘણું માની લેનારા અને પ્રસન્ન રહેનારા પણ આપજ છો. પુનઃ ભક્તજનોનો સાચો ભાવ જાણીને થોડામાં પ્રસન્ન થઇ જનારા પણ આપજ છો; આપ સર્વ દશ્યના અંતરાત્મા છો.

पुष्टः (૩૯૨)–આપ સર્વસંપન્ન છો. સર્વત્ર વ્યાપક, સર્વશક્તિમાન અને સર્વરૂપ એવા આપ અખંડ એક છો તે છતાં પ્રત્યેક અણુમાં આપ તેવા ને તેવા અખંડ, એક અને પરિપૂર્ણપણે રહેનારા છો. પુનઃ આપ દેશકાલવસ્તુપરિચ્છેદથી રહિત અદ્વૈત છો.

शुभेक्षणः (૩૯૩)–શુભ દૃષ્ટિવાળા પણ આપ છો. દયા, ક્ષમા, કૃપા, ઉદારતા આદિ દૃષ્ટિવાળા પણ આપ છો. પુનઃ સ્વપ્ન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૃષ્ટિની પેઠે દૃશ્યજગતમાં સ્વાત્મદૃષ્ટિ કરનારા પણ આપજ છો.

रामो विरामो विरजो मार्गो नेयो नयोऽनयः ।
वीरः शक्तिमतां श्रेष्ठो धर्मो धर्मविदुत्तमः ॥४३॥

रामः (૩૯૪)–ભક્તજનો માટે રામાવતાર લેનારા પણ આપજ છો. પુનઃ सत् रमते–राम એવા વ્યાપક બ્રહ્મતત્ત્વ પણ આપજ છો. પુનઃ ભક્તજનોના નિવાસસ્થાન પણ આપજ છો. પુનઃ સર્વના દૈવતરૂપ શક્તિ (રામ) પણ આપજ છો. પુનઃ મૃત્યુકાળે નામસ્મરણ અને નામોચ્ચારથી વ્યક્તિઓનો ઉદ્ધાર કરનારા પણ આપજ છો. પુનઃ માયાવિશિષ્ટ (જગતકર્તા) રામ પણ આપજ છો. પુનઃ મૃત્યુકાળે દૃશ્યવિસ્તારનો દ્રષ્ટામાં અને પુનઃ દ્રષ્ટાનો અવ્યક્ત પદમાં લય કરનારા રામ પણ આપજ છો. પુનઃ ભક્તજનોના ભાવગ્રાહી પણ આપજ છો. પુનઃ 'હે રામ !' એવો આર્ત પોકાર સાંભળીને તેની વહાર કરનારા પણ આપજ છો. પુનઃ જે ભક્તજનો ભોળેભાવે માત્ર આપનું નામ રટણ કરનારા છે, તેમને આપ રામાકાર એવી સાયુજ્ય મુક્તિ આપનારા છો. પુનઃ આપનું ભજન અને આપનું સ્મરણ એ સર્વ સાધક મંત્ર છે. કીટપતંગન્યાયે ભક્તજનોને સ્વરૂપપ્રાપ્તિ કરનારા પણ આપજ છો.

विरामः (૩૯૫) સર્વનું વિશ્રામસ્થાન પણ આપજ છો. પુનઃ આપના અવ્યક્તપદમાં સર્વ પ્રાણીઓ વિશ્રાંતિ લે છે. પુનઃ જગતમાં આવિર્ભાવ અને તિરોભાવનું મૂળકારણ પણ આપજ છો. પુનઃ ભકતજનોનું વિશ્રાંતિસ્થાન પણ આપજ છો. પુનઃ જગતની સુષુપ્તિ પણ આપજ છો.

विरजः (૩૯૬)–આપ રજોગુણથી રહિત છો. પુનઃ દૃશ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતથી અસંગ અને ઉદાસીન રહેનારા પણ આપજ છો. પુનઃ રજસ્ અને તમોરહિત શુદ્ધ સત્ત્વગુણ પણ આપજ છો. પુનઃ રાગ–દ્વેષ, કામ–ક્રોધરહિત સમાન ભાવ પણ આપજ છો.

मार्गः (૩૯૭)–સ્વસ્વરૂપની પ્રાપ્તિ કરવી એજ ઉત્તમ માર્ગ છે. પુનઃ આપનું નામસ્મરણ કરવું એજ ભક્તજનોને ઉત્તમ અને સહેલો માર્ગ છે. પુનઃ પ્રેમલક્ષણાભક્તિ ટુંકામાં ટુંકો અને સહેલામાં સહેલો માર્ગ છે. પુનઃ પ્રવૃત્તિ અને નિવૃત્તિ એ બન્ને માર્ગોની પેલી પાર નિજસ્વરૂપપ્રાપ્તિનો માર્ગ છે. (આ બધા માર્ગરૂપ આપ છો.)

नेयः (૩૯૮)–જ્ઞાનગમ્ય પદ પણ આપજ છો. પુનઃ ભક્તજનોને પ્રેમ કરવાયોગ્ય પણ આપજ છો.

नयः (૩૯૯)–નય=નીતિ. સારે રસ્તે દોરનાર પણ આપજ છો. પુનઃ સર્વને નિયમમાં રાખનારા પણ આપજ છો. પુનઃ ભક્તજનોના નિયમનો ટેક જાળવનારા પણ આપજ છો.

अनयः (૪૦૦)–આપને કોઈ પણ નિયમ લાગુ પડતો નથી; કારણ કે આપ[૧] આપ્તકામ છો, તેથી સ્પૃહારહિત છો. પુનઃ જગત–તંત્રના સ્વામી અને તંત્ર ચલાવનારા સૂત્રધાર પણ આપજ છો. પુનઃ અઘટિત ઘટના કરવાને પણ આપજ સમર્થ છો.

वीरः (૪૦૧)–શૂરવીર પણ આપજ છો. પુનઃ દૃશ્યજગતનો લય કરનારા પણ આપજ છો. પુનઃ જડ અને ચેતનની પારનું અસ્તિત્વ, સચ્ચિદાનંદ અસ્તિત્વ પણ આપજ છો.

शक्तिमतां श्रेष्ठः (૪૦૨)–શક્તિવાળાઓમાં સર્વથી શ્રેષ્ઠ

૧ આપ્તકામ=કામનાઓથી તૃપ્ત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિવાળા પણ આપજ છો. આપજ સર્વશક્તિમાન છો.

धर्मः (૪૦૩)-ધર્મ એટલે કર્તવ્યતા અથવા ન્યાય; પુણ્ય અને કલ્યાણનો રસ્તો પણ આપજ છો. પુનઃ પરલોકમાં સદ્ગતિ સાધવા માટે જે સત્કર્મ કરવામાં આવે તે સર્વ ધર્મ આપજ છો. પુનઃ પરમ ધામ અને મોક્ષ પણ આપજ છો. પુનઃ [1]ઐહિક અને પારલૌકિક ફળ માટે ધારણ કરાતો ધર્મ[2] પણ આપજ છો.

धर्मविदुत्तमः (૪૦૪)-સર્વ ધર્મ જાણનારાઓમાં ઉત્તમ ધર્મ જાણનારા આપજ છો. પુનઃ આપનું નામસ્મરણ એજ ભક્તજનોનો ઉત્તમ ધર્મ છે. આપના નામસ્મરણમાંજ સર્વ ધર્મોનો સમાવેશ થઇ જાય છે. તેમાંજ વેદ, તેમાંજ વેદાંતજ્ઞાન, તેમાંજ નિજજ્ઞાન અને તેમાંજ સર્વ કર્તવ્યતા સમાઈ રહે છે. તેથી આપ ધર્મવિદુત્તમ છો.૪૩

वैकुण्ठः पुरुषः प्राणः प्राणदः प्रणवः पृथुः ।
हिरण्यगर्भः शत्रुघ्नो व्याप्तो वायुरधोक्षजः ॥४४॥

वैकुण्ठः (૪૦૫)-વૈકુંઠ-લોકસ્થિતિ પણ આપજ છો. પુનઃ સૂક્ષ્મતાની અવધિરૂપ સ્થિતિ પણ આપજ છો. પુનઃ

---

૧ ઐહિક=આ લોકનું.

૨ ઇશ્વર ઉપર આસ્થા (શ્રદ્ધા, વિશ્વાસ) રાખવી એજ મુખ્ય ધર્મ છે. આસ્થા ગઇ તો ધર્મજ ગયો. અનાસ્થામાં પાળેલો ધર્મ પૂરો ધર્મ નથી; ઇશ્વરને ઉદ્દેશીને જે જે કર્મો કરવામાં આવે તેજ ધર્મ છે, તેથી વિપરીત જે કરવામાં આવે તે અધર્મ છે અથવા સંસાર-વ્યવહાર છે. તત્ત્વવેત્તા ગુરુનો બોધ ગ્રહણ કરવો એજ ધર્મ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંચમહાભૂતને પંચીકૃત કરનારા પણ આપજ છે.

पुरुषः (૪૦૬)–પ્રકૃતિ–પુરુષના વિવેકમાં તેમજ સ્ત્રી–પુરુષના વિવેકમાં આપજ પુરુષરૂપ છે. પુનઃ પુરુષ એટલે નવ દ્વારવાળી પુરીઓમાં શયન કરી રહેનારા આપજ છે. પુનઃ વીરપુરુષ પણ આપજ છે. પુનઃ જડ અને ચેતનમાં આત્મા આપજ છે. પુનઃ સ્વેચ્છાથી સમષ્ટિગત અને વ્યષ્ટિગત પુરીમાં જીવરૂપે પુરાઈ રહેનારા પુરુષ પણ આપજ છે. ત્રણ લિંગમાં આપ પુરુષલિંગ છે.

प्राणः (૪૦૭)–સર્વ પ્રાણીઓના શ્વાસોચ્છ્વાસ જીવન પણ આપ છે. સમાન પ્રાણ પણ આપ છે. પ્રાણરૂપે શરીરને ટેકો દેનારા પણ આપ છે. પ્રાણરૂપે શરીરને ટટાર રાખનારા પણ આપ છે. પુનઃ પ્રાણ અને અપાન દ્વારાએ શરીરની અંદરના પ્રાણના પોષક પણ આપ છે. પુનઃ ભક્તજનોને તો આપ પ્રાણના પણ પ્રાણ છે. કારણ કે તેમના નિજ–આપ છે. પુનઃ પ્રાણીઓની ચેતનાશક્તિ પ્રાણ પણ આપ છે.

प्राणदः (૪૦૮)–સર્વ પ્રાણીઓને પ્રાણ દેનારા પણ આપ છે. પ્રાણ આપીને જડ શરીરને ચેતન બનાવનારા પણ આપજ છે. પુનઃ મૃત્યુકાળે ચેતનશરીરને જડ બનાવનારા પણ આપજ છે. પુનઃ ભક્તજનોને ભક્તિ કરવામાં ઉત્તેજન દેનારા પણ આપજ છે.

प्रणवः (૪૦૯)–નિર્ગુણ અને સગુણ બ્રહ્મસૂચક ૐકારરૂપ પણ આપ છે. ૐકારરૂપે સર્વના બીજરૂપ છે. પુનઃ સૃષ્ટિની આદિમાં, અંતમાં તેમજ મધ્યમાં ૐકારરૂપે આપ આદિ અને અનાદિ છે. પુનઃ અકાર માત્રાથી સર્વવર્ણવ્યાપક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અક્ષર છે. પુનઃ ૐકારમાંથી [1]ત્રિપદા ગાયત્રી છંદ પ્રગટ થયા, અને ગાયત્રીમાંથી ત્રણ વેદ, અને ત્રણ વેદમાંથી ત્રિ-લોકી જગત પ્રગટ થયું. તેથી આપજ સાકાર અને આપજ નિરાકાર છો. આપજ દ્રષ્ટા અને આપજ દૃશ્ય છો. પુનઃ અ-નિર્વચનીય દૃશ્ય પ્રતીતિમાં અને પ્રાતિભાસિક પ્રતીતિઓમાં પણ આપ ૐકારરૂપેજ રહ્યા છો. પુનઃ પ્રાણાંતકાળે ૐકાર-સ્મરણ સ્વગતિ અથવા સ્વપદ આપનારૂં છે.

પૃથુઃ (૪૧૦)–પૃથુ અવતાર પણ આપજ છો. પુનઃ પૃથ્વી-ના કાર્યરૂપ સ્થૂળશરીરને આસુરી સંપત્તિમાંથી દૈવી સંપત્તિ-માં લાવનારા પણ આપજ છો. પુનઃ સગુણ સાકારપણે આપ પ્રત્યક્ષ અને પ્રગટ છો. પુનઃ આપનું દ્રષ્ટાપદજ દૃશ્યાકારપણે જણાય છે. દ્રષ્ટા અને દૃશ્યરૂપે આપજ એક અદ્વૈત છો.

હિરણ્યગર્ભઃ (૪૧૧)–હિરણ્યગર્ભ અથવા મહત્તત્ત્વ પણ આપજ છો. પુનઃ દૃશ્યવસ્તુમાં સત–ચિત્–આનંદ એવું અધિ-ષ્ઠાનપદ પણ આપજ છો.

શત્રુઘ્નઃ (૪૧૨)–દૈત્ય અને અસુરોના નાશ કરનારા પણ આપજ છો. પુનઃ આસુરી સંપત્તિનો નાશ કરનાર દૈવી સં-પત્તિ પણ આપજ છો. પુનઃ શ્રીરામના ભાઈ શત્રુઘ્ન વ્યક્તિ-ધારી પણ આપજ છો.

વ્યાપ્તઃ (૪૧૩)–ત્રિલોકી જગતમાં વ્યાપી રહેનારા પણ આપજ છો. પુનઃ દ્રષ્ટા અને દૃશ્યની બાહ્યાભ્યંતર વ્યાપી રહેનારા પણ આપજ છો. પુનઃ સર્વ દૃશ્યના ઉપાદાનકારણ

1 ત્રિપદાઃ—વ્યાવહારિક સત્તા, પ્રાતિભાસિક સત્તા અને પાર-માર્થિક સત્તા, એવા ત્રણ પાદવાળા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આપજ છો. પુનઃ માયા અને અવિદ્યામાં વ્યાપી રહેનારા અને તેની બહાર વ્યાપક રહેનારા પણ આપજ છો, માયા અને અવિદ્યા ઉપહિત[1] અને વિહિત ચેતન પણ આપજ છો.

वायुः (૪૧૪)-જગતપ્રવાહને વહન કરનાર વાયુતત્ત્વ પણ આપજ છો. પુનઃ પ્રાણીઓના પ્રાણવાયુ પણ આપજ છો. પુનઃ પંચમહાભૂતમાં સર્વવ્યાપક વાયુતત્ત્વ પણ આપજ છો.

अधोक्षजः (૪૧૫)-જ્ઞાનની સીમારૂપ પણ આપજ છો. વિવિધ પ્રકારની ઉપાધિમાં પડેલા જીવોને જ્ઞાન જાગ્રત કરીને સ્વસ્વરૂપપ્રાપ્તિ કરાવનારા પણ આપજ છો. પુનઃ આકાશથી માંડીને પૃથ્વીપર્યંત વિવિધ જગતની ઉત્પત્તિ કરનારા પણ આપજ છો. પુનઃ ભક્તજનો માટે કૃપાને લઈને નેત્ર નીચાં રાખનારા પણ આપજ છો.૪૪

ऋतुः सुदर्शनः कालः परमेष्ठी परिग्रहः ।
उग्रः संवत्सरो दक्षो विश्रामो विश्वदक्षिणः ॥४५॥

ऋतुः (૪૧૬)-છ ઋતુઓ પણ આપજ છો. કાળના ફેરફાર પણ આપજ છો. પુનઃ છ ઋતુઓમાં વસંત ઋતુ પણ આપજ છો.

सुदर्शनः (૪૧૭)-દર્શન કરવામાં એટલે ચર્મચક્ષુથી દેખવામાં, તેમજ મન અને બુદ્ધિરૂપી જ્ઞાનચક્ષુથી જાણવામાં આપ સુંદર છો. પુનઃ આપ શાસ્ત્રોનો સુગમ રસ્તો દર્શાવનારા

---

૧ ઉપહિત=ઉપાધિની અંદર અને બહાર ચેતનવ્યાપક. વિહિત એટલે (માત્ર માયા અને માત્ર અવિદ્યા) ઉપાધિમાં વ્યાપક રહેનાર ચેતન. જેમકે ઘટાકાશ, મઠાકાશ અને મહદાકાશ, તે પ્રમાણે જીવ, ઈશ્વર અને બ્રહ્મ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો. પુનઃ શાસ્ત્રોનું આપ તત્ત્વદર્શન છો. એટલે બુદ્ધિનું સૂક્ષ્મ-જ્ઞાન અથવા સૂક્ષ્મદર્શન છો. પુનઃ જગતપ્રવાહનું ચક્ર અને ચોરાશી લક્ષ યોનિ જન્મનું ચક્ર પણ આપજ છો. તેથી સુ-દર્શન ચક્ર પણ આપજ છો.

कालः (૪૧૮)–કાળ એટલે નિમેષ આદિ વખત અથવા સમય. પુનઃ જન્મકાળ, મૃત્યુકાળ, ભૂત, ભવિષ્ય અને વર્ત-માન કાળ, જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિકાળ, એ સર્વ કાળો આપજ છો. પુનઃ જાગ્રત થતાં સ્વપ્ન-દૃશ્યો જેમ દ્રષ્ટામાં અદૃશ્ય થઈ જાય છે, તેમ સ્વરૂપ–જાગ્રતકાળમાં દૃશ્ય જગત આપમાં અદૃશ્ય થઈ જાય છે. તેથી આપ કાળના પણ કાળ–મહાકાળ છો.

परमेष्ठी (૪૧૯)–શ્રેષ્ઠ ઇચ્છાવાળા પણ આપજ છો. સ્વરૂપસ્થિતિ રાખવાની ઇચ્છાવાળા પણ આપજ છો. પુનઃ સર્વના કલ્યાણની ઈચ્છા રાખનારા પણ આપજ છો.

परिग्रहः (૪૨૦)–સર્વના સંગ્રહરૂપ પણ આપજ છો. દૃશ્યજગતના બીજ પણ આપજ છો. પુનઃ ઉપાસકોએ અર્પેલાનો સ્વીકાર કરનાર પણ આપજ છો.

उग्रः (૪૨૧)–મહાન તેજસ્વી, તીક્ષ્ણ સૂર્યસ્વરૂપ પણ આપજ છો. પુનઃ ઉગ્રના પણ ઉગ્ર આપજ છો. પુનઃ ભયજનક મૂર્તિ પણ આપજ છો. પુનઃ અસુરોથી ભક્તજનોના રક્ષણ માટે મહાન ભયંકર સ્વરૂપો ધારણ કરનારા પણ આપજ છો.

संवत्सरः (૪૨૨)–બાર માસના વર્ષકાળ સંવત્સરરૂપ પણ આપજ છો. પુનઃ પ્રાણીમાત્રને સારી રીતે સુખપૂર્વક એકત્ર વસવાના મુખ્ય સ્થાનરૂપ પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दक्षः (४२३)-એટલે-કુશળ. જાતિ વર્ણ અને આશ્રમના સંસ્કારવાળા પણ આપજ છો. પુનઃ સર્વ કામ કરવામાં વિચક્ષણ પણ આપજ છો. દક્ષ પ્રજાપતિરૂપે પ્રજાનું રક્ષણ કરનારા પણ આપજ છો.

विश्रामः(४२४)-જન્મ-મરણનો વિસામો, નિવૃત્તિસ્થાન અને પરમ શાંતિનું સ્થાન પણ આપજ છો. પુનઃ જાગ્રત અને સ્વપ્નપ્રપંચોનું લયસ્થાન-અવ્યક્ત પદ-પણ આપજ છો. પુનઃ વ્યક્ત અને અવ્યક્ત (માયા અને અવિદ્યા) સર્વનું લયસ્થાન એવું સનાતન પદ પણ આપજ છો. પુનઃ આપનું નામસ્મરણ ભક્તજનોને ત્રિવિધ તાપની વિશ્રાંતિ (સ્થાન) છે; તેમને સર્વ અનર્થોથી મુક્ત કરનારા અને પરમાનંદ પ્રાપ્ત કરાવનારા પણ આપજ છો.

विश्वदक्षिणः (४२५)-સ્વપ્નસૃષ્ટિની પેઠે એકીકાળે વિશ્વરચના ખડી કરી દેવામાં અને તેના પદાર્થોની યોગ્ય ગોઠવણ કરવામાં આપ સર્વ વ્યક્તિઓ કરતાં શ્રેષ્ઠ નિપુણ છો; કારણ કે આપ તેમના સમષ્ટિપદ છો. અર્ધનિમેષકાળમાં અનંત કોટી બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવાને સમર્થ પણ આપજ છો.૪૫

विस्तारः स्थावरः स्थाणुः प्रमाणं बीजमव्ययम् ।
अर्थोऽनर्थो महाकोशो महाभोगो महाधनः ॥४६॥

विस्तारः (४२६)-કાર્ય અને કારણરૂપ થઇને આપજ આપમાં આપપણે જગતરૂપે વિવિધ વિસ્તાર કરો છો. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને દૃશ્યજગતમાં આપ અનુસ્યૂત છો. પુનઃ સ્વપ્નસૃષ્ટિની પેઠે દ્રષ્ટાજ દૃશ્યરૂપે વિસ્તરેલ છો. પુનઃ આપજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વરૂપ થયા છો. પુનઃ જગતમાં[1] અન્વય અને જગતથી વ્યતિરેક પણ આપજ છો.

स्थावरस्थाणुः (૪૨૭)-સ્થાવર પદાર્થ પણ આપજ છો. વૃક્ષ અને પર્વત આદિ સ્થાવર વસ્તુ પણ આપજ છો. ચર અચર સર્વ જગતરૂપ આપજ છો. પુનઃ સ્થાવરોના આશ્રયભૂત કૂટસ્થ પદ, અવિચળ અને અચ્યુત પદ પણ આપજ છો.

प्रमाणम् (૪૨૮)-પ્રમાણ. પ્રત્યક્ષ, અનુમાન, શાબ્દ આદિ સર્વ પ્રમાણોના પ્રમાણરૂપ સ્વાનુભવપ્રમાણ આપજ છો. પુનઃ પ્રમાણો આપનો નિશ્ચય કરાવનારાં સાધનો છે. પુનઃ પ્રમાણમાં પણ ન આવો એવા આપ અમાપ છો. તો પણ ભક્તજનો આપને નામ અને રૂપ આપીને શ્રદ્ધા-ભક્તિથી આપનું માપ (વ્યક્તિપણું) કરે છે. અને ભક્તમાળામાં આપેજ પ્રમાણમાં આવીને ભક્તજનોને અસંખ્ય પરચા આપ્યા છે.

बीजमव्ययम् (૪૨૯)-સર્વ જગતના અવિનાશી બીજ-સાકાર પ્રતીતિઓના આપ નિરાકાર અને અવિનાશી અધિષ્ઠાન છો. પુનઃ આપ અંગ અને અંગીભાવથી રહિત સજાતિ, વિજાતિ અને સ્વગતભેદ રહિત અખંડ એક છો. પુનઃ અણુપણામાં આપ અહં અણુરૂપ છો અને અહંપણે સર્વમાં બીજરૂપે રહ્યા છો. અને તેમાંથીજ જગતનો વિસ્તાર કરો છો, અને પુનઃ તેમાંજ તિરોભાવ-લય કરો છો.

---

[1] અન્વય=અનુસ્યૂત. જેમ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણેમાં અનુસ્યૂત એટલે પરોવાએલા છો તેથી ત્રણે દશામાં એકના એક છો. તેથી અન્વય આત્મા છો. તે ત્રણે અવસ્થાઓ આત્મામાં નથી. વ્યતિરેક= આપ આત્મા તેમનાથી જુદા છો, અસંગ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अर्थः (૪૩૦)–આપની સ્વરૂપપ્રાપ્તિ એજ સર્વ વ્યક્તિ-ઓની ઈચ્છેલી વસ્તુ છે. ફળસિદ્ધિ પણ આપજ છો. આપની પ્રાપ્તિ એજ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે. પુનઃ પરમાનંદની પ્રાપ્તિ અને સર્વ અનર્થોની નિવૃત્તિ પણ આપજ છો.

अनर्थः (૪૩૧)–આપ પૂર્ણકામ છો અને તેથી સર્વ અર્થ-રહિત છો. પુનઃ માયિક અનર્થોના પણ આપજ અધિષ્ઠાન છો. પુનઃ અર્થ અને અનર્થ એવા દ્વંદ્વભાવથી રહિત દ્વંદ્વાતીત પદ પણ આપજ છો.

महाकोशः (૪૩૨)–અન્નમયાદિ[1] પંચકોશોના કોશરૂપ પણ આપજ છો. બાહ્યાભ્યંતર સર્વને આવૃત કરનારા ચિદાકાશતત્ત્વ પણ આપજ છો.

महाभोगः (૪૩૩)–પરમ આનંદને ભોગવનારા–સ્વરૂપાકાર સ્થિતિ રાખનારા પણ આપજ છો. પુનઃ માયિક પ્રપંચથી અસંગ રહેનારા અને સુખશાંતિનો અનુભવ કરનારા પણ આપજ છો.

महाधनः (૪૩૪)–સર્વ ધનરૂપ પણ આપજ છો. પુનઃ આપની ભક્તિ એજ સર્વોત્તમ ધન અને ચિંતામણિની પ્રાપ્તિ છે. પુનઃ આપની સ્વરૂપપ્રાપ્તિ એ મહાન્ ધન છે, એટલે કે મનુષ્યજન્મની સાફલ્યતા, સાર્થકતા અને કૃતકૃત્યતા છે. પુનઃ ભક્તજનોને આપનું નામસ્મરણ એજ રિદ્ધિ, સિદ્ધિ અને દ્રવ્ય છે.૪૬

अनिर्विण्णः स्थविष्ठोऽभूर्धर्मयूपो महामखः ।
नक्षत्रनेमिर्नक्षत्री क्षमः क्षामः समीहनः ॥४७॥

---

૧ અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, આનંદમય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अनिर्विण्णः (૪૩૫)–અ=નહિ, નિર્વિણ્ણ=નિર્વેદ એટલે વૈરાગ્યવાળું, આળસરહિત અથવા કંટાળા રહિત. આપ વ્યક્તિભાવમાં સંસારપ્રવૃત્તિમાં નવો નવો ઉત્સાહ ધરાવનારા છો. પુનઃ જગતપ્રવાહ ચલાવવામાં આપને કંટાળો નથી. પુનઃ આ લોક અને પરલોકગતિઓ વારંવાર કરવા છતાં પણ આપ કૂટસ્થ અને અવિકારી પદ છો. પુનઃ તદાકાર ધ્યાન પણ આપજ છો.

स्थविष्ठः (૪૩૬)–સ્થૂળ અને સ્થાવર વસ્તુમાં પણ આપ વ્યાપી રહેનારા છો. સ્થાવરમાં પણ સ્થાવર અને સ્થૂળમાં પણ સ્થૂળ આપજ છો. પુનઃ આકાશની પેઠે સદા સ્થાયી, "અસ્તિ, ભાતિ અને પ્રિય નામ અને રૂપ" આપજ છો. પુનઃ સમષ્ટિપદ વિરાટ્ પુરુષ પણ આપજ છો.

अभूः (૪૩૭)–અ=નહિ. ભૂઃ=થવું. આપ ઉત્પત્તિથી રહિત છો. અજન્મા છો. પુનઃ ઉત્પત્તિરહિત છો તેથી સદા અવિકારી છો. જેવા ને તેવા છો. પુનઃ પંચમહાભૂતથી રહિત છો.

धर्मयूपः (૪૩૮)–ધર્મના સ્તંભ પણ આપજ છો. ધર્મની ધુંસરી ધરનારા પણ આપજ છો. પુનઃ ધર્મોનું ઉત્પત્તિસ્થાન અને ધર્મોનું સમૂહપણું પણ આપજ છો. પુનઃ આપ [૧]ધર્મના ધર્મ છો. ધર્મ–અધર્મ બન્નેથી રહિત દ્વંદ્વાતીત પદ પણ આપજ છો. પુનઃ ધર્મરૂપ યજ્ઞના સ્તંભરૂપ પણ આપજ છો.

महामखः (૪૩૯)–મખ–યજ્ઞ, મહાન યજ્ઞરૂપ પણ આપજ છો. અનંતકોટી બ્રહ્માંડોની આહુતિઓને જ્ઞાનજાગ્રત, અથવા સ્વરૂપ જાગ્રત થતાં સ્વાહા કરનારા પણ આપજ છો.

---

૧ ધર્મ=શાસ્ત્રોમાં વર્ણવેલા વિધિરૂપ ધર્મ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દશ્યજગતને દ્રષ્ટાપદમાં લય કરનારા પણ આપજ છો. પુનઃ શ્વાસોચ્છ્વાસ દ્વારાએ અહં-સોહંનો નિરંતર અજપા જાપરૂપી યજ્ઞ કરનારા પણ આપજ છો.

नक्षत्रनेमिः (૪૪૦)-નેમિ=એટલે ધરી. સર્વ નક્ષત્રોને ધારણ કરનારા નેમિ પણ આપ છો. અર્થાત્ ધ્રુવ નક્ષત્ર પણ આપ છો.

नक्षत्री (૪૪૧)-નક્ષત્રપણાથી રહિત પૃથ્વી (ગ્રહ) પણ આપજ છો, અને નિરાકાર હોવા છતાં સાકારપણે ભાસો છો. પુનઃ નક્ષત્રોવાળા પણ આપજ છો. પુનઃ નક્ષત્ર એવા ચંદ્રમારૂપ પણ આપજ છો.

क्षमः (૪૪૨)-સર્વશક્તિમાન હોવા છતાં ક્ષમા કરનારા પણ આપ છો. પુનઃ સહન કરનારા તથા નિર્વૈર પણ આપજ છો.

क्षामः (૪૪૩)-ક્ષમાવાન પણ આપજ છો. સ્વરૂપસ્થિતિમાં રહેનારા પણ આપજ છો.

समीहनः (૪૪૪)-પ્રવૃત્તિમાન, ક્રિયાવાન અને વ્યવસાયી પણ આપજ છો. જોકે આપ સમપણે રહેલા છો તે છતાં વ્યક્તિભાવમાં આપ નિવૃત્તિ અને સમતાને કોરે મૂકીને જગતપ્રપંચમાં ગુંચાઈ રહેનારા છો તેથી આપ સમીહન એટલે સમતાને હણનારા છો.૪૭

यज्ञ इज्यो महेज्यश्च क्रतुः सत्रं सतांगतिः ।
सर्वदर्शी विमुक्तात्मा सर्वज्ञो ज्ञानमुत्तमम् ॥४८॥

यज्ञः (૪૪૫)-યજન-પૂજનમાં આપ શ્રેષ્ઠ યજ્ઞપૂજા છો. પુનઃ યજ્ઞપૂજન એજ આપનું સ્વરૂપ છે. પુનઃ જપયજ્ઞ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(નિર્ધૂમ યજ્ઞ) પણ આપજ છે અથવા અજપાજાપ પણ આપજ છે. પુનઃ શ્વાસોચ્છ્વાસરૂપ નિત્ય નિરંતર અગ્નિહોત્ર યજ્ઞ કરનારા પણ આપજ છે. પુનઃ શાસ્ત્રોમાં [1]શ્રૌત અને [2]સ્માર્ત, વર્ણન કરેલા યજ્ઞ પણ આપજ છે.

इज्यः (૪૪૬)–પૂજવા યોગ્ય, આરાધન કરવા યોગ્ય અને સેવ્ય દેવ પણ આપજ છે, દૃશ્ય જગતના કર્તા અને કારણ પણ આપજ છે.

महेज्यः (૪૪૭)–પૂજન કરવા યોગ્ય સર્વ દેવોમાં મહાન્ સમર્થ દેવ પણ આપજ છે. સર્વથી શ્રેષ્ઠ પૂજ્ય અને સેવ્ય દેવ પણ આપજ છે.

क्रतुः (૪૪૮)–જે યજ્ઞમાં યજ્ઞસ્તંભ ઉભો કરવામાં આવે છે એવો (ક્રતુ) યજ્ઞ પણ આપજ છે. પુનઃ યજ્ઞના કર્તા, યજ્ઞની ક્રિયા, મંત્રો, આહુતિઓ, ઔષધિઓ અને તેના હોતા પણ આપજ છે. પુનઃ "ब्रह्मार्पणं ब्रह्म हविः" એવી બ્રહ્મયજ્ઞ મૂર્તિ પણ આપજ છે.

सत्रम् (૪૪૯)–વેદોએ વર્ણન કરેલા એવા સત્રયજ્ઞરૂપ પણ આપજ છે. પુનઃ સંત–સાધુઓની રક્ષા કરનારા પણ આપજ છે. પુનઃ યજ્ઞની વેદીરૂપ પણ આપજ છે.

सतांगतिः (૪૫૦)–સંત લોકોની ગતિરૂપ પણ આપજ છે. પુનઃ આપનું નામસ્મરણ સદ્ગતિ કરનારૂં છે એ નિઃસંશય છે. પુનઃ સંત લોકોનો આધાર પણ આપજ છે. પુનઃ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે દશાનો અભાવ, અને ચોથી

૧. શ્રૌત એટલે શ્રુતિના કર્મકાંડ ભાગમાં વર્ણવેલા યજ્ઞો,
૨ સ્માર્ત એટલે સ્મૃતિશાસ્ત્રના કર્મકાંડ ભાગમાં વર્ણવેલા યજ્ઞો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉન્મુનિ દશાનો ભાવ અથવા ૐકારની બિંદુરૂપ અર્ધમાત્રાનો ભાવ, કે જે અસ્મિતા ભાવ છે. સત્તા સામાન્ય અથવા અમન દશા માત્રનો જ્ઞપ્તિત્વ ભાવ કે જે છેક છેલ્લી દશા છે તે સંત-જનોની સત્ય ગતિ છે અને તેજ મોક્ષધામ છે. પુનઃ માયિક પ્રપંચોથી મુક્ત થવું તેજ મોક્ષ છે. તેથી સંતજનોની નિર્વાણ ગતિ પણ આપજ છો. પુનઃ ગતિ એટલે સમજણ, જ્ઞાન, ગંત-વ્યસ્થાન, બળ, શક્તિ પણ આપજ છો.

सर्वदर्शी (૪૫૧)–સર્વને જોનારા પણ આપ છો. એકી-કાળે સર્વ જગત ઉપર નજર ફેરવી વાળનારા પણ આપ છો. પુનઃ એકીકાળે સર્વનો હાલ-હેવાલ જાણનારા પણ આપજ છો. સર્વના દ્રષ્ટા, ક્ષેત્રજ્ઞ અને સાક્ષી પણ આપજ છો. કારણ કે આપ સર્વના અંતર્યામી અને અંતરાત્મા છો. પુનઃ સર્વને રસ્તો દેખાડનારા તથા જ્ઞાન આપનારા પણ આપજ છો. પુનઃ મનમાં કરેલા ઉંડા વિચારો અને વાસનાઓને જાણનારા પણ આપજ છો.

विमुक्तात्मा (૪૫૨)–આપ નિત્ય મુક્ત છો; કારણ કે આપ સદા શુદ્ધ અને માયાતીત પદ છો. અનિર્વચનીય માયા આપના સ્વરૂપમાં કલ્પિત અને આરોપિત છે. પુનઃ આપ સ્વતઃ-સિદ્ધ અને માયિક પ્રપંચોથી રહિત સદા[1] મુક્ત છો.

---

૧. વિમુક્તાત્મા=વિશેષપણે મુક્ત. આત્મા તો નિત્યમુક્તજ છે, પણ જીવપણાનું મેલાણ કરવું એટલું જ બાકી છે, અને તે મેલાણ મનની સમજણમાં રહેલું છે. અનેક પ્રવૃત્તિઓ હોવા છતાં જે પોતાના મનને અનાસક્ત અને અલિપ્ત રાખે તે વિમુક્ત આત્મા છે. મન મરે તો મોક્ષ સ્વતઃસિદ્ધ છે. મનના સંકલ્પ-વિકલ્પ એજ સંસારપ્રપંચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सर्वज्ञः (૪૫૩)-સર્વને જાણનારા પણ આપજ છો. પુનઃ મન અને બુદ્ધિના સંકલ્પોને જાણનારા પણ આપજ છો. પુનઃ માયા-પ્રપંચ સર્વને જાણનારા પણ આપજ છો.

ज्ञानमुत्तमम् (૪૫૪)-જ્ઞાનમાં આપ ઉત્તમ જ્ઞાન છો. સર્વ પ્રાણીઓમાં જ્ઞપ્તિસ્વરૂપ જ્ઞાન પણ આપજ છો. નિજ જ્ઞાન પણ આપજ છો. અસ્મિતા જ્ઞાન પણ આપજ છો. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં અનુસ્યૂત રહેનારા પણ આપજ છો.૪૮

सुव्रतः सुमुखः सूक्ष्मः सुघोषः सुखदः सुहृत् ।
मनोहरो जितक्रोधो वीरबाहुर्विदारणः ॥४९॥

सुव्रतः (૪૫૫)-સારૂં વ્રત ધારણ કરનારા પણ આપ છો. પુનઃ ભક્તજનોને સર્વ ભયથી મુક્ત કરીને અભય કરનારા પણ આપ છો. પુનઃ નિત્યપ્રતિ અધ્યાત્મચિન્તનનું વ્રત પાળનારા પણ આપ છો.

सुमुखः (૪૫૬)-લીલાવતારમાં સુંદર મુખવાળા પણ આપજ છો. અધ્યાત્મજ્ઞાનનો ઉપદેશ કરીને મુખને શોભાવનારા પણ આપજ છો. સર્વને હિતોપદેશ કરનારા હોવાથી સુમુખ પણ આપજ છો.

सूक्ष्मः (૪૫૭)-સર્વત્ર સમાન વ્યાપક અને ચૈતન્ય આકાશરૂપ સૂક્ષ્મ આત્મતત્ત્વ પણ આપજ છો. પુનઃ અદૃશ્ય,

---

છે. મોક્ષ કોઇ સ્થળ નથી કે કોઈ સ્વરૂપ નથી કે તે પ્રાપ્ત કરવા માટે પુરુષપ્રયત્ન કરવાની જરૂર પડે. મનના સમાધાનમાં મોક્ષ વસે છે. જ્યાં સુધી કોયડો સમજાયો નથી ત્યાં સુધી મન દોડાદોડ કરે છે; સમજાયા પછી શમી જવામાં મોક્ષ નિત્યપ્રાપ્ત જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્ગુણ, નિરાકાર, અતીંદ્રિય, અગોચર અને અગમ્ય પણ આપજ છો. પુનઃ પરમાણુના પરમાણુ એટલે ઝીણામાં ઝીણા અને તેનાથી પણ ઝીણા સૂક્ષ્મતમ પણ આપજ છો.

सुघोषः (૪૫૮)–સારામાં સારા ધ્વનિરૂપ પણ આપજ છો. વેદોચ્ચાર–ઘોષ પણ આપજ છો.

सुखदः (૪૫૯)–પ્રાણીમાત્રને સુખ દેનારા પણ આપજ છો. પુનઃ સર્વના કલ્યાણકર્તા પણ આપજ છો. પુનઃ ભક્ત-જનોને સંકટોથી મુક્ત કરીને સુખપ્રાપ્તિ કરનારા પણ આપ-જ છો. પુનઃ પરમાનંદપ્રાપ્તિ પણ આપજ છો.

सुहृत् (૪૬૦)–સુહૃદ એટલે મિત્ર. સર્વનું ભલું કરનારા સર્વના સહોદર અને સર્વના સખા પણ આપજ છો. પુનઃ આપનું હૃદય સુંદર અને નિર્મળ છે. પુનઃ સર્વને ઉપકાર કર-નારા પણ આપજ છો.

मनोहरः (૪૬૧)–મનોહર એટલે મનનું હરણ કરનાર (આકર્ષણ કરનાર). લીલાવતારમાં ઘનશ્યામ સુંદર મૂર્તિ ધારણ કરનારા શ્રીકૃષ્ણ પણ આપજ છો. પુનઃ માયિક જ્ઞાનનું હરણ કરનારા અને સ્વાત્મજ્ઞાન સ્થાપન કરનારા પણ આપજ છો. પુનઃ પ્રિયતમપદ પણ આપજ છો. પુનઃ ભક્તયોગીના મનનું હરણ કરનારા પણ આપજ છો.

जितक्रोधः (૪૬૨)–ક્રોધને જીતનારા–ક્રોધના આવેશોને વશ કરનારા પણ આપજ છો. પુનઃ સહનશીલ પણ આપજ છો. પુનઃ ક્ષમાવાન પણ આપજ છો. પુનઃ સંગદોષ અને રાગદ્વેષને જીતનારા પણ આપજ છો, તેમજ નિર્વિકાર પદ પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वीरबाहुः (૪૬૩)-શૂરવીર બાહુવાળા પણ આપજ છો. આપના બાહુ અતિ પરાક્રમી છે. પુનઃ માયા દ્વારાએ અઘટ ઘટના કરવાને પણ આપજ સમર્થ છો. પુનઃ ત્રિલોકી પ્રપંચ-ને જીતનારા પણ આપજ છો.

विदारणः (૪૬૪)-નાશ કરનારા. અધર્મી, અન્યાયી, અભક્ત, નાસ્તિક, કપટી, કુસંગી, દુર્જન અને દૈત્યોનો નાશ કરનારા પણ આપજ છો. પુનઃ હિરણ્યકશિપુ દૈત્યને નખ વતી ચીરી નાખવાને માટે નૃસિંહ અવતાર ધારણ કરનારા પણ આપજ છો.૪૯

स्वापनः स्ववशो व्यापी नैकात्मा नैककर्मकृत् ।
वत्सरो वत्सलो वत्सी रत्नगर्भो धनेश्वरः ॥५०॥

स्वापनः (૪૬૫)-સ્વાપન=સુષુપ્તિવાળા-ગાઢ નિદ્રાવાળા, સર્વને મોહ, મૂર્ચ્છા તથા સ્વરૂપવિસ્મૃતિ કરનારા પણ આ-પજ છો. પુનઃ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણે દશામાં, અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાન, એ ત્રણે કાળમાં પોતાનું સ્વપણું જાળવી રાખનારા નિજાત્મપદ પણ આપજ છો, સદા ચતુર્થ ભૂમિકા તુર્યામાં રહેનાર જ્ઞાનસુષુપ્ત આપજ છો.

स्ववशः (૪૬૬)-પોતે પોતાને વશ રહેનારા દૃશ્ય જ-ગતને પોતાને આધીન રાખનારા પણ આપ છો. પુનઃ સ્વતંત્ર પણ આપજ છો.

व्यापी (૪૬૭)-વ્યાપક. દૃશ્યજગતમાં સર્વ પદાર્થોમાં બાહ્યાભ્યંતર વ્યાપી[1] રહેનારા પણ આપજ છો. પુનઃ દૃશ્ય

૧. વ્યાપ્ત=માયા ઉપાધિમાં વ્યાપી રહેવાથી ઈશ્વર અથવા (વિરાટ્ બ્રહ્માંડ) અને અવિદ્યા ઉપાધિમાં વ્યાપી રહેવાથી જીવ (પિંડ).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતીતિઓમાં મૂળ વસ્તુ અધિષ્ઠાન પણ આપજ છો.

नैकात्मा (૪૬૮)-અનેક આત્મા. આપ દેશ-કાળ-વસ્તુ-અપરિચ્છિન્ન હોવા છતાં, અને સજાતીય,[1] વિજાતીય[2] અને સ્વગત[3] ભેદરહિત અખંડ એક અદ્વૈત પરમ-આત્મા હોવા છતાં માયા અને અવિદ્યા ઉપાધિમાં વ્યક્તિમાન થવાથી જીવ અને જીવાભાસપણે આપ અનેકરૂપે જણાઓ છો. પુનઃ આપ એક હોવા છતાં (ઘટાકાશની પેઠે) અનેક પ્રાણીઓના જુદા જુદા આત્મા (જીવ)પણે જણાઓ છો.

नैककर्मकृत् (૪૬૯)-અનેક કાર્ય કરનારા નાના પ્રકારનાં અનેક કર્મો કરનારા પણ આપ છો. પુનઃ જપ-તપ-દાન, વ્રત-યાત્રા સંધ્યાવંદન આદિ ચિત્તશુદ્ધિ માટે કર્મો કરનારા તથા સકામ કર્મો કરનારા પણ આપ છો. પુનઃ અનેક વ્યક્તિઓનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લયરૂપ કર્મો (કર્મપ્રવાહ) ચલાવનારા પણ આપ છો.

वत्सरः (૪૭૦)-સર્વનો જેમાં નિવાસ છે એવા નિવાસ-સ્થાન પણ આપજ છો.

वत्सलः (૪૭૧)-પ્રેમ રાખનાર. દૃશ્યજગતને પોતાના અંશરૂપ ગણનારા પણ આપજ છો. પુનઃ ભક્તજનોને નિજ આત્મા ગણનારા પણ આપજ છો. પુનઃ ભક્તજનોને વત્સની પેઠે ચાહનારા પણ આપજ છો.

वत्सी (૪૭૨)-વાછરડાવાળા. વત્સવાળા પણ આપજ

---

૧ એક જાતના પેટા ભાગ.

૨ એકની એક જાત તો બીજાની બીજી જાત.

૩ સ્વગત=જેમ એક શરીરનાં જુદાં જુદાં અંગો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો. પુનઃ ભક્તવત્સલતાને લઇને ભૃગુલાંછનને ભૂષણરૂપ માનનારા પણ આપજ છો. પુનઃ લક્ષ્મીને ભૂષણરૂપ માનનારા પણ આપજ છો. પુનઃ વત્સોથી અલંકૃત પણ આપજ છો. પુનઃ બ્રહ્મયોનિ જગન્માતા પણ આપજ છો. પુનઃ પ્રજા સર્વ આપના વત્સરૂપ છે, તેથી વત્સી પણ આપજ છો. જગત સર્વ-નો પ્રજાવિસ્તાર કરનારા પણ આપજ છો. પુનઃ શ્રીકૃષ્ણાવતાર-માં વાછરડાની રક્ષા કરનારા અને વાછરડાંવાળા પણ આપજ છો. પુનઃ ભક્તજનોને વત્સની પેઠે પાળનારા પણ આપજ છો.

रत्नगर्भः (૪૭૩)-રત્ન છે ગર્ભમાં જેના. ગર્ભમાં રત્ન ધારણ કરનારા રત્નાકર સમુદ્રરૂપ પણ આપજ છો. પુનઃ રત્નના ગર્ભમાં તેના અંતરાત્માપણે પણ આપજ છો. પુનઃ રત્નમાં જે સાર વસ્તુ છે તે આપજ છો.

धनेश्वरः (૪૭૪)-ધનના ઈશ્વર. ધનવાનોના ઈશ્વર પણ આપજ છો. શ્રેષ્ઠ ધનવાન કુબેરરૂપ પણ આપજ છો.૫૦

धर्मगुब्धर्मकृद्धर्मी सदसत्क्षरमक्षरम् ।
अविज्ञाता सहस्रांशुर्विधाता कृतलक्षणः ॥५१॥

धर्मगुप् (૪૭૫)-ધર્મનું રક્ષણ કરનારા. ધર્મની રક્ષા કરનાર પણ આપ છો. પુનઃ ધર્મનું સંસ્થાપન કરનારા પણ આપ છો. પુનઃ ધર્મનું રહસ્ય જાણનારા પણ આપ છો.

धर्मकृत् (૪૭૬)-ધર્મને કરનારા. ધર્મ એજ આપની સાકાર મૂર્તિ છે. પુનઃ ધર્મની રક્ષા કરવા માટે આપ સગુણ સાકાર અવતારો ધારણ કરનારા છો.

धर्मी (૪૭૭)-ધર્મ જેનામાં છે એવા. આપજ ધર્મ-વાળા છો. ધર્મને ધારણ કરનારા છો. ધર્મકાર્યોમાં શ્રેષ્ઠ કર્મો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરનારા છો. પુનઃ ધર્મ એજ આપનો નિજસ્વભાવ અને ગુણ છે. અધર્મથી રહિત એવા પુણ્યસ્વરૂપ પણ આપજ છો.

सत् (૪૭૮)–સત્તારૂપ. આપ ત્રણે કાળમાં અને ત્રણે દશામાં સત્–અસ્તિત્વરૂપ છો. તેથી આપ સત્તાસામાન્ય અવિનાશી છો. પુનઃ 'અસ્મિ'પદ પણ આપજ છો. પુનઃ જગતના ઉપાદાનકારણ અને નિમિત્તકારણ પણ આપજ છો.

असत् (૪૭૯)–સત્તા વિનાના. માયાના આચ્છાદનમાં ઢંકાઈ રહેવાથી ચેતન હોવા છતાં જડ અને સ્થૂળદેહપણાની પ્રતીતિ કરનારા પણ આપ છો. પુનઃ જીવભાવ અને જગતભાવ મિથ્યા અને અસત્ છે એટલે જીવભાવ અને જગતભાવની પ્રતીતિઓ સર્વ માયિક હોવાથી અનિર્વચનીય અસત્ છે. પુનઃ માયા અનિર્વચનીય અસત્[1] છે, કારણ કે માયા અવસ્તુ છે તેથી માયિક પ્રતીતિઓ પણ અવસ્તુ છે, તેથી અસત્ છે. પુનઃ માયા અને અવિદ્યાવિશિષ્ટ જો કે સાપેક્ષિક[2]

---

૧. અસત્ એટલે જે ત્રણે કાળમાં સત્ નથી તે અસત્ અને જે ત્રણે કાળમાં સત્ છે તે સત્. સચ્ચિદાનંદ આત્મા ત્રણે કાળમાં સત્ છે. નામરૂપ માયા ત્રણે કાળમાં નથી તેથી તે અસત્ છે; અને અસત્ છે તો પણ તે સત્ય અધિષ્ઠાનને આશ્રયે રહેલી છે તેથી સત્ જેવો ભાસ કરાવે છે–એટલે કે સત્ અસત્થી વિલક્ષણ અનિર્વચનીય કલ્પનારૂપ સંકલ્પ અથવા સંભ્રમરૂપ છે; સંભ્રમપ્રતીતિઓ પણ અધિષ્ઠાનરૂપજ છે, તેથી અસત્ તે પણ અધિષ્ઠાન, અને સત્ તે પણ અધિષ્ઠાન અર્થાત્ સત્ અને અસત્ એ ઉભયને આશ્રય આપનારી જે તત્ત્વવસ્તુ તે આપ છો.

૨ સાપેક્ષિક=એકની અપેક્ષાએ એક સત્ એટલે જો જીવ (કાર્ય) સત્ય છે તો ઈશ્વર (તેના કર્તા કારણ) સત્ય છે. જો કાર્યજ ન હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્ છે તો પણ આપના સત્-ચિત્ અને આનંદ અવિકારી અધિષ્ઠાનપદને લઇને તે મિથ્યા અને અસત્ છે; અથવા તો મિથ્યા માયિક, અનિર્વચનીય પ્રતીતિરૂપ છે. અનિર્વચનીય એટલે સત્ અસત્થી વિલક્ષણ; જેમ સ્વપ્ન. સ્વપ્ન સંસાર-દશામાં સત્યના જેવો અનુભવ કરાવે છે, તે પ્રમાણે સત્યના જેવો જગત-સંસારનો અનુભવ કરાવનાર તેને અનિર્વચનીય માયા કહે છે, કે જે સત્ય કે અસત્ય કહી જતી નથી. વંધ્યા-પુત્ર સંજ્ઞા અસત્પણાની સંજ્ઞા છે.

क्षरम् (૪૮૦)-નાશવંત. આપના અવિકારી પદમાં જીવ-પણાની અને ઈશ્વરપણાની પ્રતીતિ માયિક છે તેથી ક્ષરરૂપ છે. માયિક પ્રતીતિઓ સર્વ મિથ્યા અને વિનાશી છે.

अक्षरम् (૪૮૧)-નાશ ન થાય તે. આપ અક્ષર-નાશ-રહિત-અવિનાશી પદ છો. અચળ અને અક્ષર ધામ છો. અન્ય અક્ષર ધામો સાપેક્ષિક અક્ષર છે, અને આપ નિરપેક્ષિક સત્ય અક્ષર ધામ છો. પુનઃ કૂટસ્થ આત્મા પણ આપજ છો.

अविज्ञाता (૪૮૨)-ન જાણનારા, અથવા અજ્ઞાની, અથ-વા અલ્પજ્ઞ પણ આપજ છો; કારણ કે અવિદ્યામાં જીવપણું થવાથી આપની ઉપાધિ જ્ઞાનની આડે આવે છે, તેથી આપનું

તો કર્તા કારણ કોનું કહેવું ? વંધ્યાપુત્રના દૃષ્ટાંતમાં જેમ પુત્રપણુંજ નથી તો પછી પિતાપણું શેનું ? તે પ્રમાણે સિદ્ધાંતમાં પારમાર્થિક સત્તા લેખે (વિભુ, અસ્તિત્વ) તત્ત્વમાં અવિકારીપણું હોવાથી જીવપણું, જગતપણું, કર્તા, કાર્ય અને કારણપણું, સર્વ અસત્ છે. વ્યાવહારિક સત્તા લેખે તે સર્વ સ્વપ્નરચના જેવું અનિર્વચનીય છે, અને પ્રાતિ-ભાસિક સત્તા લેખે તે સર્વ (પ્રાતિભાસિક) સત્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાનસ્વરૂપ પ્રગટ જણાતું નથી, જેમ સૂર્ય વાદળથી ઢંકાએલો રહે તેમ, અપ્રગટ રહો છો.

सहस्रांशुः (૪૮૩)-હજાર કિરણવાળા. હજારો કિરણવાળા સૂર્ય પણ આપજ છો. દેશ, કાલ, વસ્તુ અપરિચ્છિન્ન અને સજાતીય-વિજાતીય તથા સ્વગતભેદરહિત અખંડ એક અદ્વૈત છો, તોપણ માયા અને અવિદ્યા ઉપાધિને લઇને આપ અસંખ્ય રૂપ હો, એમ જણાઓ છો; અવિભક્ત હોવા છતાં વિભક્ત (ખંડાકાર) થયેલા જણાઓ છો. પુનઃ હજારો, કરોડો, અસંખ્ય અણુઅંશોના આપ એક સમષ્ટિરૂપ છો. એટલે વિરાટ્-સ્વરૂપ છો.

विधाता (૪૮૪)-ઉત્પન્ન કરનાર. જગત સર્વને વિશેષે કરીને ઉત્પન્ન કરનારા પણ આપજ છો. પાલન કરનારા પણ આપજ છો. પુનઃ વિધિનો લેખ એટલે પ્રારબ્ધરચના કરનારા પણ આપજ છો. પુનઃ પ્રારબ્ધને માટે આગળ આગળથી ગોઠવણ કરી રાખનારા પણ આપજ છો.

कृतलक्षणः (૪૮૫)-ધારણ કરેલા ચિહ્નવાળા. શાસ્ત્રોની રચના કરનારા આપ છો. તેમજ શ્રીવત્સ અને ભૃગુલાંચ્છન ધારણ કરનારા ભક્તવત્સલ ભગવાન પણ આપજ છો. ૫૧

गभस्तिनेमिः सत्वस्थः सिंहो भूतमहेश्वरः ।
आदिदेवो महादेवो देवेशो देवभृद्गुरुः ॥५२॥

गभस्तिनेमिः (૪૮૬)-કિરણ જેના કર છે એવા. સૂર્ય અને ચંદ્રનાં કિરણોરૂપી અસંખ્ય હસ્તોવાળા પણ આપ છો. પુનઃ સૂર્ય અને ચંદ્રના નિયંતા તથા નિયામક પણ આપજ છો.

सत्वस्थः (૪૮૭)-સત્વમાં સ્થિતિ કરનારા. સત્વગુણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદા સ્થિતિ કરનારા પણ આપજ છો. પુનઃ સત્વના સત્વ પણ આપજ છો. પુનઃ નિર્વાસનિક સ્થિતિ કરનારા પણ આપજ છો.

सिंहः (૪૮૮)–પશુઓમાં સર્વ કરતાં પરાક્રમી સિંહ તે પણ આપ છો. નૃસિંહ અવતાર ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ મનુષ્યોમાં સિંહ જેવા પરાક્રમી પણ આપજ છો.

भूतमहेश्वरः (૪૮૯)–પ્રાણીમાત્રના મોટા ઈશ્વર. સર્વ ભૂતોના અને પ્રાણીમાત્રના મોટા ઈશ્વર પણ આપજ છો. સર્વના કારણ પણ આપજ છો.

आदिदेवः (૪૯૦)–પ્રથમ દેવ પણ આપજ છો. પુનઃ દેવસંજ્ઞાની પૂર્વમાં આપજ દેવસંજ્ઞાવાળા છો. પુનઃ સર્વના પ્રથમ અને મુખ્ય દેવ પણ આપજ છો.

महादेवः (૪૯૧)–દેવોના મોટા દેવ પણ આપજ છો. સર્વત્યાગી અને સર્વાતીત પદ પણ આપજ છો. પુનઃ દેવથી માંડીને પ્રાણીમાત્રમાં ક્રીડા કરનાર પણ આપજ છો.

देवेशः (૪૯૨)–દેવના ઈશ્વર. દેવોના નિયંતા પણ આપ છો. ઇંદ્રિયોના દેવતાઓને સ્વાધીન રાખનારા પણ આપજ છો.

देवभृद्गुरुः (૪૯૩)–દેવોને ધારણ કરનારા તેમજ ગુરુ. દેવોનું ભરણ–પોષણ કરનારા એવા જે ઇંદ્ર અને તેમના ગુરુ બૃહસ્પતિરૂપ પણ આપ છો. પુનઃ આપ દેવના પણ દેવ છો અને ગુરુના પણ ગુરુ છો.૫૨

उत्तरो गोपतिर्गोप्ता ज्ञानगम्यः पुरातनः ।
शरीरभूतभृद्भोक्ता कपीन्द्रो भूरिदक्षिणः ॥५३॥

उत्तरः (૪૯૪)–પાર ઉતારનારા. ઉત્તર દેશ અને ઉત્તર દિશા પણ આપ છો. પુનઃ પ્રશ્નના ઉત્તરરૂપ પણ આપ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુનઃ પૂર્વ અને ઉત્તરકાળમાં ઉત્તરકાળ અથવા પાછળનો કાળ પણ આપજ છો. પુનઃ ઉત્તર એટલે ઉતારનારા. ભવસાગરની પેલી પાર ઉતારનારા પણ આપજ છો. પુનઃ સર્વ તત્ત્વોમાં શ્રેષ્ઠ તત્ત્વ પરમાત્મતત્ત્વ પણ આપજ છો.

गोपतिः (૪૯૫)–ગાયોના પતિ, ઇંદ્રિયોના સ્વામી અને ઇંદ્રિયોનું રક્ષણ કરનારા પણ આપ છો. પુનઃ પૃથ્વીના સ્વામી, ગાયોના સ્વામીઅને બ્રહ્મવિદ્યાના સ્વામી એવા શ્રીકૃષ્ણાવતાર પણ આપજ છો.

गोप्ता (૪૯૬)–રક્ષણ કરનારા. ધર્મનું રક્ષણ કરનારા આપજ છો. ભક્તજનોનું રક્ષણ કરનારા પણ આપજ છો. ધર્મના રહસ્યરૂપ પણ આપ છો. પુનઃ સર્વનું રક્ષણ કરનારા પણ આપજ છો.

ज्ञानगम्यः (૪૯૭)–જ્ઞાનથી દેખાતા. આપ અગમ્ય હોવા છતાં જ્ઞાન દ્વારાએ જાણી શકાઓ છો. સર્વ જ્ઞાનના લક્ષ્યાર્થરૂપ પણ આપજ છો.

पुरातनः (૪૯૮)–જૂના. સર્વ કરતાં જૂના પણ આપજ છો. પુરાણ પુરુષ પણ આપજ છો. પુરાતન એટલે આખાતન, એટલે આપની આખી આકૃતિ શરીર આકૃતિ છે, એટલે આપ મનુષ્યાકૃતિ છો.

शरीरभूतभृद् (૪૯૯)–શરીરને ઉત્પન્ન કરીને પોષણ કરનારા તથા સર્વ શરીરોનું ભરણ–પોષણ કરનારા તથા સર્વ શરીરોરૂપે પણ આપજ છો. પુનઃ ભૂત અને ભૌતિક શરીરોરૂપે પણ આપજ છો.

भोक्ता (૫૦૦)–ભોગવનારા. સર્વનો ઉપભોગ કરનારા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આપજ છો. પુનઃ કર્મકર્તા અને ફળભોક્તા તથા પુનરાવૃત્તિભોક્તા એવા જીવ પણ આપજ છો. પુનઃ દ્રષ્ટા અને સાક્ષીપદ હોવાથી મહાન ભોક્તા પણ આપજ છો.

कपीन्द्रः (૫૦૧)-હનુમાનના સ્વામી. કપિ એવા વાનર-સૈન્યના ઈંદ્ર એટલે ઈશ્વર. શ્રીરામ અવતાર અને વરાહ અવતાર પણ આપજ છો.

भूरिदक्षिणः (૫૦૨)-ઘણી દક્ષિણાવાળા. યજ્ઞોમાં બ્રાહ્મણોને મોટી મોટી દક્ષિણાઓ આપનારા પણ આપજ છો.૫૩

सोमपोऽमृतपः सोमः पुरजित्पुरुसत्तमः ।
विनयो जयः सत्यसंधो दाशार्हः सात्वतांपतिः ॥५४॥

सोमपः (૫૦૩)-સોમવલ્લીનું પાન કરનારા. યજ્ઞમાં સોમવલ્લીનું પાન કરનારા પણ આપજ છો. પુનઃ દૃશ્ય જગતનો લય કરીને સ્વરૂપમગ્ન રહેનારા પણ આપજ છો.

अमृतपः (૫૦૪)-અમૃતનું પાન કરનારા. સમુદ્રમંથન વેળા દેવોને અમૃતનું પાન કરાવનારા વિષ્ણુ અવતાર પણ આપજ છો અને અમૃતનું પાન કરનારા પણ આપજ છો.

सोमः (૫૦૫) ચંદ્ર. સોમવલ્લી પણ આપજ છો, પુનઃ અમૃતસ્રાવી ચંદ્ર પણ આપજ છો. પુનઃ સ્વરૂપનિષ્ઠારૂપ અમૃત પણ આપજ છો.

पुरजित् (૫૦૬)-નગરને જીતનારા. દેહરૂપી પુરમાં પુરાઇ રહેવાથી દેહમાં દેહાભિમાન કરનાર દૈત્યોને એટલે આસુરી સંપત્તિઓને બ્રહ્માસ્મિ લક્ષ્યથી જીતનારા પણ આપ છો. પુનઃ દેહનું લાલન-પાલન કરવામાં દેહાધ્યાસથી પુનરાવૃત્તિમાં ગુંચાઇ રહેનારા જીવ પણ આપજ છો. પુર જીતનારા હોવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં પુરે[1] આપને જીતેલા એવા આપજ છો, પુનઃ ત્રિપુરાસુરનાં[2] ત્રણ[3] નગરો જીતનારા પણ આપજ છો.

पुरुसत्तमः (૫૦૭)-પુરમાં ઉત્તમ. પુરોમાં શ્રેષ્ઠ પુર. સ્વર્ગ; વૈકુંઠ અને પિંડબ્રહ્માંડ પણ આપજ છો, તેથી આપજ વિશ્વરૂપ પુર છો.

विनयः (૫૦૮)-વિશેષ નિયમવાળા. વિશેષ કરીને સર્વને નિયમમાં રાખનારા પણ આપ છો, પુનઃ સર્વને શાસન-શિક્ષા કરીને નમ્ર અને આધીન કરનારા પણ આપ છો. પુનઃ સર્વના નિયામક પણ આપજ છો.

जयः (૫૦૯)-વિજય. વિજયમૂર્તિ પણ આપજ છો. સર્વને જીતનારા પણ આપ છો. પુનઃ અવિદ્યામાં વિદ્યાપદ પણ આપ છો. દેહોઽસ્મિમાં બ્રહ્માસ્મિપદ પણ આપજ છો.

सत्यसंघः (૫૧૦)-સત્ય પ્રતિજ્ઞાવાળા, સત્યને સંઘરનારા અને અસત્યનો ત્યાગ કરનારા એવા સત્ય પ્રતિજ્ઞાવાળા દૃઢ સંકલ્પરૂપ પણ આપજ છો.

दाशार्हः (૫૧૧)-દાશાર્હ કુળમાં જન્મેલા (કૃષ્ણાર્પણ) દાન માત્રને લેનારા પણ આપજ છો. પુનઃ દાશાર્હકુળમાં જન્મ ધારણ કરનારા એવા શ્રીકૃષ્ણ ભગવાન પણ આપજ છો.

सात्वतांपतिः (૫૧૨)-સાત્વતકુળના પતિ. સત્વગુણી કુળમાં જન્મ લેનારા પણ આપજ છો. સત્વગુણી ભક્તજનો-

---

૧ પુર=શરીરરૂપ નગરી અને તેનો અધ્યાસ.

૨ ત્રિપુરાસુર એવો દેહાભિમાની જીવ.

૩ ત્રણ નગરો એટલે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ. એ ત્રણ સ્થિતિઓરૂપ ત્રણ નગરો જીતનારા એટલે સ્વરૂપે જ્ઞાનજાગ્રત રહેનારા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના યોગ-ક્ષેમ કરનારા પણ આપજ છો. પુનઃ સાત્વતકુળના પતિ એવા શ્રીકૃષ્ણ પણ આપજ છો. ૫૪

जीवो विनयिता साक्षी मुकुन्दोऽमितविक्रमः ।
अंभोनिधिरनंतात्मा महोदधिशयोंऽतकः ॥५५॥

जीवः (૫૧૩)-જીવ. જીવ એટલે જાણનાર પણ આપ છો. ક્ષેત્રજ્ઞ પણ આપ છો. દૃશ્યને જાણનાર દ્રષ્ટા અને સાક્ષી પણ આપ છો. અનાત્મા (જડ દેહ) ને આત્મા જાણનાર પણ આપ છો. પુનઃ વાસનાયુક્ત થવાથી પુનરાવૃત્તિઓ કરનારા પણ આપ છો. પુનઃ સમષ્ટિજીવ અને વ્યષ્ટિજીવ અથવા જીવ અને જીવાભાસ પણ આપજ છો. પુનઃ અવિદ્યા, કર્મ અને વાસનાગ્રસ્ત થઈને ત્રણે કાળમાં આવર્તન-પરિવર્તન કરનારા જીવ પણ આપજ છો. પુનઃ જીવ અને જીવાભાસોમાં અહં-પણાની પ્રતીતિ કરનારા પણ આપજ છો. પુનઃ બિંબ અને પ્રતિબિંબ સર્વ આપજ છો. પુનઃ સર્વને જીવાડનારા છો તેથી આપને જીવ 'સંજ્ઞા' આપવામાં આવે છે. પુનઃ અવિદ્યા અને માયા ઉપહિત[1] અથવા [2]વ્યાપ્ય અને [3]વ્યાપક ચેતન એવા જીવ અને ઈશ્વર પણ આપજ છો. પુનઃ કર્મકર્તા અને કર્મ-ફળભોક્તા જીવ પણ આપજ છો. પુનઃ જાગ્રત, સ્વપ્ન અને

---

૧ ઉપહિત=ઉપાધિના અંદર અને બહાર સર્વત્ર (ચારે તરફ) વ્યાપક. જેમકે મહદાકાશ.

૨ વ્યાપ્ય=માત્ર ઉપાધિમાંજ વ્યાપક; જેમકે-ઘટાકાશ અને મહાકાશ, તેમ જીવ અને ઈશ્વર.

૩ વ્યાપક=ઉપાધિની અંદર, બહાર અને ચારે તરફ વ્યાપક; જેમકે મહદાકાશ તેમ તત્ત્વ બ્રહ્મ, સર્વત્ર વ્યાપક ચેતન, ચિદાકાશ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુષુપ્તિ, એ ત્રણે દશામાં અને આ લોક, પરલોક તથા અપવર્ગ ગતિમાં તેમજ ભૂ:, ભુવ:, સ્વ: એ ત્રણે લોકગતિમાં અસ્તિત્વ-પણે રહેનારા પણ આપજ છો.

विनयितासाक्षी (૫૧૪)-વિનયમાં રાખનારા અને જોનારા. વિનયિતા એટલે ભક્તિભાવ જોનારા પણ આપ છો. પુન: અંત-રની ભાવના જોનારા પણ આપ છો. પુન: સર્વના દ્રષ્ટા અને સાક્ષી પણ આપ છો. તેથી વિનય કે અવિનય, સાચું કે જૂઠું, ભાવ કે અભાવ તે પારખી લેનારા પણ આપ છો. પુન: સાચા ભાવિક ભક્તજનોને સદ્ગતિ આપનારા પણ આપજ છો.

मुकुन्दः (૫૧૫)-મુકાવનારા. મનુષ્યોને સંસારબંધન-થી મુકાવનારા અને મોક્ષપદ આપનારા પણ આપજ છો.

अमितविक्रमः (૫૧૬)-અમાપ પરાક્રમવાળા. આપનાં ચરિત્રો અને પરાક્રમો અમાપ અને અખૂટ છે. આપના ગુણ અને માહાત્મ્ય અપાર છે.

अंभोनिधिः (૫૧૭)--જળનો ભંડાર. દરિયા જેવા અપાર સંસારસાગરરૂપ પણ આપ છો.

अनंतात्मा(૫૧૮)-અનંત આત્માવાળા. ઘટાકાશ, મઠા-કાશ અને મહદાકાશની પેઠે જીવ, ઈશ્વર, બ્રહ્મ અને જીવા-ભાસરૂપે આપ અનંત છો. અનંત હોવા છતાં સર્વમાં અં-તરાત્માપણે અખંડ એક અદ્વૈત મૂર્તિરૂપ છો. પુન: દેશકાળ અને વસ્તુપરિચ્છેદથી રહિત છો. પુન: અનાત્મ (જડ) પણાથી રહિત એવા આત્મવસ્તુ છો.

महोदधिशयः (૫૧૯)-મહાસાગરમાં શયન કરનારા. શાંતિરૂપી મહાસાગરમાં શયન કરનારા પણ આપજ છો. પુન:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાગ્રત એટલે જ્ઞાનજાગ્રતમાં एकोऽहं પદમાં સ્થિતિ કરનારા પણ આપ છો.

अन्तकः (૫૨૦)–અંતકરૂપ. દૃશ્ય જગતનો અંત કરનારા પણ આપ છો. પુનઃ સર્વના કાળ પણ આપજ છો. પુનઃ સ્વરૂપ-સ્થિતિ કરીને સર્વનો લય કરનારા પણ આપજ છો.૫૫

अजो महार्हः स्वाभाव्यो जितामित्रः प्रमोदनः ।
आनंदो नंदनो नंदः सत्यधर्मा त्रिविक्रमः ॥५६॥

अजः (૫૨૧)–જન્મરહિત. જન્મથી રહિત પણ આપજ છો. જગતકર્તા બ્રહ્મા પણ આપજ છો. પુનઃ જન્મથી રહિત છો તેથી મૃત્યુથી પણ રહિત છો અને તેથી અવિનાશી અમર પણ આપજ છો. કારણ કે આપ સદા અવિકારી છો. પુનઃ અજ–અ એટલે નહિ અને જ એટલે જન્મવું. પુનઃ ષડ્વિકાર અને ષડ્ [1]ઊર્મિથી રહિત પણ આપજ છો.

महार्हः (૫૨૨)–મોટી પૂજાને યોગ્ય. મહાન પૂજ્ય અને સેવ્ય દેવ પણ આપજ છો. પુનઃ સર્વ દેવોના આત્મા પણ આપજ છો.

स्वाभाव्यः (૫૨૩)–પોતાની મેળે ઉત્પન્ન થનારા. સ્વતઃ-સ્વભાવથી પ્રગટ થનારા પણ આપજ છો. આવરણ–આચ્છાદન દૂર કરીને સ્વયંજ્યોતિ પ્રકાશ કરનારા આત્મજ્યોતિ

૧ ઊર્મિ=ભાવ, ઇચ્છા. અહં આદિ ષડ્ ઊર્મિરહિત આપ છો; અહંકાર એટલે હું છું એવી વ્યક્તિપ્રતીતિ અથવા જાણ. અને એવી જાણ જ્યાં સુધી જીવને રહે ત્યાં સુધી જીવને સંકલ્પ–વિકલ્પ, આવર્તન, પરિવર્તન અને પુનરાવૃત્તિ થતી અટકતી નથી. હું છું એવી પ્રતીતિના અભાવમાં તે અટકે છે, આત્મા ઊર્મિરહિત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આપજ છે. પુનઃ સર્વના કર્તા આપજ છે. આપનો કોઇ કર્તા નથી તેથી કાર્ય અને કારણભાવથી રહિત સ્વભાવસિદ્ધ [1]एकोऽहं છે. પુનઃ માયાસહિત પણ આપજ છે.

जितामित्रः (૫૨૪)-શત્રુને જીતનારા. અમિત્ર (શત્રુ) એવી આસુરી સંપત્તિઓને જીતનારા પણ આપજ છે. પુનઃ કામ-ક્રોધાદિ અંતરશત્રુઓને જીતનારા પણ આપજ છે.

प्रमोदनः (૫૨૫)-આનંદ આપનારા. પ્રિય-મોદ અને પ્રમોદ એવા આનંદતમ અત્યંત સ્વરૂપાનંદ કરનારા તથા આત્મજ્ઞાનીઓને સ્વરૂપાનંદ કરાવનારા પણ આપજ છે.

---

૧ અવ્યક્ત અને નિષ્ક્રિય-નિર્ગુણ, નિરાકાર અને સક્રિય વ્યક્તિમાન સગુણ સાકાર આપોઆપ પ્રકટ થનારા એવા. અનિર્વચનીય દૈવી માયાશક્તિ અને સત્-ચિત્-આનંદ, અથવા અસ્તિ, ભાતિ અને પ્રિય એવી ચૈતન્યશક્તિ આત્મા, અને અનાત્મતત્ત્વ એ ઉભયના સંયોગમાં ત્રીજી કારકશક્તિ ઇશ્વરશક્તિ આપોઆપે પ્રગટ થાય છે. જેમકે (પોઝિટીવ પાવર) હકારશક્તિ, અને (નેગેટીવ પાવર) નકારશક્તિ એ ઉભયના સંયોગમાં ત્રીજી શક્તિ વિદ્યુત્ આપોઆપે પ્રગટ થાય છે, તે પ્રમાણે સર્વજ્ઞ અને સર્વશક્તિમાન ઇશ્વરતત્ત્વ બ્રહ્મતત્ત્વમાંથી આપોઆપે પ્રગટ થાય છે. અને તેનો દ્વિધા પ્રકૃતિ સ્વભાવ છે. એક અપર પ્રકૃતિ, અને બીજી પરપ્રકૃતિ છે. પરપ્રકૃતિ નામરૂપાત્મક શરીરો અને દૃશ્યજગત આકાર થાય છે, અને અપર પ્રકૃતિ જીવ આકાર એટલે ક્ષેત્રજ્ઞરૂપ થાય છે. માયાના સંયોગે સમષ્ટિ ઇશ્વરનો અણુ અંશ વ્યષ્ટિજીવ અવિદ્યાને લઇને જો કે ભવાટવીમાં પુનરાવૃત્તિઓ કર્યા કરે છે, તો પણ તે ઇશ્વરની પેઠે સનાતનતત્ત્વ બ્રહ્મ છે. જીવ, ઇશ્વર અને જગત થવા છતાં અવિકારી, અવિનાશી, નિત્ય, નિરંતર, અચળ અને સ્વસ્વરૂપે રહેનારા પણ આપજ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आनंदः (૫૨૬)–આનંદ આપનારા. મનનું સુખ અને મનનો હર્ષ તથા ઉલ્લાસ પણ આપજ છો. પુનઃ આનંદમૂર્તિ પણ આપજ છો. જગત આપનો [1]વિવર્તવિલાસ છો.

नंदनः (૫૨૭)–નંદન એટલે આનંદરૂપ. સર્વને પ્રસન્ન કરનારા પણ આપજ છો. પુનઃ નંદનંદન પણ આપજ છો.

नंदः (૫૨૮)–સંપત્તિ. આનંદ ઉપજાવનારી સંપત્તિવાળા એવા નંદ પણ આપજ છો. પુનઃ [2]નંદ, નંદન અને આનંદ એ સર્વ આપજ છો. પુનઃ નવ નંદોમાં નંદરાય પણ આપજ છો.

सत्यधर्मा (૫૨૯)–સત્ય ધર્મવાળા. સત્ય એજ આપનો ધર્મ છે. પુનઃ સાચા ધર્મવાન એટલે સત્ય પ્રતિજ્ઞાવાળા પણ આપજ છો. પુનઃ સત્ય એજ આપની સત્યતા છે. પુનઃ સ્વ-પદ અને સ્વજ્ઞાન એજ આપનો સત્ય ધર્મ છે.

त्रिविक्रमः (૫૩૦)–ત્રણ પગલાં ભરનારા. ત્રણ ક્રમ ઉત્પત્તિ, સ્થિતિ અને લય; જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ; આ લોક, પરલોક અને અપવર્ગ; જીવ, ઈશ્વર અને તત્ત્વબ્રહ્મ; પારમાર્થિક, વ્યાવહારિક અને પ્રાતિભાસિક સત્તા; વ્યક્ત, અવ્યક્ત અને સનાતન; ભૂઃ ભુવઃ સ્વઃ; બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર; એવા ત્રણ ક્રમને કરનારા પણ આપજ છો. પુનઃ ત્રણ પગલાંથી ત્રિલોકી જગતને માપી લેનારા શ્રી વામન અવતારધારી પણ આપજ છો.૫૬

---

૧ આવર્તન, પરિવર્તન અને પુનરાવર્તિવિનોદ.

૨ નંદ=આનંદ ઉપજાવનાર, નંદન=આનંદ આપનાર, આનંદ=આનંદ દેનારા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

महर्षिः कपिलाचार्यः कृतज्ञो मेदिनीपतिः ।
त्रिपदस्त्रिदशाध्यक्षो महाशृङ्गः कृतांतकृत् ॥५७॥

महर्षिः कपिलाचार्यः (૫૩૧)–મોટા ઋષિ કપિલાચાર્ય પણ આપજ છે. પુનઃ સાંખ્યશાસ્ત્રના કર્તા કપિલ મુનિ પણ આપજ છે.

कृतज्ञः (૫૩૨)–કરેલાંને [૧]જાણનાર. વ્યક્તિ જીવોનાં મન વાણી અને કાયાથી કરેલાં કર્મોને જાણનાર પણ આપજ છે. આપને ઉદ્દેશી કરેલાં કાયિક, વાચિક અને માનસિક કર્મો તથા ક્રિયામાત્રને જાણનારા પણ આપજ છે.

मेदिनीपतिः (૫૩૩)–મેદિની=પૃથ્વી. આખી પૃથ્વીના તથા પૃથ્વીના કાર્યરૂપ સર્વ શરીરોના આપજ સ્વામી છે. પુનઃ માંસમય પિંડને પવિત્ર કરનારા પણ આપજ છે.

त्रिपदः (૫૩૪)–ત્રણ પગવાળા. આપને ત્રણ પાદ છે. ૐકારના અ, ઉ અને મ્ એવી ત્રણ માત્રારૂપ પાદ છે. વેદોનાં ઋક્, સામ અને યજુસ્, એવા ત્રણ પાદ છે. અવસ્થામાં જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ; લોકમાં ભૂઃ ભુવઃ સ્વઃ; આ લોક, પરલોક અને અપવર્ગ; ગુણમાં રજસ્, તમસ્ અને સત્વ; સત્તામાં પારમાર્થિક, વ્યાવહારિક અને પ્રાતિભાસિક; દેવમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર, એ ત્રણ પાદવાળા આપજ છે. પુનઃ કર્તા, કર્મ અને ક્રિયા; જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય; એ ત્રિપુટીરૂપે

---

૧. કૃતજ્ઞ=કરેલા ગુણને જાણનાર. કૃતઘ્ન=કરેલા ગુણને ભૂલી જનાર, ગુરુ ઈશ્વર અને અધ્યાત્મશાસ્ત્રની કૃપાથી જિજ્ઞાસુઓને સ્વરૂપજ્ઞાન થાય છે. તેથી તે ત્રણેનો ઉપકાર માનીને તેમની નિરંતર સેવા કરનાર તે કૃતજ્ઞી, અને તેમની સેવા ન કરનાર તે કૃતઘ્ની કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણ પાદવાળા પણ આપજ છે.

त्रिदशाध्यक्षः (૫૩૫)–ત્રિદશ અધ્યક્ષ. ત્રિદશ=ત્રીસ અને સત્વ, રજ તથા તમ મળીને તેત્રીસ કોટી દેવતાઓના અધ્યક્ષ પણ આપજ છો. પુનઃ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણે દશાના અધ્યક્ષ આત્મા આપ છો.

महाशृङ्गः (૫૩૬)–મોટાં શિંગડાંવાળા. મસ્તક ઉપર મોટાં શિંગ ધારણ કરનારા એવા મત્સ્યાવતાર લેનારા પણ આપ છો. પુનઃ ૐકારના મસ્તક ઉપર શિંગડા જેવી અર્ધ-ચંદ્રાકાર બિંદુ માત્રા ધારણ કરનાર પણ આપ છો. પુનઃ અહંકારરૂપી શૃંગ ધારણ કરનાર પણ આપ છો.

कृतांतकृत् (૫૩૭)–કૃતાંત એટલે કાળ તેને કરનારા. કૃત એટલે કરેલી સૃષ્ટિરચનાનો અંત કરનારા પણ આપ છો. પુનઃ મહાપ્રલયકાળે કાળના પણ કાળ આપજ છો.૫૭

महावराहो गोविन्दः सुषेणः कनकांगदी ।
गुह्यो गभीरो गहनो गुप्तश्चक्रगदाधरः ॥५८॥

महावराहः (૫૩૮)–વરાહ અવતાર. અસુરોની પાસેથી પૃથ્વી પાછી લાવનારા મહાવરાહ અવતાર લેનારા પણ આપ-જ છો. પુનઃ [1]યાવત્ શ્રૌત યજ્ઞના શરીરરૂપ મહાવરાહ પણ આપજ છો.

गोविन्दः (૫૩૯)–ગો એટલે વેદ અને વિદ્-જાણવું. એટલે વેદદ્વારાએ જણાતા. ગો એટલે ઇંદ્રિયો, અને ગો એટલે પૃથ્વી અને પૃથ્વીના કાર્યરૂપ ભૌતિક શરીરને જાણનારા

૧ જેટલા જેટલા છે તેટલા બધા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષેત્રજ્ઞ પણ આપ છો. પુનઃ શ્રીકૃષ્ણાવતારમાં ગોપનો સ્વાંગ લેનારા અને ગાયોને જાણનારા પણ આપ છો. પુનઃ ગો એટલે બ્રહ્મવિદ્યા તેને યથાવત્ જાણનારા આપ છો. પુનઃ બ્રહ્મવિદ્યા દ્વારાએ આપ જાણી શકાઓ છો.

सुषेणः (૫૪૦)–સારી સેનાવાળા–સુંદર સેનાવાળા પણ આપ છો. પુનઃ દૈવી સંપત્તિઓરૂપ સૈન્યવાળા પણ આપજ છો.

कनकांगदी (૫૪૧)–કનક એટલે સોનું અને અંગદ–બાજુબંધ. માયાવતારમાં સુવર્ણના બાજુબંધ ધરનારા પણ આપ છો.

गुह्यः (૫૪૨)–ગુપ્ત, છુપા. સર્વ મનુષ્યોને તેમના આત્મારૂપે જો કે પ્રત્યક્ષ છો તો પણ આપને કોઈ દેખી શકતા નથી, અથવા જાણી શકતા નથી, તેથી આપનું [1]ગુહ્ય એ

૧ આપના ભેદ ઉંડામાં ઉંડા છે, અને આપનું રહસ્ય કળી શકાતું નથી; વ્યક્તિ અહંમાં ઓતપ્રોત એકાકાર અદ્વૈતપણે ત્રણ અહં–**जीवोहं, ईश्वरोहं** અને **ब्रह्माहं** એ ત્રણે (ટ્રિનિટ) એક અદ્વૈતપણે રહે છે અને તેટલા માટે વેદોમાં આપને **ત્રિગુણ, ત્રિગુણાકાર** વર્ણવેલા છે તે છતાં આપને કોઈ પારખી શકતું નથી અને કાર્ય-કારણ એવા નામરૂપાત્મક જગતની માયા અને અવિદ્યાશક્તિ અઘટ ઘટનાની રચના કરે છે. પણ તે કોઇથી કળી શકાતી નથી, એક અહંમાં ત્રણે પ્રવર્તે છે તેમાં જીવપણાનું અહં જીવના ધર્મ અલ્પજ્ઞતા, અશક્તતા અને આસુરી પ્રવૃત્તિ કર્મકર્તા અને ફળભોક્તા આદિ ગુણોથી જીવપણાનું એક અહં છે. બીજું અહં ઇશ્વરપણાનું છે. સર્વજ્ઞતા, સર્વશક્તિમાનપણું, દૈવી સંપત્તિની પ્રવૃત્તિ, કર્તા, ભર્તા (પ્રારબ્ધરચના કરીને તેનું પોષણ કરનાર) અને સંહર્તા (પ્રારબ્ધ પૂરૂં થાય એટલે નવો યોનિજન્મ કરનાર) ત્રીજું **अहं ब्रह्माहं** છે. તે સર્વના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ યથાર્થ છે.

ગમ્ભીરઃ (૫૪૩)–એટલે ગંભીર. જ્ઞાન, બળ, વિદ્યા અને ઐશ્વર્ય–સર્વમાં આપ ઊંડા અથાગ છો તેથી આપ કળી શકાતા નથી.

ગહનઃ (૫૪૪)–ન પ્રવેશ કરી શકાય તેવા. આપ જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિમાં એકના એક અનુસ્યૂત રહેલા છો, તે છતાં આપ તે તે અવસ્થાઓમાં તેવા એક રહેલા જણાતા નથી તેથી આપ ગહન[1] છો.

આત્મારૂપ અસ્તિત્વ તત્ત્વ સત્ ચિત્ અને આનંદ છે. જો કે તે ત્રણે પ્રત્યેક વ્યક્તિ અહંમાં રહેલાં છે, તે છતાં એ ત્રણે ગુહ્ય છે, છાના છે. તેથી જીવ ગુહ્ય છે, ઇશ્વિર ગુહ્યતર છે અને આપ બ્રહ્મ પરમાત્મા ગુહ્યતમ છો અને તેથી આપ વિષેનું જ્ઞાન પણ ગુહ્યતમ છે.

૧ ગહન=ગમની પાર, અકળ. મન, વાણી અને કાયાથી કરેલી ક્રિયા તે કર્મ સંજ્ઞામાં આવે છે, અને તેવી જે જે ક્રિયાઓ થાય છે તે તે સર્વ સમષ્ટિ ઇશ્વિરશક્તિમાં ધક્કો વાગીને પાછી ફરે છે. જેમ પ્રતિધ્વનિનો ધ્વનિ (પડઘો) (કૉઝ એન્ડ ઇફેક્ટ, એકશન એન્ડ રીએકશન) થાય છે તેમ; જીવોને પોતાનાં કર્મોનું ફળ પોતાથી પોતાને ભોગવવું પડે છે. કર્મના ત્રણ પ્રકાર છે–સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ. દરેક ક્રિયમાણ કર્મ પ્રથમ સંચિત કોટીમાં જાય છે અને તે સંચયમાંથી સુખ–દુઃખરૂપ ફળ ભોગવવા માટે નિયંતા ઇશ્વિર તેની પ્રારબ્ધરચના કરે છે; તે પ્રારબ્ધ આ જીંદગી કે લોકાંતર ભાવી જીંદગીમાં ભોગવાય છે. વર્તમાન સુખ કે દુઃખ કયા જન્મનું અને કયા કર્મનું ફળ છે તે અવિદ્યાને લઇને વ્યક્તિજીવોથી જાણ્યું જતું નથી, તેથી પ્રારબ્ધને અદષ્ટ કહે છે. વળી કોઇ અદષ્ટ કર્મ પોતાની ભાવનાથી બીજાને ફળ આપનારૂં થાય છે. કોઇ અદષ્ટ કર્મ ભાવના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुह्यः (૫૪૫)-આપ સર્વના અંતરાત્માપણે સર્વમાં અદૃશ્ય-છાના રહેલા છો, તેથી આપનું ગુહ્ય[1] એ નામ યથાર્થ છે.

ન કરવા છતાં બીજાને ફળ આપનારૂં થાય છે. કોઇ અદષ્ટ કર્મ તત્કાળ ફળીભૂત થાય છે; કોઇ કર્મ કાળાંતરમાં સમય આવે ફળીભૂત થાય છે, વળી કોઈ કર્મ, કર્મ-(સકામ) અકર્મ (નિષ્કામ) કે વિકર્મ (અનિષ્ટ) ફળ આપનારૂં થાય છે; **"गहना कर्मणो गतिः"** કર્મની ગતિ ગહન છે, આપની સર્વ કૃતિઓ આશ્ચર્યકારક છે, પુનઃ ભક્ત લોકોનાં કામ અગમચેતી રાખીને આગળ આગળથી અથવા તત્કાળ કરો છો, અને વિલંબ કરવો હોય કે કામ ન કરવું હોય તો તે પણ તેમ કરવાને કર્મફળદાતા એવા આપ સ્વતંત્ર છો. કયા કર્મનું ફળ ક્યારે ફળીભૂત થાય છે તે કોઇને જણાતું નથી. તેથી આપ ગહન છો. કર્મનું ફળ અનુકૂળ કે પ્રતિકૂળ, સુખ કે દુઃખ જેમ યોગ્ય લાગે તે પ્રમાણે આપવાને તથા ક્યારે અને કયા સમયે તે ફળ આપવું તેની વ્યવસ્થા અને સમયસૂચકતા આપે પોતાની પાસે રાખી છે. જો કે જિજ્ઞાસુજનો આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે પુરુષપ્રયત્ન કર્યા કરે છે તે છતાં **कालेनात्मनि विंदति** સમય આવે તે ફળીભૂત થાય છે, પણ તે સમય ક્યારે આવશે તે કોઇથી જાણ્યું જતું નથી તેથી આપ ગહન છો. સર્વ તંત્રની કળકુંચી આપે પોતાનીજ પાસે રાખી છે તેથી આપ અગમ્ય, અકળ અને ગહન છો.

૧ ક્ષેત્રજ્ઞ એવા જીવઅહંમાં જીવ, ઈશ્વર અને બ્રહ્મ, એવાં ત્રણ અહં ઓતપ્રોત એકાકાર અદ્વૈતપણે રહેલાં છે, અને કાર્યકારણ એવા નામરૂપાત્મક જગતને આપોઆપે કર્તા, ભર્તા, સંહર્તાપણે રહીને, જીવાત્મા આપોઆપે સર્જે છે અને અનિર્વચનીય પુનરાવૃત્તિઓને વહન કરે છે, પણ માયા અને અવિદ્યાના પડદાને લઇને જીવથી તે જાણી શકાતું નથી અને પોતાનું વ્યક્તિ અહં ઈશ્વરથી પૃથક્ માનવાથી, અને સંસારની દ્વૈતપ્રતીતિના અધ્યાસથી કર્મકર્તા અને ફળભોક્તા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चक्रगदाधरः (૫૪૬)-ગદા અને ચક્રને ધારણ કરનારા. લીલાવતારમાં ચક્ર અને ગદા ધારણ કરનારા પણ આપ છો. પુનઃ આસુરી સંપત્તિઓનો નિગ્રહ કરવા મનને ચક્રરૂપ બનાવનારા પણ આપ છો; અને બુદ્ધિને ગદારૂપ કરનારા પણ આપ છો. પુનઃ સંસારરૂપ ચક્રને ચલાવનારા પણ આપ છો. પુનઃ લક્ષ ચોરાશીનું ચક્ર ચલાવનારા પણ આપ છો.૫૮

वेधाः स्वांगोऽजितः कृष्णो दृढः संकर्षणोऽच्युतः ।
वरुणो वारुणो वृक्षः पुष्कराक्षो महामनाः ॥५९॥

वेधाः (૫૪૭)-સર્વને ધારણ કરનારા પણ આપ છો. પુનઃ વ્યક્તિજીવોને સ્વતંત્ર થવા જતાં વચમાં માયાનું નડતર નાખનારા પણ આપ છો. પુનઃ બ્રાહ્મણ પણ આપ છો અને

એવો તે જીવાત્મા થઇ રહે છે, તેથી આપ જો કે વ્યક્તિ અહંમાં સત્તાસામાન્ય અસ્તિત્વપણે રહ્યા છો, જો કે સર્વના કારણરૂપ છો તો પણ ગુપ્ત છો. આપનું શ્રીમુખનું વચન છે કે જીવોનાં કર્મ, કર્મોનું કર્તૃત્વ, કર્મોનું ફળ તથા કર્મફળનો સંયોગ એ કંઇ વિભુ પરમાત્મા સૃજતા નથી, તેમ વિભુ પરમાત્માને જીવોનાં પુણ્ય-પાપ ઉપર દૃષ્ટિ પણ નથી; પણ સ્વભાવ એવી માયામાં જીવો આપોઆપથી કર્મો કરે છે, અને તેનાં ફળ (આપોઆપથી) પુનરાવૃત્તિનાં અસહ્ય દુઃખોને ભોગવે છે. વિભુ પરમાત્મા તો સદા અવિકારી છે. પુષ્પમાં સુગંધ અને દૂધમાં ઘૃત રહે છે, પણ તે કોઇથી દેખ્યું જતું નથી; પણ મન્થન કરવાથી તે જણાય છે, તેમ વ્યક્તિ અહંને મંથન કરવાથી આપનું સચ્ચિદાનંદ સ્વરૂપજ્ઞાન લક્ષમાં લાવી શકાય છે. બાકી આપ સર્વ પ્રકારની પ્રતીતિઓથી રહિત સત્તાસામાન્ય છો તેથી આપ ગુહ્ય છો, અને ગુહ્ય છો તેથી અગમ્ય છો, આપના મહિમાનો પાર પામવાને કોઇ શક્તિમાન નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છઠ્ઠીના લેખ લખનાર વિધાત્રી પણ આપ છો.

स्वांगः (૫૪૮)–કાર્ય સિદ્ધ કરવા માટે નાટકની પેઠે જુદાં જુદાં સ્વાંગ (વેષ) લેનાર પણ આપજ છો. પુનઃ દૃશ્ય જગત આપનું અંગ એટલે શરીર છે. પુનઃ સ્વ+અંગ એટલે અંગબળ વાપરનારા પણ આપજ છો. પુનઃ જીવરૂપ સ્વાંગ લેનારા પણ આપ છો. પુનઃ જગતરચના કરનારા અને પ્રેરણા કરનારા પણ આપજ છો.

आजितः (૫૪૯)–આપ કોઇથી જીતી શકાતા નથી. પુનઃ ચોવીસ અવતારોમાં આપ કોઇથી જીતાયા નથી, તેથી આપ અજિત છો.

कृष्णः (૫૫૦)–કૃષ્ણ એટલે શ્યામ; અને કૃષ્ણ એટલે–વેદ વ્યાસ. લીલાવતારમાં શ્રી કૃષ્ણાવતાર પણ આપજ છો. પુનઃ ઘનશ્યામ સુંદર પણ આપજ છો. પુનઃ જગત સર્વને આકર્ષણ કરનારા પણ આપજ છો, પુનઃ દુઃખોનો નાશ કરનારા પણ આપજ છો. પુનઃ જગદ્ગુરુ એવા નિજાત્મા સર્વને દોરનારા સારથિ, સર્વના સહાયક મંત્રી અને સર્વમાં નિજ બોધ સ્વ–આત્મા પણ આપ છો. પુનઃ રાધેશ્યામ એવા માયાવિશિષ્ટ ઈશ્વર પણ આપજ છો.

दृढः (૫૫૧)–અંગબળ અને મનોબળને લીધે અડગ અને નિશ્ચળ પણ આપ છો. પુનઃ અચ્યુત અને ધ્રુવપદ પણ આપ છો. પુનઃ લીલાવતારમાં રણસંગ્રામમાં પાછો પગ ન કરનારા પણ આપ છો.

संकर्षणः (૫૫૨)–પ્રલયકાળે દૃશ્ય જગતને દ્રષ્ટામાં આકર્ષી લેનારા પણ આપ છો. પુનઃ મૃત્યુકાળે અથવા પ્રલયકાળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતરૂપી બાજી (રમત) ને સંકેલી લેનારા પણ આપ છો. શ્રીકૃષ્ણના મોટાભાઈ બળરામ પણ આપજ છો. પુનઃ કારણ-દેહોના કારણરૂપ એવા સમષ્ટિ જીવાત્મા પણ આપજ છો. પુનઃ શેષનારાયણ પણ આપજ છો.

अच्युतः (૫૫૩)–પોતાના ધર્મથી અને પોતાના સ્થાન-થી ન ચળનારા એવા દૃઢ ધ્રુવ પણ આપજ છો.

वरुणः (૫૫૪)–સૂર્ય. વરુણદેવ પણ આપજ છો. પંચ-મહાભૂતમાં જળતત્ત્વ પણ આપજ છો. પુનઃ વ્યક્તિજીવોને રૂપાંતરમાં જળમય કરનારા પણ આપજ છો. પુનઃ વરુણ એટલે સૂર્ય પણ આપજ છો.

वारुणः (૫૫૫)–વરુણપુત્ર એવા અગસ્ત્ય; વસિષ્ઠ પણ આપ છો.

वृक्षः (૫૫૬)–સંસારરૂપી વૃક્ષ પણ આપજ છો. અનિ-ર્વચનીય ભાવમાં સંસારપ્રવાહને નિત્ય વહન કરનારા પણ આપજ છો. પુનઃ ઋતુ પ્રમાણે વૃક્ષની અવસ્થાઓમાં જેમ ફેરફાર થાય છે, "તેમ जायते अस्ति, वर्धते," આદિ અવ-સ્થાઓ બદલનારા પણ આપજ છો. પુનઃ વૃક્ષરૂપે વ્યક્તિ-જીવોને તથા સમષ્ટિજીવોને નિવાસ આપનારા પણ આપજ છો. પુનઃ વૃક્ષભાવે ઉંડાં મૂળવાળા (સૂક્ષ્મ વાસનાઓવાળા) પણ આપજ છો. પુનઃ વ્યક્તિભાવમાં કૂટસ્થ છો, અને કૂટસ્થ-પણે રહીને લોક અને લોકાંતર સૃષ્ટિઓનાં સ્થાનાન્તરો, (સ્વપ્ન જેવી ભ્રાંતિ, ભ્રમણાને) વહન કરનારા પણ આપજ છો.

पुष्कराक्षः (૫૫૭)–કમળ સરખાં નેત્રવાળા. લીલાવતા-રોમાં કમળ સરખાં સુંદર નેત્રોવાળા પણ આપજ છો. પુનઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયકમળમાં મનરૂપી નેત્રથી પોતે પોતાને જોનારા (ધ્યાન-લક્ષમાં લાવનારા) યોગી[1] પણ આપજ છો.

महामनाः (૫૫૮)-સમષ્ટિ મન પણ આપજ છો. ઉદાર મનવાળા પણ આપજ છો. પુનઃ અવગુણ અને દોષને ક્ષમા કરનારા પણ આપજ છો. પુનઃ સહનશીલ પણ આપજ છો. પુનઃ સ્થિર મન કરનારા પણ આપજ છો. પુનઃ મનને એકાગ્ર કરનારા પણ આપજ છો. પુનઃ સમષ્ટિ મન મહત્તત્ત્વ અથવા હિરણ્યગર્ભ પણ આપજ છો. પુનઃ સર્વમાં સરખો ભાવ રાખનારા પણ આપજ છો.૫૯

भगवान् भगहा नन्दी वनमाली हलायुधः ।
आदित्यो ज्योतिरादित्यः सहिष्णुर्गतिसत्तमः ॥६०॥

भगवान् (૫૫૯)-સંપત્તિવાળા. અગતિ, ગતિ વગેરેને જાણનારા પણ આપજ છો. પુનઃ આપ જગતકર્તા ઈશ્વર છો; તેથી ષડ્‌ભગ એવાં સમગ્ર ઐશ્વર્ય, ધર્મ, યશ, લક્ષ્મી, વૈરાગ્ય અને મોક્ષ-એ ષડ્[2] ભગસંપન્ન પણ આપજ છો.

भगहा (૫૬૦)-ભગ એટલે સંપત્તિ અને હા એટલે નાશ કરનાર. પોતે સંપત્તિપણામાં રહીને બીજા અસુરોની સંપત્તિઓનો વિનાશ કરનારા પણ આપજ છો.

नन्दी (૫૬૧)-શિવગણ એવા નંદી અવતાર પણ આપ છો. પુનઃ સર્વને સુખ આપનારા પણ આપ છો. પુનઃ આનંદી

---

૧ યોગી બે પ્રકારના છેઃ યુક્ત અને યુંજાન. યુક્ત એટલે જે જન્મ્યા પછી યોગ સાથે જોડાએલો હોય તે, અને યુંજાન એટલે જે જન્મથીજ યોગી હોય તે ઉભયપણે યોગી એવા શ્રીકૃષ્ણ.

૨ ભગ=વિભૂતિઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વભાવવાળા પણ આપ છો.

वनमाली (૫૬૨)-જગતસંસારરૂપી વન-બગીચાના માળી પણ આપજ છો. ઉછેરનાર, રક્ષા કરનાર અને ઘટાડનાર પણ આપજ છો. પુનઃ આપ ચાહો તેમ કરવાને સ્વેચ્છાચારી સમર્થ છો. કારણ કે આપ સ્વતંત્ર છો; આપનો કોઇ વિરોધી નથી. દ્વૈતરહિત અદ્વૈત, અને ખંડથી રહિત અખંડ છો. પુનઃ વૈજયંતી નામની વનમાળાને ધારણ કરનારા શ્રીકૃષ્ણાવતાર પણ આપજ છો.

हलायुधः (૫૬૩)-હળને આયુધ કરનારા એવા શ્રીબળદેવ અવતાર પણ આપજ છો. પુનઃ હળ જેમ પૃથ્વીમાં ઉંડું ઉતરનારૂં છે, તેમ સ્થૂળશરીર અને જગતમાં ઉંડા ઉતરનારા પણ આપજ છો.

आदित्यः (૫૬૪)-અદિતિ અને કશ્યપથી ઉત્પન્ન થનારા આદિત્ય એવા વામનરૂપ પણ આપ છો.

ज्योतिरादित्यः (૫૬૫)-મધ્યાહ્નકાળના સૂર્ય જેવા દેદીપ્યમાન પ્રકાશવાળા પણ આપ છો.

सहिष्णुः (૫૬૬)-સહન કરવું. કામ, ક્રોધ આદિની ઈષિણાઓ (ઇચ્છાઓ) અને આવેશોને સહન કરનારા અને જીતનારા પણ આપ છો.

गतिसत्तमः (૫૬૭)-ગતિ એટલે ગમન અને સત્તમઃ સારામાં સારી. સર્વ ગતિઓમાં આપ શ્રેષ્ઠ ગતિરૂપ છો. ઉત્તમ ગતિ એવી બ્રહ્મગતિ પણ આપજ છો.૬૦

सुधन्वा खण्डपरशुर्दारुणो द्रविणप्रदः ।
दिवस्पृक् सर्वदृग्व्यासो वाचस्पतिरयोनिजः ॥६१॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सुधन्वा (૫૬૮)-ઉત્તમ ધનુષ્યને ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ ભક્ત સુધન્વા પણ આપજ છો.

खण्डपरशुः (૫૬૯)-ખંડ એટલે કકડો-અને પરશુ-ફરસી. ફરસીથી કકડા કરનારા પરશુને ધારણ કરનાર પરશુ-રામ અવતાર પણ આપ છો. પુનઃ ફરસીથી એકવીસ વાર નક્ષત્રી પૃથ્વી કરનાર પરશુરામ પણ આપજ છો.

दारुणः (૫૭૦)-ઉગ્ર રણભૂમિમાં ઘોર યુદ્ધ કરનારા પણ આપજ છો. પુનઃ ભયંકર તપ કરનારા પણ આપજ છો.

द्रविणप्रदः (૫૭૧)-દ્રવિણ એટલે દ્રવ્ય અને પ્રદ એટલે આપનાર. અર્થાત્ દ્રવ્ય આપનાર. મનુષ્યોને ધન આપનારા પણ આપજ છો.

दिवस्पृक् (૫૭૨)-દિવ એટલે સ્વર્ગ અને સ્પૃક્ એટલે અડકવું. દેવલોકોને સ્પર્શ કરનાર એટલે દેવતાઓના સ્થાન-રૂપ પરલોક સુધી પહોંચી વળનારા પણ આપજ છો.

सर्वदृग्व्यासः (૫૭૩)-સર્વ એટલે સર્વત્ર; દૃગ્ એટલે આંખ, વ્યાસ એટલે વિસ્તારવાળા. સર્વને પ્રત્યક્ષ જોનારા પણ આપજ છો. પુનઃ વેદોના વિભાગ કરનાર વ્યાસ નારાયણ પણ આપજ છો.

वाचस्पतिरयोनिजः (૫૭૪)-વાણીના દેવતા પણ આપજ છો. પુનઃ સર્વ વિદ્યાને જાણનારા પણ આપજ છો. પુનઃ દેવ-તાઓમાં બૃહસ્પતિ પણ આપજ છો. પુનઃ યોનિજન્મથી રહિત પણ આપજ છો. પુનઃ આપ સર્વવ્યાપક બ્રહ્મ છો.૬૧

त्रिसामा सामगः साम निर्वाणं भेषजं भिषक् ।
संन्यासकृच्छमः शान्तो निष्ठाशान्तिः परायणम् ॥६२॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

त्रिसामा (૫૭૫)–ત્રિ એટલે ત્રણ અને સામા=સમાન. મંત્ર, બ્રાહ્મણ અને કર્મકાંડમાં જેનું સામવેદે ગાન કરેલું છે એવા. તેથી આપ ત્રિસામ છો. પુનઃ ત્રિપાદ–અ–ઉ–મ્ એવા ૐકારરૂપ અને ત્રિપદા ગાયત્રીરૂપ પણ આપજ છો.

सामगः (૫૭૬)–સામવેદને જાણનારા, ગાનારા અને ગમન કરનારા પણ આપ છો. પુનઃ સામવેદના ગાયનથી મગ્ન થનારા પણ આપજ છો.

साम (૫૭૭)–ચારે વેદોમાં સામવેદ આપ છો.

निर्वाणम् (૫૭૮)–નિર્બીજ,[૧] અથવા કૈવલ્ય. નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિરૂપ બ્રહ્મગતિ પણ આપજ છો.

भेषजम् (૫૭૯)–ઔષધ. ભવાટવીને શમન કરવાના ઔષધરૂપ પણ આપજ છો. પુનઃ જન્મ–મરણરૂપી પુનરાવૃત્તિ મટાડનારા પણ આપજ છો. પુનઃ આપનું નામસ્મરણ, આપની ભક્તિ અને આપનું નિજજ્ઞાન મનુષ્યોને અમર કરવામાં ઔષધરૂપ છે.

भिषक् (૫૮૦)–વૈદ્ય–ધન્વંતરી અવતાર પણ આપજ છો. ઔષધ આપનારા વૈદ પણ આપજ છો. બ્રહ્મવિદ્યારૂપી ઔષધ આપનાર શ્રીગુરુદેવરૂપી વૈદ્ય પણ આપજ છો. પુનઃ સંસારપ્રવૃત્તિમાં નિવૃત્તિરૂપ ઔષધ આપનાર પણ આપજ છો.

संन्यासकृत् (૫૮૧)–સંસારરોગના પથ્યરૂપ સર્વત્યાગ એવા સંન્યાસ પણ આપ છો. પુનઃ સર્વાતીત પદ પણ આપ છો. પુનઃ સંસારપાશથી મુક્ત કરનારા પણ આપ છો.

---

૧ કર્મ અને વાસનાનું બીજ તથા વ્યક્તિ અહંપણાનું બીજ તે રહિત કરીને અવ્યક્ત ગતિ એટલે સ્થિતિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शमः (૫૮૨)–શાંતિ. મનને દમી દમીને મનના વેગોને વશ કરનારા પણ આપજ છો. પુનઃ પુનરાવૃત્તિ શમાવનારા પણ આપજ છો. પુનઃ સહનશીલતા અને શાંતિ આપનારા પણ આપજ છો.

शान्तः (૫૮૩)–શાંત સ્વરૂપ પણ આપજ છો. પુનઃ નિવૃત્તિપરાયણ પણ આપજ છો. પુનઃ સંસારના ત્રિવિધ તાપને શાંત કરનારા પણ આપજ છો. પુનઃ અવિકારીપદ પણ આપજ છો. પુનઃ આપનું નામસ્મરણ એજ એક જન્મમરણને શાંત કરનાર ઉપાય છે.

निष्ठा (૫૮૪)–શાંત નિષ્ઠાવાળા આપજ છો. આપનામાંજ સત્ય નિષ્ઠા રાખવાથી મનુષ્યોનું કલ્યાણ થાય છે. નિષ્ઠા=વર્તન.

शान्तिःपरायणम् (૫૮૫)–આપની સ્થિતિ શાંતિરૂપ છે. શાંતિનું અવલંબન કરનારા પણ આપ છો. પુનઃ સંસારની ખટપટ હોવા છતાં સર્વ પ્રપંચને માયિક અને અનિર્વચનીય ગણનારા પણ આપ છો. પુનઃ નિજસ્વરૂપને નિર્વિકાર જાણનારા પણ આપ છો. પુનઃ एकोऽहं પદ પણ આપ છો. ૬૨

शुभांगः शांतिदः स्रष्टा कुमुदः कुवलेशयः ।
गोहितो गोपतिर्गोप्ता वृषभाक्षो वृषप्रियः ॥६३ ॥

शुभांगः (૫૮૬)–સારાં અંગવાળા. સુશોભિત અને માંગલિક અંગો (અવયવો)વાળા પણ આપ છો. પુનઃ વેદના ષડ્ અંગ એવા ષટ્ શાસ્ત્રોરૂપ શુભ અંગવાળા પણ આપ છો.

शांतिदः (૫૮૭)–શાંતિ આપનાર. વ્યક્તિઓને શાંતિ આપનારા પણ આપ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्रष्टा (૫૮૮)–સરજનાર. સૃષ્ટિ સર્વને ઉત્પન્ન કરનારા અને ઉત્પન્ન કરીને તેમાં સ્થિતિ કરનારા પણ આપજ છો. પુનઃ જગતના સરજનહાર પણ આપ છો.

कुमुदः (૫૮૯)–કુ એટલે પૃથ્વી અને મુદ એટલે હર્ષ. ચંદ્રવિકાસી કુમુદ પુષ્પ પણ આપ છો. પુનઃ કુમુદના જેવો આહ્‌લાદ આપનારા પણ આપ છો. પુનઃ પૃથ્વીથી ઉત્પન્ન થનાર ચંદ્ર એટલે "चंदयति इति चंद्रः" એવાં કુમુદરૂપ પણ આપજ છો.

कुवलेशयः (૫૯૦)–કુવલ એટલે પૃથ્વીનો ગોળો; શય એટલે શયન કરનાર. શેષ નારાયણ શેષશાયી ભગવાન પણ આપજ છો.

गोहितः (૫૯૧)–ગો એટલે ઇંદ્રિયો, ગાયો, પૃથ્વી અને બ્રહ્મવિદ્યા તેમજ ગોવાળોનું હિતકલ્યાણ ચાહીને તેમનું રક્ષણ કરનારા પણ આપ છો.

गोपतिः (૫૯૨)–ગો એટલે ઇંદ્રિયોના, ગાયોના, ગોવાળોના, પૃથ્વીના અને પૃથ્વીના કાર્યરૂપ ભૌતિક શરીરોના આપજ પતિ અને રક્ષક છો.

गोप्ता (૫૯૩) રક્ષણ કરનારા. ઢાંકી દેનારા. ધર્મ અને ભક્તજનોનું રક્ષણ કરનારા પણ આપજ છો. પુનઃ માયાથી સ્વરૂપને ઢાંકનારા પણ આપજ છો.

वृषभाक्षः (૫૯૪)–વૃષભ એટલે આખલો, ધર્મ. અક્ષ એટલે નેત્ર. વૃષભના જેવી મોટી આંખોવાળા પણ આપજ છો. પુનઃ ધર્મ જેની આંખ છે એવા આપ છો. પુનઃ વૃષભની પેઠે આપની દૃષ્ટિમાં ધર્મજ વસેલો છે, પુનઃ વૃષભ જેવી દીર્ઘ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃષ્ટિથી ભક્તોના મનોરથો પૂર્ણ કરનારા પણ આપ છો.

वृषप्रियः (૫૯૫)–વૃષ એટલે ધર્મ. પ્રિય એટલે વહાલો. ધર્મજ આપને પ્રિય છે. અધર્મ–અન્યાયથી આપ છેટા રહો છો. પુનઃ વૃષભની પેઠે ધર્મના ભારને વહન કરનારા પણ આપ છો.૬૩

अनिवर्ती निवृत्तात्मा संक्षेप्ता क्षेमकृच्छिवः ।
श्रीवत्सवक्षाः श्रीवासः श्रीपतिः श्रीमतांवरः ॥६४॥

अनिवर्ती (૫૯૬)–અ એટલે નહિ અને નિવર્તી એટલે નિવૃત્તિ. નિવૃત્તિથી રહિત પણ આપજ છો. પુનઃ સંસારમાં ગુંચવાઇ રહેનારા પણ આપજ છો. પુનઃ સંસારમાં માયાવી ખટપટો કરનાર પણ આપજ છો.

निवृत्तात्मा (૫૯૭)–પ્રવૃત્તિથી રહિત. નિવૃત્તિપરાયણ પણ આપજ છો. સંસારવ્યવહારથી ઉપરામ થનારા પણ આપજ છો. પુનઃ અવિકારી અને સર્વાતીત પદ પણ આપજ છો.

संक्षेप्ता (૫૯૮)–ખેંચીને એક કરનાર, માયાને સંકેલી લેનારા, અનેકના એક થનારા, વૃક્ષમાંથી બીજ થનારા, માયા-વિસ્તારને સંકેલીને દૃશ્યજગતને દ્રષ્ટામાં લઇ જનારા बहु स्याम्‌ને एकोऽहं કરનારા પણ આપજ છો.

क्षेमकृत् (૫૯૯)–ક્ષેમ એટલે કલ્યાણ અને કૃત એટલે કરનાર. ઉત્પન્ન કરેલાનું રક્ષણ કરનારા આપજ છો. પુનઃ ભક્તજનોનું પ્રતિપાલન કરનારા અને શરણાગતનું રક્ષણ કરનારા પણ આપજ છો. પુનઃ ભક્તોનો યોગક્ષેમ કરનારા પણ આપજ છો.

शिवः (૬૦૦)–કલ્યાણ. સર્વનું ભલું કરનારા પણ આપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો. સહજમાં પ્રસન્ન થનારા પણ આપ છો. કપટથી રહિત પણ આપ છો. સ્વયંભૂ સ્વતઃ પ્રગટ થનારા પણ આપ છો. અજન્મા પણ આપ છો. માયાના સ્વામી પણ આપ છો. માયાતીત શિવતત્ત્વ બ્રહ્મતત્ત્વ પણ આપજ છો. પુનઃ સર્વનું કલ્યાણ કરનારા પણ આપજ છો.

श्रीवत्सवक्षाः (૬૦૧)-શ્રી એટલે લક્ષ્મી, વત્સ એટલે લાંછન ને વક્ષઃ એટલે છાતી. શ્રી એવી લક્ષ્મીને મોટાઇ આપવાને શ્રીવત્સચિહ્ન વક્ષઃસ્થળમાં ધારણ કરનારા પણ આપ છો.

श्रीवासः (૬૦૨)-લક્ષ્મીએ જેમાં વાસ કર્યો છે એવા આપજ છો. પુનઃ માયાએ જેમાં નિવાસ કર્યો છે એવા આપજ છો. પુનઃ બ્રહ્મવિદ્યાએ જેમાં નિવાસ કર્યો છે એવા આપજ છો. પુનઃ આપના પાદમાં લક્ષ્મીનો નિવાસ છે. પુનઃ માયાવિશિષ્ટ (શબલ) સગુણ બ્રહ્મ પણ આપજ છો.

श्रीपतिः (૬૦૩)-શ્રી એટલે લક્ષ્મી અને પતિ એટલે સ્વામી. લક્ષ્મીના પતિ પણ આપજ છો. માયાના પતિ પણ આપજ છો. પુનઃ શ્રી એટલે શોભાના પતિ પણ આપજ છો.

श्रीमतांवरः (૬૦૪)-શ્રીમત્ એટલે શ્રીમાન અને વર એટલે શ્રેષ્ઠ પણ આપજ છો. પુનઃ ધનવાનોમાં શ્રેષ્ઠ-શ્રીમાન લોકોમાં સર્વથી શ્રેષ્ઠ પણ આપજ છો. પુનઃ બ્રહ્મવેત્તાઓમાં સર્વથી શ્રેષ્ઠ પણ આપજ છો. ૬૪

श्रीदः श्रीशः श्रीनिवासः श्रीनिधिः श्रीविभावनः ।
श्रीधरः श्रीकरः श्रेयः श्रीमाँल्लोकत्रयाश्रयः ॥६५॥

श्रीदः (૬૦૫)-શ્રી એટલે લક્ષ્મી, અને દ=દેનારા. સર્વને લક્ષ્મી આપનારા પણ આપજ છો. મુમુક્ષુજનને બ્રહ્મવિદ્યા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપી લક્ષ્મી દેનારા પણ આપજ છો.

श्रीशः (૬૦૬)-શ્રી એટલે લક્ષ્મી અને ઈશ એટલે નાથ. લક્ષ્મીના ઈશ, માયાના ઈશ પણ આપજ છો. પુનઃ નાથ એટલે (લક્ષ્મીને) તાબે રાખનારા પણ આપજ છો.

श्रीनिवासः (૬૦૭)-શ્રી એટલે લક્ષ્મી ને નિવાસ એટલે વસવાની જગ્યા. લક્ષ્મી અને માયા આપમાંજ વસે છે.

श्रीनिधिः (૬૦૮)-શ્રી એટલે લક્ષ્મી અને નિધિ એટલે ભંડાર અથવા આધાર. લક્ષ્મીના સમુદ્રરૂપ અને માયાના અખૂટ ભંડાર પણ આપજ છો.

श्रीविभावनः (૬૦૯)-શ્રી એટલે લક્ષ્મી અને વિભાવન એટલે વિભાગ પાડનાર. પોતપોતાના અદૃષ્ટ પ્રમાણે સર્વ વ્યક્તિઓને લક્ષ્મી વહેંચી આપનારા પણ આપજ છો.

श्रीधरः (૬૧૦)-લક્ષ્મીને ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ બ્રહ્મવિદ્યાને ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ શ્રીધર સ્વામી પણ આપજ છો.

श्रीकरः (૬૧૧)-શ્રી એટલે સ્તુતિ અને કર એટલે કરનાર. આપનું નામસ્મરણ, સ્તુતિ તથા (નવધા) ભક્તિ કરનારા ભક્તજનોનું કલ્યાણ કરનારા પણ આપજ છો.

श्रेयः (૬૧૨)-કલ્યાણ. કલ્યાણકારક પદ પણ આપજ છો. આપની સેવા-સ્મરણ કરનારને આપ શ્રેષ્ઠ ફળ આપનારા છો. પુનઃ શ્રેય અને પ્રેય પણ આપજ છો.

श्रीमान् (૬૧૩)-લક્ષ્મીવાળા. જગતમાં આપ એકજ લક્ષ્મીવાન છો. અન્ય સર્વ લક્ષ્મીવાન આપનીજ આપેલી લક્ષ્મીથી લક્ષ્મીવાન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लोकत्रयाश्रयः (૬૧૪)-ભૂઃ-ભુવઃ-સ્વઃ, આ લોક-પરલોક અને અપવર્ગ, સ્વર્ગ-મૃત્યુ અને પાતાળ, જાગ્રત-સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણે લોકસ્થિતિના આપજ આધાર અને આપજ આશ્રય છો. ત્રણે પ્રતીતિઓમાં अहं अस्मि પણે આપ અધિષ્ઠાનપદ છો.૬૬

स्वक्षः स्वंगः शतानंदो नंदिर्ज्योतिर्गणेश्वरः ।
विजितात्मा विधेयात्मा सत्कीर्तिश्छिन्नसंशयः ॥६६॥

स्वक्षः (૬૧૫)-સુ=સુંદર અને અક્ષ એટલે આંખ. સુંદર સુશોભિત નેત્રોવાળા પણ આપ છો. પુનઃ ઉદાર દૃષ્ટિવાળા પણ આપજ છો. પુનઃ પોતે પોતાની નજરેનજર સાક્ષાત્ જોનારા પણ આપજ છો.

स्वंगः (૬૧૬)-સુંદર સુશોભિત અંગવાળા પણ આપજ છો. પુનઃ દૃશ્યજગત આખુંએ આપના અંગરૂપ છે. પુનઃ સર્વરૂપે એક આપજ પ્રતીત થઇ રહ્યા છો. પુનઃ ભક્તજનોને અને જ્ઞાનીઓને; આપ પોતાના અંગરૂપ ગણનારા છો. એટલે અહં સ્વયં ગણનારા છો.

शतानंदः (૬૧૭)-શત એટલે સો અને તેના પણ સો એટલે અનંત આનંદરૂપ પણ આપજ છો. પુનઃ પરમાનંદની પ્રાપ્તિ અથવા મોક્ષપદ પણ આપજ છો. પુનઃ આપ એક આનંદ હોવા છતાં ઉપાધિઓને લીધે અનેક આનંદરૂપ થયેલા પણ આપજ છો.

नंदिः (૬૧૮)-પરમાનંદ. સર્વને આનંદ દેનારા, સર્વને આનંદ કરાવનારા અને ભક્તજનોને આનંદ આપનારા તથા સ્વતઃ આનંદસ્વરૂપ પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ज्योतिर्गणेश्वरः (૬૧૯)-જ્યોતિ એટલે તારા; ગણ એટલે નક્ષત્ર અને ઈશ્વર એટલે સ્વામી. ગ્રહો અને નક્ષત્રો કે જે પ્રકાશના સમૂહરૂપ છે તેના આપ ઈશ્વર છો. પુનઃ સર્વના અંતરાત્મા અસ્મિપદ છો.

विजितात्मा (૬૨૦)-વિજિત એટલે જીતવું અને આત્મા એટલે મન. સર્વના મનને જીતનારા પણ આપ છો. પુનઃ મન અને ઈન્દ્રિયોને જીતનારા પણ આપજ છો. પુનઃ સર્વ સંકલ્પોને રોકીને આત્મસ્થિતિ કરનારા પણ આપજ છો.

विधेयात्मा (૬૨૧)-શાસ્ત્રોમાં વિધાન કરાએલા, સિદ્ધ ઠરાવેલા અને नेति, अवशेष, अस्तित्व પણ આપજ છો. પુનઃ અનિર્વચનીય પ્રતીતિઓમાં પણ આપજ મૂળ વસ્તુ છો. પુનઃ આપજ [1]માયિક સર્વ પ્રતીતિઓને ધારણ કરનારા છો.

सत्कीर्तिः (૬૨૨)-સત્ એટલે સારી અને કીર્તિ એટલે યશ. અવિનાશી યશ અને માહાત્મ્યવાળા પણ આપજ છો. પુનઃ સત્ એજ આપની અમર કીર્તિ છે. પુનઃ સત્ એજ ત્રણે કાળમાં અવિનાશી અસ્તિત્વ છે. પુનઃ સત્ એજ સત્ય છે, માયિક પ્રપંચ સર્વ અસત્ય છે.

---

૧ રાસાયનિક પ્રયોગમાં એક પોઝીટિવ પાવર (હકાર શક્તિ) અને બીજી નેગેટિવ પાવર (નકાર શક્તિ) એ બન્નેના સંયોગમાં ત્રીજી પાવર વિદ્યુત્ પ્રગટ થાય છે. તેવીજ રીતે પોઝીટિવ પાવરની જગાએ સર્વત્ર સર્વવ્યાપક ચેતનઅસ્તિત્વ આત્મા અને નેગેટિવની જગાએ અનાત્મા માયા તે ઉભયના સંયોગમાં ત્રીજી અનિર્વચનીય શક્તિ (જીવશક્તિ) ઈશ્વર આત્મા પ્રગટ થાય છે અને તે एकोऽहंના વિસ્તારમાં बहु स्याम् થઈને જગતતંત્રને વહન કરે છે, તેથી આત્મા સ્વતઃસિદ્ધ છે તેથી વિધેયાત્મા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છિન્નસંશયઃ (૬૨૩)-છિન્ન એટલે છેદન કરનાર અને સંશય એટલે ખાતરી વિનાનું જ્ઞાન. સંશયોનું છિન્નભિન્નપણું કરીને નિઃસંશય જ્ઞાનસ્વરૂપ પણ આપજ છો. પુનઃ દૃઢ નિશ્ચયાત્મક અપરોક્ષ જ્ઞાનમાં રહેનારા પણ આપ છો, પુનઃ માયિક સંભ્રમોથી રહિત રહેનારા પણ આપજ છો. પુનઃ સ્વતઃસિદ્ધ अहं अस्मिપદ પણ આપજ છો.

उदीर्णः सर्वतश्चक्षुरनीशः शाश्वतस्थिरः ।

भूशयो भूषणो भूतिर्विशोकः शोकनाशनः ॥६७॥

उदीर्णः (૬૨૪)-શ્રેષ્ઠ. ભૂત-પ્રાણી સર્વ કરતાં આપ શ્રેષ્ઠ છો. પુનઃ અનાત્મ-માયિક પ્રતીતિઓથી આપ શ્રેષ્ઠ છો. પુનઃ સર્વના અધિષ્ઠાન પરમાત્મપદ છો.

सर्वतश्चक्षुः (૬૨૫)-સર્વ તરફ આપની દૃષ્ટિ છે. આપની નજર બહાર કંઈજ નથી. સર્વના દ્રષ્ટા પણ આપજછો. સર્વને જાણનારા સર્વવેત્તા, સર્વજ્ઞ પણ આપજ છો.

अनीशः (૬૨૬)-ઈશ્વરરહિત પણ આપ છો. કારણ કે આપ સર્વના ઈશ્વર છો, આપના ઉપર અન્ય કોઈ ઈશ્વર નથી. પુનઃ અજાત અને વિવર્તવાદ[1] પણ આપજ છો.

---

૧ વાદના પ્રકાર=બિંબ પ્રતિબિંબ, અવચ્છેદ-અજાત, વિવર્ત, જલ્પ, વિતંડા. અજાતવાદ=અ=નહિ, જાત-જન્મેલું (ઉત્પન્ન થયેલું.) અવિકારી તત્ત્વ પરમાત્મામાં જો સત્ય જગત ઉત્પન્ન થયું હોય તો તેનો નિષેધ કરવાની જરૂર પડત, પણ ત્રણે કાળમાં જગત સત્ય નથી, અને જગત કલ્પનાનું (સ્થાપન) આરોપણ કરેલું છે અને તે કલ્પના આવર્તન, પરિવર્તન અને પુનરાવર્તનના યોગથી જે કલ્પના નિરાકાર રૂપમાં હતી તે સંભ્રમરૂપ થઈને સાકાર અને વ્યક્તિમાન થઈ દૃષ્ટાંતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાશ્વતસ્થિરઃ (૬૨૭)-શાશ્વત એટલે નિરંતર અને સ્થિર એટલે અચળ રહેનારા. સદાકાળ જેવા ને તેવા અવિકારી રહેનારા અને એકની એક જગ્યાએ અવિચળ નિરંતર રહેનારા

જેમ શેખચલ્લીએ પોતાના મનમાં કલ્પના કરી કે મજૂરીના પૈસાથી હું મરઘાં, બકરી, ગાય વગેરે રાખીને સ્ત્રી પરણીશ અને પુત્રવાળો થઇને હું ડોકું ધુણાવીને ના કહીશ. આ પ્રમાણે કરવામાં ઘીનો ગાડવો પડી ગયો; આ પ્રમાણે તેના વિચાર ઉપર વિચાર પુષ્ટ થવાથી તેનો સંભ્રમ સાકારરૂપ થયો. તે પ્રમાણે આ જગત પણ આદિબ્રહ્માની સ્વઇચ્છાથી ગમ્મત માટે કરેલી આરોપિત (સ્થાપિત) કલ્પનારૂપ છે અને તે આવર્તન, પરિવર્તન અને પુનરાવર્તનના યોગે પુષ્ટ થઇને સાકાર દશ્યાકાર સત્ય જેવું ભાસી રહે છે. ઈશ્વર સત્યસંકલ્પ છે અને તેથી તેમનો સંકલ્પ જગતનો સત્યભાસ કરાવે છે. રજ્જુમાં સત્ય સર્પ ત્રણે કાળમાં થયો નથી તેથી સર્પભ્રાંતિ મિથ્યા છે; તો ઠીક. અનિર્વચનીય મિથ્યા એક કાળાવચ્છિન્ન સત્ય તો છે? તો તેમ પણ નથી, સ્વપ્નસૃષ્ટિ અનિર્વચનીય છે. તેને તો કંઇ દેશ-કાળ-વસ્તુ અને જાગ્રતના સંસ્કાર વગેરેનો અવકાશ અને સહાયતા છે પણ તેટલો અવકાશ આ જગતને નથી, તેથી તે સ્વપ્ન જેવું અનિર્વચનીય પણ નથી. પણ પરમાર્થસત્તામાં તે સાવ અસત્ છે. તો ઠીક; અસત્ વસ્તુ અસત્પણે તો રહે છે ને? તો ના, તેમ પણ નહિ. વંધ્યાપુત્ર (વાંઝણીના પુત્ર) તેમજ શશશૃંગ પણ સત્ય વસ્તુપણામાં છે નહિ, પણ લોકરૂઢિમાં અને વાર્તાલાપમાં તે બોલવાના ખપમાં આવે છે, બાકી તે સત્ય નથી. તે પ્રમાણે આ જગત સત્ય નથી તેથી શ્રીભગવાન ગીતાજીમાં કહે છે કે "**सर्वे वयमतः परम्**" મારા મત પ્રમાણે, હે અર્જુન! તત્ત્વબ્રહ્મ સદા નિર્વિકાર રહે છે, અને હું, તું, આ રાજાઓ અને આ જગત જે દેખાય છે તે ત્રણે કાળમાં સત્ય નથી, પણ તત્ત્વપરમાત્મા પારમાર્થિક સત્તામાં અવિકારી અચ્યુત અને ચિદાકા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આપજ છો. પુનઃ માયિક પ્રવાહને નિરંતર વહન કરવા છતાં આપ શાશ્વત, સ્થિર અને અવિનાશી છો.

ભૂશયઃ (૬૨૮)-ભૂ એટલે પૃથ્વી અને શય એટલે શયન

શયપણે રહેલા છે. **"निषेधे कृते नेति नेतीति वाक्यैः"** જો જગત સત્ય નથી તો તેના પછી નિષેધ કરવાના પણ ક્યાં રહ્યો ? માટે જગત સત્ય હોવું જોઇએ; કારણ કે જેણે પૂર્વે સત્ય સર્પ દીઠેલો હોય તેનેજ પ્રત્યભિજ્ઞા જ્ઞાનથી રજ્જુમાં સર્પભ્રાંતિ થાય છે; તેમજ જેણે પૂર્વેથી પ્રાક્કૃતના સંસ્કારમાં સત્ય જગત જોયું છે તેને અનિર્વચનીય જગતોના સંભ્રમ થાય છે; માટે પૂર્વનું જગત સત્ય હોવું જોઇએ તો તે તેમ નથી; આદિજગત ઇશ્વરની કલ્પનારૂપ છે. તે કલ્પના પુષ્ટ થવાથી સંભ્રમરૂપે સાકાર જણાય છે, અને તે પ્રત્યભિજ્ઞા જ્ઞાનને લઇને પૂર્વ-પૂર્વના જગતના અભ્યાસ ઉત્તરોત્તર પુનરાવૃત્તિમાં લોકાંતરોમાં જીવોને સત્ય જેવો ભાસ કરાવે છે; તેથી તે કંઇ સત્ય અસ્તિત્વમાં આવતું નથી. પૂર્વનું જગત કયારનું કલ્પનારૂપ થયું હશે ? તો તે અનવસ્થાનો અંત લાવવાને તેને શાસ્ત્રોમાં અનાદિ કહેલું છે. જીવ, ઇશ્વર, બ્રહ્મ, જગત અને તેમનો સંબંધ, એ અનાદિપદાર્થ છે એટલે તે વાતનો અંત આવે છે. પ્રત્યેક વ્યકિતજીવ સમષ્ટિ ઇશ્વરનો અણુ અંશ છે અને પ્રત્યેક જીવ પ્રત્યભિજ્ઞા જ્ઞાનને લઇને પૂર્વ પૂર્વના જગતના અભ્યાસને લઇને ઉત્તરોત્તર નોખીનોખી સંભ્રમરૂપ લોકાંતર ગતિઓ લક્ષચોરાશી યોનિઓમાં જન્મભ્રમણ કરતો રહે છે; તેથી પારમાર્થિક સત્તામાં જગતની સત્યતા અસ્તિત્વપણામાં લાવવાની કંઇ આવશ્યકતા નથી. વિવર્તવાદ=વિ=વિશેષ, અને વર્ત-વર્તન-આવર્તન, પરિવર્તન, પુનરાવર્તન ઉપરાઉપરી ઘટિયંત્ર અથવા રેંટમાળ જેવી ચક્રાકાર દૃશ્યાકાર સાકાર જગતરૂપ પ્રતીતિ (દેખાવો) આશ્ચર્યકારક થાય છે તે પણ બ્રહ્મ છે; તેથી જગત એ બ્રહ્મનો વિવર્તવિલાસ છે.

નિર્ગુણ પરમાત્માજ સગુણ સાકાર જગતરૂપે દેખાય છે **"વાસુ-**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરનાર. રામાવતારમાં વનવાસમાં ભૂમિ ઉપર શયન કરનારા શ્રીરામરૂપ પણ આપજ છો. પુનઃ વ્યક્તિભાવમાં ભૂ ઉપર શયન કરનારા પણ આપજ છો.

ભૂષણઃ (૬૨૯)-અલંકાર. પૃથ્વીના ભૂષણરૂપ શ્રીરામ-કૃષ્ણ અવતારરૂપે પણ આપજ છો.

ભૂતિઃ (૬૩૦)-વિભૂતિ. સર્વ વિભૂતિઓરૂપે પણ આપજ છો. ઐશ્વર્યરૂપે પણ આપજ છો. નિજભક્તોને વિભૂતિ આપનારા પણ આપજ છો. પુનઃ ભલભલા ચકોર અને ચતુર, ડાહ્યા, શાણા અને નટખટને ભૂરકી નાખીને ભૂલભુલાવો ખવરાવનારા પણ આપજ છો. પુનઃ મહામાયાવી નજરબંધી કરનાર વાદી અને અઘટ ઘટના કરનાર જાદુગર પણ આપજ છો.

દેવઃ સર્વમિતિ" તેથી નિર્ગુણ તત્ત્વજ સગુણ જગતરૂપે પ્રતીત થાય છે. "हेतुनानेन कौंतेय जगद्विपरिवर्तते" હે અર્જુન ! જીવોને જગતોનાં આવર્તન, પરિવર્તન અને પુનરાવર્તન થવામાં બીજો કોઇ હેતુ નથી; પણ હું અધિષ્ઠાન બ્રહ્મ અને મારી દૈવી માયા. અને તેને લઇને તેમને (જીવોને) લક્ષચોરાશીના ફેરા થયા કરે છે. આ પ્રમાણે પ્રત્યેક જીવનાં કર્મ, વાસના અને સ્વરૂપ અજ્ઞાન તેમને લોક-લોકાંતર ગતિઓનો ભાસ આપોઆપથી કરાવે છે અને નિયંતા ઇશ્વર તેની પ્રારબ્ધરચના કરે છે. જીવો કર્મ કર્તા અને ફળભોક્તા થાય છે, અને ઇશ્વર ફળદાતા રહે છે. આ પ્રમાણે ઉભય વાદોનો સિદ્ધાંત એકજ છે. બ્રહ્મનોજ વિવર્તવિલાસ તે જગતપ્રતીતિ છે તેથી તે પ્રતીતિ પણ બ્રહ્મજ છે; તેમજ નેતી અવશેષ અસ્તિત્વ અધિષ્ઠાનપણે સત્ય છે અને તેની નામ અને રૂપપ્રતીતિ માયિક છે તેથી અવસ્તુ છે. સર્વમાં બ્રહ્મ પરમાત્મા અધિષ્ઠાન સત્ય વસ્તુ છે, માયિક પ્રતીતિ અનિર્વચનીય છે અને અવસ્તુ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विशोकः (૬૩૧)-શોકસંતાપથી રહિત પણ આપજ છે. ભક્તજનોને શોકસંતાપથી રહિત કરનારા પણ આપજ છે.

शोकनाशनः (૬૩૨)-શોકનો નાશ કરનારા. આપનું શરણ અને સ્મરણ જન્મ-મરણરૂપ શોકનો નાશ કરનારૂં છે. પુનઃ આપનું સ્મરણ મંગળકર્તા અને મંગળરૂપ છે. પુનઃ જગતના સર્વ ક્લેશોનો નાશ કરનારા પણ આપજ છે. ૬૭

अर्चिष्मानर्चितः कुम्भो विशुद्धात्मा विशोधनः ।
अनिरुद्धोऽप्रतिरथः प्रद्युम्नोऽमितविक्रमः ॥६८॥

अर्चिष्मान् (૬૩૩)-તેજવાળા. સૂર્યની માફક સર્વને પ્રકાશ કરનારા. સ્વયંજ્યોતિ એવા આત્મજ્યોતિ પણ આપ છે. પુનઃ સ્વપ્રકાશ અને પરપ્રકાશ એવા સ્વાત્મપદે સર્વ પ્રાણીઓમાં પ્રકાશ કરનારા પણ આપજ છે. સર્વ પ્રાણીઓને અનિર્વચનીય "अहं अस्मि" એવું પોતપોતાના અસ્તિત્વનું જ્ઞાન કરનારા પણ આપજ છે.

अर्चितः (૬૩૪)-પૂજાયેલા. સર્વને પૂજ્ય પણ આપજ છે. પુનઃ બ્રાહ્મણ આદિ દેવથી પૂજાતા પણ આપ છે.

कुम्भः (૬૩૫)-ઘટ-કુંભરૂપ પણ આપ છે. કુંભના જેવી ગોળ આકૃતિવાળા પણ આપજ છે. પુનઃ ઘટાકાશ, મઠાકાશની પેઠે એક પિંડ એવા બ્રહ્માંડરૂપ આકૃતિવાળા પણ આપ છે.

विशुद्धात्मा (૬૩૬)-મળથી રહિત એવા શુદ્ધ આત્મતત્ત્વ પણ આપજ છે. પુનઃ માયાવિકારથી રહિત પણ આપજ છે. પુનઃ ભક્તજનોને વિશુદ્ધ કરનારા પણ આપજ છે. પુનઃ પતિતને પાવન કરનારા પણ આપજ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विशोधनः (९३७)-वि એટલે વિશેષે કરીને, શોધન એટલે પવિત્ર કરનાર. અસત્ અને અનાત્મપદાર્થોમાંથી સત્ અને આત્મતત્ત્વ શોધન કરનારા પણ આપ છો. પુનઃ સ્વરૂપજ્ઞાનનું શોધન કરનારા પણ આપ છો. પુનઃ પાપ અને દોષોનું શોધન કરનારા પણ આપ છો. પુનઃ આત્મા-અનાત્માનો વિવેક કરનારા પણ આપ છો. પુનઃ જન્મ-મરણરૂપી મેલને ધોનારા પણ આપ છો. પુનઃ ભાવ[1] અને [2]અભાવ એ ઉભયનો નિર્ણય[3] કરનારા પણ આપ છો.

अनिरुद्धः (९३८)-અ=નહિ, નિરુદ્ધ રોકાએલો. એટલે રોકાએલો નહિ એવો સ્વતંત્ર. આપ સર્વવ્યાપક હોવા છતાં માયા અને અવિદ્યામાં નિરોધ પામનારા પણ આપજ છો. પુનઃ અનિરુદ્ધ સ્વરૂપ પણ આપજ છો. પુનઃ દેહાભિમાની જીવરૂપ પણ આપજ છો.

अप्रतिरथः (९३९)-અ એટલે નહિ અને પ્રતિરથ એટલે સામો થનાર અને રથમાં બેસનાર. વસ્તુપણામાં આપ એકજ વસ્તુસ્થિતિ છો, તેથી આપનો કોઈ પ્રતિસ્પર્ધી નથી. અથવા આપના સામો કોઇ લડવા આવનારો નથી.

प्रद्युम्नः (९४०)-પ્રદ્યુમ્ન. શ્રીકૃષ્ણના પુત્રરૂપે પણ આપજ છો. પુનઃ સ્વપ્ન અવસ્થાના જીવાભાસોના[4] આત્મા પણ આ-

---

૧ સતભાવ (૨) અસતભાવ. (૩) ત્રણે કાળ સત્ અસ્તિત્વપણે રહેનાર તે સત્ અને ત્રણે કાળમાં અસ્તિત્વમાં ન રહેનાર તે અસત્; તે ઉભયનો નિશ્ચય કરનાર.

૪ જેમ દર્પણમાં સૂર્યનું પ્રતિબિંબ અને સામા દર્પણમાં તે દર્પણનું પ્રતિબિંબ તેમ પરમાત્માનું પ્રતિબિંબ માયામાં (ઈશ્વર), તેમનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પજ છો.

अमितविक्रमः (૬૪૧)–અમિત એટલે અમાપ અને વિક્રમ એટલે પરાક્રમ. આપનાં પરાક્રમો અમાપ અને અખૂટ છે. પાર અને અંતથી રહિત છે. પુનઃ આપના નામસ્મરણમાત્રથી મનુષ્યો ભવસાગરને પાર કરી શકે છે. તેથી આપના માહાત્મ્યનો અંત નથી.

कालनेमिनिहा वीरः शौरिः शूरजनेश्वरः ।
त्रिलोकात्मा त्रिलोकेशः केशवः केशिहा हरिः ॥६९॥

कालनेमिनिहा (૬૪૨)–કાલનેમિ દૈત્યને મારનાર. કાળનેમિ દૈત્યને પુનઃ મુક્તિ આપીને કાળના ભયથી મુક્ત કરનારા પણ આપજ છો. પુનઃ શરણ લેવાથી અભય કરનારા પણ આપજ છો.

वीरः (૬૪૩)–શૂરવીર. શૂરવીરના પણ શૂરવીર આપ છો. પુનઃ વીર પુરુષોને વીરતા આપનારા પણ આપજ છો.

शौरिः (૬૪૪)–શૂરવાળા. શૂર કુળમાં શ્રીકૃષ્ણાવતાર ધારણ કરનારા પણ આપજ છો.

शूरजनेश्वरः (૬૪૫)–શૂર બળવાન એટલે દેવતા. જન+ઈશ્વર એટલે લોકના રાજા. શૂરવાનોના ઈશ્વર પણ આપજ છો. શૂરને શૂરાતન આપનાર શૂરજનોના ઇષ્ટદેવ પણ આપજ

ફરીને પ્રતિબિંબ તે (જીવ) આભાસ. તે પ્રમાણે સ્વપ્નમાં દેખાતા સ્વપ્નનરો અથવા આભાસો તેમના આત્મા પણ આપ છો. પુનઃ વિદ્યામાયા અને અવિદ્યામાયા (દર્પણ) અવસ્તુ છે. તેમાં પડેલું પ્રતિબિંબ સામું અને જુદું દેખાય છે તો પણ તે બિંબરૂપજ છે એટલે કે તે વસ્તુ (પરમાત્મા) આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો. પુનઃ ત્રણે લોકના રાજા પણ આપજ છો.

त्रिलोकात्मा (૯૪૬)--ભૂઃ-ભુવઃ-સ્વઃ; સ્વર્ગ-મૃત્યુ-પાતાળ; જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ; આ લોક, પરલોક અને અપવર્ગ એ ત્રણે લોકસ્થિતિમાં અનુસ્યૂત રહેલા એવા એક આપજ તેમના અંતરાત્મા છો.

त्रिलोकेशः (૯૪૭)-ત્રણે લોકસ્થિતિઓમાં આપજ તેમના ઈશ્વર છો.

केशवः (૯૪૮)-લીલાવતારોમાં સુંદર ચકચકિત કેશ ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ નિર્ગુણ નિરાકાર હોવા છતાં સગુણ સાકાર દેહોમાં કેશવાળા પણ આપજ છો; ક=જળ, અને શવ=શયન કરનાર; જળમાં શયન કરનાર પણ આપ છો.

केशिहा (૯૪૯)-કેશિ દૈત્યને મારનારા—કેશિનિષૂદન એવા શ્રીકૃષ્ણાવતાર ધારણ કરનારા પણ આપજ છો.

हरिः (૯૫૦)-શરણાગતોના પાપને હરનાર પણ આપજ છો. પાપનું મૂળ કામનાઓ (વાસનાઓ) હરનારા પણ આપજ છો. કામનાઓનું મૂળ અવિદ્યા-અજ્ઞાન તેના હરનારા પણ આપજ છો. પુનઃ अहं અને मम રૂપ મોહને હરનારા પણ આપજ છો. પુનઃ ભક્તજનોનાં દુઃખો, ક્લેશો, સંતાપો અને અનર્થો સર્વના હરનારા પણ આપજ છો. પુનઃ જ્ઞાત કે અજ્ઞાત, ભાવમાં કે કભાવમાં, શુચિપણામાં કે અશુચિપણામાં, સર્વ કાળમાં, લીધેલું આપનું નામ(સ્મરણ) કદી વ્યર્થ જતું નથી, પણ સર્વ દોષોને હરે છે અને ઉત્તરોત્તર ઉત્તમ ગતિ આપનારૂં થાય છે. પુનઃ ભવસંસારરૂપ પુનરાવૃત્તિને હરનારા પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપજ છો.

कामदेवः कामपालः कामी कान्तः कृतागमः ।
अनिर्देश्यवपुर्विष्णुर्वीरोऽनन्तो धनंजयः ॥७०॥

कामदेवः (૬૫૧)-કામનાઓને પૂરી પાડનારા કામદેવ પણ આપજ છો. પુનઃ રતિના સ્વામી કામદેવ પણ આપજ છો.

कामपालः (૬૫૨)-વ્યક્તિભાવમાં કામનાઓનું પાલન કરનારા પણ આપજ છો. પુનઃ કામદેવનું રક્ષણ કરનારા પણ આપજ છો.

कामी (૬૫૩)-વ્યક્તિભાવમાં કામનાવાળા પણ આપ છો. પુનઃ કામવિષયવાળા પણ આપજ છો. પુનઃ સર્વ કામનાઓ જેની પરિપૂર્ણ થયેલી છે એવા પૂર્ણકામ પણ આપ છો.

कान्तः (૬૫૪)-માયાના પતિ પણ આપજ છો. પુનઃ કરેલી સૃષ્ટિરચનાનો અંત (નાશ) કરનારા પણ આપજ છો.

कृतागमः (૬૫૫)-કૃત એટલે કરેલું અને આગમ એટલે શાસ્ત્ર. અર્થાત્ શાસ્ત્ર-પુરાણાદિ સર્વ શાસ્ત્રોના રચનારા પણ આપજ છો. પુનઃ વ્યાસ મુનિનો અવતાર પણ આપજ છો.

अनिर्देश्यवपुः (૬૫૬)-અનિર્દેશ્ય એટલે આંગળીથી 'इदम्' આ કરીને ન બતાવી શકાય તેવું અનંત અપાર અને વપુ એટલે શરીર. સર્વત્ર વ્યાપક, અવ્યક્ત, અદૃશ્ય, નિરાકાર અને ચૈતન્યશરીરવાળા પણ આપ છો. પુનઃ દેશકાળ અને વસ્તુપરિચ્છેદથી રહિત અનંત, અપાર અને નિત્ય પણ આપજ છો.

विष्णुः (૬૫૭)-અણુના પણ અણુ એવા વિશેષ અણુરૂપ પણ આપજ છો. સર્વત્ર, સર્વવ્યાપક, વિષ્ણુતત્ત્વ પણ આપ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ છે. મન અને ઇંદ્રિયજન્ય જ્ઞાનથી અગમ, અગોચર અને અતીન્દ્રિયપદ પણ આપજ છે. પુનઃ સૃષ્ટિનું પાલન કરનાર પણ આપજ છે. પુનઃ વૈકુંઠપુરીના સ્વામી પણ આપજ છે.

वीरः (૬૫૮)–શૂરના પણ શૂર આપ છે. માયાકૃત સર્વ પ્રપંચોને જીતી લેનારા પણ આપ છે. પુનઃ મન અને ઇંદ્રિયોના વેગોને જીતનારા પણ આપ છે. પુનઃ સર્વના ઉપર ભ્રાતૃભાવ રાખનારા સુહૃદ્ પણ આપજ છે.

अनन्तः (૬૫૯)–દેશ, કાળ ને વસ્તુપરિચ્છેદરહિત તેમજ અંતથી રહિત અપાર–અથાગ પણ આપજ છે. પુનઃ વ્યક્તિભાવમાં અસંખ્યપણે જણાતા પણ આપજ છે. પુનઃ અવિનાશીપદ પણ આપજ છે. પુનઃ અનંત–નાગ પણ આપજ છે.

धनंजयः (૬૬૦)–ધનને જીતી લેનારા પણ આપ છે. પુનઃ અર્જુનસ્વરૂપ પણ આપ છે. પુનઃ મૃત્યુ પછી વ્યક્તિશરીરોમાં રહેનાર ધનંજય નામનો વાયુ પણ આપ છે. પુનઃ ધન ઉપર જય મેળવનારા એટલે તૃપ્ત આત્મા–આપ્તકામ–પૂર્ણકામ પણ આપજ છે.૭૦

ब्रह्मण्यो ब्रह्मकृद् ब्रह्मा ब्रह्म ब्रह्मविवर्धनः ।
ब्रह्मविद् ब्राह्मणो ब्रह्मी ब्रह्मज्ञो ब्राह्मणप्रियः ॥७१॥

ब्रह्मण्यः (૬૬૧)–બ્રાહ્મણ એવા વેદવેત્તાઓની રક્ષા કરનારા પણ આપજ છે. પુનઃ બ્રહ્મપ્રતિપાદક વેદશાસ્ત્રોની રક્ષા કરનાર પણ આપજ છે. પુનઃ બ્રહ્મજ્ઞાનમાટે સહકારી સાધનરૂપ મન, બુદ્ધિ, ઇંદ્રિયો અને વ્યક્તિશરીરોની રક્ષા કરનારા પણ આપજ છે.

ब्रह्मकृत् (૬૬૨)–બ્રહ્મ એટલે બ્રહ્મચર્ય આશ્રમ અને કૃત્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે કરનારા. તપ, શૌચ, સ્વાધ્યાય આદિ વૈદિક કર્મો બતાવનારા પણ આપજ છો. પુનઃ તત્ત્વબ્રહ્મ એજ આપનું સ્વરૂપ છે.

ब्रह्मा (૬૬૩)–જગતની રચના કરનાર બ્રહ્મા પણ આપજ છો. પુનઃ સર્વને ઉત્પન્ન કરનાર બ્રહ્મદેવ પણ આપજ છો.

ब्रह्म (૬૬૪)–સર્વત્ર સર્વવ્યાપક તત્ત્વબ્રહ્મ પણ આપજ છો. પુનઃ સત્, ચિત્, આનંદ, અથવા અસ્તિ, ભાતિ, પ્રિય પણ આપજ છો. પુનઃ "सत्यं ज्ञानमनंतं ब्रह्म" પણ આપજ છો. પુનઃ દેશ–કાળ–વસ્તુથી અપરિચ્છિન્ન, અખંડ, એક, અદ્વૈત, સજાતીય–વિજાતીય અને સ્વગતભેદરહિત પરમ આત્મતત્ત્વ પણ આપજ છો.

ब्रह्मविवर्धनः (૬૬૫)–બ્રહ્મ એટલે વૈદિક કર્મ અને વિવર્ધનઃ એટલે વધારનારા. બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ માટે સાધન–ચતુષ્ટયનો વધારો કરનારા તથા તેનો યોગક્ષેમ કરનારા પણ આપજ છો.

ब्रह्मविद् (૬૬૬)–વેદને જાણનારા પણ આપજ છો.

ब्राह्मणः (૬૬૭)–દૃશ્યજગતને તત્ત્વબ્રહ્મરૂપે જોનાર પણ આપજ છો. પુનઃ તત્ત્વબ્રહ્મનો સાક્ષાત્ બોધ કરનાર બ્રાહ્મણવર્ણ પણ આપજ છો.

ब्रह्मी (૬૬૮)–તત્ત્વબ્રહ્મ એવી સંજ્ઞાવાળા પણ આપજ છો. પુનઃ બ્રહ્મી એટલે બ્રહ્મવલ્લી. એ નામવાળા પણ આપજ છો. પુનઃ જેને લોકો બ્રહ્મ કહે છે એ નામવાળા પણ આપજ છો.

ब्रह्मज्ञः (૬૬૯)–બ્રહ્મ એટલે વેદ અને જ્ઞઃ એટલે જાણનારા. વેદને જાણનારા પણ આપજ છો. તત્ત્વબ્રહ્મને યથાવત્ જાણનારા તત્ત્વવેત્તા અથવા બ્રહ્મવેત્તા પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ब्राह्मणप्रियः (૯૭૦)–બ્રહ્મવેત્તા એવા બ્રાહ્મણો આપને નિજ આત્મા જેવા પ્રિય છે. પુનઃ બ્રહ્મવેત્તા એવા બ્રાહ્મણોને આપ તેમના નિજ આત્મા જેવા પ્રિય છો.૭૧

महाक्रमो महाकर्मा महातेजा महोरगः ।
महाक्रतुर्महायज्वा महायज्ञो महाहविः ॥७२॥

महाक्रमः (૯૭૧)–મહા એટલે મોટાં, ઉંચાં, લાંબાં અને પહોળાં તથા ક્રમઃ એટલે પગલાં. મહાન ક્રમ, અસંખ્ય જગતોની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો ક્રમ. ઘટિયંત્રની પેઠે લક્ષ ચોરાશીનો ક્રમ કરનારા અને પુનઃ પરાક્રમોના કરનારા પણ આપજ છો. પુનઃ અચળ પદમાં રહેવા છતાં માયાનો અનાદિપ્રવાહ નિરંતર વહન કરનારા પણ આપ છો. 'અઘટ[1] ઘટના ઘટ, અને અપટપટના પટ'[1]ના કરનારા પણ આપ છો. પુનઃ ત્રણ પાદમાં ત્રિલોકી જગતને પૂરી દેનારા એવા વામન રૂપમાંથી સમષ્ટિ વિરાટરૂપ થનારા પણ આપ છો. પુનઃ મત્સ્ય, કચ્છ, વરાહ, નૃસિંહ આદિ સ્વરૂપો પ્રગટ કરીને અદ્‌ભુત પરાક્રમો કરનારા પણ આપ છો.

महाकर्मा (૯૭૨)–પિંડ, બ્રહ્માંડ અને દૃશ્ય, અદૃશ્ય સર્વના કર્તા પણ આપજ છો. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનારા એવા મહાન પરાક્રમો કરનારા પણ આપજ છો.

महातेजा (૯૭૩)–અસંખ્ય સૂર્યોના તેજના કરતાં પણ

---

૧ અઘટ અને અપટ=જે ઘટના ન ઘટી શકે તે ઘટાવવામાં સમર્થ અને જેને આડો પડદો ન દઇ શકાય તેને આડો પડદો કરનાર, આશ્ચર્યકારક ઇંદ્રજાળ કરનારા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાન્ તેજસ્વી આપજ છો. કારણુ કે આપ સ્વપ્રકાશ આત્મ-જ્યોતિ છો.

महोरगः (૬૭૪)-મહા એટલે મોટા, ઉરગ એટલે સર્પ. મોટા દોરની પેઠે પિંડબ્રહ્માંડની બાહ્યાભ્યંતર વીંટાઇ રહેનારા (અહં-અહંકાર-દેહાભિમાન અહંકાર) એવા વાસુકિ સર્પરૂપ પણુ આપજ છો. પુનઃ બાહ્યાભ્યંતર વીંટાઇ રહેનારા તત્ત્વબ્રહ્મ ચિદાકાશતત્ત્વ પણુ આપજ છો.

महाक्रतुः (૬૭૫)-મહા એટલે મોટો અને ક્રતુ એટલે યજ્ઞ. મોટા મોટા યજ્ઞ-યાગાદિ કર્મોરૂપ પણુ આપજ છો. અશ્વમેધ જેવા યજ્ઞરૂપ પણુ આપજ છો.

महायज्वा (૬૭૬)-મહા એટલે મોટા અને યજ્વા એટલે યજ્ઞ કરનારા. મોટા મોટા યજ્ઞો કરીને યજન-પૂજન કરનારા પણુ આપજ છો.

महायज्ञः (૬૭૭)-મોટા મોટા યજ્ઞસ્વરૂપ આપજ છો.

महाहविः (૬૭૮)-મહા એટલે મોટા અને હવિઃ એટલે હુતદ્રવ્ય. યજ્ઞમાં જે હુતદ્રવ્ય હોમાય છે તે આપજ છો.૭૨

स्तव्यः स्तवप्रियः स्तोत्रं स्तुतिः स्तोता रणप्रियः ।
पूर्णः पूरयिता पुण्यः पुण्यकीर्तिरनामयः ॥७३॥

स्तव्यः (૬૭૯)-સ્તુતિ કરવા યોગ્ય. સ્તુતિ કરવા યોગ્ય દેવ પણુ આપ એકજ છો. કારણુ કે બ્રહ્મા, વિષ્ણુ આદિ સર્વ દેવોના આપ નિજ આત્મા છો.

स्तवप्रियः (૬૮૦)-સ્તુતિ-સ્તવન આપને અતિપ્રિય છે. આધીન ચિત્તથી કરેલી સ્તુતિ વડેજ આપ પ્રસન્ન થાઓ છો અથવા દ્રવીભૂત થાઓ છો. પુનઃ ગર્વ અને અહંકાર આપને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગમતા નથી. પુનઃ શરણાગત થઈને આપનું ભજન-સ્મરણ કરનારા ભક્તો ઉપર આપ પ્રસન્ન થનારા છો. એકાંતમાં અધીનતા અને નમ્રતાથી આપની સ્તુતિ કરવી એજ એક આપને પ્રસન્ન કરવાનું સાધન છે.

स्तोत्रम् (૬૮૧)-સ્તુતિરૂપ સ્તોત્ર પણ આપજ છો. આપનું માહાત્મ્ય ગાવામાં આપજ સ્તોત્રરૂપ છો.

स्तुतिः (૬૮૨)-સ્તુતિરૂપ ક્રિયા પણ આપજ છો.

स्तोता (૬૮૩)-સ્તુતિ કરનારા સ્તોતા પણ આપજ છો.

रणप्रियः (૬૮૪)-લીલાવતારમાં રણભૂમિ જેને પ્રિય છે એવા અવતારધારી પણ આપજ છો.

पूर्णः (૬૮૫)-સર્વ વાતે પરિપૂર્ણ પણ આપજ છો. આપ આપ્તકામ અને પૂર્ણકામ છો. પુનઃ [૧]અણુ અણુમાં અખંડ અને પરિપૂર્ણપણે રહેનારા પણ આપજ છો.

पूरयिता (૬૮૬)-સર્વ કામનાઓને પૂરી કરનારા પણ આપ છો.

पुण्यः (૬૮૭)-મૂર્તિમાન પુણ્ય પણ આપજ છો. મૂર્તિમાન સુખ પણ આપજ છો. પુનઃ મૂર્તિમાન ધર્મ અને સત્-

૧ અણુ અણુ=પ્રત્યેક વ્યક્તિપણામાં (કૂટસ્થ અણુમાં अहं अस्मि હું છું પણામાં) જીવાત્મા (વિરાટ) ઈશ્વર આત્મા અને (સર્વત્ર) વ્યાપક બ્રહ્મ પરમાત્મા રહ્યા છે. જેમ ઘટમાં ઘટાકાશ, મહાકાશ અને મહદાકાશ, અને ઘટની બહાર મહાકાશ અને મહદાકાશ, અને મહાકાશની બહાર ચારે તરફ સર્વ બાજુએ મહદાકાશ વ્યાપક છે તેમ, તેથી જીવાત્મા (પિંડ અને બ્રહ્માંડ) વ્યષ્ટિ સમષ્ટિગત રચના (સ્વપ્નસૃષ્ટિની પેઠે) પ્રગટ કરે છે. અખંડનો અણુ અખંડ સાથે સદા એકાકાર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્મ પણ આપજ છે.

पुण्यकीर्तिः (૯૮૮)–આપની કીર્તિ પવિત્ર છે. પુનઃ આપની કીર્તિ શ્રોતાજનને પવિત્ર કરનારી છે. પુનઃ આપના ગુણમાહાત્મ્યની કથાઓ શ્રવણ કરવામાં શ્રોતાઓને ધર્મ-કર્મરૂપ સત્કર્મના ફળની પ્રાપ્તિ કરનારી છે.

अनामयः (૯૮૯)–રોગ વિનાના, આરોગ્ય. આપ સર્વ રોગથી રહિત છો. જન્મ–મરણના રોગથી રહિત છો. સદા આરોગ્ય ષડ્ ઊર્મિરૂપ (જન્મ, મરણ, ક્ષુધા, તૃષા, હર્ષ, શોક) વિકારથી રહિત છો. પુનઃ આપ અક્ષય ધામ છો. સદા જેવા નેતેવા રહેનારા છો. પુનઃ આપનું સ્મરણ કરનારને આપ આરોગ્ય આપનારા છો.૭૩

मनोजवस्तीर्थकरो वसुरेता वसुप्रदः ।
वसुप्रदो वासुदेवो वसुर्वसुमना हविः ॥७४॥

मनोजवः (૯૯૦)–મનથી ઉત્પન્ન થનારા, એટલે કામ-દેવ પણ આપજ છો. પુનઃ મન દ્વારાએ ગતિ કરનારા પણ આપજ છો. પુનઃ મનની સ્થિરતામાં આપના દર્શનની પ્રાપ્તિ થાય છે. પુનઃ મનોમય માનસિક ગતિ કરનારા પણ આપ છો.

तीर्थकरः (૯૯૧)–મોટાં મોટાં તીર્થ અને ક્ષેત્રોના કર-નારા પણ આપજ છો. પુનઃ વિદ્યાના બનાવનારા તથા શી-ખવનારા પણ આપજ છો. પુનઃ પ્રાણીઓનું સંજ્ઞા જ્ઞાન પણ આપજ છો.

वसुरेता (૯૯૨)–વસુ એટલે સુવર્ણ અને રેતસ્ એટલે વીર્ય. હિરણ્યરેતા પણ આપજ છો. પુનઃ હિરણ્યગર્ભ એવા બ્રહ્મા પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वसुप्रदः (૯૯૩)–વસુ એટલે લક્ષ્મી અને પ્રદ એટલે આપનાર. સર્વને લક્ષ્મી આપનારા પણ આપજ છો. પુનઃ ભક્તજનોને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચારે પદાર્થરૂપી ધનના આપનારા પણ આપજ છો.

वसुप्रदः (૯૯૪)–વસુ એટલે ધન અને પ્રદ એટલે આપનારા. ધનના આપનારા પણ આપજ છો. પુનઃ દ્રવ્યના દેનારા પણ આપજ છો.

वासुदेवः (૯૯૫)–વસુ એટલે વસનારા. સર્વ જગતમાં વાસો કરનારા માટે વાસુદેવ. વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ પણ આપજ છો. પુનઃ જગતમાં જે જે કંઇ દૃશ્ય અને અદૃશ્યરૂપ છે, જે જે પ્રતીતિગોચર અને જે જે અપ્રતીતિરૂપ છે તે સર્વ આપજ છો. અને એવી બ્રહ્મનિષ્ઠા થવી તે આત્મજ્ઞાનની સીમા છે. તે પછી વિશેષજ્ઞાન થવાનું કોઇને બાકી રહેતું નથી. “ वासुदेवः सर्वमिति ” સર્વમાં સ્વાત્મભાવ અથવા વાસુદેવ ભાવ અનુભવવો એજ જ્ઞાનની પરાકાષ્ઠા છે. सर्वं खल्विदं ब्रह्म तज्जलान्.

वसुः (૯૯૬)–સર્વ દૃશ્યોમાં આપજ એક વસી રહેલા છો. પુનઃ માયા, લક્ષ્મી પણ આપજ છો. પુનઃ માયાથી ઢંકાઈ રહેનારા પણ આપજ છો.

वसुमनाः (૯૯૭)–દૃશ્ય સર્વમાં વસવાના મનવાળા પણ આપજ છો. પુનઃ પૃથ્વી અને પૃથ્વીના કાર્યરૂપ ભૌતિક શરીરોમાં વસવાની ઇચ્છાવાળા પણ આપજ છો. દૃશ્ય જગતોના અધિષ્ઠાન આપજ છો.

हविः (૯૯૮)–હુતદ્રવ્ય. યજ્ઞના હુતદ્રવ્ય પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सद्गतिः सत्कृतिः सत्ता सद्भूतिः सत्परायणः ।
शूरसेनो यदुश्रेष्ठः सन्निवासः सुयामुनः ॥७५॥

सद्गतिः (६९९)–સત્પુરુષોની ગતિ. સદ્ગતિ[1] અથવા

---

૧ મૃત્યુ પછી જીવાત્માની શી વ્યવસ્થા થાય છે? સ્વર્ગ કે નરકપ્રાપ્તિ, કે દેહાંત થવાથી તે સાથે જીવાંત પણ થઇ જાય છે? તેનો નિશ્ચય અથવા ખાતરી થઇ શકતી નથી. એવી દંતકથા છે કે, પહોંચ્યાના પરમાણા કોઇએ મોકલ્યા નથી. મૃત્યુ પછી જીવાત્મા પરલોકમાં જાય છે, અને પુણ્ય–પાપનું ફળ ભોગવે છે એ વાત, અને બીજી વાત મરનારની પાછળ કરેલું પુણ્યદાન તેને પહોંચે છે તેની કોઇ સાબીતી નથી; પણ શાસ્ત્રોના આધારે તથા લોકરૂઢિના આધારે જે કંઇ કરવું તે તો અંધશ્રદ્ધા કહેવાય; તેનું સમાધાન એ છે કે, આ જગતની અપેક્ષાએ પરલોકનું ભાવિ જગત સૂક્ષ્મ છે, અને અવસ્થાના બદલાવાથી જીવાત્માને પૂર્વની સ્મૃતિ અવિદ્યાને લઇને વિસ્મૃત થાય છે. જેમ જાગ્રતદશામાંથી સ્વપ્ન કે સુષુપ્તિ દશામાં જતાં જાગ્રત દશાની વિસ્મૃતિ થઇ જાય છે તેમ. વળી જાગ્રત અને સ્વપ્ન એ બન્ને જગતો એકબીજાથી જુદાં રહેલાં છે તે પ્રમાણે આ લોક અને પરલોક જુદા છે અને ત્યાં પૂર્વની સ્મૃતિનો ભંગ (અથવા વિસ્મૃતિ) થાય છે. વળી વર્તમાન દેહને જેમ કૌમાર, યૌવન અને જરા અવસ્થા થાય છે, તે પ્રમાણે દેહી એવા જીવાત્માને (ટ્રાન્સમાઇગ્રેશન ઓફ સોલ) "**तथा देहान्तरप्राप्तिः इति**" આ દેહ પછી પરલોકમાં ભાવિ દેહ પ્રાપ્ત થાય છે; આ જગત ભૌતિક તત્ત્વોની રચના છે. તેથી બન્ને જગતો જુદી જુદી સત્તામાં પ્રવર્તે છે અને તે એકબીજાથી અગમ અને અભેદ્ય રહે છે, તેથી એકનો પદાર્થ બીજામાં આવ–જા કરી શકતો નથી; જેમ જાગ્રતનો પદાર્થ સ્વપ્નજગતમાં આવ–જા કરી શકતો નથી તેમ. મૃત્યુ પછીના પરલોકમાં જે અનુભવ થાય છે તે અનુભવ તો મરનાર જીવાત્મા પોતેજ જાણે છે તેથી પરલોકમાં ગએલા જીવો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોક્ષપદ પણ આપજ છે. પુનઃ આપના સ્વરૂપની પ્રાપ્તિ એજ સદ્ગતિ અથવા છેવટની ગતિ છે.

सत्कृतिः (૭૦૦)–સત્ એટલે સાચું અને કૃતિ એટલે કાર્ય. આપની કૃતિ સત્ છે.

सत्ता (૭૦૧)–અસ્તિત્વ અથવા સત્તાસ્ફૂર્તિ–શક્તિ એજ આપનું મૂર્તિમાન સ્વરૂપ છે. સત્તા એટલે અસ્તિત્વ, સત્તા-સામાન્ય એટલે સર્વત્ર સમાન વ્યાપક, અસ્મિતા, અથવા સત્, ચિત્ અને આનંદરૂપ સત્તા પણ આપજ છે. પુનઃ

નો હાલહેવાલ કોઇથીજ જાણી શકાતો નથી. વળી કોઇ એક અકસ્માતમાં અસંખ્ય જીવોનું એકીકાળે મૃત્યુ થાય છે તે છતાં કર્મ અને વાસના પ્રમાણે પ્રત્યેકને નોખનોખો પરલોક સ્વપ્નસૃષ્ટિ પેઠે અનુભવાય છે અને એકી કાળનું મૃત્યુ હોવા છતાં એકબીજાને તેઓ મળી પણ શકતા નથી. વર્તમાન જગત પણ એજ પ્રમાણે પૂર્વના કર્મકૃત સંસ્કારો ભોગવવા માટે પરલોકજ છે અને તેમાં જણાતા જે જે જીવો છે તે સ્વપ્નમાં દેખાતા સ્વપ્નનર જેવા જીવો છે, અને સ્વપ્નસૃષ્ટિ *જેવી લોકાંતર સૃષ્ટિ છે. પુનઃ સર્વ તંત્રના નિયામક ઈશ્વર છે અને મરનાર પાછળ કરેલું પુણ્યદાન ભાવના દ્વારાએ નિયામક ઈશ્વરને નિવેદન કરાય છે અને વિશ્વનિયંતા અને જગતકર્તા તે મરનાર જીવાત્માને શુભ સંસ્કાર દ્વારાએ તે પુણ્યદાન પહોંચડાવે છે. જેમ જગતવ્યવહારમાં ભલામણનો ઉપયોગ થાય છે તે પ્રમાણે **"कर्मणैव हि संसिद्धिम् इति"** સત્ય ભાવના અથવા સત્ય સંકલ્પ સહિત કરેલાં સત્કર્મજ તેને ફળસિદ્ધિ (પ્રાપ્તિ)માં હેતુ છે.

---

* "જેવી" કહેવાનો અર્થ પરલોક સ્વપ્નરૂપ ન ગણવો. પરલોક–સ્થિતિ સ્વપ્નરૂપ નથી, પણ તેની સાદૃશ્યતા બતાવવાને સ્વપ્નનું દૃષ્ટાંત ઠીક લાગુ પડે છે. તેથી સ્વપ્ન જેવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમાર્થસત્તા, વ્યાવહારિક સત્તા અને પ્રાતિભાસિક સત્તા-રૂપે પણ આપજ છો. પુનઃ આપની સત્તા સર્વોપરિ સત્તા છે.

सद्भूतिः (૭૦૨)-ભૂતિ એટલે વિભૂતિ. શ્રેષ્ઠ વિભૂતિ પણ આપજ છો. પુનઃ સત્ય એજ આપનું મૂર્તિમાન સ્વરૂપ છે. પુનઃ અનિર્વચનીય ભાવમાં સત્ય જગતરૂપે જણાતા પણ આપજ છો. પુનઃ આપનું માહાત્મ્ય સત્ય છે.

सत्यपरायणः (૭૦૩)-સત્ એટલે સત્ય ન્યાય અને પરાયણ એટલે પરાયણ થનાર. આપનું સર્વ વર્તન સત્ય અને ન્યાયપરાયણ છે. પુનઃ સત્યતા પાળનારને આપ શ્રેષ્ઠ ધામ આપનારા છો.

शूरसेनः (૭૦૪)-દેવતાઓના સૈન્યવાળા પણ આપજ છો, પુનઃ દૈવી સંપત્તિઓ એજ આપના સૈન્યરૂપ છે.

यदुश्रेष्ठः (૭૦૫)-યદુકુળમાં-સર્વ યાદવોમાં શ્રેષ્ઠ એવા શ્રીકૃષ્ણરૂપ પણ આપજ છો.

सन्निवासः (૭૦૬)-સાધુઓના નિવાસસ્થાન પણ આપજ છો. પુનઃ સત્પુરુષોના આધાર પણ આપજ છો.

सुयामुनः (૭૦૭)-સુ એટલે સારૂં અને યામુન એટલે યમુના. યમુનાને સારી કરનાર. કાલીય નાગને જીતીને યમુના-જળને વિષરહિત કરનાર એવા શ્રીકૃષ્ણરૂપ પણ આપજ છો.

भूतावासो वासुदेवः सर्वासुनिलयोऽनलः ।
दर्पहा दर्पदो दृप्तो दुर्धरोऽथापराजितः ॥७६॥

भूतावासः (૭૦૮)-પંચમહાભૂતો અને સર્વ ભૂત-પ્રાણીઓના નિવાસરૂપ ચિદાકાશતત્ત્વ પણ આપજ છો.

वासुदेवः (૭૦૯)-વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सर्वासुनिलयः (૭૧૦)-સર્વ એટલે સર્વ. અસુ એટલે પ્રાણ. નિલય એટલે રહેઠાણ. આપમાંથી સર્વના પ્રાણોની ઉત્પત્તિ અને આપમાંજ સર્વ પ્રાણોનો લય થાય છે. તેથી આપ સર્વ પ્રાણોનું રહેઠાણ છો.

अनलः (૭૧૧)-અગ્નિ. અગ્નિરૂપ પણ આપજ છો.

दर्पहा (૭૧૨)-દર્પ એટલે ગર્વ અને હા એટલે નાશ કરનાર. ગર્વિષ્ઠ લોકોના ગર્વનો નાશ કરનારા પણ આપ છો.

दर्पदः (૭૧૩)-ગર્વ આપનારા પણ આપ છો. એટલે કે સાત્વિક ગર્વ કે જે મનના નિશ્ચયરૂપ છે અથવા કૃતકૃત્યતાના નિશ્ચયરૂપ છે, અથવા ભક્તિજ્ઞાનના નિશ્ચયરૂપ છે અને તેના આપનારા પણ આપજ છો.

दृप्तः (૭૧૪)-ગર્વિષ્ઠ, મગ્ન. સંસારવ્યવહારમાં નિત્ય નવા નવા ઉમંગોમાં ગરક થઈ રહેનારા પણ આપજ છો. પુનઃ પોતાના સાત્વિક નિશ્ચયમાં ગર્વિષ્ઠ રહેનારા પણ આપ છો.

दुर्धरः (૭૧૫)-દુઃ એટલે દુઃખે કરીને, અને ધરઃ એટલે ધારણ કરાય તેવા. કષ્ટસાધ્ય પણ આપજ છો. આપની સ્વરૂપ-પ્રાપ્તિ માટે જિજ્ઞાસુઓને સાધનચતુષ્ટય અને યમ, નિયમ, ધ્યાન, ધારણા આદિ ઘણાં ઘણાં સાધનો કરવાં પડે છે તેથી આપ કષ્ટસાધ્ય છો.

अपराजितः (૭૧૬)-બીજાથી પરાજય ન પામેલા એવા. અમિત બળવાળા પણ આપજ છો. પુનઃ માયાપ્રપંચથી અજિત રહેનારા પણ આપજ છો.૭૬

विश्वमूर्तिर्महामूर्तिर्दीप्तमूर्तिरमूर्तिमान् ।
अनेकमूर्तिरव्यक्तः शतमूर्तिः शताननः ॥७७॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विश्वमूर्तिः (૭૧૭)–વિશ્વ એજ આપનું સ્થૂળ વ્યક્તિ-શરીર છે. આપ નિરાકાર હોવા છતાં માયામાં વિશ્વરૂપે સાકાર પ્રતીત થાઓ છો. પુનઃ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં સમષ્ટિગત અને વ્યષ્ટિગત પિંડબ્રહ્માંડરચનાપણે પણ આપજ પ્રતીત થાઓ છો. પુનઃ જગતરૂપે દૃશ્યાકાર જણાવું એ આપનો પ્રકૃતિ–[1]સ્વભાવ છે. પુનઃ દ્રષ્ટા, દૃશ્ય અને દર્શન એ ત્રિપુટીરૂપ એક મૂર્તિ પણ આપજ છો.

महामूर्तिः (૭૧૮)–મોટા આકારવાળા એટલે વિરાટ સ્વરૂપ પણ આપજ છો.

दीप्तमूर्तिः (૭૧૯) પ્રકાશસ્વરૂપ. એટલે સ્વપ્રકાશ અને પરપ્રકાશ પણ આપજ છો. વળી સર્વમાં જ્ઞપ્તિત્વ[2] છો. પુનઃ વ્યક્તિઓના નિજજ્ઞાનના પ્રકાશક પણ આપજ છો.

अमूर्तिमान् (૭૨૦)–નિરાકાર પદ પણ આપજ છો. અદૃશ્ય, અગમ, અગોચર અને વ્યક્તિભાવથી રહિત અવ્યક્ત પદ પણ આપજ છો.

अनेकमूर्तिः (૭૨૧)–જેમ એકજ સૂર્ય દર્પણરૂપ ઉપાધિમાં અથવા ઘટરૂપ ઉપાધિમાં પ્રતિબિંબિત થઈને અનેકપણે જણાય છે, તેમ વ્યક્તિહૃદયોમાં પ્રતિબિંબાત્મક થવાથી એકના અનેક અને અવ્યક્તના વ્યક્ત (સાકાર મૂર્તિમાન)

---

૧ જ્યાં જ્યાં વ્યષ્ટિજીવો છે ત્યાં ત્યાં સમષ્ટિ નિયંતા ઈશ્વર છે; એટલે બ્રહ્મ છે ત્યાં જગત છે અને જગત છે ત્યાં બ્રહ્મ છે. બ્રહ્મજ માયાથી વિવર્તરૂપે જગદાકાર દેખાય છે અથવા જે જગતરૂપ દેખાય છે તે બ્રહ્મજ છે. સ્વ=પોતાનો, અને ભાવ એટલે અસ્તિત્વ, સ્થિતિ.

૨ જ્ઞપ્તિત્વ–જાણવાપણું, જ્ઞાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયેલા પણ આપજ જણાઓ છો. પુનઃ નામ અને રૂપ એ માયા અંશ છે અને માયાકૃત નામરૂપાત્મક જગતમાં આપ નિરાકાર હોવા છતાં સાકાર મૂર્તિમાન (एकोऽहं છતાં) અનેકપણે પણ આપજ જણાઓ છો. પુનઃ મૂર્તિઓમાં ચોવીસ અવતાર પણ આપજ છો.

अव्यक्तः (७२२)–અ એટલે નહિ અને વ્યક્ત એટલે દૃષ્ટિગોચર–દેખાતા. વ્યક્તિભાવથી રહિત આપ અમર્યાદ અનંત અપાર છો. આપ શરીરાદિ આકારથી રહિત—અદૃશ્ય અમૂર્તિ અને અગમ્ય પદ છો.

शतमूर्तिः (७२३)-એકપણાની સંજ્ઞાથી રહિત હોવા છતાં સો, હજાર અને અસંખ્યરૂપે જણાઇ રહેનારા પણ આપજ છો.

शताननः (७२४)–સો, હજાર, કરોડ અને અસંખ્ય મુખવાળા પણ આપજ છો. દૃશ્ય જગતમાં જેટલાં મુખો જણાય છે તે સર્વ આપનાંજ મુખો છે.

एकोऽनेकः सवः कः किं यत् तत्पदमनुत्तमम् ।
लोकबंधुर्लोकनाथो माधवो भक्तवत्सलः ।।७८।।

एकः (७२५)–આપ એકજ વસ્તુસ્થિતિ છો. આપના એકપણામાંજ માયા કલ્પિત અને અધ્યારોપ છે. પુનઃ બે ત્રણ સંજ્ઞાઓ હોય ત્યાં એકપણાની સંજ્ઞા વાપરી શકાય. પણ જ્યાં એકજ વસ્તુ હોય ત્યાં આપને એક એવી સંજ્ઞા આપવી એ પણ અજ્ઞાનતા છે. પુનઃ એકપણાની પ્રતીતિરહિત એવા એક–પણારૂપે આપજ છો. પુનઃ એકાક્ષર ૐકાર એજ આપનું પરમાત્મપદ છે. પુનઃ આપ દ્વૈતપણાથી રહિત છો. સજાતીય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિજાતીય અને સ્વગતભેદથી પણ રહિત છો, માયા અને આપ અભિન્ન એકરૂપ છો. પુનઃ માયા અવસ્તુ હોવાથી આપ નિત્ય એકના એક પરમાર્થસત્તારૂપ છો. પુનઃ ભક્તજનોને ભજવા યોગ્ય આપ એકજ દેવ છો. પુનઃ એકપણામાંજ જીવને બ્રહ્મ-પણાની પ્રાપ્તિ થાય છે. પુનઃ ભક્ત અને જિજ્ઞાસુને આપ એકજ આધાર છો અને આપ એકજ પરમગતિ છો. માયાકૃત વ્યક્તિ-ઓમાં પૃથક્ પૃથક્–જુદાપણે જણાવા છતાં આકાશની પેઠે અવિભક્ત–અખંડ–એક પણ આપજ છો. અને સર્વમાં જુદા જુદાપણે જણાવા છતાં સર્વને પોતપોતાનું एकोऽहंપણાનું ભાન કરાવનારા છો. પુનઃ અણુ અણુમાં આપ પૂર્ણ एकोऽहं-પણે રહેલા છો. કારણ કે માયા અને અવિદ્યાનો પડદો અ-વસ્તુરૂપ છે, અથવા ભ્રાંતિમય છે. પુનઃ જગત સર્વના બીજ-રૂપ પણ આપ એકજ છો. એકના અનેક અને અનેકના એક થનાર પણ આપજ છો. પુનઃ દ્રષ્ટાના દૃશ્યરૂપ અને દૃશ્યના દ્રષ્ટારૂપ થનાર પણ આપજ છો. પુનઃ આપના એકપણાની પ્રાપ્તિ દુર્લભ છે. "मनुष्याणां सहस्रेषु इति" પુનઃ આપના એકપણાની પ્રાપ્તિ તો એકાંતમાં એકલા પડીને અધ્યાત્મજ્ઞાન-ના નિત્ય નિરંતર વિચારો કરવાથી થાય છે. "अध्यात्मज्ञान-नित्यत्वं" અધ્યાત્મજ્ઞાન સિવાયની સર્વ ક્રિયાઓ અવિદ્યારૂપ છે અથવા ભ્રાંતિજ્ઞાન છે.

अनेकः (૭૨૬)–અન્=નહિ, એક=એક. આપ એક હોવા છતાં માયા અને અવિદ્યા ઉપાધિને લઇને અનેકરૂપે ભાસો છો સમષ્ટિ અંતરગત અનેકરૂપે જણાવા છતાં પુનઃ પ્રત્યેક વ્યક્તિમાં સમષ્ટિભાવ અને વ્યક્તિભાવ સહિત રહેલા પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપજ છે. પુનઃ નિરાકાર હોવા છતાં માયા અને અવિદ્યામાં પ્રતિબિંબિત થવાથી અનેકપણે જણાનારા પણ આપજ છે. જીવ, ઈશ્વર અને જીવાભાસપણે જણાનારા પણ આપજ છે.

सवः(૭૨૭)-સવ યજ્ઞ અથવા સોમ યજ્ઞ પણ આપજ છે.

कः (૭૨૮)-કઃ એટલે કોણ ? તેના ઉત્તરમાં (અયમ્) આ જે દેખાય છે તે,[1] એટલે જે અપરોક્ષસૂચક છે તે. પુનઃ સુખરૂપ અથવા આનંદકંદ પણ આપજ છે.

किम् (૭૨૯)-किम् એટલે [2]શું ! તેના ઉત્તરમાં न किम् એટલે શું નહિ ? બધું. સર્વ નામ, રૂપ, દેહ સુદ્ધાંત સર્વ આપજ છે. પુનઃ નિષેધોના અવધિરૂપ નેતિ, અવશેષ અસ્તિત્વ પણ આપજ છે.

यत् (૭૩૦)-યત્ એટલે જે. અનિર્વચનીય જગતરૂપે જે જે કંઇ દેખાય છે તે. એવું યત્ પણ આપજ છે. પુનઃ યત્ સંજ્ઞા દ્વારાએ શાસ્ત્રોમાં આપનુંજ વર્ણન કરેલું છે.

तत्पदम् (૭૩૧)-તત્ એટલે તે અને પદ એટલે સ્થાન. તે એટલે જે જે દેખાય છે તે તેનો નિષેધ કરીને જે અવશેષ

---

૧ આ દેહમાં પરમાત્મા કોણ છે ? મન કે બુદ્ધિજ્ઞાન કે ઇંદ્રિયો કે ક્ષેત્રજ્ઞ કે સર્વ સંઘાત ? તો તેના ઉત્તરમાં, જેમ સ્વપ્નમાં સ્વપ્નસાક્ષી અને સ્વપ્નદૃષ્ટાજ સ્વપ્ન સૃષ્ટિરૂપે જણાય છે, તેમ હિરણ્યગર્ભ બ્રહ્મ પરમાત્માના સંકલ્પ(કલ્પના)રૂપ અથવા સ્વપ્ન જેવી આ આખી સૃષ્ટિ પરમાત્માજ છે.

૨ દેહમાં શું શું આત્મા છે, અને શું શું અનાત્મા છે ? તેના ઉત્તરમાં એકે અનાત્મા કોઇ વસ્તુ નથી તેથી જે જે દેખાય છે અને જે જે જણાય છે તે સર્વ વિવર્તરૂપે આત્માજ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે છે તે સ્થાન, નેતિ અવશેષ અસ્તિત્વ પણ આપજ છો. તત્ એટલે તે-અને તે એટલે સર્વ વ્યક્તિઓમાં જે અહં (હું)-પણું હોવા છતાં તેનો બોધ કરવાને માટે શાસ્ત્રોમાં તત્ સંજ્ઞા આપીને વર્ણન કરેલું છે તે, એટલે તત્ બ્રહ્મ પરમાત્મા એવા પરોક્ષસૂચક પદ પણ આપજ છો. પુનઃ તત્ અને [૧]અ તત્ પણ આપજ છો. પ્રતીત અને અપ્રતીત, સાકાર અને નિરાકાર, દૃશ્ય અને અદૃશ્ય એ ઉભયથી રહિત અગમ્ય પદ પણ આપજ છો. સર્વ કથન માયિક કથનો છે, વસ્તુતાએ તો આપ

---

૧ અતત્=પરોક્ષ નહિ તે એટલે ઇદમ્-આ. જે પાસે છે, તે જડ ચેતન ચર, અચર અને સર્વ દેહો સુદ્ધાંત એટલે **अहं, त्वं, इदं, तत्, यत्** પરોક્ષ અને અપરોક્ષ દૃશ્ય અને અદૃશ્ય સર્વ આપજ છો. પુનઃ દૃષ્ટાંતમાં જેમ હીરામાં (પેલમાં) રાતા, પીળા, વાદળી, લીલા રંગ-બેરંગના અનિર્વચનીય ચમકારા દેખાય છે તે રંગબેરંગી ચમકારા પણ હીરોજ છે, તે પ્રમાણે સિદ્ધાંતમાં અદ્ભુત આશ્ચર્યકારક ચિત્ર-વિચિત્ર અનંત કોટિ જે સૃષ્ટિરચનાઓ અનિર્વચનીય દેખાય છે તે પણ પરમાત્માજ છે. પુનઃ હીરામાં જેમ રંગબેરંગી ચમકારા દેખાવા તે તેનો સહજાત સહજ વસ્તુસ્વભાવ છે, તે પ્રમાણે **अहंअस्मि**નો સહજાત સહજ સ્વ-ભાવ (ભાવના, ઇચ્છા) છે કે તેમાં ચિત્રવિચિત્ર સૃષ્ટિઓ ભાસવી. પુનઃ દ્રષ્ટા (જોનારા)ને તે હીરાના ચમકારા દેખાય છે. અદ્રષ્ટા (ન જોનારા) ને તે દેખાતા નથી. જીવાત્મા દ્રષ્ટા છે તેથી તેને પોતામાં સૃષ્ટિઓ દેખાય છે. સુષુપ્તિમાં-અપ્રતીત સ્થિતિમાં કંઇ દેખાતું નથી, વ્યક્તિ અને દ્રષ્ટાપ્રતીતિ તેમાં હેતુ છે તેથી જગત-સંસાર અને પુનરાવૃત્તિઓ દેખાય છે. જ્યારે વ્યક્તિભાવપ્રતીતિ નિવૃત્ત થશે ત્યારે જગત-સંસાર અને પુનરાવૃત્તિપ્રવાહ નિવૃત્ત થશે. પ્રતીતિનો ભાવ (હોવાપણું) અને પ્રતીતિનો અભાવ (ન હોવાપણું) એ ઉભયના અધિષ્ઠાન પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવાચ્યપદ છે.

अनुत्तमम् (૭૩૨)--ઉત્તમતાની અવધિરૂપ પદ (સ્થિતિ) પણ આપજ છે. છેવટની બ્રહ્મગતિ પણ આપજ છે.

लोकबंधुः (૭૩૩)-સર્વ લોકના બંધુ તથા સખા તેમજ સુહૃદ્ પણ આપજ છે.

लोकनाथः (૭૩૪)-સર્વ લોકના નાથ (સ્વામી) પણ આપજ છે. પુનઃ માયાશક્તિ દ્વારાએ સર્વ લોકોને નાથનારા (તંત્રમાં રાખનારા) અને મરજી પ્રમાણે નચાવનારા પણ આપજ છે-સૃષ્ટિરચના આપની એક જાતની રમતગમત છે.

माधवः (૭૩૫)--મધુકુળમાં અવતાર ધારણ કરનારા પણ આપજ છે. પુનઃ મધુ દૈત્યને મારવા તેની પાછળ ધાનારા વિષ્ણુ ભગવાન પણ આપજ છે. પુનઃ લક્ષ્મી પાછળ જનારા શ્રીવિષ્ણુ ભગવાન પણ આપજ છે. પુનઃ મા એટલે લક્ષ્મી તેના પતિ પણ આપજ છે.

भक्तवत्सलः (૭૩૬)-માતાને જેમ પોતાનું બાળક પ્રિય રહે છે, ગાયને જેમ વાછરડુ પ્રિય રહે છે, તેમ ભક્તજનો આપને પ્રિય રહે છે. પુનઃ ભક્તવત્સલતા બતાવવાને માટે આપ ભૃગુ લાંછન અને શ્રીવત્સચિહ્ન વક્ષઃસ્થળમાં ધારણ કરો છો. પુનઃ ભક્તવત્સલતામાં આપ પોતાનું અહંપણું ભૂલી જાઓ છો, તેથી 'હું તે ભક્ત અને ભક્ત તે હું' એવા ભાવનો સ્વીકાર કરો છો. ભક્તજન આપનું ભજન કરે છે ત્યારે આપ ભક્ત લોકોનું ભજન કરો છો, એટલે કે તેમની નિરંતર સંભાળ લેતા રહો છો. પુનઃ ભકતોને આપ નીચા પડવા દેતા નથી પણ જ્ઞાની કરતાં ઉંચા રાખો છો. "भक्त्या लभ्यस्त्वन-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન્યયા " હે અર્જુન ! મારી પ્રાપ્તિનો એકજ માર્ગ છે. તે એ કે ભક્તિથીજ હું પ્રાપ્ત થાઉં છું. ભક્તિ સિવાય અન્ય રસ્તે હું પ્રાપ્ત થતો નથી. પ્રેમલક્ષણા ભક્તિ એ મારી પ્રાપ્તિનું સાક્ષાત્ સાધન છે.૭૮

सुवर्णवर्णो हेमांगो वरांगश्चन्दनांगदी ।
वीरहा विषमः शून्यो घृताशीरचलश्चलः ॥७९॥

सुवर्णवर्णः (૭૩૭)-સુ એટલે સારો અને વર્ણ એટલે રંગ અને વર્ણ એટલે જાત. વ્યક્તિપણામાં આપના શરીરનો વર્ણ સુંદર છે, પુનઃ સુવર્ણ જેવા વર્ણવાળા ભગવાન પણ આપજ છો, ઉત્તમ કુળમાં જન્મ લેનારા પણ આપજ છો.

हेमांगः (૭૩૮)-વ્યક્તિભાવમાં આપનું અંગ સુવર્ણરૂપ છે. પુનઃ સુવર્ણ એજ આપની દૃશ્ય મૂર્તિ છે.

वरांगः (૭૩૯)-વર એટલે શ્રેષ્ઠ અને અંગ એટલે શરીર. આપનું અંગ સુંદર છે.

चन्दनांगदी (૭૪૦)-વ્યક્તિસ્વરૂપમાં ચંદનનો લેપ કરનારા અને ચંદનના બાજુબંધોનાં આભૂષણ ધારણ કરનારા પણ આપજ છો.

वीरहा (૭૪૧)-વીર એટલે બળવાળા પુરુષ અને હા એટલે નાશ કરનારા. બળવાનોનો નાશ કરનારા, ધર્મ અને સાધુઓનું રક્ષણ કરવા બળવાન દૈત્યોનો નાશ કરનારા પણ આપજ છો.

विषमः (૭૪૨)-વિલક્ષણ. કોઇ પણ લક્ષણા દ્વારાએ ન જણાઓ એવા આપ વિલક્ષણ અથવા વિષમ છો; તેથી દુર્વિજ્ઞેય પણ આપજ છો. પુનઃ વિ એટલે નહિ અને સમ એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરખાપણું-સરખાપણું જેમાંથી ગયું છે તેવા સમથી ઉલટા વિષમ પણ આપજ છે.

शून्यः (૭૪૩)–સર્વ પ્રતીતિઓથી અતીતપદ પણ આપજ છે. આકાશના જેવા શૂન્ય ચિદાકાશ પણ આપજ છે. "सूक्ष्मत्वात् तदविज्ञेयं दूरस्थं चांतिके च तत्" એટલે કે આપ સૂક્ષ્મતાની અવધિરૂપ છો, તેથી વસ્તુપણામાં છો કે નહિ તે જાણી શકાતું નથી, તેથી આપ દૂરથી દૂર રહેલા જણાઓ છો. બાકી વસ્તુતાએ સર્વ પ્રાણીઓમાં આપ તેમના નિજાત્માપણે રહેલા છો. તેથી તેમનામાં અભિન્ન અપરોક્ષપણે રહેલા છો.

घृताशीः (૭૪૪)–ઘૃત એટલે ઘી. અઘૃતાશી પાઠમાં નહિ ઘી, અશી એટલે ખાનારા. ગોપિકાઓનું માખણ ખાઈ જનારા બાળકૃષ્ણ પણ આપજ છો. અને અઘૃતાશી એટલે ઘી નહિ ખાનારા પણ માખણ ખાઈ જનારા પણ આપજ છો. પુનઃ કોઇની યાચના ન કરનારા સદા તૃપ્ત રહેનારા પણ આપજ છો.

अचलः (૭૪૫)–નહિ ચાલનારા. આપ અચ્યુત, કૂટસ્થ અને આકાશની પેઠે એકની એક જગ્યાએ સ્થિતિ કરીને રહેનારા છો. પુનઃ અવિકારી અને અવિનાશીપદ પણ આપજ છો.

चलः (૭૪૬)–આપ અચળ હોવા છતાં માયામાં પ્રતિબિંબાત્મક થવાથી આપનો ઉલટો ભાસ થાય છે; એટલે કે (વ્યક્તિભાવમાં) આપ અજન્મા હોવા છતાં જન્મ પામ્યા અને મૃત્યુ પામ્યા. પુનઃ જળપ્રવાહમાં પડેલું ચંદ્રનું પ્રતિબિંબ જેમ ચાલતું જણાય છે તેમ, અથવા ચાલતા માણસ સાથે જેમ ચંદ્ર ચાલતો જણાય છે, તેમ પ્રવાહરૂપે ચાલતા જણાઓ છો; અને અચળ હોવા છતાં સ્વપ્નદશાની પેઠે સંભ્રમરૂપે લોક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને લોકાંતર ગતિઓમાં ફરતા જણાઓ છો. પુનઃ વાયુતત્ત્વમાં ચલનશક્તિ પણ આપજ છો.૭૯

अमानी मानदो मान्यो लोकस्वामी त्रिलोकधृक् ।
सुमेधा मेधजो धन्यः सत्यमेधा धराधरः ॥८०॥

अमानी (૭૪૭)-લોક તરફથી માનની અપેક્ષા ન રાખનારા પણ આપજ છો. પુનઃ દીનતા અને અધીનતા આપને પ્રિય છે. પુનઃ નિરભિમાની પણ આપજ છો.

मानदः (૭૪૮)-ભક્તજનોને માન આપનારા પણ આપજ છો. પુનઃ અહંકારી અભિમાનીઓને માનભંગ કરનારા પણ આપજ છો.

मान्यः (૭૪૯)-સર્વ લોકને પૂજ્ય અને માનવાયોગ્ય દેવ પણ આપજ છો. પુનઃ આપની આજ્ઞા સર્વને માન્ય છે.

लोकस्वामी (૭૫૦)-ચૌદ લોકના સ્વામી. ભૂઃ-ભુવઃ-સ્વઃ, જાગ્રત્-સ્વપ્ન અને સુષુપ્તિ, આ લોક, પરલોક અને અપવર્ગ-સર્વ વ્યક્તિઓના સ્વામી પણ આપજ છો. પુનઃ સર્વ દશા અને સર્વ સ્થિતિઓમાં વ્યક્તિઓની રક્ષા કરનારા પણ આપજ છો.

त्रिलोकधृक् (૭૫૧)-ત્રણે લોકને પોતાના સ્વરૂપની અંદર ધારણ કરનારા ચિદાકાશતત્ત્વ પણ આપજ છો.

सुमेधा (૭૫૨)-સારી બુદ્ધિ. આપની બુદ્ધિ વિચક્ષણ છે. પુનઃ આપની બુદ્ધિ ઉદાર અને શ્રેષ્ઠ છે.

मेधजः (૭૫૩)-મેધ એટલે યજ્ઞ અને જ એટલે પ્રગટ થનારા. યજ્ઞમાંથી પ્રગટ થનારા પણ આપજ છો. પુનઃ જપયજ્ઞથી ભક્ત લોકોને સાકાર દર્શન કરાવનારા પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

धन्यः (૭૫૪)-લોકો તરફથી ધન્યવાદ-પ્રશંસા પામનારા પણ આપજ છો. પુનઃ માન પામવા યોગ્ય પણ એક આપજ છો.

सत्यमेधाः (૭૫૫)--સત્ય એટલે સાચી અને મેધા એટલે બુદ્ધિ. સત્યપરાયણ બુદ્ધિવાળા પણ આપજ છો. પુનઃ સત્યતા એજ આપતું બુદ્ધિજ્ઞાન છે. પુનઃ આપનાજ સંકલ્પો સત્ય સંકલ્પો છે.

धराधरः (૭૫૬)-પૃથ્વી અને પૃથ્વીના કાર્યરૂપ ભૌતિક શરીરોને ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ પૃથ્વીને ધારણ કરનારા શેષનાગ પણ આપજ છો. પુનઃ લોકપાલ આદિ દેવતાઓ પણ આપજ છો.૮૦

तेजोवृषो द्युतिधरः सर्वशस्त्रभृतांवरः।
प्रग्रहो निग्रहो व्यग्रो नैकशृंगो गदाग्रजः ॥८१॥

तेजोवृषः (૭૫૭)-તેજ એટલે તેજ અને વૃષ એટલે વરસવું. તેજનો વરસાદ વરસાવનારા સૂર્યરૂપ પણ આપજ છો. આત્મજયોતિ પણ આપજ છો. મન અને ઇંદ્રિયોને સચેત કરનારા પણ આપજ છો.

द्युतिधरः (૭૫૮)-દ્યુતિ એટલે કાંતિ, ધર એટલે ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ સુંદર સ્વરૂપને ધારણ કરનારા પણ આપજ છો.

सर्वशस्त्रभृतांवरः (૭૫૯)-લીલાવતારમાં સર્વશસ્ત્રોને ધારણ કરનારા અને શ્રેષ્ઠ ઉપયોગ કરી જાણનારા આપજ છો.

प्रग्रहः (૭૬૦)-પ્ર=આગળ, ગ્રહ=પકડવું. વિશેષપણે પકડી રાખનાર-અર્થાત્ ભાવગ્રાહી પણ આપજ છો. ભાવને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઈને પત્ર–પુષ્પને ગ્રહણ કરનારા પણ આપજ છો; અને તેનું ફળ આપનારા પણ આપ છો. વળી સૂર્યનારાયણ પણ આપ છો.

निग्रहः (૭૬૧)–તાબે કરનારા. મન–ઇંદ્રિયોને વિષયો તરફ જતાં રોકનારા પણ આપ છો. પુનઃ સર્વ જગતને વશ રાખનારા અથવા તંત્રમાં રાખનારા પણ આપ છો; કોઈ જાતના તાબામાં નહિ રહેનારા સ્વતંત્ર અને નિઃસ્પૃહ પણ આપ છો.

व्यग्रः (૭૬૨)–સદા વ્યવસાયી રહેનારા પણ આપજ છો. પુનઃ અવિનાશી પણ આપજ છો. પુનઃ વ્યગ્રચિત્ત (રઘવાટમાં) રહેનારા પણ આપ છો.

नैकशृंगः (૭૬૩)–નૈક એટલે અનેક અને શૃંગ એટલે શિંગડાં–અનેક શિંગડાંવાળા પણ આપજ છો. નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાત, એવાં વેદમાં વર્ણન કરેલાં ચાર શિંગડાંવાળા પણ આપજ છો.

गदाग्रजः (૭૬૪)–ગદ એટલે રોગ, અને અગ્ર એટલે અગ્રભાગ અથવા પહેલાં અને જ એટલે જન્મવું. યાદવમાં ગદના પહેલાં જન્મેલા મોટાભાઇ પણ આપજ છો. પુનઃ સંસારરૂપી રોગના પહેલાં પ્રગટ થયેલા [૧]ઈશ્વર પણ આપજ છો.

चतुर्मूर्तिश्चतुर्बाहुश्चतुर्व्यूहश्चतुर्गतिः ।
चतुरात्मा चतुर्भावश्चतुर्वेदविदेकपात् ॥८२

चतुर्मूर्तिः (૭૬૫)–ચાર મૂર્તિ આકારવાળા પણ આપ-

૧ ઈશ્વર=વિદ્યામાયામાં બ્રહ્મપરમાત્માનું પ્રતિબિંબ પડેલું તે વિરાટ પુરુષ ઈશ્વર; અને જીવ=અવિદ્યા માયામાં બ્રહ્મ–પરમાત્માનું પડેલું પ્રતિબિંબ, બ્રહ્મ=બિંબ છે. આ પ્રમાણે જીવ, ઈશ્વર ને બ્રહ્મ અથવા બિંબ, પ્રતિબિંબ અને પ્રતિબિંબાભાસ પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ છો. સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણદેહરૂપે પણ આપજ છો.

चतुर्बाहुः (૭૬૬)–ચાર ભુજાવાળા. ચતુર્ભુજ પણ આપ-જ છો. (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) શંખ, ચક્ર, ગદા અને પદ્મને ધારણ કરનારા પણ આપ છો.

चतुर्व्यूहः (૭૬૭)–ચતુર્ એટલે ચાર અને વ્યૂહ એટલે રચના. વેદની ચાર રચના: પુરુષ, વેદપુરુષ, પુરુષચ્છંદ અને મહાપુરુષ પણ આપજ છો. સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહા-કારણ દેહમાં આપ ચાર વ્યૂહ એટલે રચનારૂપ જણાઓ છો. પુનઃ ચાર પ્રાણી–જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ–રૂપે પણ આપજ જણાઓ છો.

चतुर्गतिः (૭૬૮)-સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય અને સાયુજ્ય, એ ચાર ગતિરૂપ પણ આપજ છો. પુનઃ પાણીમાં તરવું, આકાશમાં ઉડવું, જમીન ઉપર પગે ચાલવું અને પેટે ચાલવું, એ ચાર પ્રકારની ગમનક્રિયારૂપ પણ આપજ છો. પુનઃ ચાર વર્ણ અને ચાર આશ્રમરૂપ સ્થિતિ પણ આપજ છો.

चतुरात्मा (૭૬૯)–સમષ્ટિદેહની જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીયા એવી ચાર અવસ્થાના અભિમાની વિરાટ સૂત્રાત્મા પ્રાકૃત (પ્રકૃતિસ્થિત) અને તુર્યગાત્મા તથા વ્યષ્ટિ–વ્યક્તિ–ભાવમાં વિશ્વાત્મા, તૈજસ્, પ્રાજ્ઞ અને અવ્યક્ત આત્મા, એ ચાર જુદા જુદા પ્રકારે જણાઇ રહેનારા પણ આપજ છો. પુનઃ અંતઃકરણચતુષ્ટયમાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારપણે જણાઇ રહેનારા પણ આપજ છો. પુનઃ ચતુરાત્મા એટલે વિચક્ષણપણાની અવધિરૂપ પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चतुर्भावः (૭૭૦)–ભાવ એટલે અસ્તિત્વ અથવા મોક્ષ–ચાર અવસ્થાના ચાર ભાવમાં (અસ્તિત્વમાં) પણ આપજ છો. પુનઃ ચાર ભાવનાઓ ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપે પણ આપજ છો.

चतुर्वेदविद् (૭૭૧)--ચારે વેદોના વેત્તા પણ આપજ છો. પુનઃ ચાર વેદોના જ્ઞાનથીજ આપ ગમ્ય છો. પુનઃ જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીયા, એ ચાર અવસ્થાઓના જાણનારા (ક્ષેત્રજ્ઞ) પણ આપજ છો. પુનઃ પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી, એ ચાર પ્રકારની વાણી કરનારા અને વાણીની સમજણ પાડનારા ચતુર્મુખી બ્રહ્મા પણ આપજ છો.

एकपात् (૭૭૨)–એક ચરણવાળા પણ આપજ છો. એકાક્ષર ૐકાર એ આપનો એક પાદ છે. પુનઃ ૐકારની અ-કાર માત્રા પણ આપજ છો. પુનઃ અવ્યક્તની વ્યક્તિપ્રતીતિ એટલે નિરાકારના સાકાર થવું તે આપનો એક પાદ છે. પુનઃ માયા અથવા માયાવિશિષ્ટપણું અથવા સમષ્ટિપણું અથવા શબલ બ્રહ્મસાકાર અથવા વિશ્વપ્રતીતિ એ આપનો એક પાદ એટલે સ્થિતિ છે.૮૨

समावर्तोऽनिवृत्तात्मा दुर्जयो दुरतिक्रमः ।
दुर्लभो दुर्गमो दुर्गो दुरावासो दुरारिहा ॥८३॥

समावर्तः (૭૭૩)–સમ એટલે સરખી રીતે અને આવર્ત એટલે ચક્ર જેવું કુંડાળું. બાહ્યાભ્યંતર આકાશની પેઠે સર્વને એકસરખા સમાન કુંડાળાની પેઠે વીંટાઇ રહેલા તત્ત્વબ્રહ્મ પણ આપજ છો. પુનઃ એકસરખાં સમાન આવર્તનો કરાવ-નારા પણ આપજ છો. પુનઃ જગતમાત્રને નિયમિત એક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરખો વહન કરનારા પણ આપજ છો.

अनिवृत्तात्मा (૭૭૪)-અ એટલે નહિ, નિવૃત્ત એટલે શાંત. શાંત નહિ. માયાપ્રપંચના આત્મા પણ આપજ છો. માયાને કદી જંપ વળતો નથી. અને તે માયાના સંગથી સંગ-દોષને લઇને વ્યક્તિભાવમાં આપને પણ કોઈ વાર જંપ (નિરાંત) વળતો નથી એટલે સદા માયામાં ગુંચવાઈ રહીને અશાંતપણે રહેનારા પણ આપજ છો. પુનઃ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, પુનઃ જન્મ અને મરણની પ્રવૃત્તિઓમાં રહે-નારા પણ આપજ છો. પુનઃ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયની ખટપટ, જન્મ, જરા અને મૃત્યુ કરવાની ખટપટ, પુનઃ સંસાર-વ્યવહારની ખટપટ, વગેરે ખટપટોમાં ગુંચવાઇ રહે-નારા પણ આપજ છો.

दुर्जयः (૭૭૫)-દુઃ એટલે કષ્ટથી અથવા દુઃખથી અને જય એટલે જીતવું. આપ કષ્ટસાધ્ય છો. પુનઃ કોઇથી ન જીતાઓ એવા પણ આપજ છો.

दुरतिक्रमः (૭૭૬)-દુઃ એટલે દુઃખથી અથવા કષ્ટથી અને અતિક્રમ એટલે ઉલ્લંઘન કરવું. આપની નિયતિના સામા થવાને કોઇ શક્તિમાન નથી. પુનઃ આપના કરેલા અદૃષ્ટ પ્રારબ્ધને જાણવાને કોઈ સમર્થ નથી. આપના નિયત નિર્મા-ણને કોઈ ઉલ્લંઘન કરી શકતું નથી.

दुर्लभः (૭૭૭)-દુઃ એટલે દુઃખથી કે કષ્ટથી અને લભ એટલે મેળવવું. આપની પ્રાપ્તિ કષ્ટસાધ્ય છે. પુનઃ મનુ-ષ્યદેહ દુર્લભ છે. તેમાં જિજ્ઞાસા થવી દુર્લભ છે. તેમાં સદ્‌ગુરુ સત્સંગ, મન અને ઇંદ્રિયોનું દમન કરવું તે, અને સુવિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા તે દુર્લભ છે. પુનઃ નિજસ્વરૂપની પ્રાપ્તિ કરવી તે દુર્લભ છે. પુનઃ અંતકાળે બ્રહ્મસૂચક આપનું સ્મરણ કરવું તે દુર્લભ છે. પુનઃ આધિ-વ્યાધિમાં, મોહમમતામાં અને સંસાર-વ્યવહારમાં ગુંચાઈ જવાથી અંતકાળે પણ આપનું સ્મરણ બનવું ઘણું દુર્લભ છે.

दुर्गमः (૭૭૮)-દુર્ એટલે દુઃખથી અને ગમ એટલે ગમ પડવી અથવા જવું. આપની ગમ પડવી એ પણ ઘણું અઘરૂં કામ છે. આપના ભેદો તો આપજ જાણો છો. ઇતર જીવ આપના ભેદો જાણવાને સમર્થ નથી. પુનઃ ગમની પાર અગમ્ય અને અતીંદ્રિય પદ પણ આપજ છો. પુનઃ મન અને બુદ્ધિ-જ્ઞાનની પાર પણ આપજ છો. આપના માર્ગે જવું સહેલું નથી, અતિ કષ્ટભરેલું છે.

दुर्गः (૭૭૯)-દુઃ એટલે દુઃખ ભરેલું અને ગઃ એટલે જવું. અજ્ઞાનીઓને આપ દૂરથી દૂર છો-અગમ્ય છો. અનેક જન્મો વીતી જાય તોપણ અજ્ઞાની જીવ આપની પ્રાપ્તિ કરી શકતો નથી. અને આપ જ્ઞાનીની તો પાસેજ રહો છો. પુનઃ આપના બ્રહ્મપદમાં પ્રવેશ કરવો કષ્ટસાધ્ય છે, એટલે વ્યક્તિ હુંપણાનો લય કરવો-અર્થાત્ વ્યક્તિ અસ્તિત્વમાંથી નીકળી જવું પણ કોઇને ગમતું નથી; માટે આપના બ્રહ્મપદની ગમ એટલે બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ કરવી એ ઘણું અઘરૂં કામ છે.

दुरावासः (૭૮૦)-દુઃ એટલે કષ્ટસાધ્ય અને આવાસ= સ્થાન. [૧]અજ્ઞાનીઓને આપનું નિવાસસ્થાન કષ્ટસાધ્ય છે-

૧ અ+જ્ઞાની=અજ્ઞાની અને જ્ઞાની એ ઉભયના આપ આત્મા છો, તેથી તે બન્નેથી આપ અભિન્ન છો; તે છતાં અજ્ઞાની આપને પોતાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂરથી દૂર છે; જેમકે ગોલોક, વૈકુંઠલોક, સ્વર્ગલોક, ઇંદ્રલોક, અને બ્રહ્મલોકની પ્રાપ્તિ. અને [1]જ્ઞાનીઓને તો પોતાના ઘટમાંજ અને ઘટના બાહ્યાભ્યંતર પણ આપનું નિવાસસ્થાન છે. પુનઃ યોગી લોકથી પણ આપ માંડમાંડ જાણી શકાઓ તેવા છો. પુનઃ આપના સ્વરૂપની પ્રાપ્તિ દુઃસાધ્ય છે.

दुरारिहा (૭૮૧)–મોટા મોટા ભયંકર દૈત્યોનો દોડીને નાશ કરનારા પણ આપજ છો. પુનઃ દુષ્ટ અને પાપી શત્રુઓનો નાશ કરનારા પણ આપજ છો.૮૩

शुभांगो लोकसारंगः सुतन्तुस्तन्तुवर्धनः ।
इन्द्रकर्मा महाकर्मा कृतकर्मा कृतागमः ॥८४॥

शुभांगः (૭૮૨)-વ્યક્તિભાવમાં સુંદર અંગોવાળા સુરૂપ આપ છો. પુનઃ સુંદર અંગોસહિત વેદમૂર્તિ પણ આપજ છો.

लोकसारंगः (૭૮૩)–સારંગ એટલે હંસ–દૂધ અને પાણીને જુદાં પાડનાર પક્ષી. લોકપરલોકના સારને એટલે મહત્ત્વને

ભિન્ન જુદા રહેલા જાણે છે, કારણ કે તેને ભિન્નતાથી ભ્રાંતિનો અધ્યાસ પૂર્વાપરથી ચાલતો રહે છે, તેથી આપને વૈકુંઠમાં રહેતા સમજે છે માટે તે આપને મેળવવા કર્મદ્વારા વૈકુંઠ જવાની ઇચ્છા કરે છે.

૧ જ્ઞાનીને તો પોતાના આત્માનો સાક્ષાત્કાર થાય છે તેથી તે નિરંતર આપથી અભિન્ન રહે છે. આત્મા અદ્વૈત છે તેથી જે આત્માથી ભિન્ન હોય તે અનાત્મા કહેવાય. જગદાદિ સર્વ પ્રતીતિઓ આત્માજ છે તેથી સર્વમાં સ્વરૂપનો નિશ્ચય અને સ્વપણાનો અનુભવ કરે છે. પૂર્ણકામ થવાથી તેને વૈકુંઠ જવાની અપેક્ષા રહેતી નથી એટલુંજ નહિ પણ તે પોતાની **अहं अस्मि** એવી વ્યક્તિપ્રતીતિથી પણ રહિત થાય છે, અને અવ્યક્ત નિષ્ઠામાં રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણનાર પણ આપજ છો. પુનઃ માયા અને બ્રહ્મતત્ત્વનો નિ-ર્ણય કરનારા પણ આપજ છો; પુનઃ હંસ નામનું પક્ષી પણ આપજ છો.

सुतंतुः (૭૮૪)–સુ એટલે મોટા, તંતુ એટલે વિસ્તાર. સર્વવ્યાપક એક તંતુરૂપ બ્રહ્મતત્ત્વ પણ આપજ છો. પુનઃ વ્યક્તિઓરૂપી પૂતળાંઓને સત્તાસ્ફૂર્તિ આપનારા (ચલાવ-નારા) અને પૂતળાંઓની દોરીને પોતાના હાથમાં રાખનારા સૂત્રાત્મા પણ આપજ છો. સુ=સુંદર, તંતુ=તાંતણો. સર્વના ચેતનરૂપ તંતુ પણ આપજ છો.

तंतुवर्धनः (૭૮૫)–તંતુ એટલે તાર, વર્ધન એટલે વધારો કરનારા. વ્યક્તિજીવોને સંસારનું મમત્વ અને મોહ–માયા વધારનારા પણ આપજ છો. પુનઃ સંસારમાં અલિપ્ત રહીને સંસારને તરીને પાર ગયેલા પણ આપજ છો. પુનઃ સંસારની તંત કરનારા એટલે ફરી ફરીને ઇચ્છા કરનારા પણ આપજ છો.

इंद्रकर्मा (૭૮૬)–ઇંદ્રના જેવાં પરાક્રમો કરનારા પણ આપજ છો. પુનઃ ઇંદ્રદેવમાં ઇંદ્રપણે રહેનારા પણ આપજ છો. પુનઃ વ્યક્તિજીવોને માયાની ઇંદ્રજાળ કરનારા પણ આપજ છો.

महाकर्मा (૭૮૭)–મહાન પરાક્રમોનાં કામો કરનારા પણ આપજ છો. પુનઃ આકાશાદિ પંચમહાભૂતોને બનાવનારા પણ આપજ છો અને તેની પરસ્પર મેળવણીમાં પંચીકૃત ભૌતિક શરીરો કરીને તેને સચેતન કરીને અહંપણાનું અભિ-માન કરાવનારા પણ આપજ છો. પુનઃ જડને[1] ચેતન અને

(૧) જડ કે ચેતન, સ્થાવર કે જંગમ, ચર કે અચર જે જે પદાર્થોને નામ અને આકાર છે તેને સર્વનો અસ્તિત્વ છે, અને તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચેતનને જડ કરવાને પણ આપજ સમર્થ છે.

कृतकर्मा (૭૮૮)–ઇંદ્રિયજન્ય કર્મ કરનારા પણ આપ છો. પુનઃ સર્વ સત્કર્મ કરી ચૂકેલા એવા કૃતકૃત્ય પણ આપજ છો. પુનઃ વેદવિહિત કર્મોના કરનારા પણ આપજ છો.

कृतागमः (૭૮૯)–કૃત=કરેલું. આગમ=વેદ. અગમની ગમ પાડનારા એવા વેદશાસ્ત્રોના રચનારા પણ આપજ છો. પુનઃ શાસ્ત્રકર્તા વ્યાસ આદિ અવતારો ધરનારા પણ આપજ છો. પુનઃ અગમ એટલે ન જણાય એવું કામ કરનારા પણ આપજ છો.૮૪

उद्भवः सुंदरः सुंदो रत्ननाभः सुलोचनः ।
अर्को वाजसनः शृंगी जयंतः सर्वविज्जयी ॥८५॥

उद्भवः (૭૯૦)–વ્યક્તિભાવમાં ઉત્પન્ન થનારા પણ આપજ છો. અવિકારી હોવા છતાં માયાથી પ્રગટ થનારા પણ

તેમને અસ્તિત્વ (સત્—ચિત્—આનંદ) રૂપ જીંદગી છે, અને તે જીંદગીને લઇને તે જીવો છે, અને નામ તથા રૂપ તેમનાં શરીરો છે. અને તે શરીરોને નિયત નિર્માણ પ્રારબ્ધ છે. આ પ્રમાણે જગતમાં દેખાતું સર્વ જીવજ છે, કોઇ અજીવ કે નિર્જીવ નથી, પણ જીવપણાના રૂપાંતરમાં છે; એટલે કે જે જડ અને જે સ્થાવરપણામાં જણાય છે તે સુષુપ્તિ દશાના જીવો છે, તેથી આપણે તેમને અજીવ કે નિર્જીવ અને જડ કહીએ છીએ; પશુ, પંખી અને જનાવર સ્વપ્નદશા ભોગવનારા જીવો છે અને મનુષ્યો જાગ્રતદશા ભોગવનારા જીવો છે; પણ તે જાગ્રત મિથ્યા (ભ્રાંતિ અને સ્વપ્ન જેવું) જાગ્રત છે. વળી મનુષ્યોમાં જે જીવપણું છે તે પણ સ્વરૂપજ્ઞાનના અભાવમાં નિર્જીવપણું છે; એટલે કે જડપણું, સ્થાવરપણું, પશુપંખી અથવા જાનવરપણા જેવું જીવપણું છે, સ્વરૂપજ્ઞાન એજ સત્ય જાગ્રત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપજ છો. અજન્મા પણ આપજ છો અને ઉત્તમ જન્મ ધરનારા પણ આપજ છો. વળી જન્મ અને અજન્મ બન્નેની પાર પણ આપજ છો.

सुंदरः (૭૯૧)–વ્યક્તિભાવમાં સુંદર શરીરવાળા પણ આપ છો. પુનઃ વ્યક્તિઓને સુંદરતા દેનારા પણ આપજ છો.

सुंदः (૭૯૨)–દયા કરનાર. સર્વ વ્યક્તિઓ ઉપર દયા, કૃપા અને કરુણા કરનારા પણ આપજ છો. પુનઃ સર્વ વ્યક્તિઓને સુંદરતા દેનારા પણ આપજ છો. પુનઃ સુંદ અને ઉપસુંદ નામના દૈત્યોને મારનારા પણ આપજ છો.

रत्ननाभः (૭૯૩)–આપની નાભિ રત્નરૂપ છે. પુનઃ આપની નાભિ (મધ્યભાગ)–રત્નથી ભરેલી છે. પુનઃ ચિત્રવિચિત્ર અને આશ્ચર્યજનક કારીગરી કરનારા પણ આપ છો. પુનઃ રત્ન જેવી વ્યક્તિઓ ઉત્પન્ન કરનારા પણ આપજ છો. પુનઃ આપના મધ્યમાં સુંદર જગતરચના (પ્રવાહરૂપે) ચાલ્યા કરે છે.

सुलोचनः (૭૯૪)–વ્યક્તિભાવમાં સુંદર લોચનવાળા એટલે નેત્રોવાળા પણ આપ છો. પુનઃ અમૃતમયી દૃષ્ટિ રાખનારા પણ આપ છો.

अर्कः (૭૯૫)–સૂર્ય. તેજરૂપ પણ આપ છો. સ્વયંજ્યોતિ પણ આપજ છો. પુનઃ સર્વ દેવોમાં પૂજવા યોગ્ય સૂર્યદેવ પણ આપજ છો.

वाजसनः (૭૯૬)–માગે તે આપનાર અથવા દાની. ભૂખ્યાને ભોજન અને તરસ્યાને પાણી આપનારા પણ આપ છો. પુનઃ સર્વને અન્ન આપનારા દાની પણ આપ છો. પુનઃ રંકને રાય કરનારા પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शृंगी (૭૯૭)-શિંગવાળો મત્સ્યાવતાર ધારણ કરનારા પણ આપ છો. પુનઃ શિંગાકૃતિવાળા અર્ધચંદ્ર માત્રા ધારણ કરનાર શંકરમૂર્તિ પણ આપજ છો. પુનઃ શિંગવાળી વ્યક્તિ-રૂપે આપજ છો. પુનઃ ઋષિઓમાં શૃંગીઋષિ પણ આપજ છો.

जयंतः (૭૯૮)-શત્રુ સર્વનો પરાજય કરીને વિજય મેળવનારા પણ આપ છો. માયાપ્રપંચને જીતનારા પણ આપ છો. પુનઃ ઈંદ્રના પુત્ર જયંતરૂપ પણ આપ છો.

सर्वविज्जयी (૭૯૯)-સર્વને જીતનારા પણ આપ છો. પુનઃ એકીકાળે દ્રશ્યજગત સર્વને જાણનારા સર્વજ્ઞ પણ આપ છો.

सुवर्णबिंदुरक्षोभ्यः सर्ववागीश्वरेश्वरः ।
महाह्रदो महागर्तो महाभूतो महानिधिः ॥८६॥

सुवर्णबिन्दुः (૮૦૦)-સુ+વર્ણ એટલે સુંદર અક્ષર અને બિંદુ એટલે અનુસ્વાર. અક્ષરમાં વર્ણ જેનો સુંદર છે એવા અને સ્વરૂપ જેનું અણુરૂપ છે એવા આપ ૐકારને માથે એક બિંદુરૂપ છો. આપ સર્વના બીજરૂપ છો.

अक्षोभ्यः (૮૦૧)-અ એટલે નહિ અને ક્ષોભ્ય એટલે મનનો ઉકળાટ થાય એવા. ક્ષોભ નહિ પામનારા પણ આપ-જ છો. વિકારરહિત રહેનારા અવિકારીપદ પણ આપજ છો. પુનઃ સર્વના ઉપર શેહ પાડનારા પણ આપ છો. પુનઃ કોઇની શેહમાં (દાબમાં) ન લેવાતા પણ આપજ છો.

सर्ववागीश्वरेश्वरः (૮૦૨)-સર્વ+વાક્+ઇશ્વર એટલે સર્વ વાણીના ઈશ્વર. ચાર પ્રકારની વાણી-પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી-એ ચારેને ચતુર્મુખ દ્વારા ઉચ્ચાર કરનારા એવા જે બ્રહ્મા તેમના પણ આપ ઇશ્વર છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

महाह्रदः (૮૦૩)–મહાન્+હ્રદ એટલે મોટો ધરો. આનંદના મહાન ધરારૂપ આનંદના કંદ પણ આપજ છો. પુનઃ સર્વના નિજાત્મા હોવાથી સર્વને આનંદ આપનારા છો.

महागर्तः (૮૦૪)–મહાન્ એટલે મોટો અને ગર્ત એટલે ખાડો. મમત્વરૂપી માયાનો મોટો ખાડો પણ આપજ છો. પુનઃ ઈંદ્રજાળરૂપ માયા પણ આપજ છો. પુનઃ આપ તેજ માયા અને માયા તેજ આપ છો—અભિન્ન એકવસ્તુ છો.

महाभूतः (૮૦૫)–પંચમહાભૂતોને ઉત્પન્ન કરનાર એક ભૂત એવી માયા અને માયાને ઉત્પન્ન કરનાર એક તત્ત્વ એવું મહત્તત્ત્વ અથવા હિરણ્યગર્ભ, અને પુનઃ તે સર્વને અવકાશ આપનાર એવું ચૈતન્યતત્ત્વ ચિદાકાશ પણ આપજ છો.

महानिधिः (૮૦૬)–મહા એટલે મોટો અને નિધિ એટલે ભંડાર કે સાગર. દૃશ્યજગતોના ભંડારરૂપ અથવા મહાસાગરરૂપ બ્રહ્મતત્ત્વ પણ આપજ છો.૮૬

कुमुदः कुंदरः कुंदः पर्जन्यः पावनोऽनिलः ।
अमृतांशोऽमृतवपुः सर्वज्ञः सर्वतोमुखः ॥८७॥

कुमुदः (૮૦૭)–કુ એટલે પૃથ્વી અને મુદ એટલે હર્ષ. વ્યક્તિભાવમાં પૃથ્વીને અને પૃથ્વીના કાર્યરૂપ ભૌતિક શરીરોને રાજી કરનારા અવતારધારી આપજ છો. સર્વને આનંદ આપનારા પણ આપ છો.

कुंदरः (૮૦૮)–કુંદ એટલે મોગરો અને ર એટલે ફળ. મોગરાના પુષ્પ પેઠે આનંદ આપનારા અને જન્મ–મરણનું દુઃખ મટાડીને આનંદ આપનારા પણ આપજ છો. પુનઃ પરમાનંદની પ્રાપ્તિરૂપ ફળ પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कुंदः (૮૦૯)-કુંદઃ એટલે સ્ફટિક. સ્ફટિક-મણિ જેવા ધોળા વર્ણ (રંગ)વાળા પણ આપજ છો. પુનઃ કું એટલે પૃથ્વી અને દ એટલે દાન આપનાર. પૃથ્વીનું કશ્યપને દાન આપનારા પણ આપ છો.

पर्जन्यः (૮૧૦)-વરસાદ. મેઘવૃષ્ટિ કરનારા પણ આપ છો. પુનઃ આનંદસુખની વૃષ્ટિ કરનારા પણ આપ છો.

पावनः (૮૧૧)-પવનની પેઠે શુદ્ધ કરનારા અને પાવન કરનારા પણ આપ છો. પુનઃ નામસ્મરણમાત્રથી પતિતને પાવન કરનારા અને ઉદ્ધાર કરનારા પણ આપ છો.

अनिलः (૮૧૨)-(અ એટલે નહિ અને નિલ એટલે ઉંઘવું) એટલે જાગ્રત. નિત્યજાગ્રત પણ આપજ છો. પવનરૂપ પણ આપજ છો.

अमृतांशः (૮૧૩)-આપના અણુઅંશો અમૃતરૂપ છે. અમૃતરૂપ અણુ અંશોના આપ સમષ્ટિ છો. પુનઃ અમર એટલે મૃત્યુથી રહિત અવિનાશીપદ પણ આપજ છો. પુનઃ આપનું ભોજન જ્ઞાનરૂપ અમૃત છે, એટલે જ્ઞાન એજ આપને ભોજનતૃપ્તિ છે.

अमृतवपुः (૮૧૪)-અ+મૃત+વપુ એટલે શરીર. આપનું શરીર અમર છે. આપ ચૈતન્યરૂપ છો.

सर्वज्ञः (૮૧૫)-સર્વને એકીકાળે જાણનારા પણ આપજ છો.

सर्वतोमुखः (૮૧૬) સર્વત્ર, સર્વ તરફ મુખવાળા પણ આપજ છો. પુનઃ જગતમાં જેટલાં જેટલાં મુખો છે તે સર્વ આપનાંજ મુખો છે.૮૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सुलभः सुव्रतः सिद्धः शत्रुजिच्छत्रुतापनः ।
न्यग्रोधोदुम्बरोऽश्वत्थश्चाणूरान्ध्रनिषूदनः ॥८८॥

सुलभः (૮૧૭)–સહેલાઈથી પ્રાપ્ત થનારા પણ આપજ છે. ભજન, સ્મરણ અને શરણભક્તિથી આપ સહજાસહજ પ્રાપ્ત થઇ શકો છો. પુનઃ સ્વરૂપજ્ઞાનથી આપ નિત્યપ્રાપ્તના પ્રાપ્તજ છો. અંતકાળે બ્રહ્મસૂચક એવું આપનું નામસ્મરણ કરવાથી આપ બ્રહ્મગતિને આપનારા છો. પુનઃ આપને પ્રાપ્ત કરવામાં કંઇ ક્લેશ ભોગવવો પડતો નથી કે મહેનત કરવી પડતી નથી. આપનું ભજન કરવું અથવા માનસિક સ્મરણ કરવું તેમાં કાંઇ મહેનત કે ખટપટ કરવી પડતી નથી.

सुव्रतः (૮૧૮)–ઉત્તમ વ્રતરૂપ પણ આપજ છો. ઉત્તમ વ્રત પાળનારા પણ આપજ છો.

सिद्धः (૮૧૯)–અણિમા, લઘિમા આદિ સિદ્ધિઓ સાધનારા પણ આપજ છો. પુનઃ સર્વ અંશે પરિપૂર્ણ પણ આપજ છો. પુનઃ પૂર્ણકામ અને આપ્તકામ પણ આપજ છો. પુનઃ કૃતકૃત્ય પણ આપજ છો. પુનઃ સિદ્ધિઓને દેનારા પણ આપજ છો. પુનઃ મહાત્મા માર્કંડેય, લોમશ અને કપિલાચાર્ય આદિ સિદ્ધોના સિદ્ધ પણ આપજ છો.

शत्रुजित् (૮૨૦)–વ્યક્તિભાવમાં શત્રુને જીતનારા પણ આપ છો. પુનઃ મનના વિકારો એજ શત્રુરૂપ છે, માટે મનના વેગોને જીતનારા (સહન કરનારા) પણ આપજ છો. પુનઃ મન અને ઇંદ્રિયોનો નિગ્રહ કરનારા પણ આપજ છો.

शत्रुतापनः (૮૨૧)–શત્રુને તાપ દેનારા (સતાવનારા) પણ આપજ છો. પુનઃ કામ–ક્રોધાદિ અંતરશત્રુઓનો નાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરનારા પણ આપ છો.

न्यग्रोधः (૮૨૨)–વડ. વડના પાનમાં પોઢનારા વટશાયી મૂર્તિ પણ આપ છો. પુનઃ (વડના ટેટાની પેઠે) કોટી બ્રહ્માંડોને ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ અક્ષય વડ પણ આપજ છો.

उदुम्बरः (૮૨૩)–ઉમરડો. ઉમરડાના વૃક્ષરૂપ પણ આપજ છો. પુનઃ અસંખ્ય જીવોથી ભરપૂર બ્રહ્માંડરૂપ ઉમરડાના ફળ જેવા પણ આપજ છો.

अश्वत्थः (૮૨૪)–પીપળો. ક્ષણસ્થાયી જગત–સંસાર પીપળાના વૃક્ષ જેવો છે, વળી ક્ષણભંગુર છે. ઉંડાં મૂળ નાખીને દૃઢ જામેલા સંસારરૂપ વૃક્ષ પણ આપજ છો. અનિર્વચનીય સંસારપ્રવાહને નિરંતર વહન કરનારા પણ આપજ છો.

चाणूरान्ध्रनिषूदनः (૮૨૫)–ચાણૂર એટલે ચાણૂર નામનો મલ્લ, અન્ધ્ર એટલે આંધ્ર દેશ, નિષૂદનઃ એટલે નાશ કરનાર. આંધ્ર દેશનો અને ચાણૂર નામના મલ્લનો નાશ કરનારા શ્રીકૃષ્ણાવતાર પણ આપજ છો.૮૮

सहस्रार्चिः सप्तजिह्वः सप्तैधाः सप्तवाहनः ।
अमूर्तिरनघोऽचिंत्यो भयकृद्भयनाशनः ॥८९॥

सहस्रार्चिः (૮૨૬)–સહસ્ર એટલે હજાર અને અર્ચિઃ એટલે જવાળા. હજારો, કરોડો અને અસંખ્ય જવાળાવાળા સૂર્યરૂપ પણ આપજ છો. હજારો અને અસંખ્ય મનુષ્યોથી અર્ચન–પૂજન કરાએલા પણ આપજ છો. પુનઃ આપજ અગ્નિદેવ, સૂર્યદેવ અને સ્વયંજ્યોતિ આત્મા છો.

सप्तजिह्वः (૮૨૭)–સપ્ત એટલે સાત અને જિહ્વ એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીભો. કાલી, કરાલી, મનોજવા, સુલોહિતા, ધૂમ્રવર્ણી, સ્ફુલિંગી અને વિશ્વરુચિ, એ સાત જીભોવાળા અગ્નિદેવ આપ છો.

सप्तैधाः (૮૨૮)–સપ્ત એટલે સાત અને એધસ્ એટલે ભક્ષણ કરવું. સાત જીહ્વાથી સર્વભક્ષી થનારા પણ આપજ છો.

सप्तवाहनः (૮૨૯)–સાત વાહનવાળા પણ આપજ છો.

अमूर्तिः (૮૩૦)–મૂર્તિથી રહિત નિરાકાર અવ્યક્ત પદ પણ આપજ છો.

अनघः (૮૩૧)–દોષ અને પાપથી રહિત તેમજ વિકારોથી રહિત નિર્વિકાર પદ પણ આપજ છો.

अचिन्त्यः (૮૩૨)–મનના ચિંતનની પાર [૧]અતકર્યરૂપ પણ આપજ છો.

---

૧ અતકર્ય=મન અને બુદ્ધિના તર્કના પાર. બ્રહ્મ પરમાત્માના એક કલ્પિત દેશમાં અનિર્વચનીય સંભ્રમ જેવી, શાંત અને દૈવી, અનાદિ અને કલ્પિત માયા છે, તે માયામાં માયાવિશિષ્ટ વિરાટ પુરુષ સ્વતઃ **अहं अस्मि** *પ્રતીત થાય છે, તે મહત્તત્ત્વ ઈશ્વર પંચ મહાભૂતોને પ્રગટ કરે છે. દરેક મહાભૂતમાં અસંખ્ય વ્યષ્ટિજીવો રહે છે. વળી તે વ્યષ્ટિજીવો ફરીને સમષ્ટિગત અને વ્યષ્ટિગત થાય છે. આ પ્રમાણે અનંત કોટી બ્રહ્માંડો છે તે સર્વના કર્તા, હર્તા, ભર્તા, અને નિયંતા આપજ છો. આપની અદ્ભુત શક્તિ અગમ્ય છે, બ્રહ્માને પણ ગમ પડી નથી, વેદો પણ નેતિ નેતિ કહીને વિરામ પામ્યા છે. આપની કળકુંચી તો આપે પોતાની પાસેજ રાખી છે. તેથી આપ અકળ અને અવાચ્ય છો.

---

* વ્યષ્ટિજીવોને સુષુપ્તિના અંતમાં જેમ "હું છું" એવું ભાન આપોઆપથી સ્વતઃ થાય છે, તેમ માયાવિશિષ્ટમાં **अहं अस्मि**ની સ્વતઃપ્રતીતિ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भयकृत् (૮૩૩)-પાપીઓને ભય ઉત્પન્ન કરનારા પણ આપ છો. મૃત્યુકાળે જીવોને ભયજનક યમસ્વરૂપ દેખાડનારા પણ આપજ છો.

भयनाशनः (૮૩૪)-ભક્ત અને જ્ઞાનીઓના ભયનો નાશ કરનારા પણ આપ છો. પુનરાવૃત્તિરૂપ ભય (લક્ષ ચોરાશી) મટાડનારા પણ આપજ છો. પુનઃ જિજ્ઞાસુનો જન્મમરણનો ભય ટાળનારા પણ આપજ છો.૮૯

अणुर्बृहत्कृशः स्थूलो गुणभृन्निर्गुणो महान् ।
अधृतः स्वधृतः स्वास्यः प्राग्वंशो वंशवर्धनः ॥९०॥

अणुः (૮૩૫)-અણુ જેવા સૂક્ષ્મ પણ આપજ છો. પુનઃ અણુના પણ અણુ અને તેના પણ અણુરૂપ, અને પરમાણુના પણ પરમાણુ અને તેના પણ પરમાણુરૂપ પણ આપજ છો. પુનઃ અણુ અણુના સમૂહરૂપ સમષ્ટિઅણુ પણ આપજ છો. પુનઃ દૃશ્ય સર્વના બીજરૂપ અણુ પણ આપજ છો. પુનઃ અણુ-માં પણ આપ પૂર્ણ અને અખંડ છો.

बृहत् (૮૩૬)-મોટાથી મોટા અને તેનાથી પણ મોટા એટલે સર્વથી મોટા એવા આપજ છો.

कृशः (૮૩૭)-અતિ દુબળા અથવા અતિ પાતળા પણ આપજ છો. પુનઃ અતિ સૂક્ષ્મ અથવા અતીન્દ્રિય પણ આપ-જ છો. પુનઃ અભક્તો આપને જોઇ શકતા નથી.

स्थूलः (૮૩૮)-જાડા અને પુષ્ટ શરીરવાળા પણ આપજ છો. પુનઃ વ્યષ્ટિ અને સમષ્ટિ, પિંડ અને બ્રહ્માંડરૂપ એવા સ્થૂળ શરીરવાળા પણ આપજ છો.

गुणभृत् (૮૩૯)-રજસ્, તમસ્ અને સત્વગુણને ધારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરનારા પણ આપજ છો. સગુણ સાકાર પણ આપજ છો.

निर्गुणः (૮૪૦)–ગુણરહિત ગુણાતીતપદ, નિર્ગુણ નિરાકાર પદ પણ આપજ છો. પુનઃ પરમાર્થ સ્થિતિમાં અવિકારી પદ પણ આપજ છો.

महान् (૮૪૧)–મોટમ અને માહાત્મ્યવાળા પણ આપજ છો. પુનઃ સર્વત્ર, સર્વવ્યાપક, અનંત અને અપાર હોવાથી આપ સર્વથી મોટા છો. પુનઃ મહત્તાવાળા પણ આપજ છો.

अधृतः (૮૪૨)–ન ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ ધારણ અને ન ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ અસંખ્ય સૂર્યો, અસંખ્ય ચંદ્રો, અસંખ્ય પૃથ્વીઓ, અસંખ્ય ગ્રહો, અસંખ્ય ઉપગ્રહો, નક્ષત્રો, સર્વ તારામંડળ અને અસંખ્ય આકાશો વગેરેને ધારણ કરનારા અને ન ધારણ કરનારા પણ આપજ છો.

स्वधृतः (૮૪૩)–પોતે પોતાના સ્વરૂપને ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ પોતેજ વ્યષ્ટિસ્વરૂપ છો અને પોતેજ સમષ્ટિસ્વરૂપ છો; અથવા પોતેજ પિંડરૂપ છો અને પોતેજ બ્રહ્માંડરૂપ છો. (સ્વપ્નદશાની પેઠે)

स्वास्यः (૮૪૪)–સ્વ+આસ્ય. સ્વ એટલે પોતે અને આસ્ય એટલે મુખ. ઉત્તમ સ્વરવાળા પણ આપ છો. સુંદર મુખવાળા પણ આપ છો. પોતેજ પોતાનું સુખ છો. પુનઃ વિશ્વમુખ પણ આપજ છો.

प्राग्वंशः (૮૪૫) પ્રાગ્ એટલે પૂર્વ અને વંશ એટલે થાંભલો. યજ્ઞભૂમિમાં વિશ્રામશાળારૂપ પણ આપજ છો. પુનઃ વંશ એટલે વેલો, પૂર્વના વેલારૂપ આપ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वंशवर्धनः (૮૪૬)–વંશને વધારનારા પણ આપજ છે.

भारभृत् कथितो योगी योगीशः सर्वकामदः ।
आश्रमः श्रमणः क्षामः सुपर्णो वायुवाहनः ॥९१॥

भारभृत् (૮૪૭)–મોટામોટા ગ્રહોના ભારને ધારણ કરનારા તથા મહાન પૃથ્વીના ભારને ધારણ કરનારા આપજ છે.

कथितः (૮૪૮)–વેદો, પુરાણો અને શાસ્ત્રોમાં જેમનું કથન કરાએલું છે તે રૂપે આપજ છે. પુનઃ કથાના વિષયરૂપ પણ આપજ છે.

योगी (૮૪૯)–વ્યક્તિભાવમાં તત્ત્વબ્રહ્મ સાથે મનની વૃત્તિને જોડનારા પણ આપ છે. પુનઃ હઠ અને રાજયોગી પણ આપ છે. પુનઃ મનના સંકલ્પવિકલ્પને રોકીને ધ્યાન, ધારણા અને સમાધિ કરનારા પણ આપ છે. પુનઃ ભક્તિયોગ અને જ્ઞાનયોગને સાધનારા પણ આપ છે. પુનઃ જીવને બ્રહ્મપદ સાથે જોડનારા પણ આપ છે. એક સમષ્ટિરૂપ અને બીજું વ્યષ્ટિરૂપ એટલે કે સમષ્ટિ ઈશ્વર અને વ્યષ્ટિ જીવ, અથવા એક બ્રહ્માંડ અને બીજું પિંડ. પુનઃ જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે પૂર્વના સ્વરૂપજ્ઞાનની વિસ્મૃતિ થાય છે ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે આપની માયા દર્પણની પેઠે આપના પ્રતિભાસ દેખાડે છે. માયા એટલે અવિદ્યા, અથવા સ્વરૂપવિસ્મૃતિ અથવા ભ્રાંતિ અથવા સંભ્રમ. સ્વપ્નસૃષ્ટિની પેઠે માયા સમષ્ટિરૂપ અને વ્યષ્ટિરૂપ થએલી જણાય છે—એટલે કે જીવ અને ઈશ્વર બન્ને થયેલી જણાય છે. અને બીજી જુદી જુદી વ્યક્તિઓ જીવપણામાં રહે છે. વસ્તુતાએ જીવ અને ઈશ્વર એ ઉભય અનિર્વચનીય છે. આપજ એક અવિકારી, અવિનાશી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વશક્તિમાન દેવ પરમાત્મા છો અને આવા જ્ઞાનને જોડી રાખનારા [1]યોગી પણ આપજ છો.

योगीशः (૮૫૦)–યોગીઓના પણ આપ ઈશ્વર છો. અર્ધ-નિમેષકાળમાં અનંત કોટી બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવાને આપ સમર્થ છો.

सर्वकामदः (૮૫૧)–અનંતકોટી બ્રહ્માંડોમાં રહેલા અનંત કોટી જીવોની સર્વ કામનાઓને પૂર્ણ કરનારા પણ આપજ છો. પુનઃ ભક્તજનોની માયિક કામનાઓને દહન કરનારા પણ આપજ છો. પુનઃ ભક્તજનોને નિષ્કામ કરનારા પણ આપજ છો.

आश्रमः (૮૫૨)–દૃશ્યજગતોના નિવાસસ્થાન પણ આપજ છો. પુનઃ ભવાટવીમાં ભટકતા જીવોના વિશ્રાંતિસ્થાન પણ આપ છો. પુનઃ ભવસાગરમાં ડૂબી જતા જીવોને ખેંચી કાઢીને સંભ્રમથી મુક્ત કરી તેમને સ્વાત્મપદમાં લઈ જનાર પણ આપ છો. પુનઃ મુમુક્ષુજનનું નિવૃત્તિસ્થાન પણ આપજ છો. પુનઃ ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થ આદિ ચાર આશ્રમરૂપ પણ આપજ છો.

श्रमणः (૮૫૩)–સંન્યાસી અથવા જ્ઞાની. સંસારના પાંચ કલેશોથી છોડાવનારા પણ આપજ છો. (અહમ્, અસ્મિતા, અભિનિવેષ, રાગ અને દ્વેષ એ પાંચ કલેશો.)

क्षामः (૮૫૪)–થાક. સર્વને ક્ષમા કરનારા પણ આપજ

---

૧ યોગીના પ્રકાર–યુક્ત અને યુંજાન. યુક્ત એટલે જન્મ્યા પછી યોગ સાથે જોડાએલા અને યુંજાન એટલે જન્મથીજ યોગી જન્મેલા એ બન્ને રીતે યોગી એવા શ્રીકૃષ્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો. પુનઃ લક્ષચોરાશી યોનિજન્મનું ભ્રમણ મટાડનાર પણ આપજ છો. સર્વની દોરી અથવા તંત્ર આપનાજ હાથમાં છે. પુનઃ પુનઃ લક્ષચોરાશીમાં ફરી ફરીને થાકી જનારા પણ આપજ છો.

सुपर्णः (૮૫૫)–સુ એટલે સુંદર અને પર્ણ એટલે પાંખોવાળા. સુંદર પાંખોવાળા પણ આપ છો. જ્ઞાન અને કર્મરૂપી પાંખવાળા પણ આપ છો. પુનઃ મન અને બુદ્ધિરૂપી પાંખોવાળા પણ આપ છો. પુનઃ સુંદર પાંખોવાળા લોકાંતર ગમન કરનારા જીવ[1] અને ઇશ્વરરૂપ પક્ષી પણ આપજ છો. પુનઃ ભક્તિ અને જ્ઞાનરૂપ પાંખોવાળા પણ આપજ છો. પુનઃ આપનો વેગ મનના વેગથી ત્વરિત છે, એટલે કે આપ સર્વની ખબર તરતજ એકીકાળે લઇ નાખનારા છો.

वायुवाहनः (૮૫૬)–વાયુરૂપ વાહન પણ આપનેજ છે. મન (પવન) દ્વારા વ્યક્તિજીવોને ચૌદ લોકમાં ગતિ કરાવનારા પણ આપજ છો. પુનઃ સંકટ વખતે ભક્તજનોને તત્કાળ સહાય કરનાર પણ આપજ છો. પુનઃ વાયુતત્ત્વને વહન કર-

૧ જીવ અને ઇશ્વર અભિન્ન–એકમેકપણે રહેલા છે તેથી જ્યાં જીવ છે ત્યાં ઇશ્વર નક્કી છે, અને જ્યાં ઇશ્વર છે ત્યાં જીવ નક્કી છે, અને જ્યાં જીવ (સ્વપ્ન પેઠે) ગમન કરે છે ત્યાં જીવની સાથે ઇશ્વર પણ ગમન કરે છે. જેમ ઘટાકાશ અને મહદાકાશ એકમેકપણે ઘટમાં રહે છે અને ઘટ જ્યાં જાય છે ત્યાં ઉભય ગમન કરે છે, તે પ્રમાણે મન અથવા અંતઃકરણરૂપી ઘટમાં જીવ અને ઇશ્વર અભિન્ન રહેલા છે, અને જ્યાં મન ગમન કરે છે ત્યાં જીવ અને ઇશ્વર ઉભય ગમન કરે છે તેથી જીવ અને ઇશ્વરને પક્ષી કહ્યા છે. જ્ઞાની–ભક્ત અને પરમાત્મા નિત્યનિરંતર એકમેક રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારા પણ આપજ છો.૯૧

धनुर्धरो धनुर्वेदो दण्डो दमयिता दमः ।
अपराजितः सर्वसहो नियंता नियमो यमः ॥९२॥

धनुर्धरः (૮૫૭)–લીલાવતારમાં મોટાં મોટાં ધનુષ ધરનારા પણ આપજ છો. પુનઃ ધનુર્ધારી શ્રીરામચંદ્રજી પણ આપજ છો, તેમજ પરશુરામ પણ આપજ છો.

धनुर्वेदः (૮૫૮)–ધનુર્વેદ પણ આપજ છો. જુદાં જુદાં ધનુષોને જુદી જુદી રીતે વાપરવાની વિદ્યા જાણનારા પણ આપ છો.

दण्डः (૮૫૯)–અધર્મી–પાપીને દમન કરનારા પણ આપજ છો. પુનઃ નરકલોકમાં યમદંડ પણ આપજ છો.

दमयिता (૮૬૦)–અધર્મી, અન્યાયી અને પાપી લોકોને દમન કરનારા યમરાજરૂપે પણ આપજ છો. પુનઃ પ્રજાને કાબુમાં રાખનારા લોકપાલ પણ આપજ છો.

दमः (૮૬૧)–વ્યક્તિભાવમાં ઇંદ્રિયોનું દમન કરનારા પણ આપજ છો. પુનઃ અપરાધીને દમન કરનારા પણ આપજ છો. પુનઃ પાપીઓને યમયાતના અને નરકવાસની શિક્ષા કરનારા પણ આપજ છો. પુનઃ ઇંદ્રિયોને જીતવા માટે શમ, દમ નામનું સાધન પણ આપજ છો.

अपराजितः (૮૬૨)–વ્યક્તિભાવમાં આપને જીતવાને કોઈ સમર્થ નથી. આપજ સર્વને જીતનારા છો. પુનઃ મનોજય અને વાસનાક્ષય કરવાને પણ આપજ સમર્થ છો.

सर्वसहः (૮૬૩)–સર્વ સહન કરનારા પણ આપજ છો. દુઃખ, સંકટ, અપમાન, નિંદા, ભૂખ, તરસ, ટાઢ, તડકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે માનસિક તથા શારીરિક સર્વ આપત્તિઓ અને સર્વ દુઃખોને વેઠનારા પણ આપજ છો.

नियंता (૮૬૪)–સર્વને નિયમપૂર્વક ચલાવનારા પણ આપજ છો. પુનઃ સર્વનું નિર્માણ (પ્રારબ્ધ) કરનારા પણ આપજ છો. પુનઃ નિયમરૂપી મર્યાદામાં રાખનારા પણ આપજ છો.

नियमः (૮૬૫)–યોગવિદ્યાના સાધનરૂપ યમ, નિયમ, સાધન પણ આપજ છો; પુનઃ નિર્માણ કરેલી વ્યવસ્થા પણ આપજ છો; પુનઃ નિયમના બાંધનારા ઈશ્વર પણ આપજ છો.

यमः (૮૬૬)–યમ એટલે યમરાજ પણ આપજ છો. પુનઃ નરકના અધિપતિ અને નારકી લોકોને શિક્ષા કરનારા પણ આપજ છો, પુનઃ સર્વ જીવો પાસે નિયમો પળાવનારા દેવ પણ આપજ છો, પુનઃ યોગવિદ્યાના સાધનરૂપ યમનિયમ સાધન પણ આપજ છો, પુનઃ મૃત્યુકાળે સર્વ જીવોની પ્રાણ-ચેતના ખેંચી લેનારા યમરૂપ પણ આપજ છો.૯૨

सत्ववान् सात्त्विकः सत्यः सत्यधर्मपरायणः ।
अभिप्रायः प्रियार्होऽर्हः प्रियकृत् प्रीतिवर्धनः ॥९३॥

सत्ववान् (૮૬૭)–સત્વ એટલે શૌર્ય, વાન એટલે વાળા. શૌર્યવાળા પણ આપજ છો. પુનઃ સત્વતાના પાળનારા પણ આપજ છો. શુદ્ધ સત્વગુણી અને નિર્વાસનિક પણ આપજ છો.

सात्विकः (૮૬૮)–સદા સત્વગુણમાં રહેનારા પણ આપજ છો. પુનઃ નિરંતર શાંતિમાં અને નિર્વાસનામાં રહેનારા પણ આપજ છો.

सत्यः (૮૬૯)–અસત્યતારહિત એવા સત્યસ્વરૂપ પણ આપજ છો. પુનઃ લોકો પાસે સત્ય પળાવનારા પણ આપજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો. પુનઃ સત્ય પાળનારાઓની રક્ષા કરનારા પણ આપજ છો. પુનઃ સર્વમાં સત્‌નું નિશ્ચયાત્મકપણું એજ સત્યપણું છે અને તેજ આપનું સ્વરૂપ છે.

सत्यपरायण: (૮૭૦)–સત્યતા એજ ધર્મ છે એમ માનીને સત્યતામાં સદા વર્તન કરનારા પણ આપજ છો. પુનઃ ધર્મ એજ સત્ય છે એમ માનીને સદા ધર્મમાં રહેનારા પણ આપજ છો. પુનઃ સત્ય અને ધર્મ એ ઉભયપરાયણ રહેનારા પણ આપજ છો. પુનઃ સત્યધર્મનું સંશોધન કરીને તે પ્રમાણે વર્તન કરનારા પણ આપજ છો.

अभिप्राय: (૮૭૧)–વ્યક્તિઓમાં અભિપ્રાય એટલે મત અથવા માન્યતારૂપ પણ આપજ છો. પુનઃ અનુમતરૂપે પણ આપજ છો.

प्रियार्ह: (૮૭૨)–પ્રિય એટલે પ્રિય અને અર્હ એટલે પૂજવા યોગ્ય. સર્વ વ્યક્તિઓને પ્રિયરૂપ પણ આપજ છો. પુનઃ સર્વને પોતપોતાના નિજાત્મારૂપે પ્રિય છો. સર્વને પૂજવા યોગ્ય દેવ પણ આપજ છો.

अर्ह: (૮૭૩)–સર્વને પૂજવા યોગ્ય દેવ અને પૂજવાનાં સાધનો પણ આપજ છો.

प्रियकृत् (૮૭૪)–સર્વનું પ્રિય કરનારા પણ આપજ છો. પુનઃ નિજ ભક્તોનું પ્રિય (કલ્યાણ) કરનારા પણ આપજ છો.

प्रीतिवर्धन: (૮૭૫)–પ્રતિદિન પ્રેમભાવને વધારનારા તથા ભક્તિ–જ્ઞાનમાં યોગક્ષેમ કરનારા પણ આપજ છો. ૯૩

विहायसगतिर्ज्योतिः सुरुचिर्हुतभुग्विभुः ।
रविर्विरोचनः सूर्यः सविता रविलोचनः ॥९४॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विहायसगतिः (૮૭૬)–વિહાયસ એટલે આકાશ અને ગતિ એટલે ફરનાર. આકાશમાં ગતિ કરનારા પણ આપજ છો. પુનઃ આપનું સ્વરૂપ ચૈતન્ય આકાશ છે. પુનઃ અનિર્વચનીય માયિક સંભ્રમો થવા છતાં આપ સદા નિર્વિકાર અને અચળ ચૈતન્ય આકાશરૂપ છો. પુનઃ આકાશચારી જીવરૂપી પક્ષી પણ આપજ છો.

ज्योतिः (૮૭૭)–પ્રકાશ પણ આપજ છો. સ્વયંપ્રકાશ આત્મજ્યોતિ અને પરપ્રકાશ સૂર્યજ્યોતિ એ ઉભય જ્યોતિરૂપ પણ આપજ છો. પુનઃ સ્વપ્રકાશ અને પરપ્રકાશ એ ઉભય જ્યોતિરૂપ પણ આપજ છો. પુનઃ દેદીપ્યમાન, અખંડ અને અક્ષય તેજસ્વી સ્વરૂપ પણ આપજ છો.

सुरुचिः (૮૭૮)–સારી પ્રીતિવાળા. વ્યક્તિભાવમાં સુંદર રૂપવાળા પણ આપ છો. સારી સારી રુચિ (ઈચ્છા) કરનારા પણ આપજ છો.

हुतभुक् (૮૭૯)–અગ્નિ. યજ્ઞમાં હોમેલા હવિનું બલિદાન લેનારા અગ્નિરૂપ પણ આપજ છો.

विभुः (૮૮૦)–આકાશની પેઠે સર્વત્ર અને સર્વવ્યાપક ચેતન પણ આપજ છો.

रविः (૮૮૧)–સૂર્યરૂપ પણ આપજ છો.

विरोचनः (૮૮૨)–વિ એટલે વિશેષ અને રોચન એટલે પ્રકાશ. જુદી જુદી તરેહમાં પ્રકાશ કરનારા પણ આપ છો. રાતા, પીળા, ધોળા, કાળા, લીલા વગેરે જુદાજુદા રંગમાં પ્રકાશ કરનારા પણ આપ છો.

सूर्यः (૮૮૩)–આખા બ્રહ્માંડને પ્રકાશ કરનારા સર્વ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક ગ્રહ, સર્વ ગ્રહોમાં મુખ્ય ગ્રહ અને દિવાકર પણ આપજ છો.

सविता (૮૮૪)-ઉત્પન્ન કરનાર. સર્વને ઉત્પન્ન કરનારા પણ આપ છો. પુનઃ બુદ્ધિમાં જ્ઞાનને ઉત્પન્ન કરનારા પણ આપ છો.

रविलोचनः (૮૮૫)-સૂર્યરૂપી નેત્રવાળા પણ આપ છો. (સૂર્ય તથા ચંદ્ર વિરાટસ્વરૂપનાં નેત્ર છે.) ૯૪

अनंतो हुतभुग्भोक्ता सुखदो नैकजोऽग्रजः ।

अनिर्विण्णः सदामर्षी लोकाधिष्ठानमद्भुतः ॥९५॥

अनंतः (૮૮૬)-આપ અંતથી રહિત છો. દેશ, કાળ અને વસ્તુપરિચ્છેદ (વિભાગ)થી રહિત પણ આપ છો. અખંડ, એક, અપાર અને નિત્ય પણ આપજ છો. પુનઃ નાગલોકમાં અનંત નાગ પણ આપજ છો.

हुतभुक् (૮૮૭)-હુત એટલે હોમેલું અને ભુક્ એટલે ખાનાર. યજ્ઞમાં હોમેલું ખાનારા પણ આપજ છો.

भोक्ता (૮૮૮)-માયાને ભોગવનારા પણ આપજ છો. પુનઃ પુરુષરૂપમાં પ્રકૃતિ ભોગવનારા પણ આપ છો. પુનઃ વ્યક્તિભાવમાં કર્મ કરનારા અને ફળ ભોગવનારા પણ આપ છો. પુનઃ ભક્તમુમુક્ષુનાં કરેલાં યજ્ઞ, દાન, તપ આદિ સુકૃતોનો સ્વીકાર કરનારા પણ આપજ છો. પુનઃ ભોક્તા હોવા છતાં આકાશની પેઠે નિર્લેપ અને મહાન ભોક્તાપણે (આસક્તિ રહિત) રહેનારા પણ આપ છો.

सुखदः (૮૮૯)-સર્વને સુખ દેનારા પણ આપ છો. પુનઃ ભક્તજનોને વિશેષ સુખ આપનારા પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नैकजः (૮૯૦)-વ્યક્તિભાવમાં અનેકવાર જન્મ લેનારા પણ આપ છો. પુનઃ ભક્તજનોની રક્ષા કરવા અને ધર્મનું સંસ્થાપન કરવાને યુગયુગમાં કાર્યસિદ્ધિ માટે જ્યાં જેવું રૂપ લેવું ઘટે ત્યાં તેવું રૂપ પ્રગટ કરીને અનેક વાર અનેક જન્મો લેનારા પણ આપ છો. પુનઃ જીવ અને જીવાભાસરૂપે અનેક થનારા પણ આપ છો. પુનઃ માયા અને અવિદ્યા પણ આપજ છો.

अग्रजः (૮૯૧)-સર્વમાં પ્રથમ પ્રગટ થનારા પણ આપ છો. પુનઃ સર્વના આદિ પણ આપ છો. પુનઃ પ્રથમ પુરુષ જગતના કર્તા પણ આપ છો. પુનઃ હિરણ્યગર્ભ અથવા મહત્તત્ત્વ અથવા તત્ત્વબ્રહ્મની પ્રથમ સ્ફુરણા અથવા મનસ્ફુરણા પણ આપજ છો. શ્રીકૃષ્ણના પહેલાં જન્મેલા તેમના મોટા ભાઇ બળદેવજી પણ આપ છો.

अनिर्विण्णः (૮૯૨)-સુખ-દુઃખાદિ દ્વંદ્વથી રહિત, ક્લેશ અને સંતાપરહિત પદ પણ આપજ છો. પુનઃ શાંતિરૂપ પદ પણ આપજ છો. પુનઃ આપ્તકામ હોવાથી પુનરાવૃત્તિરહિત પદ પણ આપજ છો. પુનઃ રોગથી રહિત અમરપદ, વર્ણભેદથી રહિત અવિકારી[1] પરમાર્થસ્થિતિ પણ આપજ છો.

---

૧ " અવિકારી " કહેવાથી જગતના કર્તા અને કારણ વિષે જો શંકા થાય તો તેના સમાધાનમાં એ છે કે, પરમાત્મા તો વસ્તુ અને વસ્તુસ્વભાવ ગુણગુણીભાવ, ધર્મધર્મીભાવ અને અંશાંઅંશી વગેરે ભાવથી રહિત અદોષ સદા નિર્મળ છે. તેમાં જગતવિકાર નથી, તેમજ અનિર્વચનીય માયા અનાત્મા હોવાથી સ્વતઃ જગતરચના કરવાને સમર્થ નથી, પણ પરમાત્મા અને દૈવી માયા એ બન્નેના સંયોગમાં મહત્તત્ત્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सदामर्षी (૮૯૩)-સદ્ આમર્ષી. આમર્ષ એટલે ક્રોધ. ક્રોધરહિત સત્પુરુષને અપરાધની ક્ષમા કરનારા પણ આપ છો. સત્યતા ઉપર પ્રીતિ રાખનારા પણ આપ છો.

लोकाधिष्ठानम् (૮૯૪)-લોક-પ્રતીતિઓના આશ્રય. સર્વ લોકોના અધિષ્ઠાન અને ઉપાદાનકારણ પણ આપજ છો. પુનઃ ભૂઃ-ભુવઃ-સ્વઃ; જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ; લોક, સ્વર્ગ, મૃત્યુ અને પાતાળલોક (લોક એટલે સ્થિતિ, અવસ્થા અથવા દશા); આ લોક, પરલોક અને અપવર્ગ ગતિ; વગેરે સર્વ પ્રતીતિઓ-માં અચળ અને મૂળ વસ્તુપણે રહેનારા પણ આપ એકજ છો. પુનઃ અન્યતું અન્યપણું જણાવનારી એવી માયાના અધિષ્ઠાન પણ આપજ છો. એટલે કે અવિકારી બ્રહ્મતત્ત્વનું ઇશ્વરપણું બતાવવું, ઇશ્વરપણાનું જીવપણું બતાવવું, પુનઃ ચૈતન્ય જીવતું જડ શરીરપણું બતાવવું, પુનઃ અજન્મનો જન્મ અને અમરનું મૃત્યુ બતાવવું વગેરે સર્વ માયિક સંભ્રમોના અધિષ્ઠાત પણ આપજ છો. પુનઃ સર્વ પ્રતીતિઓના મુખ્ય આધાર, મુખ્ય કારણ અને મુખ્ય વસ્તુ પણ આપજ છો. પુનઃ સર્વ સંભ્રમોના આધાર અને આશ્રય પણ આપજ છો.

अद्भुतः (૮૯૫)-અદ્ એટલે વિલક્ષણ અને ભુતઃ એટલે થયેલું. અદ્ભુત એટલે આશ્ચર્યજનક પણ આપજ છો. પુનઃ અદૃશ્ય નિર્ગુણ અને નિરાકાર હોવા છતાં માયામાં (ભ્રાંતિમાં) સગુણ, સાકાર અને દૃશ્યરૂપ સમષ્ટિગત અને વ્યષ્ટિગત થઇને આવિર્ભાવ અને તિરોભાવ કરીને જીવ અને ઇશ્વર અથવા

વિરાટ ઈશ્વર સ્વતઃ પ્રકટ થાય છે; તેજ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર રૂપે એકરૂપ છે, અને તેજ જગતરચના કરે છે અને સર્વ તંત્ર ચલાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિંડ અને બ્રહ્માંડરચના કરનારા; પુનઃ તેમાં પણ કેટલીક રચના ક્રમસર આકાશથી વાયુની ઉત્પત્તિ, વાયુથી તેજ, તેજથી જળ અને જળથી પૃથ્વી અને કેટલીક (સ્વપ્ન પેઠે) ક્રમ વિના એકદમ, તત્કાળ, કાકતાલીયવત્ એકીકાળે પ્રગટ કરનારા પણ આપજ છો. પુનઃ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણશરીરોની રચના કરનારા; પુનઃ જગત્પ્રવાહને વહન કરનારા; પુનઃ ગ્રહ, નક્ષત્ર અને તારાગણોને આકાશમાં અદ્ધર રાખનારા અને પુનઃ તેમને પોતપોતાની ગતિમાં ફરતા રાખનારા; પુનઃ જગત્ સર્વ મનના સંભ્રમરૂપ અથવા મનોરાજ્ય જેવું પ્રાતિભાસિક સત્તારૂપ હોવા છતાં તેમાં સત્યતા જેવી પ્રતીતિ કરાવીને તેમાં મોહ મમતા કરાવીને સર્વ જીવોને ભ્રમણ કરાવનારા પણ આપજ છો. પુનઃ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં અઘટઘટના કરનારા; એકમાંથી અનેક અને અનેકમાંથી પુનઃ એક થનારા; પુનઃ અજન્મા હોવા છતાં જન્મને ધરનારા, અવિનાશી હોવા છતાં મૃત્યુને પામનારા, વગેરે વિકારો જણાવનારા પણ આપજ છો. પુનઃ આપની સર્વ કારીગરી, સર્વ ઘટના, સર્વ ક્રિયા, સર્વ કર્મ, સર્વ રૂપ આશ્ચર્યજનક છે. આપનાં સર્વકર્મો એકએકથી વિલક્ષણ છે. આપની સર્વ રચના અવર્ણનીય છે. પુનઃ આપ અવાચ્યપદ છો.૯૫

सनात्सनातनतमः कपिलः कपिरव्ययः ।
स्वस्तिदः स्वस्तिकृत्स्वस्ति स्वस्तिभुक् स्वस्तिदक्षिणः ॥९६

સનાત્ (૮૯૬)–આપ જૂનામાં જૂના પુરાણ પુરુષ છો. કારણ કે આપ નિત્ય છો, અનાદિકાળથી જેવા ને તેવા બ્રહ્મ છો.

સનાતનતમઃ (૮૯૭)–સનાતન+તમ. સનાતન એટલે શા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્વત અને તમ એટલે ઉત્તમ. નિત્યના પણ નિત્ય, અને પુરાણના પણ પુરાણ, અવિનાશીના પણ અવિનાશી, પુરુષના પણ પુરુષ અને દેવના પણ દેવ આપજ છો. પુનઃ અનાદિકાળથી સિદ્ધ મનાયેલા અને તેના પણ સિદ્ધ એવા સર્વોત્તમ સિદ્ધ દેવ પણ આપજ છો.

कपिलः (૮૯૮)–પ્રકૃતિ–પુરુષનો, આત્મ–અનાત્મનો, નિત્ય–અનિત્યનો વિવેક કરનારા અને સાંખ્યશાસ્ત્રના રચનારા શ્રી કપિલાવતાર પણ આપજ છો. પુનઃ કપિલ રંગવાળા પણ આપજ છો.

कपिः (૮૯૯)–વાનરરૂપ અથવા વરાહરૂપ ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ હનુમાનરૂપ ધારણ કરનારા પણ આપજ છો. જ્યાં જેવી યોગ્યતા ત્યાં તેવું સ્વરૂપ પ્રગટ કરનારા પણ આપજ છો.

अव्ययः (૯૦૦)–વ્યયથી રહિત, ક્ષયથી રહિત, સદા જેવા ને તેવા, નિત્ય નવા ને નવા, સદા અવિકારી, સદા અવિનાશી પણ આપજ છો. પ્રાણીમાત્રમાં અખંડ એક રહેલા અવ્યય, અવિનાશી તત્ત્વ આત્માપણે પણ આપજ છો. પુનઃ વ્યાકરણમાં જેને અવ્યય કહે છે તે પણ આપજ છો.

स्वस्तिदः (૯૦૧)–સ્વસ્તિ એટલે કલ્યાણ અને દઃ એટલે દેનારા. કલ્યાણ આપનારા પણ આપજ છો. ભક્તજનોનું ભલું કરનારા પણ આપજ છો. શૂળીનું કામ સોયે સારી લેનારા પણ આપજ છો. સર્વ નાતા કરતાં ભક્તિનો નાતો વિશેષ ગણનારા પણ આપજ છો. પુનઃ આ લોક તેમજ પરલોકમાં કલ્યાણ કરનારા પણ આપજ છો. પુનઃ કલ્યાણનો આશીર્વાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપનારા પણ આપજ છો.

स्वस्तिकृत् (૯૦૨)–સર્વનું કલ્યાણ કરનારા પણ આપ છો.

स्वस्ति (૯૦૩)–કલ્યાણની મૂર્તિ પણ આપજ છો.

स्वस्तिभुक् (૯૦૪)–કલ્યાણ ભોગવનારા પણ આપજ છો. કારણ કે સર્વ ભોક્તાઓના આપ અંતરાત્મા છો.

स्वस्तिदक्षिणः (૯૦૫)–વિલંબ કર્યા વગર તત્કાળ કલ્યાણ કરનારા પણ આપજ છો. પુનઃ કલ્યાણ કરવાને સમર્થ અને કલ્યાણ કરવાની યોગ્યતા–અયોગ્યતા જોનારા પણ આપજ છો. પુનઃ કલ્યાણજ જેની દક્ષિણા છે તેવા પણ આપજ છો.૯૬

अरौद्रः कुण्डली चक्री विक्रम्यूर्जितशासनः ।
शब्दातिगः शब्दसहः शिशिरः शर्वरीकरः ॥९७॥

अरौद्रः (૯૦૬)–સંસારના ક્લેશ–કંકાસથી રહિત શાંત આત્મા પણ આપજ છો.

कुण्डली (૯૦૭)--લીલાવતારમાં કુંડળ ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ મનુષ્યશરીરના આધારભૂત કુંડળી ચક્ર પણ આપજ છો. પુનઃ ચોરાશી લક્ષનું કુંડાળું ફરનારા પણ આપજ છો.

चक्री (૯૦૮)–ચક્રધારી વિષ્ણુમૂર્તિ પણ આપજ છો. પુનઃ લક્ષચોરાશીના ચક્ર પર ચઢેલા અને ચક્રાવો દેનારા પણ આપજ છો; પુનઃ ભવસાગરની વમળચક્રી પણ આપજ છો.

विक्रमी (૯૦૯)–વ્યક્તિભાવમાં અદ્‌ભુત પરાક્રમો કરનારા પણ આપજ છો. પુનઃ અનંત કોટી બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનારા પણ આપજ છો. પુનઃ વ્યષ્ટિગત અને સમષ્ટિગત તંત્ર ચલાવનારા પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ऊर्जितशासनः (૯૧૦)-ઉર્જિત એટલે પ્રૌઢ અને શાસન એટલે આજ્ઞા. સર્વને શાસન કરનારા પણ આપજ છો. આપનો પ્રતાપ પ્રૌઢ છે. આપના ઉપર કોઈ ન્યાય નથી. આપજ સ્વતંત્ર છો. આપની આજ્ઞા એજ છેવટનો ન્યાય છે.

शब्दातिगः (૯૧૧)-શબ્દ એટલે બાવન અક્ષરોથી ઉત્પન્ન થયેલો શબ્દ અને અતિગ એટલે પાર ગએલો શબ્દ. સંજ્ઞાથી અતીત પણ આપજ છો. પુનઃ અનામીનામ અથવા અવાચ્ય પદ-અકથ્ય પદ પણ આપજ છો. કેવળ લક્ષ્યાર્થરૂપ પણ આપજ છો. પુનઃ આપનાં સર્વ નામો, સર્વ રૂપો, સર્વ ગુણો, સર્વ કર્મો, સર્વ મહિમા અને સર્વ પરાક્રમો વાણીના ઉચ્ચારની પાર છે.

शब्दसहः (૯૧૨)-શબ્દ એટલે વ્યુત્પત્તિ અથવા વેદ, અને સહ એટલે સહાય કરનાર. શબ્દસહિત પણ આપજ છો. અગમ પદની ગમ પાડવા, અથવા અલક્ષ્યનું લક્ષ્ય કરાવવા શબ્દસંજ્ઞા ઉપયોગમાં લેવાની જરૂર પડે છે; તેથી શબ્દરૂપ પણ આપજ છો. પુનઃ શબ્દના વાચ્યાર્થરૂપ અને લક્ષ્યાર્થરૂપ પણ આપજ છો. પુનઃ લક્ષ્યાર્થસૂચક શબ્દસંજ્ઞા પણ આપજ છો. પુનઃ લક્ષ્યના લક્ષ્ય અને તેના પણ લક્ષ્ય આપજ છો.

शिशिरः (૯૧૩)-શિશિર ઋતુ. ઋતુઓમાં શિશિર ઋતુ પણ આપજ છો. પુનઃ જીવોને ત્રિવિધ તાપોની શાંતિ કરનારા પણ આપજ છો. પુનઃ દુઃખી થતા પક્ષીઓને શિશિરરૂપ થઈને ફળરૂપ શાંતિ દેનારા પણ આપજ છો.

शर्वरीकरः (૯૧૪)-શર્વરી એટલે રાત્રિ અને કર=કરનાર. જ્ઞાની અને અજ્ઞાની ઉભયની રાત્રિ કરનારા પણ આપજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો. પુનઃ વ્યક્તિજીવને સ્વરૂપવિસ્મૃતિ કરનારા પણ આપજ છો. પુનઃ અજ્ઞાન-અવિદ્યારૂપી રાત્રિ કરનારા પણ આપજ છો.

अक्रूरः पेशलो दक्षो दक्षिणः क्षमिणांवरः ।
विद्वत्तमो वीतभयः पुण्यश्रवणकीर्तनः ॥९८॥

अक्रूरः (૯૧૫)-કોમળ. ક્રૂરતાથી રહિત પણ આપજ છો. પુનઃ જો કે આપ ન્યાયી છો તો પણ આપનો ન્યાય દયા સહિત છે, તેથી પ્રાણીમાત્ર ઉપર દયા કરનારા પણ આપજ છો. પુનઃ અધર્મી અને પાપીને ન્યાય આપતી વખતે પણ આપ અક્રૂર રહો છો.

पेशलः (૯૧૬)-શોભા. વ્યક્તિભાવમાં મન, વાણી અને કાયા, એ ત્રણેની શોભા આપનેજ છે. પુનઃ અંતર અને બહાર એકસમાન સુંદર પણ આપજ છો. પુનઃ સર્વને મમ-અંશ એટલે પોતાનો અંશ ગણીને સર્વમાં પોતાવટ રાખનારા પણ આપજ છો.

दक्षः (૯૧૭)-કુશળ. વ્યક્તિભાવમાં દીક્ષા લીધેલા અથવા શિષ્ય બનેલા પણ આપજ છો. પુનઃ સર્વ વાતે કુશળ અને સર્વ વાતે નટખટ વિચક્ષણ પણ આપજ છો. પુનઃ લોકપાલ દક્ષ પ્રજાપતિરૂપે પણ આપજ છો.

दक्षिणः (૯૧૮) કુશળ-વ્યકિતભાવમાં સર્વ કામો કરવામાં કુશળ વિચક્ષણ પણ આપજ છો. પુનઃ શત્રુઓનો સંહાર કરનારા પણ આપજ છો. પુનઃ દક્ષિણ દિશા પણ આપજ છો.

क्षमिणांवरः (૯૧૯)-સહનશકિત ધરનારાઓમાં ઉત્તમ. ક્ષમા કરનારાઓમાં ઉત્તમ-શ્રેષ્ઠ ક્ષમા કરનારા પણ આપજ છો. પુનઃ અનંત કોટી જન્મોનાં કરેલાં પાપ અને પુણ્યરૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્મોને ભસ્મ કરી દઇ સ્વરૂપજ્ઞાન કરાવનારા પણ આપજ છો. પુનઃ શરણે આવેલાને અભયદાન કરનારા પણ આપજ છો. પુનઃ અશરણના શરણ પણ આપજ છો.

विद्वत्तमः (૯૨૦)-વિદ્વસ્ એટલે વિદ્વાન અને તમ એટલે ઉત્તમ. વ્યકિતભાવમાં ઉત્તમ વિદ્યા જાણનારા પણ આપજ છો. પુનઃ બ્રહ્મવિદ્યા જાણનારા પણ આપજ છો. પુનઃ સર્વ વિદ્વાનોમાં શ્રેષ્ઠ પણ આપજ છો. પુનઃ અહંપદ વ્યક્તિ-સૂચક છે અને આપ અવ્યકત છો તે છતાં પણ અહંપદનો સ્વીકાર કરનારા પણ આપજ છો.

वीतभयः (૯૨૧)-ભયરહિત. જગતમાં વસ્તુસ્થિતિ પણ આપ એકજ છો. અને સર્વ જગતના ઉપાદાનકારણ પણ આપ છો તેથી આપને કોઇ વાતે ભય નથી. પુનઃ આપ ભયથી રહિત છો અને આપના ભક્તજનોને ભયથી રહિત કરનારા છો. પુનઃ આપનું નામસ્મરણ સર્વ પ્રકારના ભયથી મુક્ત કર-નારૂં છે. પુનઃ અભયપદ પણ આપજ છો.

पुण्यश्रवणकीर्तनः (૯૨૨)-આપનાં નામોનું શ્રવણ-સ્મર-ણ, કથાકીર્તનનું શ્રવણ-સ્મરણ, (શ્રવણ, મનન અને નિદિધ્યા-સન) સર્વને પુણ્ય કર્મરૂપ છે. પુનઃ આપના ગુણ-માહાત્મ્યની કથાઓનું કથન તથા શ્રવણ તેમજ આપના ગુણમાહાત્મ્યને દર્શાવનારાં કીર્તનોનું ગાનતાન એ સર્વ મનુષ્યોને પાવન કરનારાં છે. પુનઃ આપનું કીર્તન કાનને પવિત્ર કરનારૂં છે. પુનઃ આપનું કથાશ્રવણ અને નામશ્રવણ તેમજ કીર્તન-શ્રવ-ણ, કહેનાર અને સાંભળનાર ઉભયને પાવન કરનારાં છે. ૯૮

उत्तारणो दुष्कृतिहा पुण्यो दुःस्वप्ननाशनः ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वीरहा रक्षणः संतो जीवनः पर्यवस्थितः ॥ ९९ ॥

उत्तारणः (૯૨૩)–તારનાર–પાર ઉતારનાર એટલે ભવ-સાગરમાં ડૂબી જતા જીવોને પેલી પાર કરનારા પણ આપજ છો. પુનઃ મહામાયાની પાર કરનારા પણ આપજ છો. પુનઃ સંસારરૂપી વિષને ઉતારનારા પણ આપજ છો. પુનઃ જન્મ-મરણરૂપી રોગનું ઔષધ પણ આપજ છો. પુનઃ પ્રાણાંતકાળે આપના નામનું શ્રવણ તથા સ્મરણ અને ચિંતન સંભ્રમરૂપી વિષને ઉતારવાનો ઉપાય છે.

दुष्कृतिहा (૯૨૪)–દુષ્ટ કર્મોનો નાશ કરનારા પણ આપ છો. પુનઃ દુષ્ટ કર્મ કરનારાઓનો નાશ કરનારા પણ આપજ છો. પુનઃ આપનું નામસ્મરણ સર્વ દુષ્કૃતિનો નાશ કરનારૂં છે.

पुण्यः (૯૨૫)–સુકૃતરૂપ કર્મ પણ આપજ છો. પુનઃ પુણ્યનું ફળ–સુખ તે આપનારા પણ આપજ છો. પુનઃ આપ-નું નામસ્મરણ, નામશ્રવણ, આપનું શરણ, આપની પરા-ભક્તિ અને આપનું જ્ઞાન મનુષ્યોને પુણ્યકર્મરૂપ છે. પુનઃ શ્રુતિ–સ્મૃતિથી પુણ્ય કર્મ કરવાનો બોધ કરનારા પણ આપ-જ છો. પુનઃ ઉત્તમ ભાગ્ય પણ આપજ છો.

दुःस्वप्ननाशनः (૯૨૬)–ખરાબ અને ભયજનક સ્વપ્નો-નો નાશ કરનારા પણ આપજ છો. પુનઃ અંતકાળે દુર્વાસના-ને લઈને સ્વપ્ન જેવા ભયંકર દેખાતા યમલોકનો નાશ કરનારા પણ આપજ છો.

वीरहा (૯૨૭)–લીલાવતારમાં મોટમોટા શૂરવીરોનો નાશ કરનારા પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रक्षणः (૯૨૮)-પ્રારબ્ધપર્યંત સર્વનાં શરીરોની રાત્રિ-દિવસ રક્ષા કરનારા પણ આપજ છો.

संतः (૯૨૯)-જગતમાં સાધુ-મહાત્માના સ્વરૂપે પણ આપજ છો. પુનઃ વ્યક્તિભાવમાં સન્માર્ગે વર્તનારા પણ આપજ છો.

जीवनः (૯૩૦)-સર્વના જીવનરૂપ પણ આપજ છો. પ્રાણીઓની ચૈતન્યકળા પણ આપજ છો.

पर्यवस्थितः (૯૩૧)-ફેલાઈને રહેલા. આકાશની પેઠે સર્વ તરફથી વીંટાઈ રહેનારા ચૈતન્યરૂપે પણ આપજ છો.૯૯

अनंतरूपोऽनंतश्रीर्जितमन्युर्भयापहः ।
चतुरस्रो गभीरात्मा विदिशो व्यादिशो दिशः ॥१००॥

अनंतरूपः (૯૩૨)-અનંત રૂપોવાળા પણ આપજ છો. દૃશ્યજગતરૂપે પણ આપજ છો. માયાકૃત નામ અને રૂપ-વાળા પણ આપજ છો. પુનઃ અનંત રૂપોને ધારણ કરનારા પણ આપજ છો.

अनंतश्रीः (૯૩૩)-અનંત લક્ષ્મીવાળા, અનંત માયા-વાળા, અનંત વિદ્યાવાળા અને અનંત શોભાવાળા આપજ છો.

जितमन्युः (૯૩૪)-જિત એટલે જીત્યો અને મન્યુ એટ-લે ક્રોધ. અક્રોધમૂર્તિ પણ આપજ છો. પુનઃ વ્યક્તિભાવમાં કામ-ક્રોધોના આવેશોને જીતનારા તથા મનના વિકારોને જીતનારા પણ આપજ છો.

भयापहः (૯૩૫)-ભયનો નાશ કરનારા. ભય-ભીતિનો નાશ કરનારા પણ આપજ છો. પુનઃ આપનું નામસ્મરણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વભયનો નાશ કરનારૂં છે અને અંતકાળે યમપાશથી મુક્ત કરનારૂં છે. પુનઃ કાળના કાળ પણ આપજ છો. પુનઃ જ્ઞાની અને ભક્તજનોના મૃત્યુનો ભય કાઢનારા (એટલે નિર્ભય કરનારા) પણ આપજ છો.

चतुरस्रः (૯૩૬)-ચોખંડા આકારવાળા પણ આપજ છો. પુનઃ ચાર વેદોની ચાર બાજુઓવાળા પણ આપજ છો. પુનઃ ચાતુર્યનો સ્રાવ (વરસાદ) કરનાર પણ આપજ છો.

गभीरात्मा (૯૩૭)-ગંભીરતાવાળા પણ આપજ છો. ઉંડા વિચારવાળા પણ આપજ છો.

विदिशः (૯૩૮)-સ્વતંત્ર, દિશાની મર્યાદાપાર-અનંત અપાર પણ આપજ છો. પુનઃ કર્મ અને વાસના પ્રમાણે સર્વ જીવોને જુદાં જુદાં ફળ આપનારા પણ આપજ છો; પુનઃ દિશાઓના ખૂણા આપજ છો.

व्यादिशः (૯૩૯)-અધિકાર આપનારા. સર્વ દેવોને જુદી જુદી આજ્ઞાઓ કરનારા અને સર્વને જુદી જુદી કામગીરી સોંપનારા પણ આપજ છો.

दिशः (૯૪૦)-દિશા. દિશારૂપે પણ આપજ છો. ચાર મુખ્ય દિશાઓ, ચાર ઉપદિશાઓ (ખૂણાઓ) અને આકાશ તથા પાતાળ મળીને દશ દિશારૂપ પણ આપજ છો. પુનઃ અમર્યાદાવાળા અનંત અપાર પણ આપજ છો. ૧૦૦

अनादिर्भूर्भुवो लक्ष्मीः सुवीरो रुचिरांगदः ।
जननो जनजन्मादिर्भीमो भीमपराक्रमः ॥१०१॥

अनादिः (૯૪૧)-આદિપણાથી રહિત પણ આપજ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદા જેવા ને તેવા અવિકારીપદ છે.

भूः (૯૪૨)-પૃથ્વીરૂપે પણ આપજ છે. પૃથ્વીના કાર્ય-રૂપ સ્થૂળ અને ભૌતિક શરીરોરૂપે પણ આપજ છે. પુનઃ ભૂતકાળમાં આપજ હતા, વર્તમાનકાળમાં આપજ છે અને ભવિષ્યકાળમાં આપજ રહેનારા છે.

सुवोलक्ष्मीः (૯૪૩)-પૃથ્વીની શોભારૂપ પણ આપજ છે. પુનઃ પૃથ્વીના કાર્યરૂપ ભૌતિક શરીરોની શોભારૂપ પણ આપજ છે.

सुवीरः (૯૪૪)-સારા વીર પુરુષ પણ આપજ છે. પુનઃ કર્મ અને વાસના પ્રમાણે જીવોને નોખી નોખી ગતિ દેનારા પણ આપ છે. પુનઃ પ્રાણીઓને નોખી નોખી ચાલ (ગતિ) આપનારા પણ આપજ છે.

रुचिरांगदः (૯૪૫)-લીલાવતારમાં સુંદર બાજુબંધનું આભૂષણ ધરનારા પણ આપજ છે. પુનઃ બાળચેષ્ટાઓ કર-નારા પણ આપજ છે.

जननः (૯૪૬)-ઉત્પન્ન કરનાર. પ્રાણીમાત્રના જનક અને જનની અથવા માતા અને પિતા પણ આપજ છે. પુનઃ શિવ ને શક્તિ, પુરુષ ને પ્રકૃતિ, બ્રહ્મ ને માયા પણ આપજ છે.

जनजन्मादिः (૯૪૭)-જન=મનુષ્યો, લોકો. જન્મના આદિકારણ અથવા પ્રથમ સ્ફૂરણા અથવા एकोऽहंप्रतीति તે પણ આપજ છે. પુનઃ ઉત્પત્તિરહિત અજન્મા પણ આપજ છે. પુનઃ પોતે પોતાની મેળે પ્રગટ થનારા સ્વયંભૂ પણ આ-પજ છે. પુનઃ નિર્વિકાર પણ આપજ છે. પુનઃ મનુષ્યોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદિકર્તા એવા બ્રહ્મા પણ આપજ છે.

भीमः (૯૪૮)-વ્યક્તિભાવમાં ભયજનક કામો કરનારા પણ આપ છો. પુનઃ મૃત્યુકાળે યમસ્વરૂપ દેખાડીને જીવોને બીવરાવનારા પણ આપજ છો. પુનઃ પાંડવોમાં ભીમસેન પણ આપજ છો.

भीमपराक्रमः (૯૪૯)-ભયંકર પરાક્રમો કરનારા આપ છો.

आधारनिलयो धाता पुष्पहासः प्रजागरः।
ऊर्ध्वगः सत्पथाचारः प्राणदः प्रणवः पणः ॥१०२॥

आराधनिलयः (૯૫૦)-આધાર એટલે આધાર અને નિલય એટલે સ્થાન. આપ આધારના પણ આધાર અને તેના પણ આધાર છો. પુનઃ દૃશ્યજગત જેમાં લય થાય છે, તેવા છો. પુનઃ [1]લયચિંતનવિધિમાં શરીરનો લય પૃથ્વીમાં, પૃથ્વીનો જળમાં, જળનો લય તેજમાં, તેજનો લય વાયુમાં, વાયુનો લય આકાશમાં, આકાશનો લય મહત્તત્ત્વમાં, મહત્તત્ત્વનો લય માયામાં અને માયાનો લય બ્રહ્માસ્મિપદમાં, એ પ્રમાણે લયચિંતનસમાધિ કરનારના આધાર-આશ્રય આપ છો. પુનઃ માયા અને માયાકૃત પંચમહાભૂતો અને તે પછી તેમના આપસઆપસના મિલાપમાં પંચીકૃત ભૌતિક શરીરોના નિવાસસ્થાન પણ આપજ છો. પુનઃ સર્વને પોતામાં સંકેલીને બીજરૂપે એક થઈ રહેનારા પણ આપજ છો. પુનઃ

---

૧ એકએકમાં લય કરવાના ક્રમને ઉપસંહાર કહે છે અને એકએકમાંથી ક્રમસર પ્રકટ કરવાના ચિંતનને ઉપક્રમવિધિ કહે છે. (લોમવિલોમક્રમ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનિર્વચનીય પ્રપંચ સર્વના આશ્રય-આધાર પણ આપજ છો.

ધાતા (૯૫૧)-ધારણ કરનાર, પાલન કરનાર. સર્વને ધારણ કરનારા પણ આપજ છો. સૂર્ય, ચંદ્ર, પૃથ્વી અને માયિક પ્રપંચ સર્વને ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ જગતજનની માયા આપના એક કલ્પિત દેશમાં (અધ્યારોપ, કલ્પિત, અનિર્વચનીય અને સાન્ત એવી) દૃશ્ય સર્વ જગતોને (આપના અધ્યક્ષપણાથી) ધારણ કરે છે; તે માયાને પ્રલયકાળે દ્રષ્ટા અને સાક્ષીપદમાં સંકેલીને (વાસનાબીજ કરીને) સંસ્કારરૂપે ધારણ કરી લેનારા પણ આપજ છો. પુનઃ ઉત્પત્તિકાળે (જન્મકાળે) દૃશ્યપ્રપંચનો વિસ્તાર ફેલાવનારા પણ આપજ છો.

पुष्पहासः (૯૫૨)-પુષ્પ એટલે ફૂલ અને હાસ એટલે હસવું. લીલાવતારમાં હાસ્ય કરતી વેળા શ્વેત પુષ્પ જેવા શ્વેત દાંત દેખાતા હોવાથી પુષ્પહાસ કરનારા પણ આપજ છો. પુનઃ વ્યક્તિજીવોને હાસ્ય કરાવનારા પણ આપજ છો.

प्रजागरः (૯૫૩)-પ્ર+જાગર=વિશેષ જાગ્રત. નિત્ય નિરંતર જ્ઞાનજાગ્રત રહેનારા પણ આપજ છો. પુનઃ પ્રાણીમાત્રને સુષુપ્તિમાંથી જગાડનારા પણ આપ છો. પુનઃ સર્વકાળ જાગ્રત અવસ્થામાં રહેનારા પણ આપ છો. પુનઃ સર્વકાળ ચેતન (હોંશિયાર, તત્પર) રહેનારા પણ આપજ છો.

ऊर्ध्वगः (૯૫૪)-ઉંચી ગતિએ જનારા; એટલે ઉત્તમ લોકમાં ગતિ કરનારા પણ આપજ છો. પુનઃ સર્વના મસ્તક ઉપર જનારા પણ આપ છો. પુનઃ ઉંચે આકાશમાં ગમન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરનારા પણ આપ છો. પુનઃ સમાધિમાં [1]શૂન્ય શિખર પર જનારા પણ આપજ છો.

सत्पथाचारः (૯૫૫)–ન્યાય, નીતિ અને સત્યનો આચાર પાળનારા પણ આપજ છો. પુનઃ સન્માર્ગનું કદી પણ ઉલ્લંઘન ન કરનારા પણ આપજ છો. પુનઃ લોકોને સન્માર્ગે ચઢાવનારા પણ આપજ છો.

प्राणदः (૯૫૬)–સર્વ પ્રાણીઓને પ્રાણચેતન આપનારા પણ આપ છો. પુનઃ ગર્ભવાસમાં ગર્ભના પ્રાણનું પોષણ કરનારા પણ આપ છો. પુનઃ શરીરની બહારના વાયુતત્ત્વમાંથી પ્રાણીઓના જીવનપોષક શ્વાસ(ઓકસીજન)ને શરીરની અંદર ખેંચનારા અને અંદરના બગડેલા (કારબોનીક ગેસ) શ્વાસને બહાર કાઢનારા અથવા પ્રાણ અને અપાન શ્વાસોચ્છ્વાસ કરાવનારા પણ આપજ છો.

प्रणवः (૯૫૭)–ૐકારસ્વરૂપ પણ આપજ છો. પુનઃ ૐકારના પ્રતિબિંબરૂપ અધોમુખ (ઉલટી) પ્રતીતિ થઇને સર્વ પ્રાણીઓના હૃદયસ્થાનમાં જીવરૂપ (અ+ઉ+મ્) થઇને રહેનારા પણ આપજ છો. પુનઃ ૐકારના વાચ્યાર્થ અને લક્ષ્યાર્થથીજ આપના બ્રહ્મસ્વરૂપની ગમ પડી શકે છે. પુનઃ ૐકાર એજ સર્વનું બીજ છે અને ૐકાર એજ આપનું સ્વરૂપ છે. વળી ૐકારપણેજ આપ સર્વમાં રહેલા છો. ત્રિપાદવાળા ૐકારમાંથી ત્રણ ગુણો થયા. ૐકારમાંથી ત્રણ સત્તાઓ થઈ. ૐકારમાંથી ત્રિપદા ગાયત્રી પ્રગટ થઈ. ત્રિપદામાંથી ત્રણ વેદ (ઋક્, સામ અને યજુસ્) પ્રગટ થયા. ત્રણ

[1] ચતુર્થ ભૂમિકા, તુર્યાવસ્થા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેદમાંથી ત્રણ અવસ્થા (જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ) અને ત્રણ અવસ્થામાંથી ભૂઃ, ભુવઃ, સ્વઃ-ત્રણ લોકસ્થિતિ, એ પ્રમાણે પ્રણવના વિસ્તારરૂપ (જગત) પણ આપજ છો. પુનઃ પ્રણવ-રૂપે પ્રાણીઓની પ્રાણગતિ (શ્વાસોચ્છ્વાસ) પણ આપજ છો. પુનઃ અકાર અક્ષરથી સર્વ અક્ષરોમાં અને જાગ્રતસૃષ્ટિમાં સત્ત્વગુણરૂપે વ્યાપક થઈ રહ્યા છો; ઉકાર વડે સ્વપ્નસૃષ્ટિમાં રજોગુણરૂપે વ્યાપક થઈ રહ્યા છો; મકાર વડે સર્વની સુષુપ્તિ-માં તમોરૂપે વ્યાપક થઈ રહ્યા છો. અર્ધમાત્રા બિંદુસ્વરૂપ તે તો આપની સત્ત્વગુણી માયા છે. તે માયા બિંદુમાત્ર-માંજ અનંતકોટિ જગતોનો આવિર્ભાવ અને તિરોભાવ કરે છે. પુનઃ આપના અણુપ્રદેશમાં અનિર્વચનીય માયા છે અને તે માયાથી પર બિંદુ છે અને બિંદુની પાર નિજપદ છે. એવી રીતે વાચ્ય અને વાચકરૂપ તેમજ જેને વિરાટ્સ્વરૂપ પિંડબ્રહ્માંડરૂપની યોગ્યતા છે એવા પ્રણવ એટલે ૐકારરૂપ આપજ છો. પુનઃ સગુણ સાકાર બ્રહ્મરૂપે આપજ એક વસ્તુ-સ્થિતિ છો. સગુણ સાકાર અને નિર્ગુણ નિરાકાર એ બન્ને જેમાં અધ્યસ્ત છે, એવા આપ સર્વાતીતપદ છો. નેતિ, અવશેષ, અસ્તિત્વ છો. પુનઃ પારમાર્થિક, પ્રાતિભાસિક અને વ્યાવ-હારિક સત્તા પણ આપજ છો. એટલે કે તત્ત્વબ્રહ્મ, જીવ, ઈશ્વર અને જીવાભાસપ્રતીતિઓ પણ આપજ છો.

પણઃ (૯૫૮)-વ્યવહાર કરનારા. સંસારમાં લક્ષચોરાશી ફરવાના ટેકવાળા પણ આપજ છો. પુનઃ સત્ય પ્રતિજ્ઞા કર-નારા પણ આપજ છો.૧૦૨

प्रमाणं प्राणनिलयः प्राणभृत्प्राणजीवनः ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तत्त्वं तत्त्वविदेकात्मा जन्ममृत्युजरातिगः ॥१०३॥

प्रमाणम् (૯૫૯)–સર્વ પ્રમાણોના પ્રમાણરૂપ પણ આપજ છો. સર્વ વ્યક્તિઓમાં પોતપોતાને જાણવારૂપ સ્વાનુભવ એવી ષડ્ પ્રમાણની મૂર્તિ પણ આપજ છો. પુનઃ (પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શાબ્દ, અર્થાપત્તિ અને અનુપલબ્ધિ) પ્રમાણો દ્વારા સિદ્ધ કરાએલા પણ આપજ છો. પુનઃ (અવ્યક્ત હોવા છતાં) વ્યક્તિભાવમાં શરીરરૂપી પ્રમાણમાં (માપમાં) આવનાર પણ આપ છો. પુનઃ નિશ્ચયાત્મક પ્રમાણ પણ આપજ છો.

प्राणनिलयः (૯૬૦)–પ્રાણ+નિલય=સ્થાન. સર્વ પ્રાણોના ભંડાર પણ આપ છો, તેથી આપ પ્રાણોના આવાસ (ઘર) છો. પુનઃ પ્રાણો આદિના કોષરૂપ[1] અને પુર્યષ્ટક[2] પણ આપજ છો. સર્વ (પ્રાણીઓના) પ્રાણના ભંડાર વાયુતત્ત્વ પણ આપજ છો.

प्राणभृत् (૯૬૧)–પ્રાણોનું ભરણપોષણ કરનારા પણ આપજ છો. જેને જેવો અને જેટલો જોઈએ તેને તે પ્રમાણે આપનારા, જેને જે રસ્તેથી પ્રાણ જોઈએ તેને તે રસ્તેથી પ્રાણ આપનારા પણ આપજ છો.

प्राणजीवनः (૯૬૨)–પ્રાણના પણ પ્રાણ અથવા પ્રાણના

---

૧ અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય કોષ.

૨ જ્ઞાનેન્દ્રિયપંચક, કર્મેન્દ્રિયપંચક, અંતઃકરણચતુષ્ટય, પ્રાણાદિપંચક, પંચમહાભૂતપંચક, કામ, ત્રિવિધકર્મ અને વાસના એવી આઠ પુરીઓ (નગરીઓ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ જીવન એવા જીવાત્મા[1] પણ આપજ છો. પુનઃ પ્રાણોની વ્યવસ્થા કરનારા પણ આપજ છો. પુનઃ દેવદત્ત, કૂર્મ વગેરે દશ પ્રાણના જીવન પણ આપજ છો.

तत्त्वम् (૯૬૩)–જગત સર્વમાં તત્ત્વ એટલે સારવસ્તુ પણ આપજ છો. પુનઃ બ્રહ્મ–આત્મતત્ત્વ પણ આપજ છો. પુનઃ વસ્તુપણામાં આપજ વસ્તુ છો. પુનઃ સૂક્ષ્મતમ સર્વત્ર સર્વવ્યાપક ચૈતન્યતત્ત્વ પણ આપજ છો. પુનઃ શ્રેષ્ઠતમ વસ્તુ પણ આપજ છો. પુનઃ તત્ત્વ એટલે મુદ્દાની વાત–નિજજ્ઞાન "अहमस्मिपद" પણ આપજ છો. એટલે કે સંસાર સર્વ અનિષ્ટ (અનિશ્ચિત) છે અને સંસારમાયાથી રહિતપણું ઇષ્ટ છે.

तत्त्वविद् (૯૬૪)–તત્ત્વબ્રહ્મને જાણનારા તત્ત્વજ્ઞાની પણ આપજ છો. પુનઃ તત્ત્વ અને અતત્ત્વને જાણનારા પણ આપજ છો; એટલે કે વસ્તુ અને અવસ્તુ અથવા બ્રહ્મ અને માયાને જાણનારા પણ આપજ છો. પુનઃ વ્યક્તિભાવમાં આત્મજ્ઞાની અને બ્રહ્મજ્ઞાની પણ આપજ છો. પુનઃ તત્ત્વદર્શી એટલે તત્ત્વ જાણીને તત્ત્વપરાયણ રહેનારા પણ આપજ છો.

एकात्मा (૯૬૫)–આપ એકજ આત્મા છો. દશ્ય સર્વ અનાત્મા છે. પુનઃ આપ એક છો તો પણ દૈવી માયાને લીધે એકના અનેકરૂપ થયેલા જણાઓ છો અને અનેકરૂપે જણાવા છતાં તે પ્રત્યેક વ્યક્તિને अहं–स्वयं–एकम् એવી એકપણાની પ્રતીતિ કરાવનારા પણ આપજ છો. પુનઃ એકના અનેક અને અનેકના એક થનારા પણ આપજ છો. પુનઃ જગતપણે અને

---

૧ મુખ્ય જીવ વિરાટ પુરુષ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેકપણે જણાવા છતાં આપ સદા અવિકારી, અખંડ, એક, અદ્વૈત પદ છો. પુનઃ આપજ એક વસ્તુસ્થિતિ છો. માયિક પ્રતીતિઓ સર્વ અવસ્તુરૂપ, ભ્રાંતિરૂપ, મનના સંભ્રમરૂપ છે અને જો કે ભ્રાંતિરૂપ છે તો પણ તે માયાને આપનો આશ્રય છે, તેથી જીવોને લક્ષચોરાશીનું ભ્રમણ કરાવે છે. જેમ સ્વપ્ન-દશામાં સ્વપ્નાનુભવ સત્ય જેવો ભાસે છે, તેમ ભ્રાંતિકાળમાં અથવા સ્વરૂપ-અજ્ઞાનમાં લક્ષચોરાશીનું ભ્રમણ પણ સત્ય જેવું ભાસે છે. માયાની ઇંદ્રજાળ સર્વ જીવોને अहं અને मम સત્ય ઠસાવતી જાય છે. પરમાર્થદશામાં અવિકારી અદ્વૈત આત્મા આપજ છો.

जन्ममृत्युजरातिगः (૯૯૬)-જન્મ, મૃત્યુ અને જરાથી રહિત પણ આપજ છો. સદા અવિકારી આત્મતત્ત્વ પણ આ-પજ છો. પુનઃ આપના ભક્તજનોને જન્મ, જરા અને મૃત્યુ-રહિત કરનારા પણ આપજ છો. પુનઃ જ્ઞાની અને ભક્તજનોને આપના પરમાત્મસ્વરૂપમાં આત્યંતિક લય કરનારા એટલે સાયુજ્ય મોક્ષ આપનારા પણ આપજ છો.૧૦૩

भूर्भुवः स्वस्तरुस्तारः सविता प्रपितामहः ।
यज्ञो यज्ञपतिर्यज्वा यज्ञांगो यज्ञवाहनः ॥१०४॥

भूर्भुवस्वस्तरुः (૯૯૭)-ભૂઃ, ભુવઃ; સ્વઃ, (જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ; સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ; આ લોક, પરલોક અને અપવર્ગ;) આદિ ગતિઓના તરુ એટલે વૃક્ષ પણ આપ-જ છો; એટલે કે આપના અવિકારી અધિષ્ઠાન પદમાં માયાને (ભ્રાંતિને) લઇને સ્વસ્વરૂપ વિસ્મૃત થવાથી ઉપરની પ્રતીતિ-ઓરૂપે જણાતા પણ આપજ છો. પુનઃ વૃક્ષને જેમ શાખાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે, તેમ લોક અને લોકાંતરોરૂપ પ્રતીતિઓ શાખાઓરૂપ છો. પુનઃ સર્વના ઉપાદાનકારણ પણ આપજ છો અને સર્વમાં અનુસ્યૂત વ્યાપી રહેનારા પણ આપજ છો.

तारः (૯૬૮)-ભવસાગરને તરનારા અને મુમુક્ષુજનોને તારનારા પણ આપજ છો. પુનઃ તાર એટલે એકસરખા વ્યાપક પણ આપજ છો. પુનઃ માયાના છેવટના તળિયા સુધી ખબર લેનારા પણ આપજ છો. પુનઃ તાર એટલે તારક મંત્ર ૐકાર પણ આપજ છો. પુનઃ તાર એટલે ભક્તજનોને ભજનમાં એકતાર (અવિચ્છિન્ન) કરનારા પણ આપજ છો. પુનઃ સંસારસાગરનો પાર લેનારા પણ આપજ છો.

सपिता (૯૬૯)-સર્વના પિતા પણ આપજ છો. પુનઃ સર્વને ઉત્પન્ન કરનાર, પાળનાર અને સર્વની સંભાળ લેનાર પણ આપજ છો. પુનઃ સર્વની રક્ષા કરનારા પણ આપજ છો.

प्रपितामहः (૯૭૦)-પિતાના પિતા અને તેના પણ પિતા આપજ છો. બ્રહ્માના પિતા, પિતામહ અને પ્રપિતામહ પણ આપજ છો.

यज्ञः (૯૭૧)-યજ્ઞમૂર્તિ પણ આપજ છો. પુનઃ પ્રાણીઓનો નિરંતર ચાલતો શ્વાસોચ્છ્વાસરૂપ નિર્ધૂમ-યજ્ઞ પણ આપજ છો. પુનઃ ભજન એજ ભક્તલોકોનો યજ્ઞ છે. પુનઃ યજન-પૂજનરૂપે પણ આપજ છો.

यज्ञपतिः (૯૭૨)-સર્વ યજ્ઞોમાં આપજ (પરમાત્મા) મુખ્ય દેવ છો. પુનઃ આપનેજ ઉદ્દેશીને અને એક આપનેજ પ્રસન્ન કરવા માટે સર્વ યજ્ઞો કરવામાં આવે છે. પુનઃ સર્વ યજ્ઞોનું ફળ આપનારા પણ આપજ છો. “न हि कल्याणकृत्

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कश्चित् दुर्गतिं तात गच्छति" અર્થાત્ હે અર્જુન! પુણ્યકર્મ કદી નિષ્ફળ જતું નથી અને મારા ભક્તનો કદી વિનાશ થતો નથી.

यज्वा (૯૭૩)–યજમાન. વ્યક્તિભાવમાં યજમાનરૂપે પણ આપજ છો.

यज्ञांगः (૯૭૪)–યજ્ઞરૂપી અંગોવાળા પણ આપજ છો. પુનઃ દ્રવ્યયજ્ઞ, તપયજ્ઞ, યોગયજ્ઞ, સ્વાધ્યાયયજ્ઞ (નિત્યકર્મ), જપયજ્ઞ, પ્રાણાયામયજ્ઞ, ભજનયજ્ઞ, યમનિયમયજ્ઞ, મન અને ઇંદ્રિયોના દમનરૂપ યજ્ઞ, બ્રહ્મચર્યયજ્ઞ, સદાચારયજ્ઞ, મૌનયજ્ઞ વગેરે સર્વ યજ્ઞોરૂપ અંગોવાળા આપજ છો. પુનઃ આપની સ્વરૂપપ્રાપ્તિ એજ સર્વ યજ્ઞોનું પર્યવસાન (છેવટ) છે.

यज्ञवाहनः (૯૭૫)–યજ્ઞ એજ આપનું વાહન છે. યજ્ઞ આચરણ કરવું એજ આપની પ્રાપ્તિનું સાધન છે. પુનઃ યજ્ઞારૂઢ થઇને આપ ગતિમાન થાઓ છો અને પ્રસન્ન થઇને ફળસિદ્ધિ કરનારા થાઓ છો. ૧૦૪

यज्ञभृद्यज्ञकृद्यज्ञी यज्ञभुग्यज्ञसाधनः ।
यज्ञान्तकृद्यज्ञगुह्यमन्नमन्नाद एव च ॥१०५॥

यज्ञभृत् (૯૭૬)–સર્વ પ્રકારના યજ્ઞોનો નિભાવ કરનારા પણ આપજ છો. પુનઃ તેમના યોગક્ષેમ કરનારા પણ આપજ છો. પુનઃ તેમનું પોષણ કરનારા પણ આપજ છો. પુનઃ તેમનું સંરક્ષણ કરનારા પણ આપજ છો.

यज्ञकृत् (૯૭૭)–યુગ યુગમાં મોટા મોટા યજ્ઞો કરનારા પણ આપ છો. પુનઃ યજ્ઞોનો ભંગ કરનારા દાનવરૂપ પણ આપ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यज्ञी (૯૭૮)-યજ્ઞ કરનારા પણ આપજ છો. યજ્ઞ એજ આપની સાકાર મૂર્તિ છે.

यज्ञभुक् (૯૭૯)-યજ્ઞના ભોક્તા અને યજ્ઞના ફળદાતા પણ આપજ છો.

यज्ञसाधनः (૯૮૦)-યજ્ઞની સાધન-સામગ્રી પણ આપ છો. પુનઃ યજ્ઞ દ્વારાએ સાધ્ય થનારા પણ આપજ છો.

यज्ञान्तकृत् (૯૮૧)-યજ્ઞની સમાપ્તિ અથવા અંત કરનાર પણ આપજ છો. પુનઃ યજ્ઞની પૂર્ણતા કરવાને છેક છેલ્લી ક્રિયા પણ આપજ છો. પુનઃ ભક્તજનોનો છેક છેલ્લો વસીલો તેમ-જ તેમનું છેક છેલ્લું શરણ પણ આપજ છો. પુનઃ યજ્ઞનો સ્વીકાર કરીને અંતમાં યજ્ઞનું ફળ આપનારા પણ આપજ છો.

यज्ञगुह्यम् (૯૮૨)-યજ્ઞનું ગુપ્ત રહસ્ય, તાત્પર્ય અને છૂપો ભેદ પણ આપજ છો.

अन्नम् (૯૮૩)-યજ્ઞમાં આહુતિરૂપ અન્ન પણ આપજ છો. પુનઃ સર્વનું પોષણ કરનારા અન્નદેવ પણ આપજ છો. પુનઃ ભૌતિક શરીરોની ઉત્પત્તિના કારણરૂપ બીજ પણ આપજ છો.

अन्नादः (૯૮૪)-વ્યક્તિભાવમાં અન્નનું ભક્ષણ કરનારા પણ આપજ છો. પુનઃ અન્ન વડે બનેલાં ભૌતિક શરીરોરૂપે પણ આપજ છો. પુનઃ અન્નના આદિરૂપ બીજ પણ આપજ છો. પુનઃ અન્નને આપનારા પણ આપજ છો. ૧૦૫

आत्मयोनिः स्वयंजातो वैखानः सामगायनः ।
देवकीनंदनः स्रष्टा क्षितीशः पापनाशनः ॥१०६॥

आत्मयोनिः (૯૮૫)-જીવોના આત્મારૂપ આણ અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવોના વ્યક્તિઆત્માનું ઉત્પત્તિસ્થાન પણ આપજ છો. પુનઃ જગત સર્વની ઉપાદાનવસ્તુ પણ આપજ છો. પુનઃ જડ અને ચેતનના નિર્ણયમાં અસલ વસ્તુ અધિષ્ઠાન આત્મા પણ આપજ છો.

स्वयंजातः (૯૮૬)-તત્ત્વબ્રહ્મમાંથી પોતે પોતાની મેળે વ્યક્તિરૂપે સ્વયંભૂ પ્રગટ થનારા, અસ્મિપદમાંથી અહમસ્મિ થનારા, માયાવિશિષ્ટ શબલ બ્રહ્મ થનારા પણ આપજ છો. પોતે પોતાથી પોતામાં અને પોતાપણે (સ્વપ્નસૃષ્ટિની પેઠે) પ્રગટ થનારા પણ આપજ છો.

वैखानः (૯૮૭)-પૃથ્વીને ખોતરનારા વરાહ અવતાર-ધારી પણ આપજ છો.

सामगायनः (૯૮૮)-સામવેદના ગાયનના વિષયરૂપ પણ આપજ છો. સામવેદની ઋચાઓ આપનુંજ ગાયન કરે છે. પુનઃ સામવેદના મંત્રોચ્ચારથી આપ મગ્ન થાઓ છો. પુનઃ સામવેદમાં આપ ગાયનકળા થઇને રહ્યા છો. પુનઃ સામવેદનું ગાયન કરનારા પણ આપજ છો.

देवकीनंदनः (૯૮૯)-દેવકીના પુત્ર શ્રીકૃષ્ણરૂપ લીલા-વતાર ધારણ કરનારા પણ આપજ છો. પુનઃ દેવકીને આનંદ આપનારા તથા જ્ઞાન આપનારા પણ આપજ છો.

स्रष्टा (૯૯૦)-સૃજનારા (બ્રહ્મા). સૃષ્ટિ સર્વના સૃજનારા (ઉત્પન્ન કરનારા) પણ આપજ છો. પુનઃ " दृष्टिरेव सृष्टिः " અને " द्रष्टा एव स्रष्टा " એ ન્યાયે સર્વ વ્યક્તિમાં પોત-પોતાની નોખી નોખી સૃષ્ટિઓ કરી રહેવાની વ્યવસ્થા કર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારા પણ આપ છો. પુનઃ વ્યષ્ટિગત અને સમષ્ટિગત રચનાની ગોઠવણો કરનારા પણ આપ છો. " एकोऽहं बहु स्याम् એટલે હું એક અનેકરૂપ થાઉં " તે પ્રમાણે એકના અનેક થનારા પણ આપજ છો અને તે સર્વના દ્રષ્ટા અને સ્રષ્ટા પણ આપજ છો. પુનઃ મૃત્યુકાળે દૃશ્યજગતને વ્યક્તિદ્રષ્ટાપદમાં સંકેલી લેનારા અને પુનઃ જન્મકાળે દૃશ્યજગતનો વ્યક્તિદ્રષ્ટામાંથી ફરીને વિસ્તાર કરનારા પણ આપજ છો. પુનઃ સર્વ વ્યક્તિઓના અને સર્વ સૃષ્ટિઓના નિયંતા, નિયામક અને સૂત્રધાર પણ આપજ છો.

क्षितीशः (૯૯૧)–ક્ષિતિ એટલે પૃથ્વી અને ઈશ એટલે ઈશ્વર. પૃથ્વીના ઈશ્વર પણ આપજ છો. પૃથ્વીના કાર્યરૂપ ભૌતિક શરીરોના ઈશ્વર પણ આપજ છો.

पापनाशनः (૯૯૨)–પાપનો નાશ કરનારા. પાપનાં ફળ–દુઃખનો નાશ કરનારા પણ આપજ છો. પુનઃ આપનું નામ-સ્મરણ અને શ્રવણ, પુનઃ શરણ, આપનું કથાકીર્તન અને સ્વરૂપજ્ઞાન–એ સર્વ સાધનો પાપોનાં નાશ કરનારાં છે.૧૦૬

शंखभृन्नंदकी चक्री शार्ङ्गधन्वा गदाधरः।
रथांगपाणिरक्षोभ्यः सर्वप्रहरणायुधः ॥१०७॥

शंखभृत् (૯૯૩)–શંખલા–છીપોલીઓ કે જે બંધ ને બંધ રહે છે તેમાં રહેતા જીવોનું ભરણપોષણ કરનારા પણ આપ છો. પુનઃ શંખોમાં પાંચજન્ય શંખને ધારણ કરનારા શ્રીવિષ્ણુ ભગવાન પણ આપજ છો.

नंदकी (૯૯૪)–નંદ એટલે આનંદ અને કી એટલે કર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારા. સર્વને આનંદ કરનારા પણ આપ છો. સર્વને પોતાના નિજ આત્માપણે પ્રિય રહેનારા પણ આપજ છો. પુનઃ નંદન-વનમાં ફરનારા શ્રીકૃષ્ણરૂપે પણ આપજ છો. પુનઃ નંદક નામની તરવાર ધારણ કરનારા પણ આપ છો.

चक्री (૯૯૫)-સંસારચક્રને ચલાવનારા. સંસારચક્રમાં આંટા મારનારા પણ આપજ છો. પુનઃ વ્યક્તિભાવમાં પુનરાવર્તનો કરનારા પણ આપજ છો. પુનઃ ચક્રરૂપ આયુધને ધરનારા પણ આપ છો. પુનઃ [૧]ચક્રની પેઠે ગોળ આકારવાળી ગતિ કરનારા પણ આપ છો. પુનઃ ગોળાકાર પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, ગ્રહો અને નક્ષત્રોપણે પણ આપજ છો. પુનઃ ધારેલી મતલબ પાર પાડવા ખાતર ચક્રાવો દેઇ દેઇને તેનો પુનઃ પુનઃ અભ્યાસ રાખનાર પણ આપજ છો. પુનઃ જળના ધરાની ચકરી પેઠે ભવસાગર-સંસારની વમળચક્રી પણ આપજ છો.

शार्ङ्गधन्वा (૯૯૬)-શાર્ઙ્ગ નામનું ધનુષ ધારણ કરનારા શ્રીકૃષ્ણ પણ આપજ છો.

गदाधरः (૯૯૭)-અધર્મી, પાપી, અન્યાયી અને દૈત્યોનો સંહાર કરવાને ગદા નામનું આયુધ ધારણ કરનાર શ્રીવિષ્ણુ ભગવાન પણ આપજ છો.

---

૧ રાસલીલામાં ચક્રાવો મારતાં એક ગોપી સાથે એક કહાન (પુરુષ અને પ્રકૃતિ) એવો અદ્દભુત દેખાવ કરનારા, વળી કોઇ વાર સંતાઇ (વ્યકતના અવ્યકત અને અવ્યકતના વ્યકત થઇ) જતા અને સ્વાંગમાં અનેક થઇને (સંસારપ્રવાહ રૂપી [અખંડ] નિરંતર) રાસની રમત કરનારા પણ આપ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रथांगपाणि: (૯૯૮)-મહાભારતના યુદ્ધપ્રસંગમાં ચક્ર નામનું આયુધ ધારણ ન કરવું એવી પ્રતિજ્ઞા લેવા છતાં સમયને અનુસરીને તે પ્રતિજ્ઞાનો ભંગ કરીને પોતાના ભક્ત (ભીષ્મ)ની પ્રતિજ્ઞા સત્ય કરવા ખાતર પોતાના હસ્તમાં ચક્રને બદલે રથના અંગરૂપ ચાક (પૈડા)ને ધારણ કરનારા એવા શ્રીકૃષ્ણ પણ આપજ છો.

अक्षोभ्य: (૯૯૯)-અ એટલે નહિ અને ક્ષોભ્ય એટલે ખળભળાટ પામનાર. કોઇથી હરાય નહિ, દબાય નહિ, જીતાય નહિ અને અકળાય નહિ એવા તેમજ અંજાઇ ન જનારા પણ આપજ છો. આપ સર્વશક્તિમાન, સ્વતંત્ર છો. આપ અવિકારી છો, તેથી માયાના દબાણથી રહિત છો. પુનઃ આપ ક્ષોભ પામવાથી રહિત છો.

सर्वप्रहरणायुध: (૧૦૦૦)-સર્વ એટલે સર્વ, પ્રહરણ એટલે મારવું, આયુધ એટલે શસ્ત્ર. રણસંગ્રામ વેળા ગમે તેને આયુધરૂપ ગણીને આયુધની જગ્યાએ ધારણ કરનારા એવા શ્રીકૃષ્ણ પણ આપજ છો.૧૦૭

॥ ॐ नम इति ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ अथ माहात्म्य ॥

॥ भीष्म उवाच॥

इतीदं कीर्तनीयस्य केशवस्य महात्मनः ।
नाम्नां सहस्रं दिव्यानामशेषेण प्रकीर्तितम् ॥१॥

ભીષ્મ કહે છે:–હે યુધિષ્ઠિર રાજા, આ પ્રમાણે સ્તુતિ કરવા યોગ્ય મહાત્મા શ્રીવિષ્ણુ ભગવાનનાં આ દિવ્ય એક હજાર નામો મેં તમને સંપૂર્ણ કહ્યાં.૧

य इदं शृणुयान्नित्यं यश्चापि परिकीर्तयेत् ।
नाशुभं प्राप्नुयात्किंचित्सोऽमुत्रेह च मानवः ॥२॥

જે મનુષ્ય આ સ્તુતિ નિત્ય ગાશે અથવા સાંભળશે તે મનુષ્ય કદી અશુભ ગતિ પામશે નહિ. એટલે કે આ લોક અને પરલોક એ ઉભયલોકમાં તેનું કલ્યાણ થશે.૨

वेदांतगो ब्राह्मणः स्यात् क्षत्रियो विजयी भवेत् ।
वैश्यो धनसमृद्धः स्याच्छूद्रः सुखमवाप्नुयात् ॥३॥

આ વિષ્ણુસહસ્રનામ સાંભળવાથી અથવા તેનો પાઠ કરવાથી પાઠ કરનારો જો બ્રાહ્મણ હશે તો તે વેદાંતના પારને પામશે–એટલે કે તે મહાન આત્મજ્ઞાની થશે; ક્ષત્રિય હશે તો તે યુદ્ધ અને રણસંગ્રામમાં વિજય મેળવશે; વૈશ્ય હશે તો વ્યાપારમાં લાભ મેળવશે અને ધનવાન થશે; અને જો તે શૂદ્ર હશે તો તે સંસારમાં સુખ પામશે. ૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

धर्मार्थी प्राप्नुयाद्धर्ममर्थार्थी चार्थमाप्नुयात् ।
कामानवाप्नुयात्कामी प्रजार्थी प्राप्नुयात्प्रजाम् ॥४॥

ધર્મની ઇચ્છાવાળો ધર્મને પ્રાપ્ત થશે, ધનની ઇચ્છાવાળો ધન મેળવશે, કામની ઇચ્છાવાળો કામનાઓને પૂર્ણ કરશે અને પ્રજાની ઇચ્છાવાળો પુત્રાદિ પ્રજાને પામશે. ૪

भक्तिमान्यः सदोत्थाय शुचिस्तद्गतमानसः ।
सहस्रं वासुदेवस्य नाम्नामेतत्प्रकीर्तयेत् ॥५॥
यशः प्राप्नोति विपुलं ज्ञातिप्राधान्यमेव च ।
अचलां श्रियमाप्नोति श्रेयः प्राप्नोत्यनुत्तमम् ॥६॥
न भयं क्वचिदाप्नोति वीर्यं तेजश्च विंदति ।
भवत्यरोगो द्युतिमान्बलरूपगुणान्वितः ॥७॥

જે મનુષ્ય પ્રભાતમાં ઉઠીને પવિત્ર થઇ, વિષ્ણુભગવાનમાં મન રાખીને આ વાસુદેવ ભગવાનની સહસ્ર-નામોચ્ચારણ સ્તુતિ ગાશે તે મનુષ્ય જગતમાં મોટા યશને પ્રાપ્ત થશે, પોતાની જ્ઞાતિમાં મુખ્યતા પામશે, અચલ લક્ષ્મીવાન થશે અને ઉત્તમ કલ્યાણને પ્રાપ્ત કરશે. વળી આ સ્તોત્રનો પાઠ કરનાર મનુષ્ય કોઇ ઠેકાણે ભય પામતો નથી, વીર્ય તથા તેજને પ્રાપ્ત કરે છે, નીરોગી તથા કાંતિમાન થાય છે અને બળવાન, રૂપવાન તથા ગુણવાન બને છે. ૫-૭

रोगार्तो मुच्यते रोगाद् बद्धो मुच्येत बंधनात् ।
भयान्मुच्येत भीतस्तु मुच्येतापन्न आपदः ॥८॥

રોગથી પીડાતો મનુષ્ય રોગથી મુક્ત થશે, જેલખાના-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળો જેલમાંથી મુક્ત થશે, ભય પામેલો મનુષ્ય ભયથી મુક્ત થશે અને દુઃખસંકટ તથા આપત્તિમાં આવેલો મનુષ્ય સર્વ આપત્તિઓમાંથી મુક્ત થશે. ૮

दुर्गाण्यतितरत्याशु पुरुषः पुरुषोत्तमम् ।
स्तुवन्नामसहस्रेण नित्यं भक्तिसमन्वितः ॥९॥

જે ભક્તિમાન પુરુષ પુરુષોત્તમ એવા શ્રીવિષ્ણુની સહસ્રનામ વડે નિત્ય સ્તુતિ કરે છે તે સત્વર સંકટોથી મુક્ત થાય છે. ૯

वासुदेवाश्रयो मर्त्यो वासुदेवपरायणः ।
सर्वपापविशुद्धात्मा याति ब्रह्म सनातनम् ॥१०॥

જે મનુષ્ય શ્રી વાસુદેવનો આશ્રય લઇને તેમનું શરણ સ્વીકારશે તથા વાસુદેવપરાયણ થઈ રહેશે—એટલે કે સર્વ કાળ વાસુદેવમાં મન રાખનારા થશે તે મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થઇને શુદ્ધચિત્ત થઇને સનાતન બ્રહ્મપદને પામશે. ૧૦

न वासुदेवभक्तानामशुभं विद्यते क्वचित् ।
जन्ममृत्युजराव्याधिभयं नैवोपजायते ॥११॥

શ્રી વાસુદેવના ભક્તોનું કદી અશુભ થતું નથી. તેમજ તેમને પુનર્જન્મ, મૃત્યુ, જરા કે વ્યાધિનો ભય થતો નથી.

इमं स्तवमधीयानः श्रद्धाभक्तिसमन्वितः ॥
युज्येतात्मा सुखक्षांति श्रीधृतिस्मृतिकीर्तिभिः ॥१२॥

જે મનુષ્ય શ્રદ્ધા અને ભાવભક્તિથી યુક્ત થઇ આ શ્રીવિષ્ણુસહસ્રનામનું સ્તવન કરશે તે મનુષ્ય સુખ, ક્ષમા, લક્ષ્મી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૈર્ય, સ્મૃતિ તથા કીર્તિને પામશે. ૧૨

न क्रोधो न च मात्सर्यं न लोभो नाशुभा मतिः ।
भवंति कृतपुण्यानां भक्तानां पुरुषोत्तमे ॥१३॥

પુરુષોત્તમ ભગવાનમાં ભક્તિવાળા પુણ્યશાળી લોકોને કદી ક્રોધ, મત્સર કે લોભ નડતો નથી. અને તેમની કદી અશુભ ગતિ થતી નથી.

द्यौः सचंद्रार्कनक्षत्रा खं दिशोभूर्महोदधिः ।
वासुदेवस्य वीर्येण विधृतानि महात्मनः ॥१४॥

સ્વર્ગ, સૂર્ય, ચંદ્ર તથા નક્ષત્રસહિત આકાશ, દિશાઓ, પૃથ્વી, અને મહાસાગર વગેરે સર્વ મહાત્મા શ્રીવિષ્ણુના પ્રતાપથી અદ્ધર રહેલાં છે.૧૪

ससुरासुरगंधर्वं सयक्षोरगराक्षसम् ।
जगद्वशे वर्ततेदं कृष्णस्य सचराचरम् ॥१५॥

દેવતા, દૈત્ય, ગંધર્વ, યક્ષ, સર્પ અને રાક્ષસ સહિત ચરાચર આ જગત શ્રીકૃષ્ણ પરમાત્માને અધીન વર્તે છે.

इंद्रियाणि मनो बुद्धिः सत्वं तेजो बलं धृतिः ।
वासुदेवात्मकान्याहुः क्षेत्रं क्षेत्रज्ञ एव च ॥१६॥

ઇંદ્રિયો, મન, બુદ્ધિ, સત્વ, તેજ, બળ, ધૃતિ, ક્ષેત્ર ને ક્ષેત્રજ્ઞ વગેરે સર્વ વાસુદેવજ છે એમ શાસ્ત્રકારો કહે છે.

सर्वागमानामाचारः प्रथमं परिकल्पते ।
आचारःप्रभवो धर्मो धर्मस्य प्रभुरच्युतः ॥१७॥

સર્વ શાસ્ત્રોમાં આચારને મુખ્ય માનવામાં આવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આચારથીજ ધર્મની ઉત્પત્તિ છે અને ધર્મના પ્રભુ અચ્યુત ભગવાન છે.

ऋषयः पितरो देवा महाभूतानि धातवः ।
जंगमाजंगमं चेदं जगन्नारायणोद्भवम् ॥१८॥

ઋષિઓ, પિતૃઓ, દેવતાઓ અને આકાશ આદિ પંચ મહાભૂતો, ધાતુઓ વગેરે, સ્થાવર અને જંગમ આ જગત શ્રીનારાયણથી ઉત્પન્ન થાય છે.૧૮

योगो ज्ञानं तथा सांख्यं विद्याः शिल्पादि कर्म च ।
वेदाः शास्त्राणि विज्ञानमेतत्सर्वं जनार्दनात् ॥१९॥

યોગ, જ્ઞાન, સાંખ્ય તથા સર્વ વિદ્યાઓ, શિલ્પ આદિ કળાઓ, વેદો, શાસ્ત્રો અને વિજ્ઞાન, એ સર્વ જનાર્દન પ્રભુથી ઉત્પન્ન થાય છે.૧૯

एको विष्णुर्महद्भूतं पृथग्भूतान्यनेकशः ।
त्रीन् लोकान् व्याप्य भूतात्मा भुंक्ते विश्वभुगव्ययः ॥२०॥

શ્રીવિષ્ણુ એ એક સમષ્ટિ મૂર્તિ છે અને તેમાંથી અનેક વ્યષ્ટિ મૂર્તિઓ ઉત્પન્ન થાય છે. શ્રીવિષ્ણુ ત્રણે લોકમાં વ્યાપી રહીને સર્વના આત્મા થઇને સમષ્ટિ ભોક્તા થાય છે અને તેજ અવિનાશી છે. ૨૦

इमं स्तवं भगवतो विष्णोर्व्यासेन कीर्तितम् ।
पठेद्य इच्छेत्पुरुषः श्रेयः प्राप्तुं सुखानि च ॥२१॥

જે મનુષ્યને કલ્યાણની અને સુખપ્રાપ્તિની ઇચ્છા હોય તેણે શ્રી વ્યાસભગવાનના બનાવેલા આ શ્રીવિષ્ણુસહસ્ર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામનો પાઠ કરવો. ૨૧

विश्वेश्वरमजं देवं जगतः प्रभवाप्ययम् ।
भजंति ये पुष्कराक्षं न ते यांति पराभवम् ॥२२॥

જે પ્રભુ વિશ્વના ઈશ્વર છે, જન્મરહિત છે, જગતને પ્રકાશ કરનારા છે, અવિનાશી છે અને કમળ જેવાં નેત્રોવાળા છે તે પ્રભુનું જે મનુષ્યો ભાવભક્તિથી ભજન કરે છે તેમનો આ લોક અને પરલોકમાં પરાજય થતો નથી. ૨૨

॥ अर्जुन उवाच ॥

पद्मपत्रविशालाक्ष पद्मनाभ सुरोत्तम ।
भक्तानामनुरक्तानां त्राता भव जनार्दन ॥२३॥

અર્જુન કહે છે કે, હે કમળપત્રના જેવાં વિશાળ નેત્રોવાળા, નાભિમાં કમળને ધારણ કરનારા, દેવોમાં ઉત્તમ દેવ અને દુર્જનોને દુઃખ દેનારા ભગવન્ આપ પ્રેમી ભક્તજનોનું સદા રક્ષણ કરો. ૨૩

॥ श्री भगवानुवाच ॥

यो मां नामसहस्रेण स्तोतुमिच्छति पांडव ।
सोऽहमेकेन श्लोकेन स्तुत एव न संशयः ॥२४॥

શ્રી ભગવાન કહે છે કે, હે અર્જુન! જે લોકો આ સહસ્રનામથી મારી સ્તુતિ કરવાની ઇચ્છા રાખતા હોય, પણ જો તેમને અવકાશ ન મળે તો નીચેના એક શ્લોકથી મારી સ્તુતિ કરે તોપણ તેમની એક શ્લોકવાળી સ્તુતિથી પણ હું સ્તુતિ કરાયેલો થાઉં છું, એમાં સંશય નથી. ૨૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नमोऽस्त्वनंताय सहस्रमूर्तये सहस्रपादाक्षिशिरोरुबाहवे ।
सहस्रनाम्ने पुरुषाय शाश्वते सहस्रकोटीयुगधारिणे नमः ॥

અનંત અપાર અને સહસ્ર મૂર્તિઓને ધારણ કરનારા, અસંખ્ય પાદ, નેત્ર, મસ્તક, સાથળ અને બાહુને ધારણ કરનારા, અસંખ્ય નામવાળા, શાશ્વત પુરુષ અને સહસ્ર કોટી-યુગને ધારણ કરનારા એવા આપને હું નમસ્કાર કરૂં છું. ૨૫

नमः कमलनाभाय नमस्ते जलशायिने ।
नमस्ते केशवानंत वासुदेव नमोऽस्तुते ॥२६॥

હે કેશવ ! હે અનંત ! હે વાસુદેવ ! જેની નાભિમાં કમળ છે એવા જલશાયી આપને હું વારંવાર નમસ્કાર કરૂં છું.૨૬

वासनाद्वासुदेवस्य वासितं भुवनत्रयम् ।
सर्वभूतनिवासोऽसि वासुदेव नमोऽस्तु ते ॥२७॥

વાસુદેવની ઇચ્છાથીજ ત્રણે ભુવનના લોકો વાસનાવાળા થાય છે અને હે વાસુદેવ ! સર્વ ભૂતોમાં આપજ વસેલા છો, તે આપ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ૨૭

नमो ब्रह्मण्यदेवाय गोब्राह्मणहिताय च ।
जगद्धिताय कृष्णाय गोविंदाय नमो नमः ॥२८॥

બ્રાહ્મણના દેવ, ગૌ-બ્રાહ્મણનું હિત કરનારા, તથા જગત-નું હિત કરનારા અને ગાયોનું પાલન કરનારા આપ શ્રીકૃષ્ણને ફરી ફરીને નમસ્કાર કરૂં છું. ૨૮

आकाशात्पतितं तोयं यथा गच्छति सागरम् ।
सर्वदेवनमस्कारः केशवं प्रति गच्छति ॥२९॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ આકાશમાંથી વૃષ્ટિ દ્વારાએ પડેલું જળ સાગરમાં જાય છે, તેમ સર્વ દેવને કરેલા નમસ્કાર પણ કેશવ પ્રભુને પહોંચે છે. ૨૯

एष निष्कंटकः पंथा यत्र संपूज्यते हरिः ।
कुपथं तं विजानीयाद्गोविंदरहितागमम् ॥३०॥

જે માર્ગમાં (પંથમાં) શ્રીહરિનું સ્મરણ થાય છે તેજ નિષ્કંટક માર્ગ છે અને જે માર્ગમાં શ્રીહરિનું સ્મરણ થતું નથી તેને કુપંથ એટલે કાંટાવાળો માર્ગ જાણવો. ૩૦

सर्ववेदेषु यत्पुण्यं सर्वतीर्थेषु यत्फलम् ।
तत्फलं समवाप्नोति स्तुत्वा देवं जनार्दनम् ॥३१॥

સર્વ વેદોમાં સત્કર્મ કરવાથી જે જે પુણ્ય અને સર્વ તીર્થોમાં તીર્થ કરવાથી જે ફળ થવાનું લખેલું છે તેના બરાબર પુણ્ય તથા ફળ આ પાઠ કરવાથી થાય છે. ૩૧

यो नरः पठते नित्यं त्रिकालं केशवालये ।
द्विकालमेककालं वा क्रूरं सर्वं व्यपोहति ॥३२॥

જે મનુષ્ય દેવમંદિરમાં નિત્ય ત્રિકાળ આ શ્રીવિષ્ણુસહસ્રનામનો પાઠ કરે છે અથવા બે કાળ (સવાર-સાંજ) તે કરે છે અથવા એક કાળ (પ્રભાતે) પાઠ કરે છે તે સર્વ પાપોથી મુક્ત થાય છે.૩૨

दह्यंते रिपवस्तस्य सौम्याः सर्वे सदा ग्रहाः ।
विलीयंते च पापानि स्तवे ह्यस्मिन्प्रकीर्तिते ॥३३॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે લોકો આ સ્તોત્રનો પાઠ કરે છે તેમના શત્રુઓ બળીને ભસ્મ થાય છે; તેના સર્વ ગ્રહો શુભ થઇ જાય છે અને તેનાં સર્વ પાપો નાશ પામે છે. ૩૩

येन ध्यातः श्रुतो येन येनायं पठ्यते स्तवः ।
दत्तानि सर्वदानानि सुराः सर्वे समर्चिताः ॥३४॥

જે મનુષ્ય આ સ્તોત્રનું ધ્યાન કરશે, સાંભળશે અથવા તેનો પાઠ કરશે તેણે જાણે સર્વ દેવોની પૂજા કરી અને તેણે સર્વ દાન આપ્યાં એમ જાણવું. ૩૪

इहलोके परे वापि न भयं विद्यते क्वचित् ।
नाम्नां सहस्रं योऽधीते द्वादश्यां मम सन्निधौ ॥३५॥

જે મનુષ્ય દ્વાદશીને દિવસે મારી મૂર્તિની સન્મુખ રહીને આ વિષ્ણુસહસ્રનામનો પાઠ કરે છે તેને કોઇ પણ પ્રકારનો આ લોક કે પરલોકમાં ભય રહેતો નથી. ૩૫

शनैर्दहति पापानि कल्पकोटिशतानि च ।
अश्वत्थसन्निधौ पार्थ तुलसीसन्निधौ तथा ॥३६॥
पठेन्नामसहस्रं तु गवां कोटिफलं लभेत् ।

પુનઃ કરોડો કલ્પોનાં કરેલાં પાપો પણ શીઘ્ર બળીને ભસ્મ થાય છે. હે અર્જુન! જે મનુષ્ય પીપળાના વૃક્ષ સામે અથવા તુલસી સામે બેસીને શ્રીવિષ્ણુસહસ્રનામનો પાઠ કરે છે, તેને એક કરોડ ગૌદાન કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે.૩૬

शिवालये पठेन्नित्यं तुलसीवनसंस्थितः ॥३७॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नरो मुक्तिमवाप्नोति चक्रपाणेर्वचो यथा ।
ब्रह्महत्यादिकं घोरं सर्वं पापं विनश्यति ॥३८॥

જે મનુષ્ય નિત્ય શિવાલયમાં બેસીને અથવા તુલસીના વનમાં બેસીને આ શ્રીવિષ્ણુસહસ્રનામનો પાઠ કરે છે તેને શ્રીવિષ્ણુ ભગવાન મોક્ષ આપે છે.૩૭

બ્રહ્મહત્યા જેવું ઘોર પાપ હોય તોપણ તે પાપથી તે મુક્ત થાય છે. આને માટે ચક્રને હાથમાં ધારણ કરનારા શ્રી-હરિનું કહેલું વચન સત્ય જાણવું.૩૮

(કારણ કે તે શ્રીમુખનું વચન છે.)

॥ इति श्रीमन्महाभारते शतसाहस्र्यां संहितायां वैयासिक्यामानुशासनिकपर्वणि दानधर्मे भीष्मयुधिष्ठिरसंवादे श्री विष्णोर्दिव्यसहस्रनामस्तोत्रं संपूर्णम् ॥

ઇતિ શ્રીવિષ્ણુસહસ્ર-નામાવલિ-દર્શન સંપૂર્ણ.

॥ ॐ तत्सत् ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાન-વિજ્ઞાન વિષે

મહાત્મા શ્રી ચરણદાસની વાણી

આપ આપમેં આપ હૈ, આપ આપમેં આપ;
આપ અપને મેં જપત હૈ, આપ અપનો જાપ.
અવિનાશી નાશે નહીં, નાશ ન કબહુ હોય;
તત્ત્વસ્વરૂપી એક હૈ, કભી હોય નહીં દોય.
નિરાકાર આકાર ધર, ખેલ્યો કેઇક બાર;
સ્વપ્નો વ્હે વ્હે મીટ ગયો, રહ્યો સારકો સાર.
ઐસે બ્રહ્મ ધરી હૈ કાયા, આપ હી પુરુષ આપ હી માયા;
આપ નારાયણ લક્ષ્મી ભઇ, નાભિકમલ અરૂ આપ હી દઇ.
આપ હી ધરતી આપ હી પાની, આપ હી રુદ્ર ચતુર વિજ્ઞાની;
ચારિ યુગ આપ હી ભયો લોકા, પાપ પુણ્ય આપ હી ભયો શોકા.
આપ હી કુલ શૂલ અરૂ વારિ, આપ હી પુરુષ આપ હી નારી;
દશ અવતાર આપ ધરી આયો, સેવક સાહેબ આપ કહાયો.
ચરણદાસ શુકદેવ બતાયો, અપનો ભેદ આપ હી ગાયો;
જૈસે જલતરંગ વ્હે આઈ, ઉલટી ફેરી જલમાહીં સમાઈ.
આપ આપમેં સ્વપ્ન ઉઠાયો, આપ હી સ્વપ્ન આપ વ્હે આયો;
ન કછુ ગયો નહિ કછુ આયો, અપનો ભેદ આપ હી પાયો.
ના કછુ કટે મીલે નહિ છીજે, ના કછુ ઉડે ચલે નહીં ભીજે;
સ્વપ્નો મીટી ભયો એકાકારા, જ્ઞાની અબ હી લ્યોહ નિહારા.
હદ કહું તો હે નહીં, બેહદ કહું તો નાહીં;
હદ બેહદ દોનો નહીં, ચરણદાસ ભી નાહીં.
જગ સ્વપ્નો સો વ્હે ગયો, ભયો પેખનો ગાંવ;
જબ જાગ્યો તબ મીટી ગયો, ચરણદાસ નહીં નાંવ.
આપ ભુલાનો આપમેં, બધ્યો આપ હી આપ;
જાકો ઢુંઢત ફીરત હૈ, સો તું આપ હી આપ.
ઇચ્છા દુઈ બિસારી કે, હોય ક્યોં ન નિર્વાસ;
તું તો જીવનમુક્ત હૈ, તજે મુક્તિ કી આસ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्री रामायणनुं महत्त्व

प्रीति करै रामायण माहीं, तेही सम भाग्यवंत कोउ नाहीं ॥

"રામાયણ, એ જગતમાં જેનો જોટો મળતો નથી એવો અનન્ય સાહિત્યગ્રંથ છે." **વિવેકાનંદ**

"રામાયણથી ભારતવર્ષનો સ્વાર્થપરાયણતાનો દોષ જેટલો દૂર કરાયો છે, તેટલો કોઈ પણ નીતિવેત્તા, ધર્મવેત્તા, સમાજસુધારક, રાજ-પુરુષ કે રાજાથી પણ દૂર કરાયો નથી." **બંકિમચંદ્ર**

"કાવ્યનાં બંને અંગ—કવિ અને નાયક—ની બાબતમાં રામાયણ-ના જોટાનો કોઇ પણ ગ્રંથ કોઇ દેશમાં મળે તેમ નથી. રામચંદ્ર સમાન પ્રખર સામર્થ્યવાળો તથા ઉદાત્ત નીતિવાળો કોઇ પણ પુરુષ જગતભરના ઇતિહાસમાં દેખાતો નથી. તેમ મહર્ષિ વાલ્મીકિ અને તુલસીદાસજી જેવી દિવ્ય પ્રતિભા તથા ઉચ્ચ કલ્પનાવાળા કવિ પણ કોઇ જણાતા નથી. હોમર તથા વર્જીલના "ઇલિયડ" તથા "ઇનીડ" અને મિલ્ટન કવિનો 'પેરેડાઇઝ લૉસ્ટ' પાશ્ચાત્યોમાં ઉત્તમ ગણાય છે; પરંતુ એ બધા ગ્રંથો કરતાં રામાયણ ગ્રંથ કેટલો બધો શ્રેષ્ઠ છે! કદાચ કોઇ કાવ્યશક્તિમાં હોમર વગેરેને વાલ્મીકિની બરોબરીએ બેસાડે, પણ તેઓના કાવ્યનાયકો ઍકિલિસ વગેરે નીતિની દૃષ્ટિએ તો રામા-યણના રામચંદ્રાદિ કરતાં બહુ ઉતરતા છે. સારાંશ કે, રામાયણ માટે આર્ય લોકો જે અભિમાન ધરે છે તે યોગ્યજ છે." **ચિં. વિ. વૈદ્ય**

"રામાયણને વાંચીને અમે કંઇકના કંઇક બની રહીએ છીએ. અમારામાં ઉંચા ઉંચા ખ્યાલ ઉપજી મનુષ્યના ભૂષણરૂપ સદ્ગુણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી હાજર થાય છે. સત્યાચરણ, પિતૃભક્તિ, પતિવ્રતાધર્મ, પતિ-કર્તવ્ય, પિતા-માતાનો સ્નેહ, વિનય, ધીરજ, દયા, સારાંશ કે માનુષી ગુણોનું એવું કોઇ ચિત્ર નથી કે જેનું યથાર્થ રૂપ કવિએ પોતાની જાદુભરી કલમ વડે આમાં આલેખ્યું નથી." મિ. ગ્રેફટ

"રામાયણ એ કહેવામાં તો એક મહારાજાનું જીવનચરિત્ર છે; પરંતુ વાસ્તવમાં તો એ ગ્રંથ આ સંસારના મળનો નાશ કરનારા અગ્નિરૂપ છે. એ અંધકારમાં પ્રકાશ, સ્ત્રીઓનો ધર્મ, પુરુષોનું પૌરુષ, બ્રાહ્મણોનું બ્રહ્મતેજ, ક્ષત્રિયોનો ક્ષાત્રધર્મ, વૈશ્યોનું ધન, શૂદ્રોનો ધર્મ અને ગૃહસ્થાશ્રમી નરનારીઓનો સુખદીપક છે. એ ગ્રંથરૂપી તેજસ્વી દીપક હાથમાં રાખીને જે કોઇ તેના પ્રકાશમાં ચાલે છે તે જીવન-યુદ્ધમાં કદી પણ હારવાનો નહિ." સંતરામ શર્મા

"એમાં સ્ત્રીસમાજની શક્તિ, પવિત્રતા તથા મહત્તા વિષે જેવો પ્રકાશ સમાયેલો છે; તેવો બીજા કોઇ પણ ગ્રંથમાં નથી દેખાતો."

"મેં મારી કોમના કેટલાય વિવાહોમાં કન્યાઓને રામાયણ દહેજમાં આપી છે, કે જેથી તે પતિવ્રત ધર્મ પાળનારી થઇને સ્ત્રી-જાતિની મહત્તા માટે ગર્વ રાખે. આથી જો કે મારી જ્ઞાતિએ તો મને કલંકિત કરવાનું બીડું ઉઠાવેલું, પરંતુ મેં સ્પષ્ટ કહી દીધું કે રામા-યણ કંઇ માત્ર હિંદુ સમાજનોજ ગ્રંથ નથી, પણ આખી દુનિયાના માણસોની સંપત્તિ છે. × × હાલમાં પશ્ચિમની સભ્યતાએ ભારતીય આદર્શની ભવ્યતાને ટાળવા-ભૂંસવામાં કસર નથી રાખી; અને તેથી અમારી નૈતિક શક્તિ પ્રાયઃ બધાંજ ધર્મકાર્યોને માટે ક્ષીણ થતી ચાલી છે." સૈયદ કાસીમઅલી સાહિત્યાલંકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[illegible]

સોરઠ

માનવ [illegible], [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

[illegible]
[illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar